# ઋગ્વેદ પરિચય

આચાર્યશ્રી વિષ્ણુદેવ સાંકળેશ્વર પંડિત, એમ. એ.

યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ - ગુજરાત રાજ્ય

૧૩-૮૮

# વેદ પરિચય

[ પુસ્તિકા : ૧ ]

આચાર્યશ્રી વિષ્ણુદેવ પંડિત

યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ-ગુજરાત રાજ્ય

પ્રકાશક :
ઈશ્વરભાઈ જે. પટેલ
અધ્યક્ષશ્રી,
યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ,
અમદાવાદ–૬

© યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ

પ્રથમ આવૃત્તિ : મે ૧૯૭૧

હરિ ૐ આશ્રમ પ્રેરિત સ્વ. સાતવલેકરજી
સ્મારક શ્રેણી : મણકો પહેલો

મૂલ્ય : રૂ. ૨–૫૦

મુદ્રક :
વિષ્ણુપ્રસાદ સો. પંડયા
સાહિત્ય મુદ્રણાલય, સિટી મિલ કંપાઉન્ડ,
કાંકરિયા રોડ, અમદાવાદ–૨૨

વિક્રેતા :
બાલગોવિંદ બુકસેલર્સ
ગાંધી રોડ,
અમદાવાદ–૧

# નિવેદન

વેદ હિંદુધર્મ શાસ્ત્રનો પાયાનો ગ્રંથ છે. વેદકાળમાં ઋષિઓએ જે દર્શન કર્યું, જીવન વિષે એમને જે ચિંતન પ્રાપ્ત થયું તે વેદ દ્વારા તેમણે શબ્દબધ્ધ કર્યું. વેદ સંસ્કૃતમાં લખાયા અને સંસ્કૃતનો ઉપયોગ વ્યવહારમાં જેમજેમ ઘટતો ગયો, શિક્ષણમાં સંસ્કૃતનું સ્થાન જેમ જેમ ઓછું થતું ગયું, તેમ તેમ વેદ વિષેની જન સમુદાયની અને શિક્ષિત જન સમુદાયની કલ્પના ધૂંધળી બની. ઘણા હિંદુઓને પૂછીએ કે વેદ શું છે, એની ઋચાઓ શું છે, ઋષિઓએ શું ગાયું છે, તો એનો કશો જવાબ મળે તેવો નથી. આ પરિસ્થિતિ ચલાવી શકાય નહીં.

આ સંદર્ભમાં હરિ ૐ આશ્રમવાળા પૂજ્ય મોટાએ ગુજરાતી આમજનતા અને શિક્ષિત જનને વેદનો પરિચય થાય તે હેતુસર 'વેદ પરિચય પુસ્તિકા શ્રેણી' પ્રકાશિત કરવા યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડને રૂા. ૨૦,૦૦૦/નું ટ્રસ્ટ સોંપ્યું, તે અતિ આવકાર્ય બાબત બની છે. એમનો આભાર તો શું અને કેવી રીતે માનવો તે સમજાય તેવું નથી. સામાન્ય શિક્ષિત જનને વેદની ઋચાઓ કે એનાં સંસ્કૃત અવતરણો આપીએ તો દુર્ગમ બનવાનો સંભવ રહે. એટલે સામાન્ય માનવી સમજી શકે તેવી ભાષામાં વેદને રજૂ કરવાનો સવાલ મુંઝવતો હતો ત્યારે પૂજ્ય સ્વામી ગંગેશ્વરાનંદજી સાથે વેદના સંકલનમાં સંકળાયેલા શ્રી વિષ્ણુદેવ પંડિતનો સહયોગ અમને પ્રાપ્ત થયો, એ અમારે મન ઘણી આનંદની વાત છે, એ વેદના જાણકાર છે અને આમ જનતાની રસરુચિના જાણકાર છે. શ્રી વિષ્ણુદેવ પંડિતે હરેક મંડળના ઋષિને કથાનું નિમિત્ત બનાવી વેદનાં તત્ત્વોને સાંકળી લેવાનો સુગમ પ્રયાસ કર્યો છે. એમણે જે કંઇ લખ્યું તે ગુજરાત યુનિવર્સિટીના સંસ્કૃત વિભાગના પ્રાધ્યાપક ડૉ.તપસ્વી નાન્દીએ જોઇ તપાસી એની સુરેખતા અને સુરુચિ સ્વીકારી એ અમારે મન વિશેષ આનંદની વાત છે. ધનભાગ્ય એ પણ રહ્યું કે પૂજ્ય સ્વામી ગંગેશ્વરાનંદજીએ અતિ પ્રસન્ન ચિત્તે આ પુસ્તકના પ્રકાશનને એમના અંતરના આશીર્વાદ લખી આપ્યા.

યોજના એવી છે કે સમગ્ર ઋગ્વેદને ૭ પુસ્તિકાઓમાં સમાવિષ્ટ કરવો. આ પુસ્તિકાઓને સુયોગ્ય રીતે છાપવાનું કામ પૂજ્ય મોટા પ્રત્યેના ભક્તિભાવથી સાહિત્ય મુદ્રણાલયવાળા શ્રી વિષ્ણુપ્રસાદ પંડ્યાએ ઘણા સસ્તા દરે કરી આપવાનું સ્વીકાર્યું, એ બદલ તેમનો આભાર માનું છું. આશા રાખું છું કે આ પુસ્તિકા શ્રેણી વેદ વિષેનો સામાન્ય પરિચય કેળવવામાં ઉપયોગી નીવડશે.

યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ,
ગુજરાત રાજ્ય, અમદાવાદ—૬.

**ઈશ્વરભાઈ પટેલ**
અધ્યક્ષ

# પુરોવચન

समानी व आकूतिः समाना हृदयानि वः ।
समानमस्तु वो मनो यथा वः सुसहासति ॥

—ઋગ્વેદ ૧૦, ૧૯૧, ૪.

'તમારા અભિપ્રાય એક સમાન હો; તમારાં હૃદયો એક સરખાં હો અને તમારાં મન સમાન મનન કરતાં રહો; જેથી તમો પરસ્પર સાથ સહકારથી રહી શકો.'

શ્વાસ–નિઃશ્વાસની ક્રિયા સહજ સરળ હોય છે; એ જ પ્રકારે આ વેદોની બોધવાણી પરમ કૃપાથી પરમેશ્વર પાસેથી સહજ સરળ ભાવે પ્રાચીન ઋષિ મુનિઓને મળેલી છે. આ વેદવાણી જેટલી જૂની છે, એટલી જ નવી છે; જેવી પ્રાચીન છે, એવી જ અર્વાચીન છે.

પ્રાચીન પરંપરાથી આ વેદવાણીની પ્રતિષ્ઠા એક સરખા રીતે થતી આવી છે; તેમજ એ સર્વને માન્ય, સરખું હિત કરનાર–સાહિત્ય વિશ્વભરમાં પ્રતિષ્ઠિત છે. પશ્ચિમી વિદ્વાનોએ પણ એ વેદ સાહિત્યનો અભ્યાસ કર્યો અને એનો મહિમા ગાયો; તેને પરિણામે વિશ્વભરમાં તેનો સારો પ્રચાર થયો છે.

ભારતમાં વેદોની જુગજૂની પ્રતિષ્ઠા તો સારી રીતે ટકી રહી છે; વેદોનાં નામ સાંભળીને સૌનાં મસ્તક નમે છે; પરંતુ એ વેદોનાં સ્વરૂપ અને ઉપદેશ કયા પ્રકારનાં છે, તેની જાણકારી ઘણા જ ઓછા વિદ્વાનો ધરાવે છે; અર્થાત્ તેની હિતકારી બોધવાણી સૌ જનો સુધી પહોંચી નથી; પરિણામે વેદો ભૂલાતા ગયા અને તેની હિતકારી બોધવાણી સંભળાતી બંધ થવા લાગી.

ભારતને સ્વતંત્રતા મળ્યા પછી, વેદ સાહિત્યનાં પ્રકાશન અને પ્રચારનું કાર્ય ફરીથી શરૂ થયું છે. 'પ્રાચીન સંસ્કૃતિ અને સભ્યતાની પરંપરા સાચવવામાં વેદ સાહિત્ય અગત્યનું સ્થાન ધરાવે છે;' એ વાત આપણા અગ્રણી અને પ્રગતિશીલ વિચારકોને હૈયે વસી, તે કારણે પણ આ વેદ સાહિત્યના પ્રકાશન કાર્યમાં વેગ આવ્યો છે.

વેદોનાં પરિશીલન, અભ્યાસ, ઉપદેશ, પ્રવચન વગેરે સેવા પ્રવૃત્તિ તો વર્ષોથી ચાલી રહી છે. હવે તો વેદોની સેવા કરવી; એ જ એક જીવનવ્રત બની ગયું છે. મારા આ વેદ પ્રચાર કાર્યમાં વેદોનો તલસ્પર્શી અભ્યાસ કરતા વિદ્વાનો અને વેદોનો મુખપાઠ કરી, શ્રવણ પરંપરાને એકધારી સાચવી રહેલા વેદપાઠીઓનો ઘણો સારો સાથ સહકાર મળી રહ્યો છે.

નડિયાદના સંતરામ મંદિરમાં ગુજરાતના જાણીતા મૌનવ્રતી યોગીરાજ '**શ્રી. મોટા**' ની મુલાકાત થઈ, ત્યારે તેમની આગળ વેદોના પ્રચારની વાત મૂકવામાં આવી. તે વાત તેમણે હર્ષથી વધાવી લીધી અને વિશેષમાં જણાવ્યું કે 'આ વેદો ગલીએ ગલીએ અને ઘેર ઘેર વંચાય તેવી મારી ભાવના છે.'

તેમની જ શુભ પ્રેરણાથી યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડે આ 'વેદ પરિચય ગ્રંથમાળા' પ્રગટ કરવાનું કાર્ય હાથ પર લીધું અને સંસ્થાના ચૅરમેન શ્રી. ઇશ્વરભાઈ પટેલે આ કાર્યને વિશેષ વેગ આપ્યો. તેનું લેખન કાર્ય ગુજરાતના સુપ્રસિદ્ધ વિદ્વાન શ્રી. વિષ્ણુદેવ પંડિતને સોંપવામાં આવ્યું, તે જાણીને વિશેષ આનંદ થયો છે.

મુંબાઇમાં યોજાએલ પંચદેવ મહાયાગ પ્રસંગે 'वेदके दार्शनिक सूक्त' ગ્રંથ અમદાવાદ વેદ મંદિર તરફથી પ્રગટ થયો હતો; તેનું લેખનકાર્ય અમારા વિશેષ સ્નેહપાત્ર વેદ સંશોધન વિશેષજ્ઞ, વ્યાખ્યાન દિવાકર, વેદાન્ત મનીષી શ્રી. વિષ્ણુદેવ સાંકળેશ્વર પંડિત એમ. એ. વેદાન્તાચાર્ય, વ્યાકરણતીર્થની કલમે થયું છે.

છેલ્લાં આઠેક વર્ષોથી શ્રી વિષ્ણુદેવ પંડિત અમારી સાથે વેદસાહિત્યના સંશોધન સંપાદનમાં સક્રિય રીતે જોડાયા છે. વિશેષે કરીને વેદોની સંહિતાઓ અને બ્રાહ્મણ ગ્રંથોનાં સતત અભ્યાસ અને પરિશીલનને કારણે, તેમણે વેદસાહિત્ય પર સારો અધિકાર જમાવ્યો છે.

આ વેદોની સાદી સરળ કથાઓ આમ શિક્ષિતજન પાસે રજૂ કરવાના ઉદ્દેશથી '**વેદ પરિચય પુસ્તિકા શ્રેણી**' તૈયાર થઇ રહી છે. નીતિ, સદાચાર, શ્રમ–સેવા સાદાઈ, સ્વસ્થ જીવન, જેવાં મૂલ્યો પ્રાચીન ઋષિમુનિઓનાં જીવન ચરિતમાં વણાયેલાં છે; તેમજ તેમણે જે દેવોની પ્રાર્થનાઓ અને સ્તુતિઓ કરી છે તેમાં પણ તે સદ્ગુણોનો મહિમા ગાયો છે. દેવોની મૂલ બોધવાણીનો ભાવ ગૂંથીને મંત્રદ્રષ્ટા ઋષિઓની જીવનકથા આ વેદ પરિચયમાં આલેખવાની ભાવના લેખકની છે.

ગૂજરાતના મૂક સેવક **શ્રી. રવિશંકર મહારાજ** અમારી વેદસાહિત્યની પ્રવૃત્તિઓમાં ઊંડો રસ ધરાવે છે. તેમણે ચાર વેદોની મૂલ સંહિતાઓ શ્રી. વિષ્ણુદેવ પંડિતને અગિઆરમે વર્ષે ભેટમાં આપેલી; તેમની તે વખતની ભાવના અને શુભાશિષ સફળ થયાં છે, તે જણાવતાં આનંદ થાય છે.

આ વેદ પરિચય– પુસ્તક શ્રેણી ગુજરાતી શિક્ષણ સાહિત્યના ક્ષેત્રે વિદ્યાર્થીઓને અને જિજ્ઞાસુઓને પણ વિશેષ લાભકારી બની રહે એવી શુભાશંસા.

૬–૩–૭૧

**स्वामी गङ्गेश्वरानंद उदासीन**

वेद मंदिर, कांकरिया रोड

अमदावाद.

# ભૂમિકા

વિશ્વના સાહિત્યમાં વેદો પ્રથમ સ્થાને છે. ‘ સૌનું હિત થાઓ, સૌનું મન પ્રસન્ન રહો, સૌનો સહકાર સાધો,’ આ પ્રકારની વિશ્વવ્યાપક ઉદાર ભાવના વેદોના ઋષિઓએ રજૂ કરી છે. આ વેદો ઘણાજ પ્રાચીન છે; તેમાં સૌ જનોના હિતનો બોધપાઠ આપવામાં આવ્યો છે, તે સર્વકાલના અને સર્વ પ્રદેશોના માનવીને માટે હિતકારી છે.

આ વેદોનો જ એક ઉત્તમ ભાગ–ઉપનિષદ વેદાન્તને નામ સુપ્રસિદ્ધ છે; તેમાં મુખ્યત્વે જે આત્માનું વર્ણન છે. તે આત્માને અત્યંત સૂક્ષ્મ અણુ–આત્મતત્ત્વ તરીકે ઓળખાવે છે; ‘ एष अणुः आत्मा ’ ॥

આજનો યુગ અણુના જ્ઞાનવિજ્ઞાનની તત્ત્વ–વિચારણામાં ઝીણવટભરી રીતે પ્રગતિ સાધી રહ્યો છે. પરંતુ તેમનો શોધેલો અણુ પદાર્થ ( અણુ બોંબ ) કોકના હાથ પર ચઢી જાય, તો તે વિનાશકારી બને અને વિશ્વને ભયમાં મૂકી દે; ત્યારે આ વેદો અને વેદાન્તોમાં ગાયેલો અણુ–આત્મા વિશ્વનો હિતકારી છે અને સર્વને પ્રિય છે, તે આત્મા એક સત્ છે, જેનાં નામ અને રૂપ જૂજવાં છે.

આ વેદસાહિત્ય ઘણું વિશાળ છે; તેમાં પ્રથમ સ્થાને વેદ સંહિતાઓમાં ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદ છે. આ ચાર સંહિતાઓ ભેગી કરીને છાપો તો વીસેક હજાર મંત્રો થાય.

વેદોમાં મંત્રને બ્રહ્મ કહે છે; તે બ્રહ્મની વ્યાખ્યા-વિવેચન રૂપે બ્રાહ્મણ ગ્રંથો છે, તેમાં બ્રાહ્મણો, આરણ્યકો અને ઉપનિષદો એ ત્રણ પ્રકારો જોવાને મળે છે. એ બ્રાહ્મણ સાહિત્ય ઘણું વિપુલ છે. તેની સાથે સૂત્રગ્રંથો અને સ્મૃતિગ્રંથો વેદ સાહિત્યની ગણનામાં આવી જાય છે.

જેવી રીતે કવિઓનાં રચેલાં કાવ્યો કહેવાય એ જ રીતે વેદોની ઋચાને મંત્રો કહેવામાં આવે છે. એ મંત્રોનાં દર્શન કરનાર ઋષિઓ કવિઓ છે. તેમણે કાવ્યની શૈલીમાં દેવોની સ્તુતિઓ-પ્રાર્થનાઓ કરી છે. આ સ્તુતિઓનાં સ્તોત્રોને સૂક્તો ( સુ+ઉક્ત, સુવચન, સુભાષિત ) કહે છે. આ સૂક્તોમાં દેવોની વિવિધ શક્તિઓનાં વર્ણન છે.

કવિ કવિની ભાવનામાં ફેર હોય, એ રીતે ઋષિ ઋષિના દર્શનમાં વિવિધ ભાવોની ગૂંથણી છે. આ ઋષિઓએ પોતાના જીવનમાં જે અનુભવો મેળવી લીધા છે, જે અનુભૂતિ જોઈ જાણી છે અને જે વેદનાઓ વેઠી છે, તે ભાવોને ઋચાઓની વાણીમાં ઉતાર્યા છે.

વેદોમાં રહેલા વિષયો અને વર્ણનો જાણવા-સમજવામાં; તેમના ઋષિઓનો પરિચય જરૂરી બને છે. એ દષ્ટિએ અહીં કથાનકો દ્વારા તે તે ઋષિના જીવન-ચરિતનું આલેખન કરવાનું ઉચિત માન્યું છે.

'વિદ્યાર્થીઓને વેદોનો પરિચય થાય,' એ શુભ ભાવનાથી યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડે આ 'વેદ પરિચય-ગ્રંથમાલા'ના પ્રકાશનનું કાર્ય હાથ ધર્યું છે. તેના અધ્યક્ષ શ્રી. ઈશ્વરભાઈ પટેલે વેદપરિચયના લેખન કાર્ય માટે મારી પસંદગી કરી છે. અને એ દ્વારા વેદસાહિત્યની સેવા કરવાની અનેરી તક મને આપી છે, એ બદલ એમનો આભાર!

વેદો ગલીએ ગલીએ અને ઘેરે ઘેર પહોંચી જાય, એવી ઉદાર ભાવના પૂજ્ય શ્રી. મોટા સેવી રહ્યા છે. વેદદર્શનના આચાર્ય સ્વામીશ્રી ગંગેશ્વરાનંદજી મહારાજે વેદોનાં સંપાદન, સંશોધન અને પ્રકાશનને પોતાનું જીવન વ્રત લેખ્યું છે. વૈદિક કથાનકોની રજૂઆત વિષે સ્નેહી શ્રી કરસનદાસ માણેક સાથે થયેલી રસભરી ચર્ચાનો પણ અહીં ઉલ્લેખ કરી લઉં. એ વિશિષ્ટ મહાનુભાવોની શુભાશંસા સાથે આ 'વેદ પરિચય પુસ્તિકા શ્રેણી' શરુ કરી છે એટલે આ કાર્યમાં વેદનારાયણની કૃપાથી સારી સફળતા મળશે એવી આશા.

પ્રથમ પુસ્તિકામાં એકસો બાર જેટલાં પાન થયાં છે, પણ પછીની પુસ્તિકાઓ સાઠ–સિત્તેર પાનની રહેશે.

વિષ્ણુદેવ પંડિત

૨૯, ઈશાવાસ્ય, ડાહ્યાભાઈ પાર્ક
ગીતામંદિર રોડ, અમદાવાદ–૨૨

पुमान् पुमांसं परिपातु विश्वतः । ઋગ્વેદ ૬, ૭૫, ૧૪,

માનવ માનવનું બધી રીતે રક્ષણ કરો.

હરિ ૐ આશ્રમ પ્રેરિત વેદપરિચય ગ્રંથમાલા

# ઋગ્વેદ પરિચય

વેદશાસ્ત્રભાસ્કર, વેદાન્તમનીષી

**આચાર્યશ્રી વિષ્ણુદેવ સાંકળેશ્વર પંડિત**, એમ. એ.

વેદાન્તાચાર્ય, વ્યાકરણતીર્થ, વ્યાખ્યાનદિવાકર

યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ

ગુજરાત રાજ્ય, અમદાવાદ-૬

# નિવેદન

ભારતના ધર્મશાસ્ત્ર અને તત્ત્વજ્ઞાનનો પાયાનો ગ્રંથ એ **વેદસંહિતા**. વેદ-કાળમાં ઋષિઓએ જે **અનુભવદર્શન** કર્યું, તેને વેદની ઋચાઓ દ્વારા વાચા આપી તેમને શબ્દબદ્ધ કરી. વેદ એ ભારતીય સંસ્કૃતિની પ્રાચીનતમ સંપત્તિ. આ સંપત્તિ વિશેનો પ્રજાનો અહોભાવ ચાલુ રહ્યો, પણ એના તત્ત્વની મોજ માણવાનું શક્ય રહ્યું નહિ. કારણ કે અનેક કારણોસર વેદનો પરિચય આમ પ્રજામાં અને શિક્ષિત જનોમાંય ઘટતો ગયો. પ્રણાલિગત રીતે સંસ્કૃત શીખનારા શાસ્ત્રીઓએ મુખપાઠ ચાલુ રાખ્યો, પણ આમ પ્રજાને એની ભાષામાં, એની સમજમાં ઊતરે તે રીતે એનુ દર્શન કરાવવાની તાકાત એ ગુમાવી બેઠા.

આમ પ્રજાનું સત્ત્વ ખીલે અને તેનું તેજ વધે તેવા પ્રયાસોમાં મગ્ન હરિ ૐ આશ્રમવાળા પૂજ્ય મોટાએ સામાન્ય શિક્ષિતજનને વેદની વૈચારિક અને આધ્યાત્મિક સંપત્તિથી પરિચિત કરવાના હેતુથી એક પુસ્તકશ્રેણી પ્રસિદ્ધ કરવા માટે રૂ. ૨૦,૦૦૦નું દાન યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડને ટ્રસ્ટરૂપે સોપ્યું. તે યોજના નીચે આચાર્યશ્રી વિષ્ણુદેવ પંડિત દ્વારા લિખિત ચારેય વેદો માટે કુલ ૨૪ પુસ્તિકાઓ પ્રસિદ્ધ કરવામાં આવી.

આ શ્રેણીમાં ઋગ્વેદ પરિચયની કેટલીક પુસ્તિકાઓ ખલાસ થઈ ગઈ. તેથી પુસ્તિકાઓને મળેલ આવકાર ધ્યાનમાં લઈને ઋગ્વેદ સંબંધી છએ પુસ્તિકાઓ એક પુસ્તક રૂપે સંયોજિત કરીને પ્રસિદ્ધ કરવાનું વિચાર્યું.

આચાર્ય શ્રી વિષ્ણુદેવ પંડિતે એ પ્રમાણે સંશોધિત પ્રત તૈયાર કરી આપી; તેને **ઋગ્વેદ પરિચય** રૂપે પ્રસિદ્ધ કરતાં અત્યંત આનંદ થાય છે.

વેદસાહિત્યના તલસ્પર્શી અભ્યાસક વેદદર્શનાચાર્ય પરમહંસ પરિવ્રાજકાચાર્ય મહામંડળેશ્વર સ્વામિશ્રી ગંગેશ્વરાનંદ મહારાજનાં શુભાશિષ આ વેદપરિચય શ્રેણીને પ્રાપ્ત થયાં છે. તેમના કરકમળમાં આ ગ્રંથ સમર્પિત થઈ રહ્યો છે, તેને અમે આવકારીએ છીએ.

ગુજરાત હાઈકોર્ટના ન્યાયમૂર્તિ માનનીયશ્રી નારાયણભાઈ ભટ્ટસાહેબે વિશેષ પરિશ્રમ ઉઠાવી આ ગ્રંથ વિશે પોતાનો અભિપ્રાય રજૂ કર્યો છે. તેમનો અમે

આભાર માનીએ છીએ. સદ્‌વિચાર અને સદ્‌વિચારપ્રેરક તેમજ ધર્મમૂલક સાહિત્યના પ્રચાર માટે આજીવન આપકમાણીનો ઘણો હિસ્સો ખર્ચનાર હિન્દુસ્તાન ટાઈમ્સવાળા શ્રી ઓચ્છવલાલ ગોરધનદાસ શાહે આ આવૃત્તિના પ્રકાશનના ઉત્તેજનાર્થે રૂ. ૧૦૦૧ આપ્યા છે, તેની નોંધ લેતાં અમને આનંદ થાય છે.

આ પુસ્તક વાચક વર્ગનો સવિશેષ આદર પામશે એવી અપેક્ષા છે.

એપ્રિલ, ૧૯૭૭
યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ,
ગુજરાત રાજ્ય, અમદાવાદ–૬

જે. બી. સેંડિલ
અધ્યક્ષ

# સમર્પણ

આ પહેલાં પ્રસિદ્ધ થએલ છ પુસ્તિકાઓની બીજી આવૃત્તિ 'ઋગ્વેદ પરિચય' નામે પ્રસિદ્ધ થાય છે; તેનાં કથાનક–આખ્યાનનાં સંકલન કરી એક જ ગ્રંથરૂપે ગુજરાતના વેદપ્રેમી જનોના હાથમાં મૂકતાં આનંદ થાય છે. પૂજ્ય શ્રી મોટાના અનુદાનથી આ વેદપરિચય શ્રેણીનું પ્રકાશન આગળ વધી રહ્યું છે. ગુજરાત રાજ્ય–યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડના અધ્યક્ષ શ્રી. જે. બી. સેંડિલે આ પ્રકાશનની પ્રવૃત્તિને વિશેષ વેગ આપ્યો છે, તે વેદસાહિત્ય તરફનો તેમનો વિશેષ આદર સૂચવે છે

આ વેદપરિચય શ્રેણીની ચોવીસ પુસ્તિકાઓ સ્વર્ગસ્થ વેદમૂર્તિ શ્રીપાદ દામોદર સાતવળેકરજીના સ્મરણાર્થે પ્રગટ થઈ હતી. તેઓશ્રીએ ગુજરાતના પારડી મુકામે આવી સ્વાધ્યાય મંડળ દ્વારા વેદ પ્રકાશનની પ્રવૃત્તિઓ આગળ ધપાવી, ગુજરાતને કર્મભૂમિ બનાવી.

પરમહંસ પરિવ્રાજકાચાર્ય મહામંડળેશ્વર વેદદર્શનાચાર્ય સ્વામિશ્રી ગંગેશ્વરાનંદજી મહારાજ પીસ્તાલીશ વર્ષોથી ગુજરાતને નિયમિત સત્સંગનો લાભ આપે છે. તેમણે અમદાવાદમાં વેદમંદિરની સ્થાપના કરી છે તેમજ ગુજરાતનાં વેદપાઠી વિદ્વાનો અને વેદપ્રેમીજનોના સાથ સહકાર મેળવી લીધા છે, અને તે રીતે તેમણે ગુજરાતનું ગૌરવ વધાર્યું છે. વેદોના સ્વાધ્યાય, સંપાદન અને અનુશીલનના કાર્યમાં તેમની સાથેના જોડાઈ હું નિયમિત સેવા આપી શકયો છું, તે તેમનીજ કૃપા ભાવનાનું પ્રત્યક્ષ ફળ છે.

પ્રસ્તુત 'ઋગ્વેદ પરિચય' ગ્રંથ તેમના કરકમલમાં સમર્પણ કરતાં, એક કૃતાર્થતાની લાગણી હું અનુભવી રહ્યો છું. તેમના જેવા વેદદર્શનના તત્ત્વજ્ઞ અનુભવી અને સંત પ્રકૃતિના નિઃસ્પૃહજને આ માટે શુભ સંમતિ આપી અમને સૌને આભારવશ કર્યા છે. અમારી આ પ્રવૃત્તિને જનતા જનાર્દન વધાવી લે, તેવી વેદ નારાયણને સ્તુતિ કરું છું.

—આચાર્ય વિષ્ણુદેવ પંડિત

સંવત્ ૨૦૩૩, મહાશિવરાત્રિ
ટે. નં. ૫૨૩૬૩
૨૯, ડાહ્યાભાઈ પાર્ક, ગીતામંદિર રોડ
અમદાવાદ–૨૨.

# શુભાશંસન

વેદ પરિચયની છ પુસ્તિકાઓ જે ગુજરાત રાજ્ય–યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ દ્વારા પ્રકાશિત થઈ છે; તેના આલેખનમાં વેદોમાં રહેલા નીતિબોધ રજૂ કરવાનો, મુખ્યત્વે વિદ્યાર્થીના ચારિત્ર્ય ઘડતરમાં વેદની કથાઓ દ્વારા મળતો બોધ રજૂ કરવાનો હેતુ સચવાયો છે. જો કે વેદોના સામાન્ય વિષયનો પરિચય આપવાનો હેતુ પણ તે સાથે રહેલો છે. તેથી જ મંડળવાર સૂક્તોના ક્રમમાં આવતી ઋચાઓનાં તાત્પર્ય–ભાષાંતર મોટા પ્રમાણમાં છે. તે તે સૂક્તના દ્રષ્ટા ઋષિને જે પ્રકારે દર્શન થયું અને તે દ્વારા માનવના જીવન ઘડતરમાં ઉપયોગી વેદવાણી પ્રાપ્ત થઈ, તેના આલેખનને વિશદ રીતે રજૂ કરવાનો આ પ્રયત્ન છે.

આમ કરવા જતાં કેટલાંય સૂક્તો છોડી દેવાં પડયાં છે. અભ્યાસી અને અન્વેષક વિદ્વાનને વિશેષ ઉપયોગી થાય; એવાં ઋગ્વેદનાં કેટલાંક પ્રસિદ્ધ સૂક્તો તેમજ દાર્શનિક સૂક્તો રજૂ થઈ શકયાં નથી; પરંતુ વેદના જે સામાન્ય વાચક છે, જે વિદ્યાર્થી છે, તેને જીવનના ઘડતરમાં અને ચારિત્ર્યના બોધમાં ઉપયોગી થાય, તેવો ઉપદેશ આ વેદપરિચય વાંચતાં મળી રહે, એ હેતુ અહીં સચવાયો છે.

પહેલી પુસ્તિકામાં રજૂ થએલ પૂજ્ય ગંગેશ્વરાનંદજી મહારાજનાં શુભાશંસન :

'समानो व आकूतिः समाना हृदयानि वः

समानमस्तु वो मनो यथा वः सुसहासति ॥ ઋગ્વેદ ૧૦, ૧૯૧, ૪

તમારા અભિપ્રાય એક સમાન હો, તમારાં હૃદયો એક સરખાં હો અને તમારાં મન સમાન હો, જેથી તમો પરસ્પર સહકારથી રહી શકો,

શ્વાસનિઃશ્વાસની ક્રિયા સહજ સરળ હોય છે; એજ પ્રકારે આ વેદોની બોધવાણી પરમ કૃપાળુ પરમેશ્વર પાસેથી પ્રાચીન ઋષિમુનિઓને મળેલી છે. આ વેદવાણી જેટલી જૂની છે, એટલી જ નવી છે. જેવી પ્રાચીન છે, એવી જ અર્વાચીન છે.

વેદોનાં પરિશીલન, અભ્યાસ, વ્યાખ્યાન–પ્રવચન વર્ષોથી ચાલી રહ્યાં છે. મારા આ વેદપ્રચારકાર્યમાં વેદોનો તલસ્પર્શી અભ્યાસ કરતા વિદ્વાનો અને વેદોનો મુખપાઠ કરી, શ્રવણપરંપરાને એકધારી સાચવી રહેલા વેદપાઠીઓનો ઘણો સારો સાથ સહકાર મળી રહ્યો છે.

છેલ્લાં આઠેક વર્ષોથી શ્રી વિષ્ણુદેવ પંડિત અમારી સાથે વેદ સાહિત્યના સંશોધન–સંપાદનમાં સક્રિય રીતે જોડાયા છે. વિશેષે કરીને વેદોની સંહિતાઓ અને બ્રાહ્મણ ગ્રંથોનાં સતત અભ્યાસ પરિશીલનને કારણે વેદસાહિત્ય પર તેમણે સારો અધિકાર જમાવ્યો છે. ગૂજરાતના મૂક સેવક શ્રી રવિશંકર મહારાજ અમારી વેદસાહિત્યની પ્રવૃત્તિમાં ઊંડો રસ ધરાવે છે. તેમણે ચાર વેદોની મૂળ સંહિતાઓની ભેટ શ્રી વિષ્ણુદેવ પંડિતને તેમના અગિયારમે વર્ષે આપી હતી, તે શુભાશિષ સફળ થયાં છે.'

૬–૩–૧૯૭૧ —स्वामी गंगेश्वरानन्द उदासीन

# માનસ ચેતનાનો આવિર્ભાવ

'વેદ પરિચય'ની પુસ્તિકા શ્રેણી પ્રસિદ્ધ થઈ અને ગુજરાતની ધર્મપ્રેમી ગુણાનુરાગી જનતાને વેદદર્શન થયું. સનાતન ધર્મના સ્રોતનું ઉદ્ભવસ્થાન વેદો છે, એવું પોતાને હિંદુ ગણનાર દરેક વ્યક્તિ સદ્ભાવ અને શ્રદ્ધાપૂર્વક માને છે. પરંતુ –

यद् गृहीतम् अविज्ञातं निगदेनैव शब्द्यते ।

अनग्नाविव शुष्केन्धो न तत् ज्वलति कर्हिचित् । निरुक्त १, ६, १८

એ વેદપાઠ ગ્રહણ કરી લીધો પણ તેના અર્થ કે ભાવને જાણ્યા નહિ, કેવળ નિગદ–શબ્દથી જ બોલવામાં આવે; તે નિરર્થક ગણાય. જેમકે અગ્નિ ઓલવાયો હોય ને ભસ્મ રહી ગઈ હોય, તેમાં સૂકું લાકડું પ્રજ્વલિત થતું નથી, એ રીતે શબ્દપાઠથી રટાયેલ વેદવાણી કોઈ રીતે પ્રજ્વલિત થતી નથી.

એવી નિરુક્તની વાણી પ્રમાણે કેવળ માન્યતાથી કાંઈ લાભ થતો નથી. વેદોના અર્થ સમજ્યા સિવાય, વેદોનું હાર્દ મેળવ્યા સિવાય કેવળ અહોભાવથી વેદોને અંજલિ આપતી વ્યક્તિ પોતાની અને સમાજની કાંઈ સેવા કરી શકતી નથી. ઊલટું, પોતે અંધશ્રદ્ધાળુનું બિરુદ પ્રાપ્ત કરી વેદોનાં અને હિંદુ ધર્મનાં અપમાન થવામાં કારણભૂત બને છે.

સંસ્કૃતના વિદ્યાર્થી તરીકે અમને અંગ્રેજ વિદ્વાનોના મત જ ભણવા મળેલા. સુશ્રુત અને સંનિષ્ઠ કહી શકાય તેવા પાશ્ચાત્ય વિદ્વાનો પણ ભારતના આ અણમોલ ખજાનાની પૂરી કદર કરી શક્યા નહિ અને તેમનાં આંકેલાં મૂલ્યાંકનો જ ભારતના વિદ્યાર્થીઓ સમક્ષ પીરસવામાં આવતાં.

'સૃષ્ટિનાં ભૌતિક બળોથી પ્રભાવિત થઈ, ભય અને ભાવથી પ્રેરાઈ, આદિ માનવથી બોલાઈ ગયેલા સાહજિક શબ્દો જ વેદો છે.' એ પ્રકારનું તાત્પર્ય તેમના કથનથી નીકળતું, પરંતુ 'ભારતની પુરાણી પ્રણાલિકા મુજબ વેદો સર્વ પ્રકારનાં જ્ઞાનની ગંગાનું આદિસ્થાન હિમાલય છે.' તે વાસ્તવિક તથ્ય પ્રતિપાદિત કરવાનો યશ સંતો અને મહાત્માઓને ફાળે જાય છે. આચાર્ય શ્રી વિષ્ણુદેવ પંડિતજીએ આ કાર્ય સેવાભાવથી સફળ રીતે સિદ્ધ કરી સંતો અને મહાત્માઓમાં પોતાનું કાયમી સ્થાન મેળવી લીધું છે, એમ કહેવામાં કોઈ જાતની અતિશયોક્તિ નથી થતી.

સાહિત્યનાં સર્જન કરનાર વ્યક્તિ સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ શરીરથી પર રહેલ માનસ ચેતનાની સ્થિતિએ પહોંચેલ હોય છે. આર્ષદ્રષ્ટા–ઋષિઓને વેદોનાં

ગહન નૈતિક અને આધ્યાત્મિક સત્યો સહજ રીતે આવિર્ભૂત થયાં હતાં. તે જ બતાવે છે કે તેઓ અતિમાનસ ચેતનાની કક્ષાએ પહોંચ્યા હતા. તેમની કક્ષા સાચે જ આત્મિક, દૈવિક અને બ્રહ્મવેત્તાની ગણી શકાય.

ગૃહસ્થ જીવનને સુંદર અને મધુર બનાવનાર ઋષિ મધુચ્છંદા જીવનને પ્રયોગશાળા બનાવે છે, એ કથાનક ખૂબ જ હૃદયસ્પર્શી લાગ્યું. એ વખતે જે યજ્ઞ યાગાદિ થતા એમાં પરસ્પરના સાથ અને સહકાર સધાતા, ઝાઝા હાથ રળિયામણા, એ ભાવના મૂર્તિમંત બનતી. આ ચિત્ર આજેય કેટલું બધું ઉપકારક છે! વિશ્વામિત્રની પ્રેરણાથી ભરતજનો જે મહાયાગ શરૂ કરે છે, ત્યારે યૂપને રાષ્ટ્રધ્વજ જાણીને ફરકાવવામાં આવે, એ પ્રસંગે આખું આર્યાવર્ત એકઠું થાય, એ વર્ણન ભાવવિભોર કરી દે એવું બન્યું છે. એ સમયે ગુરુઓ શિક્ષણ જ નહિ પોતાનો આત્મા શિષ્યોમાં રેડતા, એ સૌ એક જ પરિવારનાં સંતાન થઈને જીવતા, અને આ પરંપરા સચવાઈ રહેતી, પછી એ અત્રિ હોય, વસિષ્ઠ હોય કે ભરદ્વાજ હોય! નારીનાં વિવિધ રૂપોને પણ પંડિતજી વેદોમાંથી કંડારે છે, માનવજીવનમાં નારીની પ્રેરણા અને પ્રતિભાએ શું કામ કર્યું છે: (સૂર્યા, ઘોષા, મુદ્ગલાની, સરમા), વખત આવ્યે હળે પણ જોડાય અને સંકટ વખતે રાષ્ટ્રને હાકલ પણ કરે, સાચે જ નારી તું નારાયણી છે– ઠેઠ વેદોમાં પણ! વેદોમાં કાવ્યત્વ છે, પ્રકૃતિનાં ભવ્ય વર્ણનો છે, ઉત્તમ સૂક્તો છે, એવું કહેવાયું છે. પણ એને જીવાતા જીવન સાથે કેટલો બધો સંપર્ક હતો, સમાજની ઝીણી ઝીણી વિધિઓમાં પણ ક્યાં રહસ્યો છુપાયેલાં છે, એ વખતનાં નરનારી–ઋષિ મુનિઓ જ નહિ–નિરાળા ગુણો ધરાવતાં હતાં; એ વાત, કદાચ, પંડિતજીએ જ સદૃષ્ટાંત અને વિગતવાર પહેલીવાર કહી છે. વેદ આખરે સાહિત્ય છે. સાચું સાહિત્ય એ તો સહિત–હિતકારી જ હોવું જોઈએ. આવા સાહિત્યમાંથી સાહજિક રીતે જ બોધ–નીતિ નિષ્પન્ન થાય છે. આચાર્ય શ્રી વિષ્ણુદેવ પંડિતજીએ ઋગ્વેદમાંથી ઉધ્ધૃત કરેલાં કથાનકો અહીં રજૂ થયાં છે. તે આ ઊર્ધ્વહેતુને સહજ રીતે સિદ્ધ કરે છે. સાદાં, સરળ અને છતાંય મધુરતમ વાકયોમાં નીતિ–બોધ રજૂ કરવાની ભાવિક શક્તિ જેટલી ઋગ્વેદમાં છે, તેટલી ભાગ્યે જ બીજે જોવા મળે. પ્રતિદિન ઉપયોગમાં લેવાતી નોંધપોથીનાં પાને પાને સૂક્ત–સુવચન સાદાં સૂત્રની જેમ આંકી લેવાની ક્ષમતા આ આર્ષ વાણીમા રહેલી છે.

સં. ૨૦૩૩, વસંત પંચમી,
નવા વાડજ, અમદાવાદ–૧૩

—શ્રી નારાયણભાઈ ભટ્ટ
મા. ન્યાયમૂર્તિશ્રી, ગુજરાત
હાઇકોર્ટ, અમદાવાદ–૯

# અનુસ્મૃતિ

उत त्वः पश्यन् न ददर्श वाचम् उत त्वः शृण्वन् न शृणोति एनाम् ।
उतो त्वस्मै तन्वं विसस्रे जायेव पत्य उशती सुवासाः ॥

—ऋग्वेद १, ७१, ४

'એ વાણીને સાંભળવાની છે, તેનાં રૂપ જોવાનાં છે, તેનાં સૌંદર્ય નારી જેવાં છે; તેને જોવા છતાં, કેટલાક જોતા નથી, તેને સાંભળવા છતાં, કેટલાક સાંભળતા નથી; કારણ કે તેનાં રૂપ, આકાર ઢંકાએલાં છે, અંતર્હિત છે. તે પડદા પાછળ છે. જેણે તે પડદો સંકેલ્યો, તેણે તે નારીનાં અને તે વાણીનાં રૂપ, આકાર, સૌંદર્ય જોઈ લીધાં. તેની આગળ તેણે પોતાની જાતને ખુલ્લી કરી દીધી, પોતાની કાયાને તેની આગળ ફેલાવી દીધી.

सक्तुमिव तितउना पुनन्तो यत्र धीरा मनसा वाचमक्रत ।
अत्रा सखायः सख्यानि जानते भद्रैषा लक्ष्मीर्निहता अधि वाचि ॥

—ऋग्वेद १०, ७१, २

'વાણીનું એ ઢાંકેલું રૂપ તે વિચાર છે, તે મનમાં જાગે છે. જેટલેટલા વિચાર જાગે, એ બધા વાણીમાં મુકાતા નથી. એ માટે ધીરજ હોય, અંદરની દૃષ્ટિ હોય, તેનું અનુસંધાન કરવાનું છે. ધીરજ કે વિવેક એ મનનો ગુણ છે, અંતઃકરણનું એ કરણ છે, સાધન છે. જેમ ગળણી હોય કે ચાળણી હોય, તે જુદા પાડવાનું કામ કરે છે. સારૂં હોય તે ગળાઈ, ચળાઈ બહાર આવે છે, એમજ મનથી ગળાઈ, વાણી રચાય છે. ધીરજનો મનથી વાણીનો વ્યવહાર કરે છે. મનથી વિચારનાર, મતિથી વિવેક કરનાર આ ધીરજનો સખા બને છે, સમાન શીલ અને સ્વભાવ તે કેળવે છે. વાણી અને વિચારના વિવેક વ્યવહારથી તે સખ્ય—મિત્રતા કેળવે છે. આનું કારણ શું છે? તેમની એ વાણીમાં ભદ્ર લક્ષ્મી વસી છે. તેનાં લક્ષણ કલ્યાણકારી છે, હિતકારી છે. તે એક વાઙ્મય છે, સાહિત્યનું સ્વરૂપ છે, જેમાં વાણીનાં સૌંદર્ય વસ્યાં છે.

વેદની વાણી એક દિવ્ય વાઙ્મય છે, સાહિત્ય છે, જેના સૌંદર્યનાં દર્શન કર્યાં, તેને કવિ કહ્યા, ઋષિ કહ્યા, મનીષી કહ્યા, ધીરજન કહ્યા. તે ઋષિઓને હૈયે જે વિચાર જાગ્યા: તે બધા જ વાણીમાં ઉતર્યા નથી. તેમાંના જે સહજ, સરળ, નિર્મળ ભાવો હતા; તે સારરૂપે ગળાઈને, ચળાઈને વાણીમાં ઉતરી આવ્યા, જેમાં હિતકારી બોધ કે ભદ્રા લક્ષ્મી રહ્યાં છે. તે વાણીને જેણે સાંભળી;

તેનાં રૂપ–સૌંદર્ય જેણે જોયાં–જાણ્યાં, તે બુધજન ગણાય. તેમણે આ વેદવાણીનાં અધ્યયન કર્યાં, પારાયણ કર્યાં, અભ્યાસ કર્યા અને એ બોધવાણીને રજૂ કરી; માટે તે સખા ગણાય. તે વાણીને જે જાણવા માંગે છે. તેને સખા ગણી, તેને આ બોધવાણી આપવાની ભાવના સેવી. પણ કો'ક એ હિતકારી વાણીને સાંભળવા માંગે નહિ, એ કલ્યાણી વાણીને જાણવા ઈચ્છે નહિ, તે તો વેદના બોધ આપનાર સખાનો ત્યાગ કરે છે, તેને આ વેદવાણીનો લાભ મળતો નથી, તે પોતાનાં ભાગ–ભાગ્યથી વંચિત રહે છે. આવો સામાન્ય જન જે કોઈ વાણીને સાંભળે છે, તે વાણીનાં શ્રવણ નિરર્થક છે, ફોગટ છે; કારણ કે એ અલક–પર્યાપ્ત વાણીના વ્યવહારથી તે સુકૃતના માર્ગને જાણતો નથી.'

ઋગ્વેદ સંહિતામાં દશ મંડળ, પંચાશી અનુવાક, ૧૦૨૮ સૂક્તો અને દશ હજાર પાંચસો બાવન મંત્રો છે. ઋગનુક્રમણી, ચરણવ્યૂહ અને ઋગવિધાનમાં વિગતે વર્ણન મળે છે. ઐતરેયારણ્યકના બીજા આરણ્યકના બીજા અધ્યાયમાં આ દશ મંડળ અને તેના ઋષિઓનો નિર્દેશ એક આગવું મહત્ત્વ ધરાવે છે, કારણ કે સંહિતાનાં સંકલન થયા પછી બ્રાહ્મણ ગ્રંથોમાં તેના ઋષિઓ, દેવો, છંદ વગેરેનાં વર્ણન મળે, તે દૃષ્ટિએ પૂર્ણ વિગત સૌ પહેલી આરણ્યકમાં જોવાને મળે છે.

પહેલા મંડળમાં ૧૯૧ સૂક્તો છે, તેના દ્રષ્ટાઓ પંદર ઋષિઓ છે, તેમાંના સાત ઋષિઓ સો જેટલી ઋચાઓના દ્રષ્ટા છે અને ચાર ઋષિઓ બસો જેટલી ઋચાઓના દ્રષ્ટાઓ છે. માટે તે ઋષિઓનાં નામ શતર્ચિઓ છે. બાકીના ચાર ઋષિઓ માધ્યમ છે, તે સોને બસો ઋચાઓની મધ્યમાં ગોઠવાયા છે અને તેમની ઋચાઓ સોથી ઓછી છે. આ બાબતનું નિરૂપણ અહીં પ્રાણનાં રહસ્ય જણાવનાર ઉપાસનાની દૃષ્ટિએ રજૂ થયું છે:

'મંડળમાં જે આ સૂર્ય તપે છે, તે આ લોકનાં અર્ચન–પૂજન કરે છે, તે પુરુષ રૂપે છે. સૂર્ય રૂપે આ પ્રાણ જ તે શરીરને અર્ચન પૂજન યોગ્ય બનાવે છે: અર્થાત્ પ્રાણ ન હોય, તો શરીર શબ બની જાય. અહીં આદિત્ય અધિદૈવ અને પ્રાણ અધ્યાત્મ ગણાય છે. તે પ્રાણ જ મનુષ્યના શરીરને સો વર્ષ સુધી અર્ચનીય પૂજનીય બનાવે છે; એ કારણે પુરુષનાં આયુષ્ય સો વર્ષનાં ગણાય છે. ઋગ્વેદ સંહિતાના પહેલા મંડળના ઋષિઓ શતર્ચિ કહેવાય છે: તે ઋષિઓ પ્રાણ રૂપ છે.

'પ્રાણ નામે જે દેવ છે, તે આખા આ દેહને મધ્યથી ધારણ કરે છે; એ રીતે પહેલા મંડળના શતર્ચિ ઋષિઓની વચમાં કેટલાક ઋષિઓ છે, તે માધ્યમ કહેવાય છે; તે ઋષિઓ પણ માધ્યમ પ્રાણ રૂપે છે.'

બીજા મંડળના ગૃત્સમદ, ત્રીજાના વિશ્વામિત્ર, ચોથાના વામદેવ, પાંચમાના

અત્રિ, છઠ્ઠાના ભરદ્વાજ અને સાતમાના વસિષ્ઠ : એ છ વ્યક્તિગત ઋષિઓ પણ પ્રાણ રૂપ છે, તે છ ઋષિઓનાં પ્રાણ રૂપે ધ્યાન ધરવાનું હવે જણાવે છે :

'અહીં જે પ્રાણ છે, તે ગૃત્સ—ગળનાર અને અપાન છે, તે મદ—શક્તિ રસ છે. આમ પ્રાણ અને અપાનનો યોગ કરનાર જે ઋષિ છે, તે ગૃત્સમદ (બીજા મંડળના) ઋષિ છે.

'જે કાંઈ આ વિશ્વ દેખાય છે, તે વિશ્વ પ્રાણદેવનું મિત્ર છે, કારણ કે વિશ્વ ભોગ્ય અને પ્રાણ ભોક્તા છે. (ત્રીજા મંડળના ઋષિ) વિશ્વામિત્ર તે વિશ્વના મિત્ર કહેવાય છે, કારણ કે તે વિશ્વના પ્રાણ બને છે.

'આ પુરુષના દેહમાં વાણી વગેરે ઇંદ્રિયો છે, તેમના અધિષ્ઠાતા દેવો અગ્નિ વગેરે છે. તે દેવોએ જણાવ્યું કે, 'આ દેહમાં જે પ્રાણ છે, તે અમારામાં વામ—વરણીય છે.' આમ પ્રાણ તે વાયુ છે, એમ દેવોએ કહ્યું, માટે તે પ્રાણ વામદેવ છે. (ચોથા મંડળના ઋષિ) વામદેવ છે, તેને પ્રાણ રૂપે વામદેવ કહે છે.

તે પ્રાણે આ સર્વનું પાપથી ત્રાણ કર્યું છે. આમ તે પ્રાણે अत्रायत् ત્રાણ કર્યું, માટે તે અત્રિ ગણાય (પાંચમા મંડળના ઋષિ) અત્રિ છે તે પ્રાણ રૂપે સર્વનાં ત્રાણ કરે છે.

'આ વિશ્વની પ્રજા છે, તે વાજ છે, તેનાં ભરણ પોષણ કરે છે, માટે પ્રાણ તે ભરદ્વાજ છે. (છઠ્ઠા મંડળના ઋષિ) ભરદ્વાજ છે, તે પ્રાણ રૂપે પ્રજાનાં ભરણ પોષણ કરે છે.

'આ શરીરનાં ઇંદ્રિયોમાં રહેલા દેવોએ જણાવ્યું કે, 'અમારી અંદર પ્રાણે પ્રવેશ કર્યો ત્યારે બધામાં ચેતન આવ્યું,' માટે પ્રાણ તે વસિષ્ઠ છે. (સાતમા મંડળના ઋષિ) વસિષ્ઠ તે પ્રાણ રૂપે શ્રેષ્ઠ બની શરીરમાં વસે છે, માટે તે વસિષ્ઠ કહેવાય છે.'

આઠમા મંડળમાં એકસોને ત્રણ સૂક્તો છે, તેમાં કણ્વ ગોત્રના ઋષિઓ મુખ્ય છે, તેમજ પ્રગાથ નામના છંદનો અહીં વિશેષ ઉપયોગ થયો છે. ગાયત્રી વગેરે છંદોમાં રચાએલી એક એક ઋચા હોય છે, જ્યારે પ્રગાથ બે ઋચાઓનાં છંદને જોડે છે, એક ઋચા બૃહતીમાં અને બીજી ઋચા સતોબૃહતીમાં હોય, તે જોડાઈને ત્રણ ઋચાઓનું તૃચ સૂક્ત બને, તે રીતે યજ્ઞના પ્રયોગોમાં આ પ્રગાથ છંદનો ઉપયોગ કરવામાં આવે છે, તે વિષે અહીં જણાવ્યું છે :

'તે આ પ્રાણ છે, જે શરીરમાં પ્રવેશ કરી, બધાનાં પ્રગથન કરે છે, અર્થાત બધામાં પ્રાણ પૂરે છે; આને કારણે પ્રાણ પ્રગાથ કહેવાય છે. (આઠમા મંડળના ઋષિઓ) પ્રગાથ છે, કારણ કે બે બે ઋચાનાં બનેલાં સૂક્તોનાં પ્રગથન કરે છે.'

નવમા મંડળનાં ૧૧૪ સૂક્તો છે. તે બધામાં પવમાન સોમનાં વર્ણન છે, તેથી પવમાન સોમ તેના દેવ છે, તેનાં વર્ણન કરનારી ઋચાઓ પાવમાની અને તેનાં દર્શન કરનાર ઋષિઓ પણ પાવમાની કહેવાય છે, તે વિષે અહીં જણાવ્યું છે:

'આ વિશ્વમાં જે કાંઈ ક્ષુદ્ર—હલકું છે, તેને આ પ્રાણ પૂરે છે, પવમાન—શુદ્ધ કરે છે. જેમ સોમરસ ગળણીમાંથી પવમાન—ગતિ કરી, શુદ્ધ થઈ પાત્રમાં જાય છે, એમજ આ પ્રાણ શરીરમાં રહેલ સર્વ ઇંદ્રિયોને પૂત—શુદ્ધ કરે છે; માટે તે પ્રાણની મૂર્તિઓને પાવમાની કહી છે અને તેના દ્રષ્ટા—ઋષિઓને પણ પાવમાની કહ્યા છે.'

પહેલા મંડળની જેમ દશમ મંડળમાં ૧૯૧ સૂક્તો છે, તેમાં શરૂઆત મહા-સૂક્તોથી થાય છે અને અંતમાં નાનાં નાનાં—ક્ષુદ્ર સૂક્તો આવે છે, તે વિષે જણાવે છે:

'તે પ્રાણ દેવે કહ્યું: 'આલોકમાં જે કાંઈ ક્ષુદ્ર—હલકું છે અને જે કાંઈ મહત્ છે, તે બધાંના રૂપે હું છું'. આ પરથી જે સૂક્તમાં બે ઋચાઓ હોય, તે ક્ષુદ્ર અને દશ પંદરથી લઈ, પચાશ સુધીની ઋચાઓ હોય, તે મહાસૂક્ત ગણાય છે; એ ક્ષુદ્ર સૂક્તના ઋષિઓ ક્ષુદ્ર સૂક્ત અને મહાસૂક્તના ઋષિઓ મહાસૂક્ત તરીકે પ્રસિદ્ધ છે.'

અહીં મંડળને સૂર્ય મંડળ સાથે સરખાવી, તેનાં દશ મંડળના ઋષિઓને આદિત્ય અને પ્રાણરૂપે ઘટાવ્યા છે. તે ઉપરાંત સૂક્ત, ઋચા, અર્ધર્ચ, પાદ, પદ, અક્ષર વગેરે ઋગ્વેદના પ્રકારોને પણ પ્રાણની સાથે ઘટાવતાં જણાવ્યું છે કે:

'પોતાનો મહિમા ગાનાર મંત્રના દ્રષ્ટા ઋષિને જોઈને, તે પ્રાણ દેવે જણાવ્યું કે, આ ઋષિએ સૂક્ત—શોભન વચન કહ્યું, તે આશ્ચર્ય છે.' એ સૂક્ત—ઉક્ત સુવચન પરથી સૂક્ત નામ પડયું છે અને તેના દ્રષ્ટા ઋષિ પણ સૂક્ત—સુભાષી નામે ગણાય છે.

'હવે જે પ્રાણ દેવ છે, તેજ ઋક છે, કારણ કે એ પ્રાણ સર્વનાં કલ્યાણને માટે દેહનાં અર્ચન કરે છેઃ અર્થાત્ તેની અંદર પ્રવેશ કરીને, તેને પૂજાયોગ્ય—ચેતનવંતુ બનાવે છે, એ ઋચાના દ્રષ્ટા પણ ઋક નામે ગણાય છે.

'હવે જે પ્રાણ દેવ છે. તેજ ઋચાનો અડધો ભાગ—અર્ધર્ચ છે. અહીં અર્ધ શબ્દ સ્થાનવાચક છે. દેવ, મનુષ્ય વગેરેનાં જે સ્થાનો છે, તેને માટે આ પ્રાણ અર્ચન કરે છે. આથી પ્રાણનો મહિમા ગાનાર મંત્ર—ભાગ અર્ધર્ચ છે, તેના દ્રષ્ટા ઋષિને પણ અર્ધર્ચ કહે છે.

'હવે જે અર્ધર્ચ છે, તે રીતે ઋચાનું ચોથું ચરણ—પાદ છે તેમજ દરેક ઋચામાં એક એક શબ્દ છે, તેને પદ કહે છે. તે પાદ અને પદ બંને પ્રાણનાં રૂપ છે. તે પ્રાણ પોતાના પ્રવેશથી સર્વ પ્રાણીઓને પાદિ—પ્રાપ્ત કરે છે. માટે તે પ્રાણનો મહિમા ગાનાર અર્ધર્ચનો ભાગ પાદ અને પદ છે, તેના દ્રષ્ટા પણ પાદ અને પદ કહેવાય છે.

'હવે જે અક્ષર, વર્ણ છે, તેજ આ પ્રાણ છે. કારણ કે તે પ્રાણ સર્વ પ્રાણીઓનાં અનુષ્ઠાન માટે क्षरति ફલપ્રદાન કરે છે, પણ બીજાં પ્રાણીઓ તેનાં ક્ષરણ કરી શકતાં નથી, માટે તે પ્રાણ અક્ષર છે. આમ તે અક્ષરના દ્રષ્ટા ઋષિને પણ અક્ષર કહે છે.

'આ રીતે अग्निमीळे થી શરુ કરી यथा वः સુધીની ઋગ્વેદ સંહિતાની બધી ઋચાઓ, બધા વેદો, બધા ઘોષયુક્ત વર્ણો એક જ વ્યાહૃતિનાં રૂપ છે. એ રીતે જે પ્રાણ શબ્દ છે. તેનાં ઉચ્ચારણ પણ પ્રાણથી થાય છે, માટે દરેક ઋચાનાં ધ્યાન પ્રાણ રૂપે કરવાં.'

વેદ વાણીનાં આ વિવિધ રૂપ અક્ષર, પદ, પાદ, અર્ધર્ચ, ઋચા, સૂક્ત, મંડળ અને તેના ઋષિઓનાં લક્ષણ અને વ્યાખ્યાન અહીં રજૂ થયાં છે. જો કે આ વ્યાખ્યાન પદ્ધતિ પ્રાચીન છે, પણ તે વાણીના દિવ્ય રૂપની રજૂઆત કરે છે.

यत् मनसा मनुते तद् वाचा वदति । તૈત્તરીયારણ્ક

જો કે વિચાર એ વાણીનું પૂર્વ રૂપ છે. જે મનથી વિચારે છે, તે વાણીમાં બોલે છે. આ તો એક સામાન્ય બાબત છે. અહીં વાણી અને પ્રાણની એકતા સાધી છે, પ્રાણ એ ચૈતન્યનું રૂપ છે. અહીં વાણીમાં પ્રાણ પૂર્યા છે; માટે તેમાં દિવ્યતા—ચેતના જોવાને મળે છે.

જેમ મનુષ્ય શ્વાસ લે, તેમાં તેને પ્રયત્ન કરવો પડતો નથી; તે સહજ છે- સરળ છે. [1]વેદ એ નારાયણના શ્વાસ છે, પ્રાણ છે; એમ રહસ્યવેત્તા જણાવે છે, તેનું તાત્પર્ય આજ છે. [2]એજ રીતે ઋષિઓ પ્રાણ રૂપે છે: [3]આ સાત ઋષિઓ (પ્રાણ રૂપે) શરીરમાં રહ્યા છે. તેનું તાત્પર્ય પણ આ છે. વાણી બોલવા પુરુષને પ્રયત્ન કરવો પડે છે. એવો કોઈ પુરુષ પ્રયત્ન અહીં જોવાને મળતો નથી; માટે તે અપૌરુષેય છે. वैदिक वाङ्मयका इतिहास ની શરૂઆતમાં પંડિત ભગવદ્દત્ત જણાવે છે:

'આર્ષ પરંપરામાં માનવ—સૃષ્ટિની શરૂઆતથી આ તથ્ય સુરક્ષિત છે કે, 'વેદવાણી એ દૈવી વાણી છે. આ વાણી ક્ષીણ નથી થઈ, તે પરમવ્યોમ—આકાશમાં સ્થિર હતી. માનવ સૃષ્ટિની શરૂઆતમાં જ્યારે ઋષિઓએ શરીર ધારણ કર્યાં, ત્યારે આ દૈવી વાચા ઈશ્વરની પ્રેરણાથી તેમનામાં પ્રવેશી, તેને તેમણે સાંભળી, માટે તે શ્રુતિ કહેવાઈ.'

---

१ अस्य महतो भूतस्य निःश्वसितमेतद् यद् ऋग्वेदो यजुर्वेदः सामवेदो अथर्वांगिरसः । —બૃહદારણ્યક ૨,૪,૧૦

२ प्राणा वै यशो निहितं विश्वरूपं, प्राणानेतदाह तस्यासत ऋषयः सप्त तीरे इति प्राणा वा ऋषयः । —બૃહદારણ્યક ૨,૩,૨,

३ सप्त ऋषयः प्रतिहिताः शरीरे । यजुर्वेद ૩૪, ૫૫

આ વાણી છે; તે એકલી વાણી નથી, પણ વેદ છે, તે જ્ઞાન છે, તે મંત્રની વાણી છે. મનના મનનનું જે અવ્યક્ત રૂપ છે, તે મંત્રની વાણીમાં વ્યક્ત થાય છે, તે મંત્રને જે રજૂ કરે છે, તે દૃષ્ટા છે, તે કવિ છે, તે ગાયક છે. તેની અંદર જે ભાવ જાગ્યો છે, જે મનમાં સ્ફૂર્યું છે; તેનાં તેને દર્શન થાય છે.

યાસ્કરચિત નિરુક્ત (૭, ૧–૨)માં મંત્રના વિભાગ ત્રણ રીતે રજૂ થયા છે: પરોક્ષ, પ્રત્યક્ષ અને આધ્યાત્મિક. અગ્નિ, ઇંદ્ર વગેરે દેવોનાં વર્ણન પ્રથમ પુરુષમાં રજુ થાય છે, તે પરોક્ષ વર્ણન. સામે ઉભેલ દેવને સંબોધીને વર્ણન મધ્યમ પુરુષમાં થાય છે, તે પ્રત્યક્ષ વર્ણન અને પોતે પોતાને ઉદ્દેશીને વર્ણન રજૂ કરે તે પોતે ઉત્તમ પુરુષ છે; માટે ત્યાં આધ્યાત્મિક વર્ણન રજુ થયું છે.

'વજ્રધારી ઇંદ્રે જે ઉત્તમ પરાક્રમ કર્યાં, તે ઇંદ્રના પરાક્રમો હું કહું છું. તેણે અહિને માર્યો, જેથી જલ છૂટાં થયાં. તેણે પર્વતો જેવા મેઘોનાં પડખાં તોડી નાખ્યાં.'

પહેલા મંડળના ૩૨માં સૂક્તમાં હિરણ્યસ્તૂપ આંગિરસ ઋષિએ ઉપર મુજબ ઈંદ્રના પરાક્રમોનાં વર્ણન કર્યાં છે. તે પરોક્ષ રીતે રજુ થયાં છે. તેજ ઋષિએ અગ્નિને સંબોધી તેના ગુણનાં વર્ણન ૩૧મા સૂક્તમાં કર્યાં છે, તે પ્રત્યક્ષ વર્ણન છે:

'હે અગ્નિ, તમે પ્રથમ અંગિરા ઋષિ છો. દેવોના દેવ અને શિવ સખા તમે બનો છો. તમારાં વ્રત–વર્તન એવાં છે, કે જેમાં ક્રાંતિકારી મરુતો જન્મ લે છે.' 'જો હું અનૃતદેવ, અસત્યવાદી હોઉં, અથવા જો મેં કોઈ પુરુષને સંતાપ આપ્યા હોય કે જીવન લઈ લીધું હોય, તો હું આજે જ મરી જાઉં. પરંતુ જેણે મને ખોટી રીતે જૂઠાબોલો ઠરાવ્યો હોય, તે પુરુષ પોતાના દશ પુત્રો સાથે મરી જાય.'

ઉપરના ભાવનો મંત્ર ઋગ્વેદ (૭, ૧૦૪, ૧૫)માં રજૂ થયો છે, ઋષિ વસિષ્ઠ જાહેરમાં શપથ લઈને પોતાની નિર્દોષતા સિદ્ધ કરે છે, એ રીતે તે આધ્યાત્મિક વર્ણન છે, એ જ રીતે સ્વગત ઉચ્ચારાતા મંત્રો પણ આ વિભાગમાં આવી જાય છે.

યાસ્કે રજૂ કરેલ આ પ્રકારમાં મુખ્ય ભાગ તો ઋષિ ભજવે છે, જે મંત્ર દ્રષ્ટા છે. મુખ્યત્વે તો દેવોની સ્તુતિ પ્રાર્થનાઓ છે અને તેથી દેવો જ વેદના મુખ્ય વિષય તરીકે રજૂ થાય છે:

यो देवेभ्य आतपति यो देवानां पुरोहितः। पूर्वो यो देवेभ्यो जातो नमो रुचाय ब्राह्मये ।
रुचं ब्राह्मं जनयन्तो देवा अग्रे तदब्रुवन्। यस्त्वैवं ब्राह्मणो विद्यात् तस्य देवा असन् वशे ।

યજુર્વેદના આ બે (૩૧, ૨૦, ૨૧) મંત્રમાં જણાવ્યું છે કે, 'જે દેવો માટે તપ કરે છે અને જે દેવોના પુરોહિત છે તેમજ જે દેવોથી પહેલાં પ્રગટ થએલ છે, તે રુચિકર બ્રહ્મને પ્રણામ; જે રુચિકર બ્રહ્મ પ્રગટ કરનારા દેવો હતા; તેમણે

જણાવ્યું કે, જે કોઈ બ્રહ્મ મંત્રના વિષયને જાણનાર બ્રાહ્મણ આ રહસ્યને જાણે તેને વશ દેવો થશે.'

આ બંને મંત્રોમાં આવતો દેવ શબ્દ અર્થ, ભાવ અને વિષયને સૂચવે છે તેમજ બ્રહ્મ શબ્દ વેદમંત્રનો બોધક છે.

દેવતાધ્યાય બ્રાહ્મણમાં તો દેવો વિષેની વ્યાખ્યા આપતાં જણાવ્યું છે :
ऋषीणां विषयज्ञो यः स शरीराद् विमुच्यते ।
ઋષિઓનો એ વિષય છે, તે દેવો છે તેને જાણનાર મુક્ત થાય છે.

આમ ઋષિ અને દેવનો પરસ્પર સંબંધ છે, તે સાથે છંદપણ જોડવામાં આવ્યા છે અને 'જ્યાં અર્થને અનુસરી ચરણની વ્યવસ્થા હોય, તે ઋચા,
सा ऋक् यत्रार्थवशेन पादव्यवस्था જૈમિનીયસૂત્ર

દરેક મંત્રના ઋષિ, દેવ અને છંદને જાણવાની પ્રાચીન પરંપરા છે અને તેથી દરેક છપાએલી ઋગ્વેદ સંહિતાનાં દરેક સૂક્તને મથાળે ઋષિ, દેવ અને છંદનો નિર્દેશ આવે છે, જો કે મૂળ સૂક્તો અને મંત્રો વાંચવાથી તે વિષેનો સ્પષ્ટ ખ્યાલ આવતો નથી. છંદને તો લક્ષણથી વર્તી શકાય તેમજ વર્ણન પરથી દેવનો પણ સાધારણ પરિચય થઇ શકે; પણ ઋષિનો પરિચય થઈ શકતો નથી. જો કે, ઋષિઓનાં નામ પણ જોવાને મળે છે, તે ઘણી વખત તો ગુણ બોધક હોય છે. આમ ઋષિ, દેવ અને છંદના પરિચય માટે સર્વાનુક્રમણી જેવા પ્રમાણ ગ્રંથોનો આશ્રય લેવો પડે છે. આ સૂક્તો અને ઋચાઓનાં સંકલનમાં પણ ઋષિ, દેવ અને છંદનો આધાર લેવામાં આવ્યો છે. આર્ષેય બ્રાહ્મણની શરૂઆતમાં સ્પષ્ટ જણાવ્યું છે કે,

अथापि ब्राह्मणं भवति–'यो ह वा अविदित–आर्षेयछन्दो दैवत ब्राह्मणेन मंत्रेण याजयति वा अध्यापयति वा, स्थाणुं वा ऋच्छति गर्तं वा पद्यति, प्र वा मीयते पापीयान् भवति यातयामानि अस्य छन्दांसि भवन्ति । अथ यो मंत्रे मंत्रे वेद सर्वमायुरेति श्रेयान् भवति । अयातयामानि अस्य छन्दांसि भवन्ति । तस्मादेतानि मंत्रे मंत्रे विद्यात् ।

અહીં આર્ષેય બ્રાહ્મણે પણ કોઇ પ્રાચીન બ્રાહ્મણ ગ્રંથનું પ્રમાણ ટાંક્યું છે. વેદનો પ્રત્યેક મંત્ર યજ્ઞના પ્રયોગમાં અને સ્વાધ્યાયમાં લેવાય છે. હવે જે મંત્રના ઋષિ, છંદ, દેવ અને બ્રાહ્મણ (બ્રહ્મ-મંત્રના અર્થ અને વિવેચન રજૂ કરનાર) વાક્યને જાણે નહિ અને તેના પ્રયોગ કરે કે પઠન–પાઠન કરે, તો તે જડ બની જાય કે ખાડામાં પડી જાય, મરી જાય કે પાપી બને. તેના છંદ–છંદોબદ્ધ ઋચાઓ यातयाम વાસી થઈ જાય. હવે જે વિદ્વાન મંત્રે મંત્રે ઋષિ, છંદ, દેવ અને બ્રાહ્મણને જાણે, તે દીર્ઘ આયુ ભોગવે અને તેનાં કલ્યાણ થાય. તેના ભણેલા છંદ

અયાતયામ વાસી નહિ થાય; અર્થાત્ તાજા રહેશે. આને કારણે દરેક મંત્રે ઋષિ, છંદ અને દેવ તેમજ બ્રાહ્મણ રજૂ કરવાં.'

અહીં મંત્રદ્રષ્ટા ઋષિને પ્રથમ સ્થાન આપ્યું છે, એટલું જ નહિ બીજા મંડળથી સાતમા મંડળ સુધીના એક એક મંડળ એક એક ઋષિનાં સૂક્તોનાં સંકલનરૂપે છે. તેથી તે તે મંડળને આર્ષેય સંહિતા નામ આપી શકાય. નવમા મંડળનાં બધાં જ સૂક્તો પવમાન સોમનાં વર્ણન કરે છે, તેથી તેને દૈવતસંહિતા નામ આપી શકાય. તે જ રીતે મંડળની ગોઠવણીમાં છંદોની અનુરૂપતા સચવાઈ છે. ખાસ કરીને સૌથી મોટી સંખ્યામાં ત્રિષ્ટુપ, ગાયત્રી અને જગતી છંદ જોવાને મળે છે, તેને છાંદસ સંહિતા ગણી શકાય.

ઋગ્વેદનાં ૧૦૧૭ સૂક્તોમાં આવતી ૧૦૪૭૨ ઋચાઓમાં ત્રિષ્ટુપ ૪૨૫૧, ગાયત્રી ૨૪૪૯ અને જગતી ૧૩૪૬ છંદો છે તેમજ અનુષ્ટુપ ૮૫૮ છે, બાકીનાં છંદોમાં બૃહતી ૩૭૧, પંક્તિ ૪૯૮, ઉષ્ણિક ૩૯૮, દ્વિપદા વિરાટ ૧૩૯, અત્યષ્ટિ ૮૨, શકવરી ૧૯. અતિજગતી ૧૭, અતિશકવરી ૧૦, દ્વિપદા ત્રિષ્ટુપ ૧૪, અષ્ટિ વિરાટરૂપ, દ્વિપદા ગાયત્રી ૩, ધૃતિ ૨ તેમજ અતિધૃતિ, દ્વિપદા જગતી અને એકપદા ત્રિષ્ટુપમાં એક એક ઋચા છે. અહીં આઠમા મંડળનાં ૪૯–૫૯ અગિયાર બાલખિલ્ય સૂક્તોના એંશી મંત્રોમાં પ્રગાથ છે, તેનો યોગ કરી લેવો જોઈએ.

ગાયત્રી છંદમાં ૨૪ અક્ષરો છે, તે પછી ચાર ચાર વધતા અક્ષરોના ક્રમમાં ઉષ્ણિક ૨૮, અનુષ્ટુપ ૩૨, બૃહતી ૩૬, પંક્તિ ૪૦, ત્રિષ્ટુપ ૪૪, જગતી ૪૮, અતિ જગતી ૫૨, શકવરી ૫૬, અતિ શકવરી ૬૦, અષ્ટિ ૬૪, અત્યષ્ટિ ૬૮ અને અતિધૃતિ ૭૨ અક્ષરોના છંદ છે, તે ઉપરાંત દ્વિપદા જગતીમાં ૨૪, દ્વિપદા ત્રિષ્ટુપમાં ૨૨, દ્વિપદા વિરાટમાં ૨૦, દ્વિપદા ગાયત્રીમાં ૧૬, એક પદા ત્રિષ્ટુપમાં ૧૧ અને એકપદ્ય વિરાટમાં ૧૧ અક્ષરો છે.

ઋગ્વેદની ઋચાઓ પર વ્યાખ્યાન–પ્રવચન રજૂ કરનાર ઐતરેય બ્રાહ્મણ છે. તેમાં છંદોનાં સ્વરૂપોને દિવ્ય ચેતનારૂપ ગણી દેવો અને ઋષિઓની સાથે તેમની પ્રતિષ્ઠા કરી છે; તે ઉપરાંત છંદોને સાધ્ય દેવો ગણી, તેની યજ્ઞોની સાથે સંગતિ જોડી છે. ઋક્–ઋચા સામાન્ય રીતે દેવોની સ્તુતિ કે પ્રાર્થના માટે રજૂ થાય છે તે દરેક છંદોબદ્ધ છે, એટલે કે તેને છંદની સાથે ગાવાની છે.

છંદનો મૂળ ધાતુ छद् आच्छादने: જે દેવોનાં આચ્છાદન કરે છે. અર્થાત તે દેવોને–વિષયોને વ્યવસ્થિત કરે છે. બીજી રીતે કહો, તો છંદ તે દેવોનાં ઘર છે. ગાયત્રીના આઠ અક્ષરોમાં આઠ વસુઓ, ત્રિષ્ટુપના અગિયાર અક્ષરોમાં અગિયાર રુદ્રો અને જગતીના બાર અક્ષરોમાં બાર રુદ્રો વસ્યા છે.

— (જૈમિનીયબ્રાહ્મણ ૧, ૨૮૦–૨૮૮)

જો કે ઐતરેય બ્રાહ્મણમાં મુખ્ય સાત છંદોનો ઉલ્લેખ છે, તેમાંય વિશેષ ગાયત્રી, ત્રિષ્ટુપ અને જગતી એ ત્રણ છંદોનાં રૂપ, લક્ષણ, તત્ત્વ વગેરેની વિચારણા રજૂ થઈ છે. છંદના મૂળ અર્થ આચ્છાદનને વિશદ અર્થમાં ઘટાવવામાં આવે, તો એમ કહેવાય કે, છંદ વેદવાણી–ઋચાનો નિયામક બને છે, એ રીતે દરેક મંત્રના ઋષિ તે દ્રષ્ટા, દેવ તે વિષય અને છંદ તેનાં નિયમન કરનાર બની રહે.

ઋગ્વેદ–મંત્રોના અર્થ સમજવામાં વ્યાકરણ અને નિરુકત (વિવેચન) વેદનાં અંગ ગણાય છે, તે રીતે પાણીનીના વ્યાકરણ શાસ્ત્રને શબ્દાનુશાસન કહેલ છે. ઋચામાં આવતાં પદો તે શબ્દ છે, તેમાં પ્રકૃતિ અને પ્રત્યયનો યોગ છે, તેની વ્યુત્પત્તિ કરનાર નિરુક્ત અને તેનાં શાસન નિયમન કરનાર વ્યાકરણ છે. તેજ રીતે પિંગલાચાર્યનું રચેલ છંદશાસ્ત્ર ઋચાનાં પાદ અને પદના સ્વરોનાં નિયમન કરે છે, માટે તે સ્વરાનુશાસન ગણાય. ગાયત્રી વગેરે છંદોમાં વ્યંજન સાથેના સ્વરોની ગણના થાય છે, એકલા વ્યંજન ગણવામાં આવતા નથી, માટે તે અક્ષર મેળ કે સ્વર મેળ છંદ ગણાયા. ત્યાં માત્રા પ્રમાણે ગણના થતી નથી, જે માલિની, શાર્દૂલ, શિખરિણી વગેરે છંદોમાં જોવાને મળે છે.

ઋગ્વેદમાં જો કે ત્રિષ્ટુપ છંદની ઋચાઓ સૌથી અધિક છે, તો પણ ગાયત્રી છંદ પ્રધાન ગણાય છે. કારણ કે યજ્ઞમાં અગ્નિની પ્રધાનતા છે અને તે અગ્નિનો છંદ ગાયત્રી છે : 'आग्नेयं गायत्रम्' (ઐ. બ્રા. ૧,૩૦) ગાયત્રીના દરેક ચરણમાં આઠ અક્ષર છે अष्टाक्षरा वै गायत्रा (ઐ. બ્રા. ૧. ૧૦) અને ત્રણ ચરણ છે. અગ્નિ ઉપરાંત સોમ સવિતા એ બે દેવના મુખ્ય છંદ ગાયત્રી છે. ત્રિષ્ટુપ છંદમાં પણ અગ્નિ અને સોમની પ્રાર્થનાઓ છે, તો પણ તે ત્રિષ્ટુપ ઇંદ્ર દેવનો મુખ્ય છંદ છે : ओजो वा इन्द्रियं वीर्यं त्रिष्टुप् ઐ. બ્રા. ૧,૫ તેમાં અગિઆર અક્ષરોનાં ચાર ચરણ છે. ત્યાર પછી મહત્ત્વનો છંદ જગતી બાર અક્ષરો અને ચાર ચરણોનો છે : द्वादशाक्षरा वै जगतीं (ઐ. બ્રા. ૩,૧૨) જગતી છંદ વિશેષ રૂપે અદિતિ, આદિત્યો અને વિશ્વેદેવોનો ગણાય છે, તેમજ પશુની સમૃદ્ધિ માટે તેનો વિનિયોગ થાય છે. એકંદર આઠ અક્ષરોના છંદ ગાયત્ર; અગિઆરના ત્રિષ્ટુપ અને બારના જાગત ગણમાં સમાવેશ થાય છે.

આમ ઋગ્વેદ સંહિતાના વાઙ્મયમાં છંદનું મહત્ત્વ અત્યધિક છે. જો ગાયત્રી વગેરે છંદોને અનુસરી છાંદસ સંહિતાનાં સંકલન કરવામાં આવે તો તે વિષયને સમજવામાં સરળતા થઈ પડે. આ દૃષ્ટિએ નવમાં મંડળનાં ૧૧૪ સૂક્તો છે, તેમાં ૧ થી ૬૭ ગાયત્રી, ૬૮–૮૬ જગતી, ૮૭–૯૭ ત્રિષ્ટુપના ક્રમે ગોઠવાયાં છે, તેમજ તે પછી અનુષ્ટુપ, બૃહતી, ઉષ્ણિક, પ્રગાથ અને પંક્તિ છંદોનો ક્રમ વ્યવસ્થિત

જોવાને મળે છે. તેથી તે નવમા મંડળને છાંદસ સંહિતાનું એક રૂપ ગણી શકાય.

આ નવમ મંડળ બીજી એક દૃષ્ટિએ મહત્ત્વ ધરાવે છે. તેનાં બધાં જ સૂક્તોમાં એક જ દેવની સ્તુતિ પ્રાર્થનાઓ છે અને તે પવમાન સોમ. જો કે બીજા મંડળોમાં પણ પવમાન સોમનાં સૂક્તો છે, પરંતુ पावमानीः ऋचः ના નામે નવમા મંડળની પ્રસિદ્ધિ છે. અહિં એક જ દેવ હોવાથી તેને દૈવત સંહિતા કહી શકાય. એ જ રીતે બીજા મંડળોમાંથી દૈવત સંહિતાનાં સંકલન કરવામાં આવે, તો તેમાં મુખ્યત્વે અગ્નિ અને ઇંદ્ર જ આવે : ઋગ્વેદમાં એકલા અગ્નિના મંત્રો આશરે ૨૦૧૩, ઇંદ્રના ૨૮૬૨ અને સોમના ૧૧૭૫ છે. બાકીના ચાર હજાર જેટલા મંત્રોમાં મરુતો, વિશ્વેદેવો, અદિતિ—આદિત્યો જેવા ગણો તેમજ સૂર્ય—સવિતાનાં વિવિધ સ્વરૂપો ભગ, પૂષા, મિત્ર, વરુણ, અર્યમાનો સમાવેશ થાય છે. ઋગ્વેદના દરેક મંડળમાં શરૂઆત અગ્નિ સૂક્તોથી કરી, તે પછી ઇંદ્ર સૂક્તો આવે છે અને તે પછી જ બીજા દેવોનાં સૂક્તો રજૂ થાય છે.

તાત્ત્વિક રહસ્યની દૃષ્ટિએ જોવામાં આવે, તો અગ્નિ, ઇંદ્ર વગેરે દેવોનાં વર્ણન છે; તેમાં એક પ્રકારના આદર્શની પ્રતિષ્ઠા છે. કુદરતની જે સામાન્ય ઘટનાઓ છે; તેમાં દિવ્યતાનાં નિરૂપણ છે. આ દેવો એ જ વેદનો વિષય છે. આ દેવો માનવોના ચરિત ઘડવામાં સહાયક થાય છે. જેમ અંધકાર હોય તેને તેજ, પ્રકાશ કે જ્યોતિ દૂર કરે, એમજ માનવનાં અજ્ઞાન છે, તેને દૂર કરવા માટે અગ્નિ એ જ્યોતિ છે, ઇંદ્ર એ જ્યોતિ છે, સૂર્ય એ જ્યોતિ છે. જેને અગ્નિ કહેવામાં આવ્યો છે, તે સામાન્ય અગ્નિ નથી, ચૂલામાં સળગતો દેવતા નથી. અગ્નિ તો પુરોહિત છે, કવિ છે, ગૃહસ્થ છે, યુવા છે. એ અગ્નિમાં એક પ્રકારની દિવ્ય ઉષ્મા છે, જે હૃદયને ધબકતું રાખે છે, તે સાથે તેને દિવ્ય ભાવના આપે છે, તે હૃદયનું પ્રેરક બળ છે, ચૈતન્ય છે. જેને જઠરાગ્નિ કહ્યો છે, તે વૈશ્વાનર અગ્નિ પણ છે અને તેને જ્ઞાનાગ્નિ પણ કહ્યો છે. અગ્નિનો સ્પર્શ થાય, તો તે દઝાડે છે, પણ આ અગ્નિ મનનો દેવ છે, અન્તઃકરણનો અંતર્યામી છે, હૃદયનો સ્વામી છે. જ્યાં જ્યાં ઉષ્મા છે, ચેતન છે, ગતિ છે, ત્યાં બધે જ અગ્નિ છે. એ અગ્નિનું એક વિજ્ઞાન છે, તે અધિભૂત છે, તેનું જ દિવ્ય વિજ્ઞાન તે અધિદૈવ છે અને તેજ પોતે અધ્યાત્મ વિજ્ઞાન છે.

વેદમાં વર્ણિત અગ્નિનાં વિવિધ રૂપો છે, તેની સાથે જે સંબંધ જોડે છે; તેનો તે મિત્ર બને છે, પિતા બને છે, પુરોહિત બને છે, પણ તેની સાથે જે મૈત્રી સાધતો નથી, તેને તો તે અગ્નિ શત્રુ લાગે છે, જીવનનો અવરોધક લાગે છે. તેની સહાય લેવાથી પ્રગતિનો પંથ વિસ્તૃત બને છે, અવરોધો દૂર થાય છે, શત્રુઓનો વિનાશ થાય છે.

માનવના જીવનને પ્રેરણા આપનાર જેમ અગ્નિ છે, તેમજ જીવનનાં રક્ષણ કરનાર ઇંદ્ર છે. અગ્નિ સર્જક છે; તો ઇંદ્ર પાલક છે. અગ્નિ જ્ઞાનનું પ્રતીક છે, તો ઇંદ્ર બળની પ્રતિમા છે. એક બ્રહ્મ બળ છે, જે મન, મતિ ને હૃદયની અંદરની પ્રેરણા છે, તો ઇંદ્ર ક્ષત્રબળ છે: હાથ, પગ ને શરીરનાં બળ તેને આભારી છે. તે ઇંદ્ર છે, જે ઇંદ્રિયોના અધિષ્ઠાતા છે. ઇંદ્રિયોનો વિકાસ સાધવામાં તેનું દિવ્ય વજ્ર સહાયક બને છે, તે વજ્રને અનેક આરા છે, તેની ગતિ અપ્રતિહત છે. તે અમોઘ છે, તેની રચનામાં કોઈ પત્થર કે લોખંડની ધાતુ કામ આવતી નથી. દધીચિ એક ઋષિ છે, તેજ વેદના દધ્યઙ્ આથર્વણ છે. તેનાં હાકડાંનું આ વજ્ર બન્યું છે; જે દધીચિને અગ્નિની ઉષ્મા, બ્રહ્મનાં ઓજ અને તપનાં વર્ચસ મળેલાં છે.

'ઇંદ્ર અને તેનું વજ્ર' એ તો એક પ્રતીક છે. જેમાં બ્રહ્મબળ અને ક્ષત્રબળનો સમન્વય સધાયો છે. સમાજ, રાષ્ટ્ર અને વિશ્વના કલ્યાણમાં આ બે પ્રકારનાં બળોનો સમન્વય સધાયો છે. રાષ્ટ્રનાં એ બે પૂરક બળ છે, પણ તે જ્યારે સંઘર્ષમાં ઉતરે, પરસ્પરના સંઘર્ષ નોતરે; ત્યારે રાષ્ટ્રનો વિનાશ થાય છે. મનુષ્ય મનુષ્યને સહાય કરે, પરસ્પર એકમેકના સાથ સહકાર સાધે; તેને એક પ્રત્યક્ષ શક્તિ કહી છે. એ શક્તિ આપણા જોવામાં આવે છે; અનુભવમાં આવે છે. દેવો જે સહાય કરે છે, તે પ્રત્યક્ષ રીતે અનુભવાતી નથી, માટે તેને દૈવી સહાય કહી છે: એ પરોક્ષશક્તિ છે, જેનાં રહસ્ય ઉકેલવા માટે તપ કરવાં પડે, જ્ઞાન મેળવવાં પડે, વિજ્ઞાનની શોધ કરવી પડે.

અગ્નિ અને ઇંદ્ર જેમ દેવ છે, તેમજ પવમાન સોમ પણ દેવ છે, પણ તે બંનેમાં મોટો તફાવત છે. અગ્નિ અને ઇંદ્ર માનવના સહાયક છે, બળના દાતા છે, વસુ આપનાર છે અન્નાદ=અન્નના દાતા છે. ત્યારે પવમાન સોમ પોતે દિવ્ય અન્ન છે, અમૃતનું પીણું છે, જીવનનું રસાયણ છે, સોમવેલને ઘુંટી, લસોટી, તૈયાર કરી, પાવમાની–ગળણીમાંથી તેનું એક એક બુંદ ટપકતું રહે, ગતિ કરે પવતે તે પવમાન સોમ ઈંદ્રને માટે તૈયાર કરવામાં આવ્યો: दिवः पीयुषम् उत्तममः

सोमम् इन्द्राय पातवे। सुनोता मधुमत्तमम। આ કોઈ માદક કે સ્થૂલ પીણું નથી. જેમ અગ્નિ એ જ્ઞાન અને ઇંદ્ર એ બળનાં પ્રતીક છે, એમજ સોમ તે દિવ્ય અન્નનું પ્રતીક છે. તેથી તો ઉપનિષદમાં જણાવ્યું છે: देवा नाश्नन्ति न पिबन्ति, अमृतं दृष्टैव तृप्ता भवन्ति। આ દેવો ખાતા નથી અને પીતા નથી, તે અમૃતનાં દર્શન કરી તૃપ્ત થાય છે. દેવો સાથેનો આ મનોયોગ છે, જેને કુદરતી રીતે નિસર્ગોપચારની પદ્ધતિએ સાધવાનો છે. તે સિદ્ધ થતાં કાયાનો કલ્પ થઇ જાય છે. જીવનનાં પરિવર્તન થઈ જાય છે. સાપ જૂની કાંચળી ત્યજી દે, તેમજ માનવ પોતાના સ્થૂલ, સ્વાર્થ ભર જીવનને ત્યજી. સેવા પરાયણ બને છે,

પરોપકારનાં કાર્યો સાધે છે. યજ્ઞની ભાવનાને વિકસાવે છે, તે સોમપાન કરી ઇંદ્ર બની જાય છે ને બીજાના પ્રેરક બને છે.

अहमिन्द्रो न पराजिग्ये । હું પોતે ઇંદ્ર છું અને તેથી હું પરાજિત થતો નથી.

यो मर्त्येषु अमृत ऋतावा देवो देवेषु अरतिर्निधायि ।

होता यजिष्ठो महना शुचध्यै हव्यैरग्निर् मनुष ईरयध्वे । ऋग् २, २, १

વામદેવ ઋષિ જણાવે છે કે, આ તે અગ્નિ છે, જે મર્ત્ય માનવોમાં અમૃત બને છે અને દેવોમાં દેવ બને છે, જે ऋतावान् કુદરતના નિયમોને અનુસરનાર તેમજ अरति દાનશીલ બને છે, તેણે પોતાનું રૂપ માનવો અને દેવોમાં ધારણ કર્યું છે. એ અગ્નિ પોતે હોતા છે અને યજનશીલ--અધ્વર્યું છે. તે અગ્નિએ તેજ ધારણ કરનાર હવિષ્ય આહુતિઓથી મનુષ્યોની વૃદ્ધિ કરી છે.

અહીં અગ્નિનાં આવાહન કરનાર અને અગ્નિમાં તેજસ્વી આહુતિઓનાં પ્રદાન કરનાર—મનુષ્ય એકતા સાધે છે, એકરૂપ બને છે. દેવને ભજનાર દેવ બને છે. જે દેવ ભાગ્ય વધારનાર છે, તે ભગવાન છે, તેથી અમે ભગવાન બનીએ છીએ.

भग एव भगवानस्तु देवाः । तेन वयं भगवन्तः स्याम ।

--ઋગ્વેદ ૭, ૪૧, ૫ યજુર્વેદ ૩૪, ૩૮

અગ્નિ, ઇંદ્ર, સૂર્ય, સોમ વગેરે દેવોની સ્તુતિ પ્રશંસા કરનાર માનવ ઋષિ બને છે, મંત્રદષ્ટા બને છે, તે છંદમાં વિષયને બાંધે છે, પદને પદાર્થનો સુયોગ સાધે છે, તને વિષે બ્રહ્મવાદી જણાવે છે :

तदेतत् कौकुरुंडेर्वचनम्-: वेदयन्ते त्रिभिः पर्यायैः यः संपूर्ण पश्यति ।

छन्दस्तो देवतातो निगमत इति स मंत्रदर्शी भवति—संहितोपनिषद् ब्राह्मण ३, २१

આમાં મંત્રદર્શી શબ્દ ઋષિનો બોધ કરાવે છે. दृशर प्रेक्षणे—ધાતુથી ઋષિ શબ્દ બને છે, જેનો અર્થ છે : દૃષ્ટા. શરૂઆતનો વ્યંજન दकार નો લોપ તેમજ श ને બદલે ष નું પરિવર્તન વૈદિક વ્યુત્પત્તિમાં સહજ છે.

ઋગ્વેદના છંદ અને દેવ વિષે જાણી લીધા પછી, ઋષિનો પરિચય સાધવો, તે અગત્યનો છે, કારણ કે તેમની દિવ્ય દષ્ટિએ જે ભાવનાં દર્શન થયાં, તે ભાવને વાણીમાં ઉતાર્યો છે. એ વાણીને કવિતા કહો, ઋચા કહો કે મંત્ર કહો, તે મનનશીલ ભાવ આ દિવ્ય વાણીમાં ઉતર્યો છે અને તેથી તે તે ઋષિને પોતાના તપોમય દિવ્ય જીવનમાં જે અનેરી અનુભૂતિ થઇ; તેનાં પ્રત્યક્ષ દર્શન આ વેદવાણીમાં જોવાને મળે છે.

વેદદર્શનાચાર્ય સ્વામિશ્રી ગંગેશ્વરાનંદજી મહારાજે ઋગ્વેદનાં દશ મંડળોના આધારે 'વેદોપદેશચંદ્રિકા' નામનો નીતિ ગ્રંથ લખ્યો છે, તેના પરિશિષ્ટ ૩ માં ઋષિ—વિચાર નામનો લેખ છે, તેમાંથી અહીં અવતરણ રજૂ કર્યાં છે :

'જે ઋષિએ અધિક તપ કર્યાં', તેમને અધિક મંત્રો અધિક સૂક્તોનો લાભ થયો છે. ઋગ્વેદમાં મંત્રદ્રષ્ટા ઋષિઓની સંખ્યા ૪૦૩ છે. આ ઋષિઓને બે વર્ગમાં મૂકી શકાય : એકાકી અને કુલ પરંપરાને અનુસરનાર આમાં કુલપરંપરા પ્રમાણે સાત ઋષિઓ મુખ્ય છે : ગોતમ, ભરદ્વાજ, વિશ્વામિત્ર, જમદગ્નિ, કશ્યપ, વસિષ્ઠ અને અત્રિ. ગોતમ કુલપરંપરામાં ૪, ભરદ્વાજમાં ૧૧, વિશ્વામિત્રમાં ૧૧, જમદગ્નિમાં ૨, કશ્યપમાં ૧૦, વસિષ્ઠમાં ૧૩ અને અત્રિમાં ૩૮ ઋષિઓનાં નામ છે.

ઉપરના સાત પરિવારોમાં પણ ચાર મુખ્ય કુલ છે : આંગિરસ, ભાર્ગવ, કાશ્યપ અને આત્રેય કુલના ૫૬ ઋષિઓ છે, જે સંખ્યા સૌથી અધિક છે, તેમાં ગૌતમ અને ભારદ્વાજ કુલ આવી જાય છે. ભાર્ગવ કુલમાં વૈશ્વામિત્ર અને જામદગ્ન્યનો સમાવેશ છે. વસિષ્ઠ કુલ કાશ્યપમાં આવી જાય છે. અત્રિ—આત્રેય પરિવાર સ્વતંત્ર છે.

પ્રજાપતિએ યજ્ઞ દ્વારા ત્રણ પુત્રો ઉત્પન્ન કર્યાં : ભૃગુ, અંગિરા અને અત્રિઃ

यदभृज्यत तस्माद् भृगुः समभवत् । तस्य संततस्य सर्वेभ्यो अंगेभ्यो
रसो अक्षरत् सो अंगरसः अभवत् । अंगरसं सन्तम् अंगिरा इत्याचक्षते ।

—गोपथ ब्राह्मण १.

એ ભૃગુના પુત્ર કવિ, ચ્યવન વગેરે છે. ભૃગુના એક પુત્ર ઋચીક હતા. તેમના પુત્ર જમદગ્નિ અને તેમના પુત્ર પરશુરામ. ઋચીકે આપેલ ચરૂના ભક્ષણથી ગાથીની પત્ની વિશ્વાથી વિશ્વામિત્ર થયા, તેના પુત્ર શુનઃ શેપ. આમ વિશ્વામિત્ર પરિવાર ભૃગુમાં આવી જાય છે.

અંગિરાના બે પુત્ર : ઉચથ્ય અને બૃહસ્પતિ. બૃહસ્પતિના ચાર પુત્રો ભરદ્વાજ, અગ્નિ, તપુર્મૂર્ધા અને શંયુ. ભરદ્વાજનો પુત્ર પાયુ. બૃહસ્પતિના મોટા ભાઈ ઉચથ્યના પુત્ર દીર્ઘતમા અને તેના પુત્ર કક્ષીવાન, તેમની પુત્રી કાક્ષીવતી ઘોષા અને બે પુત્રો શબર તેમજ સુકીર્તિ. આ રીતે જે ભારદ્વાજ કુલ છે, તે આંગિરસ પરિવારમાં આવી જાય છે. આઠમા મંડળનાં કાણ્વ પરિવારમાં ૩૩ ઋષિઓ છે, તેમનો સમાવેશ આંગિરસમાં થાય છે. કારણ કે તે પરિવારના મૂળ પુરુષ કાણ્વના પિતા ઘોર આંગિરસ હતા.

તે આંગિરસ પરિવારની સાથે ગૌતમ પરિવારનો પણ સંબંધ છે, કારણ કે અંગિરાના રહૂગણ, તેના ગોતમ અને તેના વામદેવ છે. વામદેવના ભાઈ નોધા અને તેના પુત્ર એકદ્યુ છે. વસિષ્ઠ પરિવારનો સમાવેશ કશ્યપ પરિવારમાં છે, કારણ કે મરીચિના કશ્યપ, તેના મૈત્રાવરુણ વસિષ્ઠ, તેના શક્તિ અને તેના પરાશર છે. અત્રિ પરિવાર સ્વતંત્ર છે : અત્રિના ભૌમ, તેના અર્ચનાના; તેના શ્યાવાશ્વ અને તેના અંધીગુ શ્યાવાશ્વિ છે.

આ રીતે જોતાં ઋગ્વેદના ઋષિઓમાં ૪૩ કુલપરિવારના અને ૮૨ એકાકી ઋષિઓ છે. તેમાં આંગિરસના ૫૬, આત્રેયના ૩૮, કાણ્વના ૩૩, ભાર્ગના ૧૪, ઐન્દ્રના ૧૪, વૈશ્વામિત્રના ૧૨, ભારદ્વાજના ૧૧, કાશ્યપના ૧૦, પ્રાજાપત્યના ૯ અને બાકીનાં કુલપરિવારોમાં તેથી ઓછા ઋષિઓનાં નામ છે. જેમાં આગ્નેય, આથર્વણ, આપ્ત્ય, કૌત્સ, ગૌતમ, ગૌપાયન, તાપસ, દૈવોદાસિ, બ્રાહ્મ, ભારત, ભૌવન—માનવ, આગસ્ત્ય, યામાયન, વાતરશન, વાર્ષાગિર, વૈરૂપ, વૈવસ્વત, સર્પ, સૌહોત્ર વગેરે છે.

સંસારનો એક માર્ગ છે, સ્વાર્થનો પંથ છે; ટૂંકી યાત્રા છે, નાનું લક્ષ્ય છે અને તેનું જીવન સમાપ્ત થાય છે, પણ જે માનવની કાયાનો કલ્પ થયો છે, તેનો અધ્વા—માર્ગ વિસ્તૃત છે. તેમાં કોઈનો ધ્વંસ નથી, પીડા નથી, હિંસા નથી, તે અધ્વા છે અને તે માર્ગનાં જેણે રક્ષણ કર્યાં, તે અધ્વર સેવા અને પરોપકારની સાધના, તે અધ્વર એટલે યજ્ઞ અને તે માર્ગે જેણે પોતાનાં જીવન જોડી દીધાં, તે અધ્વર—યુ—અધ્વર્યુ, તેણે અધ્વર યજ્ઞની દીક્ષા લીધી, માટે તે ઋત્વિજ ગણાયો, તેણે પોતાના યજ્ઞમાં અગ્નિને, ઇંદ્રને, સોમને આહ્વાન આપ્યાં, તે હોતા ગણાયો, તેણે ગીત ગાયાં, તેથી તે ઉદ્‌ગાતા ગણાયો અને તેણે સ્થિર રહી, મૌન પાળી, મંત્ર—બ્રહ્મને યજ્ઞના માર્ગે સાચવી લીધા, માટે બ્રહ્મા ગણાયો.

સંસારમાં સ્વાર્થ સાધનારનું જીવન એકલું, અટૂલું બની જાય છે, ત્યારે સેવા અને સહકારનાં જીવન એકલાં સધાતાં નથી. તેમાં અનેકના સાથ સહકાર સાધવાના હોય છે. આ પ્રકારના સાથ સહકાર સાથેના યજ્ઞો પહેલાં દેવોએ રચ્યા હતા, તે યજ્ઞમાં અગ્નિ હોતા, ઇંદ્ર ઉદ્‌ગાતા, બૃહસ્પતિ અધ્વર્યુ અને પ્રજાપતિ બ્રહ્મા બન્યા હતા.

આ પ્રકારનાં અનેક કથાનકો અને ઉપાખ્યાનો ઐતરેય વગેરે બ્રાહ્મણ ગ્રંથોમાં જોવાને મળે છે, તેમાં દેવો વિષેની પણ વિવિધ વ્યાખ્યાઓ આપી છે, તે સાથે વેદોના મંત્રોના જે દ્રષ્ટાઓ છે, ઋષિઓ છે; તેમનાં નિરૂપણ પણ આ બ્રાહ્મણ ગ્રંથોમાં જોવાને મળે છે. આથી છંદ અને દેવ વિષેની વિચારણા રજૂ કરતાં, ઋષિનો પરિચય અગત્યનો બની રહે છે.

જો કે સૂક્તોમાં આ દેવોનાં નામ મળી આવે છે, એટલી સ્પષ્ટતાથી ઋષિઓનાં નામ મળતાં નથી. મોટે ભાગે તો ઋષિઓનાં નામ ગુણવાચક વિશેષણ રૂપે પણ જોવાને મળે છે. આથી સૂક્તોના મંત્રદ્રષ્ટા ઋષિઓનો પરિચય મેળવવા માટે બ્રાહ્મણ ગ્રંથો, બૃહદ્દેવતા, અનુક્રમણીઓ, સૂત્રગ્રંથોનો આધાર લેવો પડે છે. આ ઋષિઓનાં ચરિત આલેખનમાં તેમનાં સૂક્તો મહત્વનો ભાગ ભજવે છે. જેમકે અગ્નિ કે ઇંદ્ર વિષે સામાન્ય બાબત સરખી હોવા છતાં, ઋષિ ઋષિના દર્શનમાં

વિશેષતા જોવાને મળે છે. એક ઋષિને મન ઈંદ્ર મિત્ર કે સખા છે, ત્યારે બીજાને મન પાલક પિતા છે. વરુણ અને તેના પાશથી એક ઋષિ ભય અનુભવે છે, તો શુનઃશેપને એ પાશમાં આધ્યાત્મિક રહસ્ય જોવાનું મળે છે. ત્યારે વસિષ્ઠ વરુણના પાશે બંધાય છે, તો વરુણ પિતાની સ્નેહભાવના જગાડવામાં તે સફળતા મેળવે છે.

આ એક આદર્શ જીવનનો દૃષ્ટિકોણ છે, જેને સૂક્તોમાં રહેલી મંત્રદૃષ્ટાની વિશેષ દૃષ્ટિએ પારખવા જેવો છે. મંત્રદૃષ્ટા–ઋષિની આ વાણી છે; જે કવિતામાં દિવ્ય ભાવનામાં, અંતરની પ્રેરણામાં ઉતરીને એક વિશેષ આલેખન રજૂ કરે છે.

ઉપર જણાવ્યા પ્રમાણે જેમ છાંદસ સંહિતા એક સંદર્ભમાં ઉપયોગી બને, તો બીજા સંદર્ભમાં દૈવત સંહિતા સહાયક બને છે; તેજ રીતે, તેથીય વિશેષ રીતે આ ઋષિઓનાં સૂક્તોનાં સંકલન ઋષિ ક્રમે કરવામાં આવે, તો આર્ષ સંહિતા એક વિશેષતા રજૂ કરે છે. ઋગ્વેદ સંહિતાનાં દશ મંડળ છે, તેમાંના મધ્યમ બે થી સાત મંડળ તો એક એક ઋષિનાં સૂક્તોનાં સંકલન છે અને તે પણ સૂક્તોની સંખ્યામાં ચઢતા ક્રમે ગોઠવાયાં છે. આઠમું મંડળ પણ તે ક્રમમાં આવી જાય છે:

| મંડળ | ઋષિ | સૂક્ત | મંત્રો | મંડળ | ઋષિ | સૂક્ત | મંત્રો |
|---|---|---|---|---|---|---|---|
| ૨ | ગૃત્સમદ | ૪૩ | ૪૨૯ | ૬ | ભરદ્વાજ | ૭૫ | ૭૬૫ |
| ૪ | વામદેવ | ૫૮ | ૫૮૯ | ૭ | વસિષ્ઠ | ૧૦૪ | ૮૪૧ |
| ૩ | વિશ્વામિત્ર | ૬૨ | ૬૧૭ | ૮ | કાણ્વ-પ્રગાથ | | ૧૬૩૬ |
| ૫ | અત્રિ | ૮૭ | ૭૨૭ | | વંશ | ૧૦૩ | |

પહેલા મંડળનાં ૧૦૪ સૂક્તો પણ ઋષિઓના ક્રમ પ્રમાણે ગોઠવાયાં છે, પણ દશમા મંડળનાં ૧૦૪ સૂક્તોમાં વિષયની વિવિધતા જોવાને મળે છે; તેમાં નાસદીય જેવું ભાવવૃત્ત રજૂ કરતું સૂક્ત, પુરુષ સૂક્ત કે હિરણ્ય ગર્ભ સૂક્ત એક બાજુએ છે, તો બીજી બાજુએ સંવાદ સૂક્તો; યમયમી સંવાદ, ઊર્વશી પુરૂરવા સંવાદ વિશેષ રીતે જોવાને મળે છે.

માનવના જીવન ચરિતને ઘડવામાં સાહિત્યનો ફાળો નાનો સૂનો નથી. સાચી રીતે જોઈએ, તો સાહિત્ય તે જ ગણાય, જે સહિત–હિતકારી હોય. જેમ હંસમાં દૂધ પાણીને જુદા પાડવાની વિવેક–શક્તિ રહેલી છે, તેમજ માનવમાં વિવેક શક્તિ જાગે; જે કાંઈ સારૂં હોય, તે સ્વીકારે અને નરસું હોય, તે છોડી દે. આ પ્રકારનો બોધ તેને મળી રહે; એ દૃષ્ટિએ રામાયણ, મહાભારત, ભાગવત, પુરાણો અને પંચતંત્ર તેમજ કાવ્યોમાં રજૂ થએલાં કથાનકો અને આખ્યાનો બોધપ્રદ બની રહે છે અને માનવના ચારિત્ર્ય ઘડતરમાં ઘણો મોટો ભાગ ભજવે છે. ઋગ્વેદનાં કથાનકો અને આખ્યાનો એટલાં પ્રસિદ્ધ નથી; જેટલાં પુરાણોનાં આખ્યાનો પ્રસિદ્ધ છે.

જો કે વિશ્વના વાઙ્મય-સાહિત્યમાં ઋગ્વેદને પ્રથમ સ્થાન મળે; પણ તે એક કાળે તો ફક્ત પઠન-પાઠન પુરતુંજ પરિમિત થઈ જાય અથવા તો અર્થ સંગતિમાં દુર્ઘટ બની જાય, તો માનવને બોધ આપવામાં તેની કોઈ ઉપયોગિતા ન રહે. કોઈ પણ કાલનું સાહિત્ય સમાજના ઘડતરમાં ઉપયોગી ન રહે, તો તે વિસ્મૃત થઈ જવાનું, ફક્ત તેનું નામ માત્ર અવશેષ રહે, એથી શું ?

આજે એક બાજુ વેદ નામ પ્રતિ અપાર આદર જોવાને મળે છે, તો બીજી બાજુ વેદ શું છે; તે વિષેનું અજ્ઞાન સમાજના મોટા ભાગમાં જોવાને મળે છે. તેમાં જે બોધ આપનારી અને ચારિત્ર્યને ઘડનારી નીતિ (બોધ પ્રદ ઉપદેશ) છે, તેનો સામાન્ય જનને પરિચય ન થાય, તો તેની બીજી રીતે ઘણી મોટી મુલ્યવત્તા હોય, તોપણ તે બહુજનને લાભકર નહિ થઈ પડે.

સાદાં, સરળ, મધુરાં વાક્યોમાં બોધ રજૂ કરવાની રસપ્રદ શક્તિ જેટલી ઋગ્વેદની બોધવાણીમાં છે, તેટલી શક્તિ ભાગ્યેજ બીજે જોવાને મળશે. નિત્ય પ્રતિદિન ઉપયોગમાં આવતી નોંધપોથીમાં પાને પાને સૂક્ત-સુવચન સાદા સૂત્રની જેમ આંકી લેવાની ક્ષમતા આ વેદવાણી પાસે છે. તે ઉપરાંત ચારિત્ર્યને ઘડનાર અનેક પ્રસંગો પણ અહીં જુદી જુદી રીતે આલેખાયા છે.

જો કે પુરાણોમાં વેદનાં કથાનક-આખ્યાનો મોટા પ્રમાણમાં છે, પણ તેમાં અનેક ઘટનાઓના આંક ચઢી ગયા છે. સીધી રીતે વેદની કથાનો સ્પર્શ કરનાર ગ્રંથ બૃહદ્ દેવતા પછીનો નીતિમંજરી છે. 'આ કરવું અને આ ન કરવું; એ પ્રકારે માનવે જીવનમાં જે નીતિ આચરવાની છે, તે નીતિબોધ મૂળ ઋગ્વેદની ઋચાઓનાં પ્રમાણ સાથે અહીં રજૂ થયો છે: **एवं कर्तव्यम् एवं न कर्तव्यम् इत्यात्मको यो धर्मः नीतिः** તેના લેખક દ્યા દ્વિવેદી ગુજરાતી નાગર બ્રાહ્મણ વિક્રમ સંવત ૧૫૫૦માં થઈ ગયા છે. ઋગ્વેદનોજ આધાર લઈ, તેમણે નીતિકથાઓ ઘડી કાઢી છે. વેદના ઋષિઓનાં આદર્શ નીતિમય જીવનને આલેખવામાં આ ગ્રંથે એક અનેરી સિદ્ધિ મેળવી છે.

આજના વિચારક બુદ્ધિશાળી જનો પાસે આ એક પ્રશ્ન આવીને ઉભો રહે છે :

માનવના જીવન ઘડતરમાં, ચારિત્ર્યના આદર્શ બોધમા વેદનો ફાળો શું ? અસત્યગ જુઠાણું, છળકપટ, તાપકલેશ, લોભ લાલચ વગેરેથી બચીને માનવ એક સત્ય નીતિના માર્ગે ચાલવા પ્રયત્ન કરતો હોય; તેમાં વેદોનો ઉપદેશ મળી શકે ખરો ?

વેદ દર્શનાચાર્ય સ્વામી શ્રીગંગેશ્વરાનંદજી મહારાજે પોતાના ત્યાગમય જીવન દ્વારા વેદ પ્રચારનુંજ એક માત્ર લક્ષ્ય સાધ્યું અને તેમણે વેદ સાહિત્યનાં પ્રકાશન અને પ્રચાર માટે વેદાનુસંધાનમાં રસ ધરાવતા વિધ્વાનો અને વેદપ્રેમીજનો ના સાથ

સહકાર મેળવીને વેદની અમૃતવાણીને આદર્શ બોધપ્રદ રીતે રજૂ કરવાનું વિચાર્યું, તેના પરિણામ રૂપે વેદોપદેશ ચંદ્રિકા ગ્રંથ પ્રકાશિત થયો, જેની પૂર્વ ભૂમિકામાં તેમણે ઘા દ્વિવેદીની નીતિ મંજરીને પ્રતિષ્ઠિત કરી છે.

જેમ રામાયણ, મહાભારત, ભાગવત તેમજ પુરાણોની નીતિકથાઓ જન જનને સરળ મધુર બોધ આપે છે, એજ રીતે વેદોની બોધકથાઓ પણ જાણીતી થાય, એ શુભ આશયથી સ્વામીજીએ વેદોપદેશ ચંદ્રિકાની રચના કરી છે. ૯૦ જેટલી કથાઓ ઋગ્વેદની ૧૦૮ જેટલી ઋચાઓ પર આધારિત છે અને તેને લગતા નીતિ શ્લોકો ૧૦૨ જેટલા છે. નીતિ વિષેની આ દૃષ્ટિ તો એક નમૂનો ગણી શકાય; જે પરથી ઉપદેશક બીજી અનેક કથાઓ ઘડી શકે છે.

ઋગ્વેદનો મુખ્ય દેવ અગ્નિ છે, તે વિષેની બે કથાઓ અહીં રજૂ થઈ છેઃ તે વિષે જણાવ્યું છે કે: 'વેદોપદેશ ચંદ્રિકાની શરૂઆત' 'अग्निं वन्दे' શ્લોકથી કરી છે, તો તેનો ઉપસંહાર પણ અગ્નિનારાયણની પ્રાર્થનાથી કરવો ઉચિત છેઃ

**बन्धुं मेधां यशो ब्रह्म वेदान्, रत्नं भगं व्रतम् ।**
**आहाराग्ने धनानि अष्टौ नत्वा त्वा प्रार्थयामाहे** —વેદોપદેશ ચંદ્રિકા ૧૦૧

"હે અગ્નિ નારાયણ, આઠ પ્રકારનાં ધન અમને આપો, તે માટે તમને નમીને અમે પ્રાર્થના કરીએ છીએ: બંધુ–સંબંધીજન, મેધા–બુદ્ધિ, યશ–કીર્તિ, બ્રહ્મ–તત્ત્વ ચાર વેદો, રત્ન, ભગ–ભાગ્ય અને વ્રત–પાલનઃ આ આઠ પ્રકારનાં ધન–સાધન તે મનુષ્યની સાચી સંપત્તિ છે; તે રત્નથી પણ અધિક મૂલ્યવાન છે, માટે પહેલાં મંત્રમાં અગ્નિને રત્નધાતમ કહ્યા છે. રત્ન તે છે, જે રમણીય હોય, જીવનની સાત્ત્વિક સંપત્તિને વધારનાર હોય અને જીવનમાં આદર્શની સ્થાપના કરનાર હોય.

આ ઋગ્વેદ પરિચય બીજી આવૃત્તિ રૂપે તૈયાર થઈ છે; તેના સંપાદન કાર્યમાં મારા પરમસુહૃદ સાક્ષર શ્રી. કેશવરામ કા. શાસ્ત્રીજીએ ખૂબ જ રસ ધરાવી સુધારા વધારા સૂચવી સળંગ સંપાદનના કાર્યને સમૃદ્ધ કર્યું છે, તેમજ તેના મુદ્રણકાર્યમાં બોર્ડના પ્રકાશન અધિકારી શ્રી કપિલરાય દવે સાહેબે સક્રિય સહકાર આપ્યો છે, તે બંને મહાનુભાવો પ્રતિ આભાર પ્રદર્શિત કરતાં મને વિશેષ આનંદ થાય છે. પ્રૂફ સંશોધન કાર્યમાં ચિ. હરીશભાઇ, ચિ. ધનરાજભાઈ તેમજ ચિ. વરદરાજ પંડિતે યોગ્ય સહાય કરી છે, તેમજ મુદ્રણકાર્યમાં મારુતિ મુદ્રણાલયના વ્યવસ્થાપક શ્રી. કવિરાજે સમયસર કાર્ય કર્યું છે, તે સૌનો આ તકે આભાર માનું છું.

—**આચાર્ય વિષ્ણુદેવ પંડિત**

# વેદ પરિચય પુસ્તિકા શ્રેણી :
# કેટલાક અભિપ્રાયો

વેદ પરિચય પુસ્તિકા એક થી છ, **યજુર્વેદ પરિચય પુસ્તિકા** સાતથી બાર, **સામવેદ પરિચય પુસ્તિકા** તેરથી અઢાર અને **અથર્વવેદ પરિચય પુસ્તિકા** ઓગણીસથી ચોવીસ સુધીની શ્રેણીમાં યુનિવર્સીટી ગ્રંથનિર્માણ બોર્ડ ગુજરાત રાજ્ય તરફથી પ્રગટ થઈ છે, તે વિષેના મનનીય અભિપ્રાયો :

'આચાર્યશ્રી વિષ્ણુદેવ પંડિતે ઋગ્વેદનો પરિચય વેદ પરિચય નામની છ પુસ્તિકાઓમાં આપ્યો, તેનું સ્વાગત મેં ૧૯૭૧ના દિવસોમાં કર્યું હતું. એને બે વર્ષ પણ પૂરાં થયાં નથી, એટલામાં એમણે યજુર્વેદ પરિચયની પાંચ પુસ્તિકાઓ આપી દીધી છે, અને એ જ વેદના મહાન ઋષિમુનિઓનો પરિચય કરાવનાર છઠ્ઠી પુસ્તિકાનું સ્વાગલ કરવાની તક આજે મને મળે છે. તે ખરેખર મારું સદ્દભાગ્ય ગણાય.

તા. ૧૧–૪–૭૩ સંનિધિ નવી દિલ્હી –સંસ્કૃતિ સેવક **કાકા કાલેલકર**

'સામ સંગીતની વિશેષતા એ છે કે આ સંગીતને કાવ્યમાં બેસાડવામાં આવતું નથી. પણ કાવ્યને સંગીતમાં બેસાડવામાં આવે છે. અર્થાત્ આ પહેલાંના શબ્દ વિહોણા એકલા સ્વરોના બનેલા સંગીતની પરંપરા હોવાનો પૂરતો સંભવ રહે છે. આ સંદર્ભમાં આચાર્યશ્રી વિષ્ણુદેવ પંડિતની સામવેદ પરની પરિચય પુસ્તિકાઓ સામવેદ ઉપરના સાહિત્યમાં નવી કેડી પાડે છે. તેમણે આ પુસ્તિકાઓમાં સામ સંગીતની પરિભાષા સ્પષ્ટ અને સરળરીતે રજૂ કરી છે અને એ રીત વેદવિદ્યાની જ નહિ પણ ભારતની પ્રાચીન સંગીતવિદ્યાની ભારે મોટી સેવા કરી છે.

**–હરકાન્ત શુકલ**

'વેદોમાં અપૌરુષેય જ્ઞાન અને તેને પ્રાપ્ત કરવાની ક્રિયાઓ સુસંબધ્ધ રીતે–મનોવૈજ્ઞાનિક રીતે બતાવવામાં આવી છે. જગતનો તે સૌથી વધારે પ્રાચીન ધર્મગ્રંથ છે. બધા લોકો મૂળમાં ચારેય વેદો ન વાંચી શકે, તેમને સરળ ભાષામાં સમજાવવાનો આચાર્ય શ્રી વિષ્ણુદેવ પંડિતનો આ પ્રયાસ સ્તુત્વ છે. આપણી શાળા મહાશાળાઓના વિદ્યાર્થીઓને તેમાંથી અનુપમ દિવ્ય સામગ્રી ઉપલબ્ધ થશે, આ એક મોટી ખોટને પૂરવા માટેનો બલિષ્ઠ પ્રયાસ છે.'

**–શાંતિલાલ ઠાકર**
એમ. એ. વિદ્યાભાસ્કર

તા. ૮–૨–૧૯૭૫ નડિયાદ

'વેદ એ અનુભવનું જ્ઞાન છે; જીવનમાં ઉતારવાનું જ્ઞાન છે. વેદના પાઠ થાય છે, વેદના અર્થો પણ થાય છે, પરંતુ મુદ્દાની વાત આ છે, વેદોનો ભાવ ઉતારવો જોઈએ, વેદ પ્રમાણે જીવન જીવવું જોઈએ. તો જ તે વેદ ઉપયોગી નીવડે. ગીતામાં વેદવાદની નિંદા કરી છે, પણ વેદવિદ—વેદના અનુભવજ્ઞાનની પ્રશંસા કરી છે. વેદના મંત્ર ભણે અને સ્વર્ગ મળે, એટલી સમજણ પૂરતી નથી. વેદને તો અહીંના જીવનમાં જ ઉતારવાનો છે.

'વેદ પરિચયના લેખક શ્રી વિષ્ણુદેવ પંડિત વેદના સારા જાણકાર વિદ્વાન છે. વેદ સાહિત્યનો તેમણે ઘણો સારો અભ્યાસ કર્યો છે. તે સાથે તત્ત્વજ્ઞાની સાધુ પુરુષો અને વેદ જાણનાર વિજ્ઞાની પુરુષોનાં અનુભવના નીચોડરૂપે તેમને જે મળ્યું છે, તેને ઉતારવાનો તેમનો આ સફળ પ્રયત્ન છે. તેમની ભાષા સહેલી અને લોકભોગ્ય છે. તે ઉપરાંત વેદવાણીનો ભાવ પકડવાની તેમની આગવી સૂઝ છે.'

તા. ૧૮-૬-૭૧ —રવિશંકર મહારાજ

'વેદોને ભિન્ન ભિન્ન દષ્ટિએ જોવાના પ્રયત્ન થયા છે. એ બધા પ્રયત્ન વિકૃત છે, એમ કહેવાનું નથી; પરંતુ જરા વધારે ઊંડા જતાં એમાં એક મહાન દીર્ઘયુગના સમાજનું જીવન ચીતરાયેલું છે. તેના તરફ કોઈની દષ્ટિ ગઇ નથી. એ દ્રષ્ટિએ જો વેદોનો અભ્યાસ કરવામાં આવે, તો ભારતના આ અમૂલ્ય સંસ્કાર વારસાનો લાભ સૌ કોઇને મળે છે. શ્રીવિષ્ણુદેવ પંડિતનો આ પરિચય પુસ્તિકાઓમાં જે પ્રયત્ન છે, તે સર્વથા પૌરસ્ત્ય દષ્ટિનો છે અને છતાં પૌરાણિક કોટિનો, બુધ્ધિમાં ન સમજાય એવા પ્રકારનો નથી એ એની વિશેષતા છે.'

તા. ૧૭-૭-૭૧ —કેશવરામ કા. શાસ્ત્રી

'પરમાદરણીય મહામના શ્રી. વિષ્ણુદેવ પંડિતની તેજસ્વી પ્રતિભાનો પરિચય ગુર્જર જનતાને આપવાનો ન હોય. તેઓ શ્રી. સંસ્કૃત સાહિત્યના અને તેમાંય વૈદિકવાઙ્મયના ચિંતનશીલ વિદ્વાન છે. પ્રસ્તુત પુસ્તિકા શ્રેણીમાં તેમણે ઋગ્વેદ જેવા વિશ્વ સાહિત્યના મૂર્ધન્ય કોટિના ગ્રંથનાં આરાધન કરી તેમાં રહેલ મંત્રદ્રષ્ટા ઋષિઓની ચિંતન ધારાનું પાન કરાવ્યું છે. ઋગ્વેદ જેવા મહાન ગ્રંથ ઉપર લખવું અને તેમાંય ત્યાં રહેલ નવનીતને સરલ શબ્દોમાં સર્વભોગ્ય શૈલીમાં જન-સાધારણને પીરસવું, એ વિકટ કાર્ય છે. આ કાર્ય તીવ્ર તપશ્ચર્યા, કઠિન પરિશ્રમ અને સતત સ્વાધ્યાય વગર થઈ શકે તેમ નથી. હર્ષની વાત છે, કે શ્રી વિષ્ણુદેવ પંડિતે આ વિકટ કાર્ય અત્યંત સફળતાથી પાર પાડયું છે.

મૂળ ઋગ્વેદ સંહિતાને આધારે રચાએલ આ ગ્રંથમાં શ્રી વિષ્ણુદેવની સર્જન-પ્રતિભાનો મૌલિક સ્પર્શ અનુભવગમ્ય બને છે. તેમની શૈલીમાં સરળતા, પ્રવાહિતા

અને ઉદાહરણોને કારણે પ્રત્યાયનક્ષમતા તથા પ્રાસાદિકતા છે. એમાં ક્યારેક કથનની પુનરુક્તિ ઉપલક દૃષ્ટિએ દોષપાત્ર બનતી જણાય, છતા આ પુનરુક્તિને કારણે અર્થબોધમાં સારલ્ય આવ્યું હોવાથી એ દોષ દૂષણ તરીકે ન રહેતાં ભૂષણ બને છે. આવા અનેક ગ્રંથો તેમની પાસેથી મેળવવાનો આપણો અધિકાર છે.'

તા. ૨૫-૭-૭૧ —ડૉ. ભગવતીપ્રસાદ પંડ્યા

'વેદ પરિચય શ્રેણીની શ્રૃંખલાનો આરંભ વર્તમાન કાળના આપણા સમાજ જીવનમાં વૈદિક સંસ્કાર પરંપરાને નવેસરથી પ્રવાહિત કરવાની દ્રષ્ટિએ ખૂબ જ મંગલમયતા દર્શાવે છે. ગુજરાતની સાંસ્કૃતિક સંપન્નતાને સમૃદ્ધ કરનાર શ્રી. મોટાનું સાહિત્ય પ્રોત્સાહન અને પરમ શ્રદ્ધેય વેદ દર્શનાચાર્ય પ્રજ્ઞાચક્ષુ શ્રી ગંગેશ્વરાનંદજીના આશીર્વાદ આ શ્રેણીને પ્રાપ્ત થયા છે. તેમજ યુનિવર્સિટી ગ્રંથ નિર્માણબોર્ડ ગુજરાત રાજ્યના અધ્યક્ષ શ્રી ઈશ્વરભાઇ પટેલના વિશેષ પ્રયત્નથી આ વેદ પરિચય શ્રેણી પ્રકાશમાં આવી છે. એ સહુના સુમેળમાં વેદ-શાસ્ત્રસંપન્ન આચાર્ય શ્રી વિષ્ણુદેવ પંડિતજીની સાધના ભળી છે. સરળ સુબોધ-ભાષામાં જે સાર લેખન તેમણે કર્યું છે, તે તો ખૂબ જ સરસ ને રુચિકર થયું છે. એકવાર હાથમાં પુસ્તક લઇએ તો પૂરું કર્યા વગર છોડવાનું મન થતું નથી. એ આજની અને આવતી કાલની પેઢીઓ માટેની એમની ઘણી જ મહત્વપૂર્ણ સેવા ને સહકાર છે. એનો લાભ ઘરઘરમાં પરિવારસંસ્કારપરંપરાને સમૃધ્ધ કરવામાં બને તેટલો લેવાવો જ જોઇએ.'

તા. ૧૯-૮-૭૧ —મદાલસા નારાયણ

'નઇ તાલીમમાં જે ભૂમિકા આપવામાં આવી છે, તેમાં જેના પર ભાર છે, તે વેદ પરિચય પુસ્તિકાઓમાં પણ છે. જે નઇ તાલીમ પણ ભારતની સંસ્કૃતિને અનુરૂપ છે; કેમકે બાપુજી (ગાંધીજી) ભારતની સંસ્કૃતિના પ્રતીકરૂપ હતા. ભારતમાં પશ્ચિમી સંસ્કૃતિના આક્રમણને રોકવામાં તેમનો ફાળો ઘણો મોટો છે. એટલે વેદ પરિચય નઈ તાલીમની શાળાઓમાં ઘણું સારું પુસ્તક ગણી શકાય, પરંતુ દુઃખદ દશા એ છે કે હાલ કેળવણીના ક્ષેત્રમાં કામ કરનારા શિક્ષકો, અધિકારીઓ વગેરેને એમાં રસ નથી આવતો. જેમ ખોરાકમાં લાડુ ન ભાવે પણ ભજીયાં ભાવે, એવું હાલ બધે જોવાને મળે છે. એટલે નઈ તાલીમ પણ પોતાનો પગ સમાજમાં સ્થિર કરવા મથી રહી છે તેમ કહું તો ચાલે. અમારી સર્વોદયયોજનાની નિશાળોમા આ પુસ્તિકાઓનો પ્રચાર કરી શકાય.

તા. ૨૮-૭-૭૧ —શિવાભાઈ પટેલ

પ્રથમ પુસ્તિકાને પૂજ્ય સ્વામિશ્રી ગંગેશ્વરાનંદજીના આશીર્વાદ મળ્યા, એના પ્રકાશનનો વિધિ પરિવ્રાજકસમ પૂજ્ય કાકાસાહેબ કાલેલકરને હસ્તે થયો અને સાહિત્યસ્વામી ડૉ. ઉમાશંકર જોષીની એને પ્રશસ્તિ સાંપડી, તેમજ છઠ્ઠી પુસ્તિકાનું પુરોવચન પણ કાકા સાહેબે રજૂ કર્યું છે :

'વેદનો પરિચય આપનારાઓને નાનપણથી સાંભળતો આવ્યો છું. કેટલાકનો પરિચય મૂળ વેદ કરતાં પણ અઘરો અને દુર્બોધ થઇ જાય છે. એ જોઈને હું કહેતો કે 'આ લોકો વેદનો બોજ ઉઠાવે છે.' આપણા વિષ્ણુદેવ પંડિત વેદને પચાવી શક્યા છે. તેથી તેમના પાસેથી જે વેદપરિચય મળે છે, તે વેદ સમજવા માટે અત્યંત ઉપયોગી છે જ, પણ એથીયે વિશેષ એમની વાણીથી વેદ વિષે ઉત્સાહ અને પ્રેમ પેદા થાય છે.

'શ્રમમાંથી જે શ્રી પેદા કરે છે તે શ્રમ આશ્રમને લાયક છે; બાકીના બધા શ્રમો થકવે છે. હું સ્પષ્ટ જોઉં છું, કે વિષ્ણુદેવે વેદ પર પરિશ્રમ કરી, વૈદિક ઋષિઓના આશીર્વાદ મેળવ્યા છે. અને તેથી જ એમના લખાણમાંથી આપણને પ્રસન્નતાની શ્રી મળે છે. ખરો વેદપ્રચાર આવા શ્રીયુક્ત પંડિતો દ્વારા જ થઈ શકે છે.'

તા. ૧૦–૪–૭૧ —કાકા કાલેલકર

વેદ પરિચય શ્રેણીની ૭ પુસ્તિકાઓમાં લેખકની ભૂમિકાઓ પ્રગટ થઈ હતી, તેમાંથી અગત્યના ઉતારા અહિં રજૂ થયા છે :

'આ વેદ સાહિત્ય ઘણું વિશાળ છે; તેમાં પ્રથમ સ્થાને વેદ સંહિતાઓમાં ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદ છે. વેદોમાં મંત્રને બ્રહ્મ કહે છે. તે બ્રહ્મની વ્યાખ્યા–વિવેચનાના રૂપે બ્રાહ્મણ ગ્રંથો છે. તેમાં ત્રણ પ્રકારો જોવા મળે છે: બ્રાહ્મણ–વિધિપરક, આરણ્યક–ભક્તિપરક અને ઉપનિષદો–જ્ઞાનપરક. એ રીતે બ્રાહ્મણ સાહિત્ય ઘણું વિપુલ છે. તેમાં સૂત્રો અને સ્મૃતિઓ પણ પૂરક બને છે.

કવિઓનાં રચેલાં કાવ્યો કહેવાય એમજ વેદનાં કાવ્યોને મંત્રો કહે છે. એ મંત્રોનાં દર્શન કરનાર ઋષિઓ કવિ–ક્રાન્તદર્શી ગણાય છે. તેમણે કાવ્યની શૈલીમાં દેવોની સ્તુતિઓ કરી છે. તે સ્તુતિઓનાં સ્તોત્રોને સૂક્ત=સુભાષિત કહે છે. કવિ કવિની ભાવનામાં ફેર હોય એમજ ઋષિ ઋષિના દર્શનમાં વિવિધ ભાવોની ગૂંથણી છે. તેમને પોતાનાં જીવનમાં જે અનુભવ મળ્યા, તે ભાવોને ઋચાઓની વાણીમાં ઉતાર્યા.

વેદોમાં રહેલા વિષયો અને વર્ણનો જાણવા સમજવામાં, ઋષિઓનો પરિચય જરૂરી બને છે. એ દૃષ્ટિએ અહીં કથાનકો દ્વારા તે તે ઋષિના જીવનચરિતનું આલેખન કરવાનું ઉચિત માન્યું છે. —પહેલી પુસ્તિકામાંથી

'આ વેદવાણીમાં ઋષિ પોતાના જીવનને આલેખે છે, એ વાણીની ઋચાઓ મંત્ર–મનનરૂપે રજૂ થાય છે, ત્યારે તેમાં ભાવ જાગે છે. એકલા શબ્દ કે એકલા અર્થ વેદોનો પરિચય મેળવવામાં અધૂરા રહે છે. વેદના આ ઋષિઓ ભાવ સુધી પહોંચી જાય છે. વેદની ઋચાઓમાં આ ઋષિઓનાં નામ જોવાને મળે છે, તે પરથી એમ લાગે છે કે, આ ગૃત્સમદ, આ વિશ્વામિત્ર અને આ વામદેવ કોઈ એક વ્યક્તિ નથી, પણ પોતે જે પ્રકારનાં ઉદાર, સરળ, પરોપકારી જીવન જીવ્યા છે, એવા જ પ્રકારના જીવન જીવનાર એક એક વ્યક્તિ એ નામને ચરિત કરે છે, સફળ બનાવે છે. એ રીતે ગૃત્સમદ હૃદયના ભાવથી સ્તુતિ કરીને કર્મનો મહિમા વધારે છે; વિશ્વામિત્ર સમાજને રાષ્ટ્રની એકતા સૂચવે છે અને વામદેવ વિશ્વના આત્માનું દર્શન શોધે છે. **—બીજી પુસ્તિકામાંથી**

'એક એક મંડળના મંત્રદ્રષ્ટા તરીકે અહીં મુખ્યત્વે પાંચમાના અત્રિ, છઠ્ઠાના ભરદ્વાજ અને સાતમાના વસિષ્ટ છે. ભૌમ અત્રિ પ્રાચીન દ્રષ્ટા જ્ઞાનીઓમાં એક અનોખું સ્થાન ધરાવે છે. તેમનો જન્મ દિવ્ય રીતે થયો છે, એવાં જ ગુણ કર્મ તેમને જીવનની ઊંચી ભૂમિકા પર લઈ જાય છે. ભરદ્-વાજ, વાજ એટલે અન્ન, બળ અને ઓજસ તેને ભરનારા દેવો ઈંદ્ર, અગ્નિ, સૂર્ય, પૂષા, સોમ, અર્યમા, મિત્ર, વરુણ વગેરે ભરદ્વાજ છે. સૌરજગતમાં તેમનાં ભુવનો, લોકો, સ્થાનો વગેરે છે, તે તે સ્થાનોના આ દેવો સ્વામીઓ છે. સ્તુતિઓમાં તેમના ગુણો ને કાર્યોનાં નિરૂપણ કરનાર મંત્રદ્રષ્ટા ઋષિ પણ ગુણકર્મે ભરદ્વાજ બને છે. એ જ રીતે ઋષિ વસિષ્ઠની પરંપરામાં નારાયણ, બ્રહ્મા, બ્રહ્મપુત્ર, વસિષ્ઠ, શક્તિ, પરાશર, વ્યાસ, શુક, ગૌડપાદ, ગોવિન્દપાદ, શંકરાચાર્ય આવી જાય છે. અહીં વસિષ્ઠ સમાજના એક સંનિષ્ઠ સેવક, ગુરુજન અને લોકનેતાને સ્થાને છે. વરુણના એ પુત્ર અને તેના પાશનાં બંધનથી છૂટી. દિવ્ય જ્ઞાનનો ઉપદેશ આપે, એ અનુભવની વાણી સાચા માર્ગનું એક સ્પષ્ટ દર્શન છે. **—ત્રીજી પુસ્તિકામાંથી**

'ગૃત્સમદ, વિશ્વામિત્ર ને વામદેવ, અત્રિ, ભરદ્વાજ અને વસિષ્ઠ બે થી સાત મંડળોના ક્રમે આઠમા મંડળના મુખ્ય ઋષિ કાણ્વ પ્રગાથ છે, આ મંડળમાં ઋષિઓની મનોભૂમિકાનો ખ્યાલ આવે, એ પ્રકારની ઋચાઓ જોવાને મળે છે. આ ઋચાઓનાં પદો, પદાવલીઓ જોતાં અને કવિહૃદયની વ્યંજનાને નિરૂપતાં માનસ શાસ્ત્રના મૂળભૂત આદર્શનું દર્શન અહિં થાય છે, નવમું મંડળ તો પહેલેથી જ પોતાનું આગવું સ્થાન ધરાવે છે. અહીં ઋષિઓ અનેક છે પણ વર્ણનીય વિષય એક જ છે અને તે પવમાન સોમ. સોમની પાવમાની ઋચાઓ ગાતાં, આ

ઋષિઓ વિવિધ પ્રકારની અનુભૂતિઓ રજૂ કરે છે. તેથી તેમને મન સોમ એક સાધારણ ઔષધિ નથી રહેતી. તેમને સોમમાં સામગીતિ અને જીવનની વિશિષ્ટ પદ્ધતિ આલેખવાનું મન થાય છે અને તેથી વર્ણનીય વિષય એક હોવા છતાં અનેક પ્રકારનાં નિરૂપણ રજૂ થયાં છે. **—ત્રીજી પુસ્તિકામાંથી**

'એકંદર આ પાંચ પુસ્તિકાઓમાં ઋગ્વેદ સંહિતાના વિષયનો સાદો, સરળ પરિચય આલેખવાનો એક પ્રયત્ન છે. વેદની ઋચાઓ કવિની દિવ્યવાણી જેવી છે. તેની વાક્ય રચના સાદી સરળ છે, તેની ભાવના ઊંચી છે. અહીં વેદમાં નિરૂપેલ વિષયને જ દેવ કહેલ છે. અગ્નિ, ઇંદ્ર અને સોમ જેવા સર્વોત્તમ દિવ્ય પદાર્થમાં ઋષિઓને જે દિવ્ય ચેતનાનાં દર્શન થાય છે. તેમજ વૃક્ષ વનસ્પતિ, ઔષધિ, પર્વત, અક્ષ—પાસા, મંડૂક—દેડકો, કપિંજલ જેવા સામાન્ય પદાર્થોમાં પણ થાય છે. ઋગ્વેદનાં આ અર્થઘટન ફક્ત ઋચાઓ વાંચવાથી પ્રાપ્ત થતાં નથી. તે માટે બ્રાહ્મણ ગ્રંથો, અનુક્રમણીઓ, સૂત્રો, નિરુક્ત, બૃહદ્ દેવતા, નીતિમંજરી અને સાયણ વગેરેનાં ભાષ્યો જોવાનાં રહે છે. તે ઉપરાંત અર્વાચીન યુગના પાશ્ચાત્ય વિદ્વાનો ગ્રીફિથ, વિલ્સન, ઝીમરમેન, પિશલ જેવા તેમજ શ્રી અરવિન્દ, સ્વામી દયાનંદ, શ્રી સાતવળેકરજી વગેરેનાં લખાણો વાંચો વિચારી અભ્યાસ કરવાનો સુયોગ કેળવવો જોઈએ. **—પાંચમી પુસ્તિકામાંથી**

'વેદોમાં ઋગ્વેદ પહેલો ગણાય છે. શાકલ અને બાષ્કલ બે શાખાઓની સંહિતા આજે એક ગ્રંથ રૂપે પ્રસિદ્ધ છે; તેને અનુસરી આ પહેલાંનાં પાંચ પુસ્તિકાઓનાં કથાનક રૂપે સાર લેખન રજૂ કર્યું છે. વેદોને સમજવામાં બ્રાહ્મણ ગ્રંથોનો અભ્યાસ અગત્યનો છે.

ઋગ્વેદ સંહિતાના આચાર્ય શાકલ છે. તેમના શિષ્ય શાકલ્યે શિશિર વગેરે શિષ્યોને અધ્યયન કરાવ્યાં, તેમાં ઐતરેય મહિદાસ પણ છે. જેણે ઐતરેય બ્રાહ્મણ ગ્રંથનાં સંકલન કર્યાં છે. બાષ્કલ, શિશિર, સાંખ્ય, વાત્સ્ય, આશ્વલાયન વગેરે શિષ્યોનાં નામ પરથી પાંચ શાખાઓ ગણાય છે, તે પાંચેય શાખાઓની સંહિતાઓનું આ ઐતરેય બ્રાહ્મણ છે. આ બ્રાહ્મણ ગ્રંથમાં નાનાં આખ્યાનો, ગાથાઓ, કથાનકો ઘણાં છે, જે વેદોનાં રહસ્ય ઉકેલવામાં અગત્યનાં છે. તેમાંથી સુપર્ણાખ્યાન અને શુનઃશેપાખ્યાન તેમજ શાંખ્યાયન કે કૌષીતકિ નામના બ્રાહ્મણમાંથી પણ સાર લેખન અહીં રજૂ થયું છે. **—છઠ્ઠી પુસ્તિકામાંથી.**

□

# અનુક્રમ


| ક્રમાંક | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| | અનુસ્મૃતિ | ૯–૨૬ |
| ૧ | જીવન–એક પ્રયોગશાળા | ૧ |
| ૨ | જન્મભૂમિની યાદ | ૧૪ |
| ૩ | મોટી વિદ્યા કઈ ? | ૨૦ |
| ૪ | જીવનની સિધ્ધિ | ૩૪ |
| ૫ | સાંઝસવારે સંધ્યાકાળે | ૩૯ |
| ૬ | સૌનું કરો કલ્યાણ | ૫૬ |
| ૭ | જનમ જનમના સાથી | ૬૧ |
| ૮ | અંતરનાં અજવાળાં | ૬૭ |
| ૯ | સંવિદ્દૂતનું સાહસ | ૭૬ |
| ૧૦ | ભક્ત અને ભગવાન | ૮૮ |
| ૧૧ | કર્મ એ જ ધર્મ | ૯૫ |
| ૧૨ | ઋતુ ઋતુ પ્રમાણે | ૧૦૦ |
| ૧૩ | ચંદ્ર અને ચકોર | ૧૦૫ |
| ૧૪ | જીવન–એક યજ્ઞ | ૧૧૨ |
| ૧૫ | ઝાઝા હાથ રળિયાયણા | ૧૧૮ |
| ૧૬ | વિશ્વસમસ્તના કલ્યાણ યજ્ઞમાં | ૧૨૨ |
| ૧૭ | સમાજજીવનનો માનદંડ | ૧૩૧ |
| ૧૮ | આવતી કાલનો ચિંતક | ૧૪૦ |
| ૧૯ | નવલાં દર્શન | ૧૪૬ |
| ૨૦ | પારસમણિનો સ્પર્શ | ૧૫૬ |
| ૨૧ | મંત્રદર્શન : જીવનની પરમ સિધ્ધિ | ૧૭૦ |
| ૨૨ | એ બંધનમાંથી કેમ છૂટાય ? | ૧૮૧ |
| ૨૩ | નક્ષત્ર અને નક્ષત્રમાળા | ૧૮૫ |
| ૨૪ | દૈવત જગાડો | ૧૯૭ |
| ૨૫ | દિવ્ય જન્મ અને કર્મ | ૨૦૭ |
| ૨૬ | અપરાધી કોણ ? | ૨૧૪ |
| ૨૭ | મલિન તત્ત્વોનો નાશ | ૨૨૩ |
| ૨૮ | માનસરોવરના હંસલા | ૨૩૪ |
| ૨૯ | મનોરથના માર્ગે | ૨૭૩ |
| ૩૦ | સોમરસનાં પાન | ૨૮૧ |
| ૩૧ | આજીવિકાનું પ્રેરક બળ | ૨૯૭ |
| ૩૨ | આલોક અને પરલોક | ૩૦૫ |
| ૩૩ | નારી તું નારાયણી | ૩૩૩ |
| ૩૪ | ઐતરેય બ્રાહ્મણ વિદ્યાની પ્રતિષ્ઠા | ૩૫૭ |
| ૩૫ | શ્રમની પ્રતિષ્ઠા | ૩૬૯ |
| | પરિશિષ્ટ : – ૧ મંડળવાર કથાનકોનાં વિવેચન | ૪૦૬ |
| | પરિશિષ્ટ : – ૨ ઋગ્વેદનાં કેટલાંક સૂક્તો | ૪૫૧ |

# ૧
# જીવન—એક પ્રયોગશાળા

એ ઋષિનું નામ હતું **મધુચ્છંદા.** જેવાં નામ તેવા ગુણ. જીવનમાં જે કાંઈ મધુ હોય, મધુર અને સુંદર હોય, તેને જાણી લેવું અને આણી લેવું, એવો છંદ એ મુનિને હૈયે જાગેલો.

જો કે **મધુચ્છંદાને** મધુ જાણવા માટે ઘણાં ઘણાં તપ કરવાં પડેલાં. એ ઋષિ જ્યારે વિદ્યાર્થી હતા ત્યારે એક ગુરુકુલમાં એ નિવાસ કરતા હતા. ત્યાંના દરેક વિદ્યાર્થીને ગુરુની આજ્ઞા હતી કે 'સવારે વહેલા ઊઠવું.' એ નિયમ પ્રમાણે એકએક વિદ્યાર્થી વહેલો ઊઠતો.

મધુચ્છંદાએ મનથી વિચાર કર્યો કે 'સવારે વહેલા ઊઠવું, એ તો બરાબર પણ વહેલા ઊઠીને કરવું શું ?' એમણે ગુરુદેવને પૂછ્યું. એ ગુરુદેવ તો મિતભાષી હતા. એમણે જણાવ્યું કે 'ફરવું.'

હવે ક્યાં ફરવું, શા માટે ફરવું ?' વગેરે પ્રશ્ન તો પુછાય નહિ, એટલે એ વિદ્યાર્થીએ તો 'ઊઠવું અને ફરવું" એને જીવનનો મંત્ર ગણી લીધો.

મધુચ્છંદા સવારે ઊઠે ત્યારે તો દશે દિશાએ ગાઢ અંધકાર હોય, પક્ષીઓ કલરવ પણ કરતાં ન હોય, કૂકડો બોલ્યો પણ ન હોય 'કૂકરે કુઉઊ;' એ પહેલાં તો આ વિદ્યાર્થી જાગી જાય અને શાળા છોડી બહાર ફરવા નીકળી પડે.

એ આશ્રમની પાસે એક નદી વહે. એનો કલરવ નાદ અવિરત ચાલતો હોય, પરોઢની શાંતિમાં એ નાદ મધુર લાગે. એ સાંભળીને એના તરફ મન ખેંચાય એટલે એનાં પગલાં પણ એ તરફ જ ભરાય. ત્યાં તો ઘોર અંધકાર હોય અને માર્ગ તો સૂઝે નહિ, તો પછી પગલાં તે શી રીતે મંડાય ?

અંધારામાં દૂર નદીને કિનારે એક ઝૂંપડી હતી. ને એને આંગણે અગ્નિની વેદી હતી ત્યાં અગ્નિ પ્રગટે. એનો પ્રકાશ તો દૂર દૂર સુધી ફેલાય અને અંધારામાં

પણ માર્ગની ઝાંખી થાય. એ પ્રકાશને સહારે વિદ્યાર્થી આગળ વધે અને નદી કિનારે પહોંચી જાય.

ચાલતાં ચાલતાં એને મનમાં વિચાર જાગે: 'અહો, રાતના અંધકારમાં અગ્નિનો આ પ્રકાશ કેવો સુંદર મધુર લાગે છે! દિવસના અજવાળામાં ભલા, એનાં તે શાં મૂલ્ય?'

એ ભાવુક હતો, વિચારક હતો, એટલે તો એને હૈયે એક પ્રશ્ન જાગતો: "આ અગ્નિને કોણે ચેતાવ્યો? એને કોણે સમિદ્ધ–સળગતો રાખ્યો? અંધકારને ઓલવતાં અગ્નિ અજવાળાં પાથરે છે, એ કારણે જો અગ્નિ દેવ ગણાતો હોય, તો એ દેવે કોનાં હિત સાધ્યાં ને કોને આંગણે તેનાં આગમન થયાં?

આવા તો અનેક પ્રશ્ન એને જાગતા હતા. નયન દ્વારે એ પ્રમાણે એનાં ચરણ તો માર્ગ પર આગળ વધતાં હતાં, પણ એના મન પર આવા તો અનેક વિચાર જાગતા હતા અને એ રીતે એ વિદ્યાર્થીને આચારની અને વિચારની એક સંહિતા મળી જતી હતી.

'દરરોજ સવારે વહેલા ઊઠવું અને ફરવા જવું.' વિદ્યાર્થીના જીવનનો એ ક્રમ બની ગયો હતો. સરિતાનો કલરવ સાંભળે અને એનાં શ્રવણ સળવળે, દૂર અગ્નિનો પ્રકાશ દેખાય અને એનાં નયન ચમકવા લાગે; ત્યાં તો એનાં ચરણોમાં ચેતના જાગે ને સાથે સાથે તેના હૈયાને આંગણે વિચારસરણિ પણ શરૂ થઈ જાય.

જીવનનો પહેલો બોધપાઠ આમ વિદ્યાર્થીને પોતાના જીવનમાંથી મળી રહેતો. અગ્નિમાં એને અલૌકિક દેવનાં દર્શન થતાં હતાં. અગ્નિને માટે એને હૈયે આદર-સંમાન જાગતાં હતાં. એને હૈયે પહેલાં જે પ્રશ્નો જાગતા હતા તેના ઉત્તરો હવે એને આપોઆપ મળી જતા હતા. એને અગ્નિનાં દર્શન થતાં અને અગ્નિ પાસે પહોંચીને એ સ્તુતિ કરતો હતો:

'સાચે જ હું એ અગ્નિનાં સ્તવન–પૂજન કરું છું, જે પુરોહિત છે, યજ્ઞનો દેવ છે, ઋત્વિજ છે, હોતા છે અને ઉત્તમ રત્ન ધારણ કરે છે.

'એ અગ્નિ દેવનાં સ્તવન તો પહેલાં પણ ઘણા ઘણા ઋષિમુનિઓએ કરેલાં છે. એ જ રીતે જે નવા નવા ઋષિઓ જાગે છે તેમણે પણ એમની સ્તુતિઓ કરેલી છે. એનું કારણ તો એક જ છે કે એ અગ્નિ દેવ બનીને મારા જીવનયજ્ઞમાં આવી પહોંચે છે અને બીજા દેવોને બોલાવી લાવે છે.

'હે અગ્નિ દેવ, જે સ્નેહભાવથી પિતા પુત્રને ભેટ આપે તેવી જ અનેરી ભેટ તમે અમને આપો. અમારા જીવનમાં સધાય એ માટે તમે અમને તૈયાર કરી દો.'

સવાર થતાં તો એ વિદ્યાર્થી સરિતામાં સ્નાન કરે, જળનો ઘડો ભરે, જંગલમાંથી કુશ દર્ભ અને સમિધા લાવે અને ગુરુકુળમાં પાછો ફરે, ત્યારે તો પક્ષીઓના કલરવ શરૂ થયા હોય, ગાયો ભાંભરતી હોય, વાછરડાં દોડાદોડ કરતાં હોય, અગ્નિશાળાઓમાં અગ્નિઓ પ્રગટ થયા હોય, એક એક વિદ્યાર્થી વેદના મંત્ર–ઋચાઓ ભણે, અગ્નિમાં સમિધા હોમે, ઘીની આહુતિ આપે અને અગ્નિ સમિદ્ધ થાય. એ જ્વાળાના પ્રકાશમાં વિદ્યાર્થી ગુરુ પાસેથી બોધપાઠ શરૂ કરે.

આ ગુરુકુળમાં અનેક વિદ્યાર્થીઓ નિવાસ કરતા હતા તેઓમાં આ **મધુચ્છંદા** પણ એક વિદ્યાર્થી હતો. ગુરુકુળમાં નિવાસ કરીને એણે અનેક વ્રત તપ આચરી વેદોની ઋચાઓ જાણી લીધી હતી. ગુરુની કૃપાથી એના આચાર-વિચાર બંને શુદ્ધ બન્યા હતા.

ગુરુદેવ તો પિતાની જેમ સર્વે વિદ્યાર્થીઓની સરખી સંભાળ લેતા અને ઉપદેશ આપતા. એઓશ્રી એક વાત વારંવાર જણાવતા હતા: ‘ભાઈઓ, તમે જો સારા બોધપાઠને જીવનમાં ઉતારશો તો જ તમને એ ઉપયોગી થશે. તમારા આચાર જો શુદ્ધ નહિ હોય, તો તમારા વિચાર પણ દૃઢ નહિ બને. આચાર અને વિચાર તો એક જ સિક્કાની બે બાજુ છે. મારા આપેલા મંત્ર તો મનન કરવા માટે છે. જેવાં તમારાં મનન હશે; તેવાં જ તમારાં જીવન ઘડાશે. જીવનને શુદ્ધ સંસ્કારી બનાવવું એ તો તમારું એક પવિત્ર કર્તવ્ય છે. એટલા માટે તો તમે માતપિતા અને ઘર છોડી ગુરુકુળમાં નિવાસ કર્યો છે.’

એ ગુરુકુળમાં વાસ કરીને, તે **મધુચ્છંદા**એ ઘણી સારી વિદ્યાઓ મેળવી લીધી હતી. એ વિદ્યાઓના પ્રભાવે અજ્ઞાનના અંધકાર ઓલવાતા હતા અને જીવનમાં સંસ્કારના પ્રકાશ ફેલાતા હતા. શરીરના મળ ધોવા માટે તો રોજ રોજ સ્નાન કરવાં પડે છે. એ રીતે માનવના જીવનમાં જે મળ ભેગા થયા હોય, જે જડતા જામી ગઈ હોય, જે અંધારાં પથરાયાં હોય, તે દૂર કરવા માટે તો જ્ઞાન અને વિદ્યાનાં અજવાળાં જ કામ આવે.

ગુરુકુળમાં નિવાસ કરતા વિદ્યાર્થીને જીવન ઉજાળનારી વિદ્યા મળે એની ચિંતા તો ગુરુજનને હૈયે વસી હોય. વિદ્યાર્થીના આચારમાં અને વિચારમાં વિદ્યા સરખી રીતે ઊતરી છે એનું પ્રમાણપત્ર પણ ગુરુજનને જ આપવાનું હોય છે. જેને જેને એ પ્રમાણેનું પ્રમાણપત્ર ગુરુદેવ પાસેથી મળે તે તે વિદ્યાર્થી સ્નાતક-વિદ્યા મેળવી શુદ્ધ થયો ગણાય. એવા યોગ્ય સ્નાતક વિદ્યાર્થીને ગૃહસ્થ બનવાની આજ્ઞા પણ ગુરુદેવ પાસેથી મળે એવો શિરસ્તો ગુરુકુળમાં હતો.

'સર્વત્ર મધુ જોવાની' એને જે જીવનદૃષ્ટિ પ્રાપ્ત થઈ હતી તેનાથી એ જીવનને મધુર સુંદર બનાવી શકયો હતો. એણે જે અગ્નિની સ્તુતિ કરી હતી તે અગ્નિની પાસેથી એને અનેરી પ્રેરણા મળી હતી. ઘરશાળામાં એણે અગ્નિની સ્થાપના કરી હતી અને એનાં પૂજન અર્ચન કરી એની પ્રેરણા મેળવી એ આગળ વધતો હતો.

ગૃહસ્થ ધર્મ પાળવા અને અગ્નિનાં પૂજન–અર્ચન કરવા જે સાથ સહચાર જોઈએ તેને અનુકૂળ સહધર્મચારિણી પત્ની એને મળી હતી. એની સહાયથી એની સંપત્તિ અને સમૃદ્ધિ પણ વધી રહી હતી.

એની સહધર્મચારિણી જાયાએ એક પુત્રને જન્મ આપ્યો અને એના ઘરમાં ઘોડિયું બંધાયું. માતા તો એનાં લાલનપાલનમાં ધ્યાન આપતી, પરંતુ મધુચ્છંદાને તો બાલકમાં દેવનાં દર્શન થતાં હતાં. માતાના ખોળામાં ખેલતા એ બાળકને એ જોઈ જ રહેતો ત્યારે એની પત્નીને વિસ્મય થતું અને એ પૂછતીઃ 'તમે શું જોઈ રહ્યા છો ?'

પોતાની પ્રિય જાયાને ઉત્તર આપતાં એ આનંદ અનુભવતો, એને શરીરે હર્ષનાં રોમાંચ જાગતાં. તેને હૈયે જે ઋચા–કવિતા જાગી હતી તેને એ વાણીમાં રજૂ કરતાં જણાવતો હતો :

'જો ને, સુદર્શના ! આ બાળક કેવું સુંદર અને મધુર લાગે છે ! સાચે જ આ બાળક તો દર્શનીય–દેખાવડું છે. પણ એનાં કારણ તું જાણે છે ? જીવનની શરૂઆત થતાં એ બાળક શ્વાસ લેવા માંડયા અને ત્યાં તો પ્રાણનાં હલન-ચલન શરૂ થયાં. ભલા, એણે જો પહેલો શ્વાસ લીધો ન હોત અને એના આ પ્રાણના સંચાર શરૂ થયા ન હોત તો એ સુંદર લાગત ? પ્રાણ વિનાનું બાળક તને રમાડવું ગમત ? કહે તો.'

એની ભલી ભોળી મુગ્ધ જાયા શો ઉત્તર આપે ? શરમાતાં શરમાતાં, ધીરા સ્વરે એ બોલી લેતીઃ 'આવું તે શું બોલતા હશો ? બાળક તે કોઈ ને અળખામણું લાગે ભલા ?'

સહજ રીતે પૂછેલા પ્રશ્નનો ઉત્તર આપતાં એ જણાવતા હતાઃ 'હા, જરૂર અળખામણું લાગે, જો એનામાં પ્રાણના સંચાર ન હોય અને એનું જીવન ચાલી ગયું હોય. બાલજીવનની શરૂઆત પ્રાણથી થાય છે. એ પ્રાણના દેવ વાયુ છે. એ વાયુમાં જે ગતિ છે, ચેતન છે, તે જ ચેતન બાલકમાં આવે છે. વાયુ દર્શનીય છે માટે જ બાલક દર્શનીય છે. વાયુ એના દેવ છે. વાયુથી બાલક જન્મે છે અને જીવે છે. વાયુનો સંચાર ન થાય તો બાલક મરણ પામે.

'જો જો, સુદર્શના, આ બાલકને છીંક આવી. હા બગાસું આવ્યું. અરે ઓડકાર પણ આવ્યો. આસ શાથી થાય છે એ તું જાણે છે? પ્રાણદેવની સાથે સાથે અપાનદેવ પણ જાગ્યા, તેથી તો એ બાલકના અંગે અંગે સ્ફૂર્તિ જાગી. બાલકની નિદ્રા અને તંદ્રાને દૂર કરનાર એ દેવ તો ઇંદ્ર મહારાજ. દેવરાજ ઇંદ્રની કૃપાથી તો બાલકને અંગે અંગે ચેતના જાગે છે અને સ્ફૂર્તિ આવે છે.

'બાલકના જીવનની શરૂઆતમાં વાયુદેવની પ્રેરણા મળે અને દેવરાજ ઇંદ્રની ચેતના જાગે, તેથી તો બાલકની પ્રગતિ સધાય.

'આ તારો પુત્ર, સુદર્શના, પહેલાં તો આંખો મીંચીને પડચો રહેતો હતો. હવે તો એ પાંપણ ખોલે છે ને ચારેય બાજુ નજર માંડે છે. તારી સામે એ કેવી મીઠી નજરે જુએ છે અને મારી સામે પણ! શું તેનાં અંદરનાં કરણ—અંતઃકરણ ખૂલ્યાં હશે? બાહ્ય કરણ તો આંખો અને અંતઃકરણ તો મન! એ વિવેકનાં ચક્ષુ તો જે માનવનાં બાલ હોય તેને જ ખૂલે હોં પશુ કે પક્ષીના બાલકને નહિ.'

**મધુચ્છંદા**ની એ રહસ્યભરી વાણીને **સુદર્શના** સાંભળી રહેતી અને એને સમજવાનો પ્રયત્ન પણ એ કરતી હતી. સાથે સાથે પોતાના એ પુત્રના જીવનમાં ધીરે ધીરે જે પ્રગતિ થયા કરતી તેને એ જોઈ સમજી શકતી હતી. ને તેને વિસ્મય જાગતું ત્યારે એ પૂછી લેતી :

'મુનિવર, તમને આ બધું શી રીતે સમજાય છે?'

પત્નીને હૈયે જાગેલી એ જિજ્ઞાસા પૂરવા એ મુનિવર ઉત્તર આપતા હતાઃ 'પ્રિયે, ગુરુકુલમાં નિવાસ કરતો હતો ત્યારે જ ગુરુકૃપાથી હું જીવનનાં રહસ્ય ઉકેલતો આવ્યો છું. આ બાલકને જોતાં તો મને લાગે છે કે આ બાલક એ તો જીવતી જાગતી પ્રયોગશાળા છે. એના આ જીવનની પ્રગતિ સાધવા માટે તો સ્વર્ગના દેવો એને ચેતના અને પ્રેરણા આપે છે. મારી ઉપર તો અગ્નિદેવે કૃપા કરેલી ને જીવનનો સીધો માર્ગ જડી ગયેલો. મારા જીવનની શરૂઆતમાં પણ આ રીતે કેટકેટલા દેવોની કૃપા વરસી હશે એની જાણ તો હવે જ મને થાય છે.

'સુદર્શના, આ બાલકની આંખમાં તો દેવ મિત્ર વસ્યા છે અને એની પાછળના અંતશ્ચક્ષુ—અંતઃકરણમાં દેવ વરુણ વસ્યા છે.

'મારા એક પ્રશ્નનો ઉત્તર આપશો, સુદર્શના, તો તને એની ખબર પડે. આ બાલક પહેલાં જુએ કે પહેલાં સાંભળે? નયન પહેલાં કે શ્રવણ?'

'તમે પણ ખરા છો, મુનિવર! તમારી આ ગૂઢ વાતોમાં મને શી સમજણ પડે?'

'આમ કેમ કહે છે, સુદર્શના ? તું તો એ બાલકની માતા, તેં એને નવ નવ માસ સુધી ગર્ભમાં સાચવી રાખ્યો અને હવે તું જ એનાં લાલન-પાલન કરે છે. એની પહેલી ગુરુ તો તું જ છે.'

'તમારી વાત સાચી છે. આ બાલકની સાથે મારું તો આખું જીવન જોડાઈ ગયું છે. એનાં લાલનપાલન કરતાં કરતાં તો મારા જીવનનું ઘડતર પણ થઈ રહ્યું છે. પરંતુ તમારા જેવી સમજણ તો મારામાં ક્યાંથી હોય ?'

'ભલે, ભલે, આટલી સમજણ છે તે પણ ઘણા કામની છે. આ બાલક હવે સાંભળે છે એ વાત તો નક્કી. પહેલાં જોતું હતું અને હવે સાંભળે છે એમ કહી શકાય. હા એ બંને કાને સાંભળે છે અને કાનના દેવો તો અશ્વિનીકુમાર છે, જેમ એ બે દેવ સુંદર અને મનોહર તેવો જ સુંદર અને મધુર આ બાળક ! તું એની પ્રગતિનું એક એક માપ તોળે માટે તો માતા કહેવાય.'

એ સુદર્શનાને ઋષિની વાત તો સમજાતી હતી. એણે પણ હવે બાલકના જીવનને ઝીણવટથી જોવાની ટેવ પાડી હતી. એનો પુત્ર ચાર છ માસનો થયો હતો. એની છાતી ફુલતી અને શ્વાસ ઉચ્છ્વાસ એના નાકનાં છિદ્રોમાંથી આવતા અને જતા હતા. એના અંગે અંગમાં ચેતના અને સ્ફૂર્તિ જાગતાં હતાં. એ સાંભળતો હતો અને સાથે જોતો પણ હતો. વારુ. ત્યારે મનથી વિચાર પણ કરતો હશે ને ?

એ બાલક હાથપગ ઉછાળી અંગે અંગ હલાવતો હતો. સુદર્શનાને જોતાં, એ હાથ લાંબા કરતો અને ગરદન ઉઠાવી બેઠા થવાનો પ્રયત્ન પણ કરતો હતો. સુદર્શના એને પ્રેમથી ઊંચકી લેતી અને એની નજરમાં પોતાની નજર મેળવી લેતી. ત્યાં તો મધુચ્છંદા આવી પહોંચે; એમને બાલક સોંપીને સુદર્શના કહેતી હતી:

'મુનિવર, હવે તો તમારી વાત સમજાતી લાગે છે. આ બાળકને તો હવે પડ્યા રહેવું ગમતું નથી. પારણામાં સુવાડું છું તો ડોક ઊંચી કરે છે, ઉછાળા મારે છે ને કરવટ બદલે છે. એને તો બહાર આવવું છે, ભલા, આ કયા દેવની પ્રેરણા હશે ?'

એ યોગ્ય પ્રશ્ન સાંભળીને તો મુનિવર રાજી થઈ ગયા.

'વાહ, વાહ, સુદર્શના ! મારી વાત સમજતાં તને વાર લાગી નહિ, પણ એમાં આશ્ચર્ય પામવા જેવું કશું નથી. આપણે બંનેને સમજાવનાર આ બાલક જ આપણો ગુરુ છે. એ બાલક તો પિતાનો પણ પિતા છે.

'ત્યારે જો, બાળકના જીવનની શરૂઆતમાં પ્રાણ પૂરનાર દેવ તો વાયુ અને ચેતના જગાડનાર દેવરાજ ઇંદ્ર. એ જ દેવરાજ મહેન્દ્ર આ બાલકના અંગે અંગમાં

ચેતના જગાડે છે, પ્રેરણા પૂરે છે અને સ્ફૂર્તિ આપે છે. એ દેવરાજ ઇંદ્ર આ શરીરના રાજા છે અને ઇંદ્ર રાજ્ય તે આપણી ઇંદ્રિયો છે. આ બાલકના એકે એક અંગમાં ઇંદ્રની ચેતના જાગે છે.

'વાણી તો માનવ બાલકને મળેલી એક વિશેષ ભેટ છે. જગતનાં બીજાં બધાં પ્રાણીઓને અંગોના સંચાર–હલનચલન તો મળી ગયાં છે, જન્મતાંની સાથે જ ખેલવા કૂદવાની શક્તિ મળી ગઈ છે. એ રીતે તો માનવ બાલકની પ્રગતિ ઘણી જ ધીમી ગણાય. માનવ બાલકને જન્મતાંની સાથે જ ચાલતાં નથી આવડતું, એને માટે તો ખાસ્સા એકાદ વર્ષની રાહ જોવી પડે, બોલવાની શક્તિ માટે પણ રાહ તો જોવી પડે.'

'અહો, જરા જુઓ તો ખરાઃ આ બાલકના હોઠ ફફડવા લાગ્યા, એનો કંઠ ખૂલવા લાગ્યો. એના રુદન અને હાસ્યમાં પણ વાણીનો રણકો જાગતો હોય એવું લાગે છે.'

'તારી વાત સાચી છે, સુદર્શના ! વાણીની દેવી તો સરસ્વતી. એ તો અંદર હોય તો બહાર પ્રગટ થાય. જેવા વિચાર તેવી વાણી. દરેક માનવની અંદર જ વાણીનો વાસ છે. વાયુની ગતિ મળવાથી જઠરનો અગ્નિ જાગે છે અને ત્યાં નાદ પ્રગટ થાય છે અને નાદ છાતીથી ઉપર ચડી કંઠનળી પાસે આવે છે અને ત્યાંથી છેક મસ્તક સુધી પહોંચી પાછો મુખમાં આવે છે, અને ત્યાં જીભનાં હલનચલન શરૂ થાય એની સાથે જ વાણીની દેવી સરસ્વતી મધુર રીતે જાગી ઊઠે છે.

'સુદર્શના, આ વાત સમજવા જેવી છે. નાક કાન ને આંખ તો જ્ઞાનની ઇંદ્રિયો, હાથ ને પગ તો કર્મની ઇંદ્રિયો, પરંતુ આ જીભ તો જ્ઞાનેંદ્રિય પણ ખરી અને કર્મેંદ્રિય પણ. આ નાનીશી જીભને બે બે કાર્ય કરવાનાં અને પાછું ગોખલામાં પુરાઈ રહેવાનું.

'જોને, ખાટા ખારા તીખા તૂરા કડવા મીઠા એ છ રસોને ચાખે અને પરખે એ કારણે તો જીભ જ્ઞાનેંદ્રિય; વાણી–બોલવાનું કાર્ય કરે એ કારણે તો જીભ કર્મેંદ્રિય.

'આ વાણી છે તો માનવ માનવનો વ્યવહાર ચાલે છે. આ વાણીને કારણે તો અંદરનું જ્ઞાન બહાર પ્રગટ થાય છે. જે અંદર છે તે જ બહાર આવે છે. જે વિચારમાં છે તે જ વાણીમાં આવે છે, અને મનમાં જે જે સંકલ્પ જાગે તેને વાણી વ્યક્ત કરે છે. આને કારણે તો વાણીને બાહ્યકરણ–કર્મેંદ્રિય કહે છે અને મનને અંતઃકરણ. વાણી જાગે ને વર્ણે વર્ણે દીવા પ્રગટે, અક્ષરે અક્ષરે જ્યોત

જલે. એ શબ્દજ્યોતિએ તો સાહિત્ય—જગતનાં સર્જન કર્યાં છે. સાહિત્ય વિનાનું જગત તો આખું અંધારામાં !'

'વાણીનો મહિમા આટલો દિવ્ય છે એની ખબર તો મને આજે પડી. સાચે જ, આ બાલક બોલતું નહોતું ત્યારે મૂંઝાતું હતું, હવે એ બોલે છે ત્યારે એની વાત સમજાય છે અને એ પણ ખીલી ઊઠે છે.'

આમ સુદર્શનાની સમજણ પણ વધી રહી હતી. બાલકનાં લાલન-પાલન કરતાં કરતાં એના જીવનનાં પણ ઘડતર થઈ રહ્યાં હતાં. એક જ વર્ષની અંદર તો એના પુત્રે સારો વિકાસ સાધી લીધો હતો. એના જીવનની એક એક વાત પર માતા અને પિતા બંને પૂરેપૂરું ધ્યાન રાખી રહ્યાં હતાં.

**મધુચ્છંદા** તો ઋષિ હતા, મંત્રદ્રષ્ટા હતા, વિચારક હતા, એટલે એમને બધે ઠેકાણે મધુર સુંદર દૃશ્ય જોવાનો અભ્યાસ પડચાં હતો. સવારે વહેલા ઊઠવાનાં વ્રત તો એના જીવનની સાથે જ વણાઈ ગયાં હતાં પરંતુ જીવનમાં જે કાંઈ કડવા પ્રસંગ આવી પડે તે બધાને મધુર રીતે સ્વીકારવાનું મહાવ્રત ગૃહસ્થ બનીને એમણે સ્વીકાર્યું હતું અને એનું એ ચીવટથી પાલન કરતા હતા.

સાંજ ઢળતી હતી ને ઋષિ અગ્નિનાં પૂજન કરવાની તૈયારી કરતા હતા ત્યાં સુદર્શના આવી પહોંચી. દોડવાને કારણે એના શ્વાસ વધી રહ્યા હતા. મનથી જાણે મૂંઝાતી હોય ને ઋષિને કાંઈ કહેવા માગતી હોય, પણ એ બોલી શકતી નહોતી. ઋષિ એને ઘડીભર જોઈ રહ્યા અને પછી મીઠી વાણીથી એ કહેવા લાગ્યા:

'ચારુ સુદર્શના ! તું કેવી મધુર લાગે છે ! મનમાં મૂંઝવણ હોય અને કહેવામાં સંકોચ થતો હોય ત્યારે તો તારી સુંદરતા વધી જાય છે.'

મુનિની એ શાંત ધીરજભરી નચિંત વાણી સાંભળી સુદર્શના વિચારમાં પડી ગઈ, ભલા, ઋષિને તો કહેવું શું ? ગૃહસ્થના જીવનમાં કેટકેટલી વિટંબણાઓ નડે છે એનો તો એ વિચાર પણ કરતા નથી. મધુનો વિચાર કરે છે, પણ ઘરમાં મધ નથી એનો એમને વિચાર આવે છે ? મધ તો ઠીક, ઘરમાં અનાજપાણી નથી, ઘીગોળ ખૂટી પડચાં છે, આ બધું એમને ક્યારે સમજાશે ? મારે એમને આ બાબતની જાણ તો કરવી જોઈએ ને ?'

સુદર્શનાને ઘરની આ વિટંબણાઓ વિશે કહેવું હતું, પણ એનાથી કહેવાતું નહોતું. એ જ્ઞાની વિચારક ભલા ઋષિને તત્ત્વવિચારણાથી છોડાવી સંસારની બાબતોમાં ક્યાં ગૂંચવી દેવા ?

એને વિચારમાં ડૂબેલી જોઈ ઋષિએ જાતે જ પૂછી લીધું: 'તું શાના વિચાર કર્યા કરે છે, ભલા ? તારે મને કાંઈ કહેવું છે ? તને આટલો બધો શ્વાસ કેમ ચડયો છે ? બોલ ને, તું થાકી ગઈ છે ?'

'શું બોલું, મુનિવર ? તમે મધુતત્ત્વની વિચારણામાંથી પરવારો ત્યારે તમને વાત કરું ને ? મધુ, મધુ રટવાથી ઘરમાં મધ થોડું જ આવે છે ? મારે આ ઘી ને દૂધ લાવવાં કયાંથી ? હવે તો અનાજ પણ ખૂટવા લાગ્યાં છે. નવાં ધાન્ય કયારે પાકશે એની મને તો ચિંતા છે.'

'ઓહો, તું અનાજપાણીની ચિંતામાં પડી છે, એમ ને ? આ તો બધાં જીવનનાં પ્રાથમિક સાધન. એને માટે કાંઈ આખું જીવન ગૂંચવી દેવાય છે ? એક ગાય બાંધો ને ઘી દૂધની નદીઓ. એક ખેતર ખેડો ને ધાન્યના ઢગલા ! આ તો સીધું સાદું ગણિત છે. અરે, મધુનો સંચય તો મધમાખ કરે છે, જરૂર પડે ત્યારે એની પાસેથી માંગી લેવાનું. બાકી આપણું આ જીવન તો વ્રત છે, મહાવ્રત. એ તો આપણા જીવનની પ્રયોગશાળા ગણાય.'

'દેવ મારા, તમારું સાદું ગણિત અહીં કામમાં નથી આવતું. ખેતર તો ખેડે તેને ધાન્ય આપે તે વાત સાચી છે, પણ અહીં તો ધાન્ય પાકયાં જ નથી. મેઘ વરસે તો ધાન્ય પાકે. આ વર્ષે તો મેઘ વરસ્યા જ નથી, પછી કયાંથી અનાજના ઢગલા થાય ? હા, ગાયો હોય તો ઘી દૂધ મળે એ બરોબર. આપણી એક ગાય તો ઊચી ગઈ છે અને બીજી ગાય દૂધ આપતી હતી, એ આજે તો આવી નથી. એની શોધમાં હુંયે દૂર અરણ્યમાં જઈ આવી, ત્યાં આપણો ગોપાલ ખબર લાવ્યો કે 'તમારી ગાયને તો વાઘ ઉપાડી ગયો છે, ભલા એ મને ઉપાડી ગયો નહિ એટલે તો તમારી પાસે આવી પહોંચી છું.'

આટલી મૂંઝવણમાં પણ સુદર્શના હસી લેતી એનું કારણ તો **મધુચ્છંદા** ઋષિનું જીવનદર્શન હતું. એ મધુને વિશે પોતાને જ્ઞાન–વિજ્ઞાન મળી ગયું હતું. તેનો બોધ આપીને એમણે પોતાની પત્નીને પણ મધુનાં દર્શન કરાવ્યાં હતાં. એ કારણે તો સુદર્શનાએ હસીને આખી વાત કહી દીધી, પણ એની વાત સાંભળીને ઋષિ તો વિચારમાં પડી ગયા. આમ જો જીવનમાં વિટંબણાઓ ઉપર વિટંબણાઓ આવી પડે અને વારંવાર ગૂંચવણો ઊભી થાય તો જીવનની પ્રગતિ જ પૂરેપૂરી અટકી જાય. ધન અને સાધન જેવી સામાન્ય ચીજો તો દરેક જનને સહજ સરળ ભાવે મળી જવાં જોઈએ, પણ એવું બનતું નથી. માનવ માનવની વચ્ચે જો ઉચ્ચ-નીચ ધની-ગરીબ જેવા ભેદ ઊભા થાય, તેને તો દૂર કરવા જોઈએ.

સુદર્શનાએ જોયું કે 'આ ઋષિ તો વિચારમાં ને વિચારમાં જ ઊંડા ઊતરી ગયા. મધુ-તત્ત્વને પારખવામાં તો જીવનને પ્રયોગશાળા બનાવી. હવે પાછી નવી વિચારણા જાગશે તો એ માટે એમને બીજું જીવન ઊભું કરવું પડશે. જીવનની સાચી પરિસ્થિતિ ઉકેલવા માટે તો વિચાર નહિ, પણ આચાર જરૂરી છે. એમની પાસે મારે તો અનુભવની જ એક વાત મૂકવી પડશે.' આમ વિચાર કરીને એણે ધીરજથી જણાવ્યું:

'દેવ, તમે પાછા બીજી વિચારણામાં પડી ગયા, પણ એમ ચિંતા કર્યે ઘરમાં મધ થોડું આવવાનું છે? એ મેળવવા માટે તો પુરુષે ઉદ્યમ કરવો જોઈએ. જીવનનો સાચો યોગ તો ઉદ્યોગ છે, જે જીવનને સફળ બનાવે છે.'

'સાચી વાત તું કહે છે, પ્રિયે! મને તો આ કાળે કાંઈ જ સૂઝતું નથી. તું કહે તે પ્રમાણે ઉદ્યોગ કરવા માટે હું તો તૈયાર છું.'

'દેવ, તમે તો શ્રેષ્ઠ ઋષિ છો. અહીં થોડે દૂર સરસ્વતી નદી છે. તેને કિનારે એક મહાયજ્ઞની શરૂઆત થઈ રહી છે. ત્યાં આપ પધારો અને એ યજ્ઞના ઋત્વિજ બનો. ત્યાં જે કાંઈ ધન સાધન મળશે તેનાથી આપણા જીવનનો રથ આગળ વધશે અને આપણી વિટંબણાઓ દૂર થશે.'

પોતાની પ્રિય પત્નીની સૂચના પ્રમાણે ઋષિ તો તૈયાર થઈ ગયા અને સાંઝ પડતાં પહેલાં એ સરસ્વતીકિનારે રચાતા મહાયજ્ઞમાં હાજર થઈ ગયા. એ ઋષિને તો બધા સારી રીતે જાણતા હતા. એમને દૂરથી આવતા જોતાં જ બધા સામે લેવા ગયા. એઓ પરસ્પર કહેવા લાગ્યા:

'અહોહો, આ તો **મધુચ્છંદા** ઋષિ. જીવન આખું પ્રયોગમાં મૂકીને એમણે તો મધુતત્ત્વ શોધી કાઢ્યું અને મધુનું સંપાદન કરી લીધું. એમને તો જીવનમાં એક મધુતત્ત્વનો જ છંદ લાગ્યો છે અને એ કારણે એમને બધા **મધુચ્છંદા** તરીકે જ ઓળખે છે.'

યજમાને પણ એમનો ખૂબ જ આદર સત્કાર કર્યો અને એમને યજ્ઞમાં મુખ્ય હોતાનું પદ આપ્યું. તે હોતા ગણાય, જેણે અગ્નિ દેવને આહૂત કર્યા, બોલાવ્યા, જેણે દેવોને આહુતિ લેવા આમંત્રણ આપ્યાં અને જેણે આવેલા દેવોને હવિ આપ્યાં.

**મધુચ્છંદા** હોતા બન્યા અને એ મહાયજ્ઞ સર્વ રીતે સંપૂર્ણ સફળ થયો. એની પૂર્ણાહુતિ થઇ ત્યારે યજમાને બધા ઋત્વિજોને રાજી થઈને દાન દક્ષિણા આપ્યાં. **મધુચ્છંદા** હોતા હતા તેમને પુરોહિત બનાવ્યા અને એમની મનઃકામના પ્રમાણે યજમાને ખૂબ જ ધન-સાધન આપીને વિદાય આપી.

ઋષિએ ઘેર આવી સુદર્શનાને એ ધન સોંપી દીધું અને એ પોતે પાછા મધુતત્ત્વની વિચારણામાં તલ્લીન બની ગયા.

ગૃહસ્થ-જીવનને મધુર અને સુંદર બનાવવા માટે તો **મધુચ્છંદાને** સારા પ્રકારનો વ્યવસાય મળી ગયો હતો. મોટા મોટા યજ્ઞોમાં ભાગ લેવા માટે એમને આમંત્રણ મળતાં હતાં. એમણે અગ્નિનાં સૂક્ત ગાયાં હતાં. એમણે અગ્નિને દેવોના પુરોહિતપદે બિરાજતા જોયા હતા, તેથી તો એ ઋષિ પણ યજ્ઞોમાં પુરોહિતપદે શોભતા હતા. એમણે અગ્નિને યજ્ઞના દેવ બનતા જોયા હતા; યજમાનો એમને પણ યજ્ઞના દેવ ગણી પૂજતા હતા. અગ્નિમહારાજ દેવોના યજ્ઞોમાં ઋત્વિજ હતા અને હોતા હતા, તો એ ઋષિ પણ યજ્ઞોમાં ઋત્વિજ અને હોતા બનતા હતા. અગ્નિદેવ યજ્ઞમાં પધારતા ત્યારે એ સ્વર્ગના ઉત્તમ રત્નોને ધારણ કરીને આવતા હતા તે રીતે **મધુચ્છંદા** ઋષિ યજ્ઞમાં ભાગ લઈને પાછા ફરતા ત્યારે રત્ન જેવાં રમણીય ધન—સાધન લાવીને સુદર્શનાને આપતા હતા.

ઋષિના સાથ—સહવાસથી સુદર્શનાનું જીવન પણ સુખ સંતોષથી સારી રીતે ચાલતું હતું. મધુચ્છંદાને તો પહેલેથી જ ફરતા રહેવાની ટેવ હતી, દૂર સુદૂર ફરતા રહેવું અને મધુ શોધવું. મધુતત્ત્વને જાણવા પ્રયત્ન કરતા રહેવું. ગૃહસ્થ તરીકેના જીવન—મહાવ્રતમાં પણ એમણે સારી સફળતા મેળવી હતી.

એ ઋષિએ તો ઘણી ઘણી યાત્રાઓ કરી હતી. સરિતાઓ, સાગરો અને સંગમો જોતાં એમને અનહદ આનંદ થતો હતો. મોટા મોટા ગિરિઓનાં શિખરો પર ચડતાં એમને હૈયે અનેરો ઉત્સાહ જાગતો હતો. હા, એક શિખર પરથી બીજા શિખર પર જવું હોય ને ઊંચેથી નીચે ઉતરવાનું હોય એ એમને ગમતું નહિ. એક ગિરિ પરથી સીધા જ ઉતરાણ કર્યા વિના જ બીજા ગિરિ પર પહોંચી જવાનું એમને મન થતું હતું. એમનું મન એ મનોરથ સેવતું હોય ત્યાં તો એક પક્ષી ઊડીને સામેનાં શિખર પર પહોંચી જતું, ને એમને વિચાર આવતો, 'ભલા હું પક્ષી હોત તો પાંખ ફેલાવીને સામે શિખરે પહોંચી ગયો હોત.'

ત્યાં તો એમના અંતરમાંથી અવાજ ઊઠતો, કહોને કે આકાશવાણી થતી;

'ભલા રે ઋષિ, તમારે પક્ષી બનવાની જરૂર શી ? તમો તો કવિ છો, કલ્પનાની પાંખે ઊડો અને મનની ગતિએ વિહાર કરો; હવે કયાં સુધી ફરવાનું ?'

'સાચું કહ્યું, હવે ભલા ! કયાં સુધી ફરવું ? જ્યાં છીએ, ત્યાં જ આસન જમાવી લેવાનું. આ જીવનને કોક સાગર કહે છે, તો કોક પર્વતરાજ. મારે મન તો જીવન એક વિશાલ પ્રયોગશાળા; મારો તો યજ્ઞ પણ એ જ અને આ યજ્ઞના દેવ અગ્નિ તો પુરોહિત અને દેવરાજ ઇંદ્ર તો યજમાન.'

આમ ભાવના અને કલ્પનાની પાંખે ઊડતાં મધુચ્છંદાએ તો ઇંદ્રની સ્તુતિ કરી અને એમનાં મંત્રમાં દર્શન કરી લીધાં. સાચેજ ઇંદ્ર તો દેવરાજ, એ તો મહાન ગિરિરાજ જેવા. ના રે ના, ગિરિરાજથી પણ મોટા, અંતરિક્ષમાં વસતા એ તો મેઘરાજ. એમનાં વજ્ર તો મેઘને ભેદે અને વર્ષા આવે, ત્યાં તો પૃથ્વી આખી નવપલ્લવિત બની જાય; એવા એ ઇંદ્ર દેવરાજ.

ઋષિએ સ્મરણ કર્યું ને વીજળીને ઝબકારે દેવરાજ ઇંદ્ર આવી પહોંચ્યા. એમણે તો આવતા વેંત જ ઋષિને પૂછવા માંડયું :

'મને બોલાવ્યો તમે ઋષિરાજ ? તમારો યજ્ઞ કયાં છે ? સમિધાઓ કયાં છે ? સોમરસનાં પાત્ર કયાં છે ? અરે યજ્ઞ શરૂ થતા પહેલાં જ તમે તો મને યાદ કર્યો.'

'પધારો, દેવરાજ ઇંદ્ર ! મારા જીવનયજ્ઞની શરૂઆત તો કયારથીય થઈ ગઈ છે. હવે તો પૂર્ણાહુતિ કરવાની છે એટલે આપને યાદ કર્યા છે. સમિધાઓ તો મારી પાસે તૈયાર છે. મારી એક એક કલ્પના જ્ઞાનના અગ્નિને સમિદ્ધ—સળગાવે છે. સોમરસ તો મારી ઋચાઓ છે. મારી આ વાણી ઋચા બનીને, ચરણે ચરણ જોડીને તમારાં મધુર ગાન કરે છે. એક એક સાનુ—શિખર પરથી બીજા સાનુ પર સીધો ચાલ્યો જાઉં, એમ મારી વાણી ગિરા ગિરા બનીને ચરણે ચરણે શિખરોની રચના કરે છે. ગીતિને ગાનારા તમારો મહિમા ગાય છે, ઋચા ભણનારા તમને અર્ચે છે—પૂજે છે, બ્રહ્મમંત્રની યોજના કરનાર તમારાં અર્ઘ્ય અને પૂજન કરે છે. તમારે માટે તો આ બધા ઉદ્યમો રચાયા છે.'

એ ભાવભરી વાણી સાંભળી દેવરાજ હસ્યા અને એમણે જણાવ્યું કે 'ઋષિ, તમે તો ભાવુક છો. જે દેવનાં તમને દર્શન થાય છે તે દેવરૂપે તમે પોતે બની જાઓ છો; તેથી તો અગ્નિનાં દર્શન કરતાં જ તમે પોતે પુરોહિત યજ્ઞના દેવ, ઋત્વિજ અને હોતા બની જાઓ છો. હા, દેવ અગ્નિ તમારાં સૂકાં સમિધ લઈ રાજી થશે. મારે તમારા સૂકાં સમિધ ન ચાલે. હું, તો સોમરસનો પ્રેમી. તમને આ પર્વત પર દૂર દૂર ફરતા જોયા એટલે મને થયું કે 'મારે માટે તમે સોમવલ્લી શોધી રહ્યા છો. એ શોધીને સોમરસ તૈયાર થાય અને પાત્રોમાં ભરી દેવામાં આવે ત્યારે જ મને બોલાવાયને ? ત્યારે કહો: તમે સોમરસ કયાં ભરી રાખ્યો છે ?'

'ઉતાવળા ન થાઓ, દેવરાજ ! તમારે માટે સોમરસ તૈયાર છે. શું ભલા ! એકલી સોમવેલમાં જ સોમરસ ભરી રાખ્યો હશે ? મને તો તમારાં હજાર હજાર નેત્રોથી સોમરસ ટપકતો જણાય છે અને તમારાથી મારું આખું જીવન સોમરસથી સીંચાયું છે. મધુ કહો કે સોમ, મારે મન તો જીવનનાં વ્રતમાં તમારી હાજરી રહેલી છે.

'તમે તો વર્ષા લાવનાર મેઘરાજ. અમૃતનાં છાંટણાં થાય ને સૂકાં સમિધ સોમરસથી ભરપૂર બની જાય. અમારી આ સ્તુતિઓ, ગિરાઓ અને આત્ર ચાઓ સફળ થાઓ ને તમે પ્રસન્ન થાઓ, દેવરાજ !'

'ધન્ય છે તમારી મધુર ભાવનાને અને તમારા જીવનયજ્ઞને. તમારા જીવનની શરૂઆતમાં મારાં આગમન થયાં હતાં, જીવનના મધ્યકાળે તમે મને વાયુની સાથે બોલાવ્યો હતો, તમારા જીવનની સંધ્યાએ તમે મને બોલાવી સોમરસ જેવી મધુર-વાણીનો આસ્વાદ કરાવ્યો છે. સાચે જ ! તમારા જીવનયજ્ઞની પૂર્ણાહુતિનો આ તો માંગલિક પ્રસંગ છે.'

મધુચ્છંદાના યજ્ઞની પૂર્ણાહુતિ કરીને દેવરાજ ઇંદ્રે વિદાય લીધી. એમની સાથે આવેલા દેવો : વાયુ મિત્ર વરુણ અશ્વિનીકુમાર સરસ્વતી પણ ધીરે ધીરે વિદાય લઈ રહ્યાં હતાં, ત્યાં દેવ અગ્નિએ દર્શન આપ્યાં અને એમણે ઋષિ પાસેથી વિદાય માંગી.

જીવનયજ્ઞ પૂર્ણ થતાં વિદાય લેતા દેવોને એ ઋષિ વિસ્મય પામીને જોઈ રહ્યા હતા. એમની વાણી વિરામ પામતી હતી, એમની ઇંદ્રિયોશિથિલ બનતી હતી, એમના શરીરની શક્તિઓ ક્ષીણ થતી હતી, છતાં પણ જીવનની પરમ સિદ્ધિ મેળવી લીધાનો એમને પૂરો સંતોષ હતો.

એક વિદ્યાર્થી તરીકે એમણે જીવનની શરૂઆત કરી. આદર્શ ગૃહસ્થ બનીને એમણે જીવનનો મધ્યકાળ સારી રીતે પસાર કર્યો હતો, કારણ કે જીવનને એમણે યજ્ઞ માન્યો હતો, પ્રયોગશાળા ગણી હતી. એ જીવનના અભ્યાસમાંથી એમને મધુ મળ્યાં હતાં અને મધુતત્ત્વનાં દર્શન થયાં હતાં. એમની આર્ય દૃષ્ટિએ મધુવિજ્ઞાનને શોધી લીધું હતું. જીવનની છેલ્લી સંધ્યાએ એ ઋષિ મધુનું રહસ્ય ઉકેલતા હતા:

'સાચે જ, આ ભૂમિ તો સર્વ ભૂત–પદાર્થોનું મધુ છે અને એ ભૂમિ માટે તો આ બધાં ભૂત–પદાર્થો મધુ છે. એ જ રીતે આ જલ અગ્નિ વાયુ સૂર્ય દિશાઓ ચંદ્ર વીજળી મેઘ આકાશ ધર્મ સત્ય માનવતા આ બધાં જ મારે મન મધુ છે. જે જ્યોતિ આત્મા બનીને મારા જીવનને જગાડે છે તેનો અંતરતમ રસ તો મધુ છે. એ મધુ મધુર છે અને સુંદર પણ !'

મધુચ્છંદા ઋષિ છંદનાં ગાન ગાતાં ગાતાં વિરામ પામી રહ્યા. એમણે જીવનને જે રીતે જોયું જાણ્યું અને માણી લીધું તે જ રીતે એમણે જીવનની પૂર્ણાહુતિ પણ મેળવી લીધી ને એમણે જીવનની પરમ શાંતિ પ્રાપ્ત કરી લીધી.

□

## ૨

# જન્મભૂમિની યાદ

એ ગુરુકુળના કુલપતિ ગુરુ વિશ્વામિત્ર હતા. એ ઋષિ મંત્રદ્રષ્ટા હતા. જે મંત્રનાં એમને દર્શન થતાં તે મંત્રનાં દાન કરવાની એમણે ભાવના સેવી હતી. અને એ જ કારણે એમણે પોતાની જ વ્યવસ્થા પ્રમાણેના ગુરુકુલની રચના કરી હતી. આમ એ પોતે જ મંત્રદ્રષ્ટા, મંત્રના ગાયક અને મંત્રના દાતા બન્યા હતા.

એમના ગુરુકુળમાં જે વિદ્યાર્થીઓ નિવાસ કરે તે વિદ્યાના અભ્યાસી હોય જ; વિશેષમાં વિશ્વામિત્ર એમને મંત્રનાં દાન કરે; એ ભાવે એ મંત્રદાતા પિતા પણ ગણાતા હતા. આમ સોએક વિદ્યાર્થીઓ એમના ગુરુકુળમાં આવીને વસ્યા હતા તે બધાને મંત્રનાં દાન કર્યાં હતાં. એ રીતે દરેક વિદ્યાર્થી ઋષિને પિતા ગણીને ગુરુકુળમાં નિવાસ કરતો હતો.

એ સોએ સો પુત્રોને ગુરુની પાસેથી મંત્રની સિદ્ધિ પ્રાપ્ત થઈ હતી. ગુરુકુળમાં વાસ કરવાથી એમને હૈયે મમતા જાગે કે 'આ ગુરુકુળ તો અમારું છે અને વિશ્વામિત્ર તો અમારા પિતા છે.' એ સ્વાભાવિક હતું અને તેથી એમને હૈયે કુટુંબભાવ પણ જાગ્યો હતો.

સાચે જ, એ વિશ્વામિત્ર તો વિશ્વના મિત્ર બન્યા પરંતુ એ પહેલાં એમણે જીવનમાં અનેક યાતનાઓ વેઠી, તપ તપીને મંત્રદર્શનની સિદ્ધિ મેળવી લીધી.

જેને હૈયે સાચી જિજ્ઞાસા જાગી હતી તેવો એક વિદ્યાર્થી એ ઋષિને મળી ગયો હતો. એને તો ઋષિના જીવન વિશે જાણવું હતું. એણે હાથ જોડી, નમ્રતાથી પૂછ્યું:

'ભગવન્, આપ તો પહેલાં રાજા હતા ને?'

'હા, એક વખત હું રાજા હતો અને રાજ્ય કરતો હતો. એ રાજ્યની સત્તા મળતાં હું ભાન ભૂલ્યો અને મારે હૈયે ક્રોધ જાગ્યો. એ ક્રોધમાં ને ક્રોધમાં મેં રાજ્ય છોડ્યું અને તપ શરૂ કર્યાં. પરમ તપ તપીને મેં ક્રોધને ઓગાળી નાખ્યો. તપની સિદ્ધિ મને મળી રહી હતી, ને ત્યાં ઇંદ્રનાં આસન ડોલવા લાગ્યાં.'

'જી હા, આપના એ તપસ્વી જીવનમાં એક અડચણ આવીને ઊભી રહી, બરાબર ?' મુનિ વિશ્વામિત્રને ચલિત કરવા મેનકા આવી હતી, એ કથા વિદ્યાર્થી જાણતો હતો.

'હા, એને કારણે મારાં તપ ચલિત થયાં; એ બનાવને તો બધા જ જાણે છે. મેં તો ફરી પાછાં તપ આદર્યાં. પહેલાંના તપથી ક્રોધ ગળી ગયા તો આ તપથી મારા કામ ગળવા લાગ્યા, પણ એ માટે મારે ઘણાં ઘોર અને કઠોર તપ કરવાં પડેલાં.'

'તેથી તો આપ રાજર્ષિ મટી બ્રહ્મર્ષિ બન્યા, હવે તો મંત્રદ્રષ્ટા.'

'સાચી વાત છે તારી, દેવરાત ! જીવનના માર્ગની એ બધી પદ્ધતિઓ છે; કેટલીક ઊંચે લઈ જાય છે, તો બીજી કેટલીક નીચે ઉતારી ફરી ઊંચે દોરી જાય છે.'

'ગુરુદેવ ! જે મંત્રોનાં દર્શન આપને થયાં તેઓનાં રહસ્ય પણ આપે તો ઉકેલ્યાં હશે ને.'

'જરૂર, આ સકલ વિશ્વને મેં મિત્રની દૃષ્ટિએ જોયું અને જાણ્યું. મારા જીવનમાં નવા પ્રાણોનો ઉદય થયો અને એ પ્રાણે વિશ્વને પ્રેરણા આપી. હું એક વ્યક્તિ મટી ગયો અને વિશ્વરૂપ બની ગયો. વિશ્વના દેવોએ અને શરીરમાં વસતા પ્રાણોએ મારા જીવનનાં ઘડતર કર્યાં અને હું **વિશ્વામિત્ર**–વિશ્વનો મિત્ર બની રહ્યો.'

વિશ્વામિત્રના હૈયાના ભાવને જગાડનારો એ દેવરાત ગુરુકુળમાં નવો આવનાર વિદ્યાર્થી હતો, પણ ગુરુના હૃદયને એણે જાણી લીધું હતું, એમના જીવનમાં રહસ્ય ઉકેલી સાચી સમજણ મેળવવા માટેનો એનો ઉદ્યોગ હતો. એ કારણે તો તે પ્રિય વિદ્યાર્થી પ્રિયતમ પુત્ર બની રહ્યો.

ગુરુકુળમાં નિવાસ કરતા સોએ સો પુત્રોને મુનિવર વિશ્વામિત્રે પોતાની પાસે બોલાવ્યા અને એમને આદેશ આપ્યો :

'હે પ્રિય પુત્રો, મારા ગુરુકુળના તમે જૂના વિદ્યાર્થીઓ છો એ કારણે તમને મારાં રિદ્ધિસિદ્ધિનાં સાધન પૂરતાં મળી ગયાં છે. આ દેવરાત આપણા ગુરુકુળમાં તમારા પછી આવ્યો છે, પરંતુ મારા જીવનનાં રહસ્ય ઉકેલી એણે સાચી સમજણ મેળવી લીધી છે. એ સાથે એણે મારું હૃદય પણ જીતી લીધું છે; એ કારણે આશ્રમના વડા વિદ્યાર્થી તરીકે હું એને નીમું છું. એનો તમે 'મોટા ભાઈ' તરીકે સ્વીકાર કરો. એને તમારી રિદ્ધિસિદ્ધિઓ જોઈતી નથી. એ તો મંત્રદ્રષ્ટા ઋષિ છે; જીવનની સાચી સંપત્તિ એણે મેળવી લીધી છે.'

ગુરુકુળના સો વિદ્યાર્થીઓમાંથી પચાસ પુત્રોએ તો મુનિવરનો આદેશ માથે ચડાવ્યો. એમણે જણાવ્યું કે 'ગુરુદેવ, પિતાજી ! અમને તમારો આદેશ શિરોમાન્ય છે. અમારે તો તમારી આજ્ઞા મધુર ગણી લેવાની અને અમારા જીવનનો એ જ છંદ રહેવાનો.'

'વાહ વાહ, તમે બધા **મધુચ્છંદા** છો. દેવરાતને મોટાભાઈ માનીને તમે આપણા ગુરુકુળની પ્રતિષ્ઠા વધારી છે.'

બાકીના પચાસ પુત્રોએ મુનિવરનો આદેશ પાળવાની ના પાડી દીધી. એ પુત્રો ગુરુકુલમાં મળતા જૂના હક્ક છોડવા તૈયાર નહોતા. એમણે એમ માની લીધું હતું કે 'અમે મોટા છીએ.' મોટાના હક્ક કોઈ છીનવી લે, પછી ભલા, બાકી શું રહ્યું ? આમ હક્ક સાચવવાના ભયમાં પડીને એમણે મુનિવરનો આદેશ માન્યો નહિ અને સ્વચ્છંદનો માર્ગ પકડી લીધો.

વિશ્વામિત્રના હૈયે તો ભારે વિમાસણ જાગી; 'અરે, આ શું ? જેમને મેં પુત્ર સમજીને મંત્રનાં દાન કર્યાં તેમને મારી સંપત્તિ જોઈએ છે, પણ મારો આદેશ માનવો નથી.' એમને હૈયે પુણ્યપ્રકોપ જાગ્યો અને જણાવી દીધું :

'જેમને મારો આદેશ માનવો ન હોય ને સ્વચ્છંદ પ્રમાણે વર્તવું હોય તેમને મારા ગુરુકુળમાં રહેવાનો અધિકાર નથી. મારી આજ્ઞાને અનુસરનાર આ પચાસ પુત્રો તો મધુચ્છંદાઓ છે, બાકીના પચાસ પુત્રોને સ્વચ્છંદી બનવું હોય તો એમને ગુરુકુળમાં રાખીને મારે કરવું શું ? તમે બધા મારા ગુરુકુળમાંથી ચાલ્યા જાઓ.'

મુનિવરનો એ ઉગ્ર કોપ જોઈને પચાસ પુત્રોએ ગુરુકુળ છોડી દીધું. એ સ્વચ્છંદી વિદ્યાર્થીઓ જે જે ગુરુકુળમાં ગયા, ત્યાં બધેથી એમને તો જાકારો જ મળ્યો. ગુરુકુળોથી પુણ્યપવિત્ર બનેલી આર્યભૂમિ છોડીને એમણે આગળ પ્રયાણ કર્યાં. હિમાલય પ્રદેશ છોડીને એ આગળ વધ્યા અને વૈરસ્થાન—બલુચિસ્તાન પહોંચી ગયા. ત્યાંથી આગળ વધીને એ ઋષિમુનિઓ આર્માન્ય—ઈરાનપ્રદેશમાં પહોંચી ગયા.

ત્યાં કેટલાક લોક આર્યભૂમિ છોડીને પહેલેથી વસી ગયા હતા. તે લોકોએ આ ઋષિમુનિઓનાં ઘણી સારી રીતે સ્વાગત કર્યાં. એમણે જણાવ્યું કે 'તમે ભલે આવ્યા. અહીં તમારે માટે સુખસમૃદ્ધિનાં ઘણાં સાધન અમે વસાવ્યાં છે. અન્ન, વસ્ત્ર અને વાસની ચિંતા તમારે કરવી નહીં પડે. હા, જે પુણ્ય ભૂમિમાંથી તમે આવ્યા છો તે ભૂમિના સંસ્કાર સાથે લાવ્યા હશો તો અમને ઘણો આનંદ

થશે. અમારાં બાળકોને તમે એ પવિત્ર સંસ્કારો આપો અને એમનાં જીવન ધન્ય બનાવો.'

એ ઋષિમુનિઓને ત્યાં મનભાવતાં ભોજન મળી ગયાં. એમને સ્વચ્છંદે વિહાર કરવાની સગવડ કરી આપવામાં આવી. તે લોકોનાં બાળકોને સંસ્કાર તો આપવા માંડ્યા, કારણ કે બીજાં કોઈ કામ એમને કરવાનાં નહોતાં, પરંતુ ત્યાંની રહેણીકરણીને વશ થઈ તે ઋષિઓ પુણ્યભૂમિના સંસ્કાર ભૂલવા લાગ્યા ને પછી તો પ્રાકૃત જનોની જેમ જ રહેવા લાગ્યા. બીજાઓની જેમ જ ખાવા, પીવા ને ખેલવામાં જ એમને તો જીવનની સફળતા દેખાવા લાગી, પછી એમને હૈયે સંસ્કારો જાગે શી રીતે ?

એ ઋષિમુનિઓની સાથે એક નાનો વિદ્યાર્થી પણ ગયો હતો. એ મધુચ્છંદાનો પુત્ર હતો અને એણે મુનિવર વિશ્વામિત્ર પાસેથી મંત્રનાં દાન લીધાં હતાં. એ આજ્ઞામાં એને પણ અન્યાય થતો દેખાયો, તેથી એ પણ પોતાના કાકાઓની સાથે ચાલી નીકળ્યો હતો. આર્યભૂમિથી દૂરના એ અજાણ્યા પ્રદેશમાં આ બ્રહ્મચારી આવી પહોંચ્યો તો ખરો, પણ એને ત્યાં રહેવું ગમતું નહોતું. પશુની જેમ જ આહાર વિહાર કરતા લોકોને એ જોતો અને એનું મન ગભરાઈ જતું. એ લોકોનાં બાળકોને પોતાના કાકાઓ સંસ્કારો આપવા મથતા હતા, પરંતુ અધિકાર વિનાના પાત્રમાં એ સંસ્કારોની છાપ જામે ખરી કે ?

પોતાના કાકાઓ અહીં આવીને વધારે સ્વચ્છંદી બની ગયા. એમને ભોગનાં બધાં જ સાધન મળી ગયાં. એમને સંગી પણ એવા જ મળ્યા. એમને ત્યાંનું જીવન માફક આવી ગયું, પરંતુ આ બ્રહ્મચારીને પોતાની જન્મભૂમિની યાદ વારંવાર આવતી હતી. ત્યાંનું જીવન એને બિલકુલ ગોઠતું નહોતું; એ તો વિચારમાં જ પડી ગયો હતો :

'અરે, ભલા ! આ તે કાંઈ જીવન છે? અહીં સવારે વહેલા ઊઠવાનું નથી, પછી મંત્રોના ઘોષ તો ક્યાંથી જ જાગે ? અહીં અગ્નિશાળાઓ નથી અને અગ્નિ સમિદ્ધ થતા નથી, પછી સમિધાઓ તો લાવવાની જરૂર શી ? ને સ્વાધ્યાયપાઠ પણ શું કામ કરવાના ? અહીં તો પથારીમાંથી જાગો એ પહેલાં તો નાસ્તા પાણી તૈયાર. આમ તેમ આંટાફેરા મારો ત્યાં તો ખાવા પીવાનું તૈયાર. થોડું હરવા ફરવા જાઓ ને પાછા ફરો ત્યાં તો ભોજનના થાળ આવી જ પહોંચ્યા હોય ! બસ ખાઓ, પીઓ અને હરો ફરો, તેમજ આખો દિવસ એની જ ચર્ચા કરો. પશુ પંખીની જેમ આખો દિવસ ચર્યા કરે અને ફર્યા કરે, એવા આ તો નરપશુ !'

નરપશુ જેવા લોકોની સંગે સ્વચ્છંદી કાકાઓ ચઢ્યા હતા ને એમની પાછળ આ નાનો બ્રહ્મચારી ખેંચાતો હતો, પણ એને જન્મભૂમિની યાદ વારંવાર સતાવ્યા કરતી હતી.

'આહા, કેવું પવિત્ર એ વાતાવરણ! પક્ષીઓના કલરવ થતા પહેલાં તો ઋષિઓ જાગી ગયા હોય અને મધુર સ્વરે સ્તુતિઓ ગવાતી હોય!'

થોડાં વર્ષ એના કાકાઓની સંગે ખેંચાણમાં જ ચાલ્યાં ગયાં, ત્યાં તો એ ભોગભૂમિમાં દુકાળ પડ્યો. અન્નજળ ખૂટવા લાગ્યાં. નાનાં જીવજંતુઓને મોટાં પ્રાણીઓ ગળી જવા લાગ્યાં. પશુઓની જેમજ નબળા નરપશુઓ પણ સબળા નરપશુઓના ભોગ બનવા લાગ્યા. બધે જ 'ખાઉં ખાઉં'નું ભૂત ફરતું હતું.

નાનો બ્રહ્મચારી એ દેશની દુર્દશા જોઈ રહ્યો હતો. એને હૈયે કરુણા જાગી હતી. મુનિવર વિશ્વામિત્રે આપેલો મંત્ર એને હૈયે ગુંજતો હતો: 'સૌને મિત્ર જુઓ, સૌના દુઃખમાં ભાગ લો અને સૌનું હિત કરો.'

એ મંત્રનાં દર્શન થતાં જ એના પ્રાણ જાગી જતા હતા. પ્રાણનાં બલ અને ચેતનાથી એની ઇંદ્રિયો સતેજ બની ચેતના જગવતી હતી; એની સાથે જ એની ઇંદ્રિયોના દેવ ઇંદ્રરાજનાં એને દર્શન થતાં હતાં. એ ઇંદ્રરાજની કૃપા થાય તો મેઘ વરસે અને દુષ્કાળનાં પાપ ટળે; એ ભાવે એણે સ્તુતિ ભણવા માંડી:

'પધારો, મારા દેવ ઇંદ્રરાજ, ઘણે ઘણે દૂરથી તમને યાદ કરું છું ને તમારી સ્તુતિ કરું છું. તમે તો નવા નવા ભાવોને જોડનાર યુવા છો અને કવિ છો. તમે પુરોને ભેદનારા પુરંદર છો. તમે ગુફાઓ અને બિલનાં દ્વાર ખોલનારા છો. સિંધુની આ પારે તમે આવી પહોંચો. તમે જેતા અને અપરાજિત છો. તમે અહીં આવી વર્ષાનાં દાન કરો.'

ત્યાં તો આકાશમંડળ ઘેરાવા લાગ્યું, વીજળીઓ ચમકવા લાગી, મેઘો ગરજવા લાગ્યા અને વર્ષાની ઝડીઓ શરૂ થઈ ગઈ. એ દેશના લોકોને લાગ્યું કે, 'સાચે જ, આ નાના બ્રહ્મચારીએ તો ચમત્કાર કરી બતાવ્યા. એની જ પ્રેરણાથી અને સ્તુતિથી મેઘોની વર્ષા થઈ છે.'

એના કાકાઓ તો મંત્રોની રિદ્ધિસિદ્ધિ ગુમાવી બેઠા હતા, પરંતુ બ્રહ્મચારીએ બતાવેલ સિદ્ધિના પ્રભાવથી એઓ અંજાઈ ગયા. એઓ એની પર ખૂબ જ પ્રસન્ન થયા અને એને વિશેષ આદરમાન આપવા લાગ્યા.

પરંતુ ભલા, ચમત્કાર કેટલા દિવસના? દુકાળના દિવસ પૂરા થયા અને સુકાળ શરૂ થયો, ને લોકો ભોગોનાં સાધન ભેગાં કરવામાં મશગૂલ બની ગયા. 'ખાવા, પીવા ને ખેલવામાં' પાછા એઓ લાગી ગયા.

એક જ એ નાનો બ્રહ્મચારી ભોગસાધનોમાં ખેંચાયો નહિ, એને તો એ ભોગભૂમિ છોડી દેવી હતી. પોતાની પવિત્ર જન્મભૂમિને એ સદાય યાદ કરતો હતો. એ બધા પ્રકારના ભોગોના પાશમાંથી છૂટવા માંગતો હતો, પરંતુ એના કાકાઓ એને ખેંચી રાખતા હતા, ત્યાંના લોકો પણ એને લોભ લાલચમાં ફસાવવા મહેનત કરતા હતા. એની ચારે બાજુ ભોગલાલચની માયાઓ ફર્યા કરતી અને એ પવિત્ર બટુકને અંધ બનાવી પોતાની અંદર ફસાવવા માંગતી હતી, પરંતુ એ બ્રહ્મચારીને હૈયે દેવરાજ ઇંદ્ર બિરાજ્યા હતા અને એમની દિવ્યશક્તિઓ દિવ્ય ચેતનાઓ આંધળી માયાજાળને ભેદી સાચો માર્ગ બતાવતી હતી.

એક દિવસે ઇંદ્રની ચેતનાની રાહે એ બટુક બ્રહ્મચારીએ ભોગભૂમિ છોડી દીધી અને તેણે જન્મભૂમિનો રાહ લીધો. દૂર દૂરથી એને કોઈ આગળ ને આગળ માર્ગનાં દર્શન કરાવતું હતું. ઘણી ઘણી અડચણો વેઠી દિવ્ય ચેતનાની રાહે એ આગળ વધી રહ્યો હતો. હિમાલયનાં શિખર ઓળંગતો અને ઊંડી ખીણો વટાવતો એ બ્રહ્મચારી સિંધુ નદીને કિનારે આવી પહોંચ્યો.

જન્મભૂમિનાં દર્શન થતાં જ એનું હૈયું શાંત બન્યું, એના થાક ઓસરી ગયા, એનાં ભૂખ અને તરસ શમી ગયાં. આખરે એ બ્રહ્મચારી મુનિવર વિશ્વામિત્રના ગુરુકુળમાં આવી પહોંચ્યો.

એને પાછો આવેલ જોઈને એના પિતા મધુચ્છંદા ખૂબ જ પ્રસન્ન થયા. પિતાના પણ પિતા અને પોતાના મંત્રદાતા મુનિવર વિશ્વામિત્રનાં ચરણ પકડી એણે સાષ્ટાંગ દંડવત પ્રણામ કર્યા અને પોતે કરેલા અપરાધની ક્ષમા માગી. આજે એને હૈયે પરમ શાંતિ જામી હતી. એણે જે સાચાં ધન, જે પરમ સાધન ગુમાવ્યાં હતાં, એને આજે તે પાછાં મેળવી રહ્યો હતો.

ક્ષમાશીલ ઋષિવરે એ બ્રહ્મચારીને શુભાશિષ આપતાં જણાવ્યું કે 'પુત્ર, તને ધન્ય છે. ભોગભૂમિમાં જઈને પણ તું ફસાયો નહિ, તેં તો ભોગો પર પૂરેપૂરો વિજય મેળવી લીધો અને અપરાજિત—જેતા બનીને તું જન્મભૂમિમાં પાછો ફર્યો છે. સાચે જ, તને જે દેવરાજ ઇંદ્રનાં દર્શન થયાં તે ઇંદ્રને તેં તારા જીવનના સખા બનાવી દીધા છે. એ ઇંદ્રની તેં સ્તુતિ કરી; જે દેવરાજ તો અનેરા જેતા અને અપરાજિત છે.

'પુત્ર, તેં જે દેવની જીવનભર આરાધના કરી તે દેવના ગુણ તારામાં ખીલી ઊઠ્યા છે. તું એ ભોગભૂમિ છોડી અપરાજિત રહી આપણી જન્મભૂમિમાં પાછો આવ્યો છે, માટે તું **જેતા** છે અને જેતા બનીને આખું જીવન સફળ કરજે.'

મુનિ વિશ્વામિત્રે એ વિજયી બટુક બ્રહ્મચારીનું નામ **જેતા** રાખ્યું અને ગુરુકુળના સૌ ઋષિજનોએ એને વધાવી લીધો.

□

# ૩

# મોટી વિદ્યા કઈ ?

એ ઋષિનું નામ મેધાતિથિ, જેણે સઘળાં શાસ્ત્રોના સાર જાણી લીધા. એની મેધા–બુદ્ધિ તો જાગી ગણાય. બુદ્ધિને જગાડવા માટે પહેલાં તો ભણવું જોઈએ; તો જ શાસ્ત્ર શું એની સમજણ આવે અને એ પછી જ સારાસારનો વિવેક પણ !

એ મેધાતિથિ વિદ્યા મેળવવા માટે એક ગુરુકુળમાં દાખલ થયો. વાચસ્પતિ ત્યાંના આચાર્ય હતા. વાણી તો કલાની શાખા અને એના પ્રતિપાલક તે તો કલાગુરુ ગણાય. વાણી એ તો સાક્ષાત્ સરસ્વતી અને વિદ્વાનોના મુખની શોભા ! સાહિત્યનો મુખ્ય વિષય કલા ગણાય, એ રીતે કાવ્યવિચારણા અને કાવ્યશાસ્ત્ર એકલા વિનોદ માટે થયાં નથી. કવિતા એ તો કવિની રચના, ભાવના અને સંવેદના. એને જ કાવ્યનો આત્મા ગણ્યો છે.

એ વાચસ્પતિના ગુરુકુળમાં મોટા મોટા કવિઓ આવે, ત્યાં કવિતાઓ ગવાય અને ઋચાઓ ભણાય. ગીતની સાથે નૃત્ત રચાય, નાટક ખેલાય, વાદ–સંવાદ રચાય ને આખું વાતાવરણ ઉત્સાહમાં તરબોળ બને.

મેધાતિથિ તો વિદ્યાર્થી હતો; એને તો વિદ્યા મેળવવી હતી, જેથી મેધા જાગે. હવે ભલા, આ કલા કલા ગણાય કે વિદ્યા ? એ પ્રશ્ન એને હૈયે જાગ્યો હતો. ઘણા ઘણા કવિઓની સાથે એણે ચર્ચા વિચારણા કરી હતી. કુલપતિની પાસે બેસીને એણે કાવ્યશાસ્ત્રના સિદ્ધાંત સાંભળી લીધા હતા અને કવિતાના ગુણદોષ પણ જાણ્યા હતા, પરંતુ એ બધું જાણવાથી એની મેધા જાગી નહિ. એ વાચસ્પતિ ગુરુની પાસે ગયો અને એમણે એને યોગ્ય સલાહ આપી:

'શિષ્ય, તું કલાશાખાની વિદ્યા મેળવે એવું મને લાગતું નથી, તું કોઈ બીજી વિદ્યા મેળવી લે.'

કલાગુરુ વાચસ્પતિની માર્ગદર્શી ભાવનાને વંદન કરી એણે વિદાય લીધી. દૂરના એક જનપદમાં બ્રહ્મણસ્પતિનું ગુરુકુળ હતું. બ્રહ્મનાં તો જ્ઞાન અને વિજ્ઞાન

એની શાખા તો વિજ્ઞાનની પ્રયોગશાળા અને બ્રહ્મણસ્પતિ તો વિજ્ઞાનશાળાના આચાર્ય.

બ્રહ્મણસ્પતિના એ ગુરુકુળમાં મોટા મોટા જ્ઞાનીઓ વિજ્ઞાનીઓ સાથે જુદા જુદા પદાર્થો વિશે ચર્ચાવિચારણાઓ ગોઠવાય. નાના મોટા પ્રયોગ યોજાય, અખતરાઓ થાય અને સારાસારનો વિચાર થાય. પ્રયોગ સફળ થાય તો અને નિષ્ફળ જાય તોય નવું શોધવાનો ઉત્સાહ જાગે.

એ પ્રયોગો જોવામાં મેધાતિથિ પૂરો રસ લે. જ્ઞાનીઓ વિજ્ઞાનીઓ પાસે બેસી એમની ચર્ચાવિચારણા સાંભળે. બ્રહ્મણસ્પતિનો સમાગમ સાધે. એ વિજ્ઞાનના ગુરુ તો ગૂઢ ગંભીર તત્ત્વની શોધમાં મગ્ન રહ્યા કરે. એમની પાસે જે વિદ્યાર્થી જાય તેને પણ એકાદ પદાર્થપાઠ આપીને પ્રયોગ કરવાનું સૂચવે અને એની રીતો જણાવે.

મેધાતિથિને હૈયે એક વિચાર જાગ્યો :

'જો આ જ્ઞાન અને વિજ્ઞાન એકાદ પ્રયોગ પૂરતું મર્યાદિત હોય અથવા તો એના પ્રયોગોમાં બીજાનાં અનુકરણ કરવાનાં હોય તો એ વિદ્યા ગણાય ?'

જ્ઞાનવિજ્ઞાનના એ ગુરુકુળમાં પણ એ વિદ્યાર્થીને જાણવાનું–ભણવાનું મળ્યું નહિ અને બ્રહ્મણસ્પતિને વંદના કરી એણે ત્યાંથી વિદાય લીધી.

કોઈક દૂરના અરણ્યમાં બૃહસ્પતિનું ગુરુકુળ; તેમાં એણે પ્રવેશ મેળવી લીધો. બૃહત્ તો આ વિશાળ જીવન અને એ જીવનનો વિચાર કરનાર આયુર્વેદ, એની શાખાના પતિ તો ભિષગ્ વૈદ્યરાજ. આયુર્વેદનાં જ્ઞાન અને વિજ્ઞાનની સાથે સાથે જીવવિદ્યા અને યોગવિદ્યા આવી જાય, એ સાથે માનસશાસ્ત્ર અને પ્રાણશાસ્ત્ર પણ હોય જ !

અરણ્યમાં તો વનસ્પતિ–ઓષધિઓની વચમાં રહેવાનું, એટલે એઓનો પરિચય તો થઈ જાય; એ સાથે એઓની પાસેથી શીખ પણ લેવાની અને એઓની ગુરુપદે સ્થાપના કરવાની.

મેધાતિથિને આયુર્વેદની બૃહત્‌વિદ્યાશાખામાં રસ જાગ્યો તેમ જ કુલગુરુ બૃહસ્પતિ માટે એને વિશેષ આદર-સંમાન પણ જાગ્યાં. એને હૈયે જાગ્યું કે : 'એકલી કલા કે એકલાં જ્ઞાનવિજ્ઞાન માનવનના જીવનમાં વિશેષ ઉપયોગી બનતાં નથી, પરંતુ આ બૃહત્ વિદ્યા તો જીવનના દરેક ક્ષેત્રમાં કામ આવે છે.'

એ વિદ્યાર્થીએ આયુર્વેદના ગુરુકુળમાં થોડાં વર્ષ નિવાસ કર્યો, પરંતુ ત્યાં એને એક વાતની ઊણપ દેખાવા લાગી. એ વિદ્યાશાખા બૃહત્–વિશાળ હતી અને

કુલગુરુ બૃહસ્પતિનું કાર્યક્ષેત્ર પણ ઘણું વિશાળ હતું, પરંતુ ત્યાં પ્રયોગ કરતા બે વિચારકો એક મત પર કે એક નિર્ણય પર આવી શકતા નહોતા. કોઈ એક કશી શંકા કરે તો બીજો વિચારક એનું સમાધાન કરી શકે નહિ. એના મનમાં વળી કોઈક સંશય જાગે તેનો ઉકેલ બીજાની પાસેથી મળે નહિ અને આમ બધી જ બાબતોમાં સંશય રહ્યા કરે.

એ ગુરુકુળના બૃહસ્પતિ સર્વ રીતે સમર્થ હતા, પરંતુ એ પોતે તો યોગી અને તપસ્વી હતા, વિશેષમાં આત્મારામ. એમની હાજરીમાં જે કોઈ રહે તેના તો સંશય મટી જાય, પણ એ માટે અપાર ધીરજ જોઈએ. સમાધિ ને યોગમાં રાત-દિવસો પસાર થઈ જાય એની એમને તો દરકાર ઓછી. જ્યારે એ ગુરુદેવ યોગ-સમાધિમાંથી જાગે ત્યારે ગુરુકુળનાં જ કેટકેટલાં કાર્ય અધૂરાં પડ્યાં હોય અને એમના નિર્ણયની રાહ જોવાતી હોય.

મેધાતિથિને ત્યાં નિવાસ કરવાનું તો ગમી ગયું હતું. એને વિદ્યા મેળવીને એક ઠેકાણે બેસી રહેવાનું તો ગમે નહિ. એને એવી વિદ્યા મેળવવી હતી, જેનાથી એની મેધા જાગે અને સારાસારનો વિવેક આવી જાય. વિદ્યાઓની શોધ કરવા માટે તો એણે પોતાનું આખું જીવન સમર્પિત કર્યું હતું. દૂર દૂરની યાત્રાઓ કરતાં એને કાંઈ થાક લાગ્યા નહોતા; એને તો જુદી જુદી વિદ્યાશાખાઓના અનુ-ભવો મળતા હતા અને એ રીતે એના જીવનના અનુભવોમાં વધારો થતો હતો.

બૃહસ્પતિના એ પ્રિય ગુરુકુળને પણ એણે તો છોડયું અને ત્યાંથી આગળ યાત્રા શરૂ કરી. ચાલતાં ચાલતાં બે ત્રણ પ્રદેશોના ત્રિભેટા પર એ આવી પહોંચ્યો. ત્યાં સદસ્પતિનું ગુરુકુળ હતું. સદસ્ તો સભા અને એના બધા સભ્યો તો સભાસદો. આ ગુરુકુળ તો મોટું એક વિદ્યાધામ હતું. ગુરુ-શિષ્યોના સંવાદ રચનારી ત્યાં તો કેટકેટલી સંસદો હતી. એ સાથે રાજાઓ અને પ્રજાજનોને જોડનારો પરિષદો હતી. એ ઉપરાંત આચાર્યો અને સિદ્ધપુરુષોની રહસ્યમયી ગુપ્ત ચર્ચાઓ યોજનારી ઉપનિષદો પણ હતી.

આ ગુરુકુળમાં તો મેધાતિથિને બધા જ પ્રકારે ગોઠી જાય એવું હતું. એને હૈયે ગુરુ સદસ્પતિ માટે અનેરો આદરભાવ જાગ્યો હતો, તેથી એણે વિનય ભાવે ઋચાઓ જોડીને સ્તુતિ કરવા માંડી :

"હું આજે એક અદ્દભુત વિદ્યાગુરુ સદસ્પતિ પાસે આવી પહોંચ્યો છું, જે દેવરાજ ઇંદ્રને પ્રિય છે અને જેની સ્તુતિ આરાધના બધા જનો કરે છે. મને સાચાં ધન જેમ અને મારી મેધા જાગે, એ કારણે હું તેમની પાસે આવી પહોંચ્યો છું.

સાચી વાત આ છે કે વિદ્વાન ગમે તેવો બુદ્ધિશાળી અને જ્ઞાની હોય, પરંતુ જ્યાં સુધી સદસ્પતિનો સુયોગ ન સાધે ત્યાં સુધી એની બુદ્ધિ જાગે જ નહિ. એ સદસ્પતિ મારી બુદ્ધિઓના સુયોગને મેળવી આપો.'

એ સદસ્પતિ મહારાજનો સુયોગ સાધવા માટે ઘણા ઘણા બુદ્ધિશાળી જન આવતા હતા. એમને આંગણે કવિઓ આવતા અને અવનવી કવિતાઓ સંભળાવતા હતા. જ્ઞાનીઓ અને વિજ્ઞાનીઓ એમની સલાહ લેતા હતા. વૈદ્યો અને જીવ-શાસ્ત્રીઓ, માનસવિજ્ઞાનીઓ અને નીતિવિદો એમની સાથે ચર્ચાઓ કરી સંશયોનાં નિવારણ કરતા હતા.

એ સદસ્પતિ મહારાજમાં એક અદ્ભુત શક્તિ હતી. એમને સર્વ પ્રકારનાં કાર્યોનાં સંયોજન કરવાં પડતાં, જેમ કે પોતાના ગુરુકુળમાં એઓ અનેક સંમેલનોનાં આયોજન કરતા હતા. તેઓમાં જુદા જુદા પ્રદેશોના રાજાઓ અને પ્રજાજનો ભાગ લેતા હતા. એ રીતે બધા લોકોના સાથ સહકાર સધાય તેવી મંડળીઓની રચનાઓ કરીને પ્રજાનાં કાર્યો કરવા માટે અધિકારી જનો અને એ સભાના સંયોજક એ પોતે સદસ્પતિ સદા સાવધાન અને જાગરૂક રહેતા હતા.

એ મેધાતિથિ વિદ્યાર્થીની મેધાશક્તિ હવે તો પૂરેપૂરી ખીલી ઊઠી હતી. જુદી જુદી વિદ્યાઓનાં અનેક ગુરુકુળોમાં નિવાસ કરીને એણે મધમાખની જેમ વિદ્યાઓના સારરૂપ મધુનો સંચય કરી લીધો હતો. માનો ને કે એક અદ્ભુત ખાણ–ખજાનો જ એણે અનુભવોના પરિણામે મેળવી લીધો હતો; એ રીતે કેટલીક ઓળખાણો એણે પ્રાપ્ત કરી હતી.

કવિજનો જે અગ્નિદેવની સ્તુતિ કરતા હતા, તે અગ્નિદેવનાં દર્શન એણે સારી રીતે કરી લીધાં હતાં. જ્ઞાનીઓના દેવ વરુણ, વિજ્ઞાનીઓના દેવ સવિતા, વૈદ્યોના દેવરાજ ઇંદ્ર, સમાજના દેવ વિશ્વેદેવો અને મરુતો, એ પ્રકારે સર્વનાં કલ્યાણ સાધતા વિવિધ દેવોના પરિચયમાં આવવાના સુયોગો એને ઘણી વાર મળી ગયા હતા. એને જે કોઈ દેવની ઓળખાણ થતી હતી તેની નિકટ વસવાનું એને મન થતું હતું અને એ રીતે દરેક દેવની પાસે રહેલી દિવ્ય શક્તિનાં એને દર્શન થતાં હતાં, જે સાચે જ માનવજીવનમાં તો ઘણો મોટો લાભ ગણાય.

અનુભવોના નિચોડ રૂપે એણે એક નિર્ણય કરી લીધો હતો કે શક્તિ વિના દેવો પણ કશું કરી શકતા નથી. આપણે જે દેવોની સ્તુતિઓ કરીએ છીએ, તે દેવો પણ શક્તિની સાધના કરે, તો પછી આ બધા દેવોને આપણા જીવનમાં—યજ્ઞમાં એકલા શા માટે બોલાવવા ?

એને હૈયે જે ભાવ જાગતો હતો તેને સ્તુતિમાં વણીને એ જણાવતો હતો :

'હે દેવ અગ્નિ, અમારા આ યજ્ઞમાં તમે બધા દેવોને લાવો ત્યારે દેવોની પત્નીઓને પણ સાથે લેતા આવજો. એ ઉપરાંત જે દેવીઓ સર્વ રીતે સમર્થ અને સ્વતંત્ર છે તેમને પણ બોલાવી લાવજો. એમાં ભારતી, વાણી, દેવી ઈળા, મહી, આ બધી દેવીઓ અમારે મન પરીઓ છે, જેમને પાંખો છે અને જે પાંખો કદી છેદાતી નથી.

'અમારાં આ યજ્ઞકર્મોમાં ઇંદ્રની સાથે ઇંદ્રાણીને, વરુણની સાથે વરુણાનીને, અગ્નિની સાથે અગ્નાયીને સોમનાં પાન કરવા અને અમારાં સ્વસ્તિસુખના નિવાસ સાધવા માટે અમે બોલાવી રહ્યા છીએ.

'વિશાળ આકાશદેવ અને પૃથ્વીદેવી પોતાના બધા રસકસ લઈને અમારા યજ્ઞમાં આવી પહોંચો અને ભરણપોષણનાં સાધન આપીને અમને તાજામાજા બનાવી દો. અંતરિક્ષના દેવ પણ એમની સાથે રહો.'

મેધાતિથિ ઋષિને અગ્નિ ઇંદ્ર વગેરે દેવોની સાથે અગ્નાયી ઇંદ્રાણી વગેરે દેવીઓ અને શક્તિઓનાં દર્શન તો થયાં હતાં, એની સાથે સાથે એમને એક વિશેષ પ્રકારના વ્યાપક અને પ્રભાવશીલ દેવનાં દર્શન થયાં હતાં. ઊંચાં ઊંચાં શિખરો પર ચડતાં અને ઊંડી ઊંડી ખીણોમાં ઊતરતાં, એ ઋષિને થાક લાગતો ત્યારે એ આસન જમાવીને બેસી જતા હતા. ત્યારે એમની નજર સામે સ્વર્ગમાંથી એક દેવ ઊતરી આવતા હતા. એ દેખાવમાં નાના વામન, પણ જ્યારે એ ડગલાં ભરે, ત્યારે પૃથ્વીનાં સાતેય ધામ એકી સાથે માપી લે. ત્રણેય ભુવનોમાં પગલાં ભરાય એવા તો એ વિરાટ બને અને એ ડગલાંના વિક્રમ કરે, એની નોંધ આ ઋષિની નજરે અંકાય. અને પછી એ હાથ જોડી સ્તુતિ આદરે :

'અમારાં રક્ષણ તો આ બધા દેવો સાથે મળીને કરવાના છે, કારણ કે વ્યાપક દેવ વિષ્ણુ પરમેશ્વરે પગલાં માંડવાની શરૂઆત કરી દીધી છે. પૃથ્વીનાં સાતેય ધામોને એ વિષ્ણુએ પોતાનાં પગલાંથી માપી લીધાં છે.

'આ વ્યાપક વિષ્ણુએ ત્રણ ત્રણ પગલાં ભરીને ત્રિવિક્રમ સ્વરૂપ ધારણ કરી દીધું છે. એમનાં પગલાંની રજમાં આખું જગત સમાઈ ગયું છે.

'એ વિક્રમ વિષ્ણુને કોઈ દૂભવે એમ નથી. બધા લોકોનું એ રક્ષણ કરનાર છે. એને લીધે કુદરતના બધા ધર્મ પળાય છે.

આ વ્યાપક વિષ્ણુનાં વિવિધ કર્મ—પરાક્રમ તો જુઓ ! જેને કારણે યજમાન

ગૃહસ્થ પોતાનાં વ્રત અને નિયમો પાળે છે. સાચે જ, એ દેવ વિષ્ણુ ઇંદ્રને અનુસરે તેવા એ અનુકૂળ સખા મિત્ર છે.

'સવાર થતાં તો સૂર્યનો ઉદય થાય છે જાણે કે આકાશમાં ખોલેલું સ્થિર ચક્ષુ; એનાં દર્શન તો બધાને થાય. એવી જ રીતે જે જ્ઞાનીજનો છે તેમને વિષ્ણુનાં પરમપદનાં દર્શન થાય છે. તેમનાં દર્શન કરનારા કુશળ યોગિજનો છે.'

આ ઋષિએ જે દેવની સ્તુતિ કરી છે, તે વિષ્ણુ વ્યાપક સ્વરૂપે વિક્રમ–ત્રિવિક્રમ અવતાર ધારણ કરનાર વામન ભગવાન હોય કે પછી સવારે ઊગતો સૂર્ય હોય, જે ઊંચાં ઊંચાં શિખરો પર પગલાં ભરે છે અને ઘડીકમાં સાતેય ધામ સુધી પહોંચી જાય છે. એનું દર્શન અદ્‌ભુત ગણાય.

એ મેધાતિથિએ જીવનના જે અનુભવ મેળવી લીધા હતા તેઓમાંથી એને એક વિશેષ જ્ઞાનનો લાભ થયો હતો. દિવસોના દિવસ સુધી એ રખડ્યા કરતો હતો, તેથી એને કુદરતનો પરિચય ઘણી સારી રીતે થયો હતો. ઋતુ ઋતુ પ્રમાણે બદલાતી કુદરતને એ જોયા કરતો હતો અને એની એ નોંધ કરતો હતો. કુદરતના ફેરફાર એના ધ્યાનમાં આવી જતા હતા. શિયાળો આવે ને ઠંડા પવનો વાય, ઊનાળામાં ગરમ લૂ લાગે, ચોમાસામાં તો વરસાદનાં ઝાપટાં થયા કરે; આમ એને કુદરતમાં પ્રકૃતિમાતાનાં દર્શન થતાં હતાં. જાણે કે પ્રકૃતિમાતા ઋતુ ઋતુ પ્રમાણે નવા નવા શણગાર સજતી હતી. એક ઋતુ આવે અને બીજી બદલાય, જાણે કે પ્રકૃતિને આંગણે એક દેવ આવીને નાચતો હોય અને પોતાની સેનાને નચાવતો હોય ! ત્યાં તો નાચતો દેવ વિદાય લે ને બીજો દેવ પ્રકૃતિને આંગણે આવી પહોંચે. એ દેવ પણ બદલાઈ જાય, એ ઋતુ પણ બદલાઈ જાય અને નવા દેવ આવી પહોંચે—આમ ઋતુ ઋતુઓ બદલાતી જાય અને નવા નવા દેવો આવી પહોંચે.

આ ઋતુ ઋતુને અનુસરી કુદરતની અંદર અનેક ફેરફાર થયા કરે. આ ઋતુઓ માનવોને તાજગી અને સ્ફૂર્તિ આપે, તો સાથે બે બે ઋતુઓનાં જોડાણ થવાને લીધે કેટલાક રોગચાળા અને મહામારીઓ પણ ફાટી નીકળે. પ્રકૃતિમાતા તો જીવનની શક્તિઓનાં દાન કરે, પરંતુ ઋતુ ઋતુનાં તોફાન થાય ત્યારે તો એ માતા પણ લાચાર બને. રોગોનાં નિવારણ કરવા માનવોએ ઉપાયો કરવા જોઈએ, એને માટે દવા ઔષધ ભેગાં કરવાં જોઈએ, મહામારી રોગચાળા અટકાવવાના ઉપચારો કરવા જોઈએ.

આ ઋતુઓમાં થતા ફેરફાર સમજવાની અને એના ઉપચાર શોધી કાઢવાની

એક અનોખી સૂઝ મેધાતિથિને મળી ગઈ હતી. બધા લોક એમને ઋતુ ઋતુઓના જાણકાર તરીકેનાં વિશેષ માન આપતા હતા. કયા કયા રોગ કઈ કઈ ઋતુઓમાં આવે છે અને કયા કયા દેવનાં સ્તુતિપૂજન કરવાથી એ રોગો શાંત થાય છે એ જાણીને આ ઋત્વિજ વિશેષ ઉપાયો યોજતો હતો. રોગચાળા તથા મહામારીને દૂર કરવાનાં રામબાણ ઇલાજ તરીકે એણે યજ્ઞોની પદ્ધતિ સ્વીકારી હતી. એ જણાવતો હતો કે :

'યજ્ઞ શરૂ કરો એટલે સૌ જનોના સાથસહકાર મળી જાય. બધાનાં બળ બુદ્ધિ ને શક્તિનો સારી રીતે ઉપયોગ થાય. યજ્ઞનો પ્રયોગ તો પરોપકાર માટે કરવાનો હોય એટલે બધા લોકો ભેગા થઈને જ કામ કરે.'

આ ઋત્વિજ સૌ જનોના સાથ સહકાર સાધી વસંતયાગ શરૂ કરે તે વખતે શિયાળો ઊતરતો હોય, એટલે મરુતોનાં તોફાન શમતાં હોય અને દેવરાજ ઇંદ્ર નવલાં વૃક્ષ–વનસ્પતિઓથી પ્રકૃતિને શણગારે. તે જ રીતે ઉનાળો ઊતરતાં એ ઋષિ વર્ષાયાગ કરે ત્યારે તો ગરમ પવનો શમી ગયા હોય અને અગ્નિદેવ પ્રસન્ન થઈને પ્રકૃતિને તાજગી આપે. ચોમાસું ઊતરતાં તો એ ઋષિ શરદ્‌યાગ કરે ત્યારે તો ચોમાસાના શીતળ પવન શમી ગયા હોય અને દેવરાજ ઇંદ્ર પ્રકૃતિને નવલાં જીવન આપે. ઋતુ ઋતુના દેવોને અર્ઘ્ય આપતાં અને સ્તુતિઓ કરતાં ઋષિ કહેતા હતા :

'જુઓ આ શિયાળો આવે ને પવન ફૂંકાય ત્યાં તો વસંતઋતુ આવતાં આપણે ઇંદ્રને બોલાવી લાવવાના; તેમની સાથે ત્વષ્ટા વિશ્વકર્મા પણ આવે, જે પ્રકૃતિને અવનવા ઘાટ આપે છે. ત્યાર બાદ ઉનાળો આવે ને લૂ ફૂંકતા તાપ શરૂ થાય. પછી વર્ષાનાં વધામણાં થાય તે વખતે આપણે અગ્નિદેવને બોલાવીએ. વર્ષા પછી શરદ આવે, સાથે રોગચાળા અને મહામારીના ઉપદ્રવ શરૂ થાય. એ વખતે આપણે દેવરાજ ઇંદ્રને બોલાવીએ. એમની સાથે મિત્ર અને વરુણ એ બે દેવો તો આવે જ !

'આપણા આ ઋતુ ઋતુના યજ્ઞોમાં જે દેવો આવે તેઓની સાથે એક દ્રવિણોદા નામના દેવ પણ આવે. જે આપણને જુદાં જુદાં કવ્ય આપીને આપણા ઉપદ્રવ શાંત કરે છે. આ દ્રવિણોદા દેવ તો ઇંદ્ર હોય અથવા અગ્નિ પણ હોય. ઋતુ ઋતુના સંધિકાળે એમનાં તો આહ્વાન કરવાનાં. દ્રવિણોદા દેવની સાથે મિત્ર અને વરુણ આવે, બે અશ્વિનીકુમારો આવે, જે જે ગૃહપતિ યજમાન હોય તેના ઘરમાં નિવાસ કરનાર અગ્નિ ગાર્હપત્ય—ગૃહપતિને પ્રેરણા આપનાર. આપણે બધા સાથે સહકારથી ભેગા થઈને કાર્ય કરીએ તો આપણાં સઘળાં કાર્યોને એ ગાર્હપત્ય અગ્નિ સફળ બનાવે છે. કારણ કે એ અગ્નિ આપણે આંગણે બધા

દેવોને બોલાવી લાવે છે. અગ્નિ ઇંદ્ર વગેરે ઋતુ ઋતુના અધિષ્ઠાતા દેવો છે. આ દેવો પ્રસન્ન થાય અને ઋતુ ઋતુની કુદરત આપણને અનુકૂળ રહે તો આપણાં જીવન સદાચારી બને, અને એ રીતે સમાજનાં અને રાષ્ટ્રનાં કલ્યાણ કરવાનું સામર્થ્ય મળે અને આખું જીવન યજ્ઞમય બની રહે.'

ઋતુ ઋતુનાં યજ્ઞો કરીને ઋષિએ સમાજ અને રાષ્ટ્રની ઘણી સારી સેવાઓ કરી હતી, એ ઉપરાંત એમણે વિષ્ણુયાગ કરીને વિશ્વમાં વ્યાપક વિરાટ વિષ્ણુની સ્તુતિઓ કરી હતી.

વિષ્ણુનાં એ પરાક્રમોની સ્તુતિ કરવાથી ઋષિનું દર્શન વિશેષ ઉદાત્ત બન્યું હતું. સમાજની સેવાનાં કાર્ય કરવા માટે જ્યારે એ ઊભો થતો ત્યારે એ ઋષિ વિષ્ણુના જેવાં જ પરાક્રમી પગલાં ભરતો હતો. એની કીર્તિ પણ એ આરાધ્ય દેવ વિષ્ણુની જેમ જ ચારે બાજુ પ્રસરી રહી હતી, તેનાં ઉદાત્ત ચરિત્રનાં દર્શન કરીને બીજા ઋષિમુનિઓ પોતાના જીવનને સફળ થયેલું માનતા હતા. સૌ દેવો પણ એ ઋત્વિજ અને વિજ્ઞાની મેધાતિથિ ઋષિને પોતાના પ્રિયજન સખા ગણતા હતા. વસુઓ રુદ્રો આદિત્યો વગેરે ગણો રચીને વિવિધ કાર્યો કરતા અને અગિયારની સંખ્યામાં સાથે ચાલતા દેવોનાં દર્શન કરીને તો એ ઋષિને હૈયે સંઘ–સહકારની ભાવના જાગી હતી. એની એ ઉદાર અમી નજર પૃથ્વી આકાશ અને અંતરિક્ષ સુધી પહોંચી જતી હતી.

આ ઋષિ ઋભુ નામના સાધ્ય દેવોના પરિચયમાં પણ આવ્યો હતો. એ ત્રણ ઋભુઓ પહેલાં તો માનવો હતા, રાજકુમારો હતા, પરંતુ કલા અને કારીગરીમાં એમણે અનેરી કુશળતા મેળવી લીધી હતી. એમનાં એ કાર્ય જોઈને દેવોએ અને ઋષિઓએ એમને દેવોનું સ્થાન આપ્યું હતું. એ ઋતુઓના કારીગર હતા અને પરોપકારો દેવો હતા. જ્યાં જ્યાં એમની સ્તુતિ કરવામાં આવે અને એમને બોલાવવામાં આવે ત્યાં ત્યાં એ ઋભુઓ પહોંચી જતા હતા. ઘણી વખતે તો સામાન્ય કાર્યો કરવા જતા ઋભુઓને દેવો અટકાવતા અને એમની આજ્ઞા ન માને તો એમનાં દેવપદ છીનવી લેતા હતા.

ખરી રીતે તો ઋભુઓને દેવપદ મળ્યાનો હર્ષ નહોતો એટલે એ દેવપદ ગુમાવવાનો શોક પણ એમને થતો નહોતો. એ ઋભુઓ જણાવતા : 'અમારાં કાર્ય તો પરોપકાર કરવાનાં છે. અમારું તો એક એક કામ પરોપકાર માટે છે. દેવો જણાવે તો અમે એમનાં કાર્ય કરીએ અને સાથે અમે માનવોનાં કાર્ય પણ કરીએ. અમારે મન તો બધાં કાર્ય સરખાં.'

મેધાતિથિ ઋષિને તો એ સાધારણ—સાધ્યદેવો ખૂબ જ ગમી ગયા હતા. એ પોતે એ ઋભુઓને બોલાવે અને એમની સ્તુતિ કરે :

'આ મારી પ્રાર્થના—સ્તુતિઓ તો મોટા મોટા કવિઓને મુખે રચાઇ છે. આ ઋભુઓ પહેલાં માનવો હતા અને પછી ઉદાર પરોપકારનાં કાર્ય કરીને એ દેવો બન્યા છે. એમને માટે આ સ્તોત્ર—ગાન કરો કે એઓ આવીને તમારાં બધાં કાર્ય કરી જાય.

'આ ઋભુ દેવોએ દેવરાજ ઇંદ્રને અલૌકિક બે ઘોડા બનાવી આપ્યા હતા કે જેઓને ચાબૂક મારો નહિ, પણ હાકોટો કરો કે એ ઊડવા લાગે. એમણે બે અશ્વિનીકુમારોને એવો રથ બનાવી આપ્યો હતો કે એની અંદર દેવો સુખેથી બેસે અને એમને જરા પણ આંચકો આવે નહિ. એમણે ઋષિઓને કામધેનુ—ગાયો આપી હતી. એમનાં આ અદ્દભુત કાર્યોથી એ દેવો બની ગયા, પરંતુ એમણે બધે હરવા ફરવાનું ચાલુ જ રાખ્યું હતું.

'હે ઋભુદેવો, અમારા યજ્ઞોમાં તમે એકલા આવતા નહિ, દેવરાજ ઇંદ્ર અને આદિત્ય દેવોની સાથે અમે તમને બોલાવીએ છીએ. તમારે માટે અમારે કાંઈ જુદાં આસન ગોઠવવાનાં નથી. જ્યાં દેવો આસન પર બેઠા હશે ત્યાં તેમની સાથે જ તમે તો આવીને બેસી જજો. તમારે માટે અમારે કાંઇ જુદાં પાત્ર બનાવવાનાં રહેતાં નથી. તમો કારીગર છો એની અમને કયાં ખબર નથી ?

'પહેલાંના વખતમાં જ્યારે દેવોએ યજ્ઞ કર્યો ત્યારે તમારા ગુરુ ત્વષ્ટા પ્રજાપતિએ એક જ ચમસ—ચમચો બનાવ્યો હતો. એ દેવયજ્ઞમાં તમે ત્રણેય સાથે જઈ પહોંચ્યા અને તમે એકના ચાર ચમસ બનાવી આપ્યા. તમારી એ અદ્દભુત કલાની તો વાત શી કરવી ? એક રતન—રમકડું હોય તેનાં તમે ત્રણ રત્ન બનાવી દો અને ત્રણનાં સાત બનાવી આપો, એમાં તમને કોઈ વિલંબ થાય જ નહિ. અમારા યજ્ઞમાં આવીને પણ તમે તો એક સાધનને ત્રણ ત્રણ બનાવી આપો છો અને ત્રણનાં સાતગણાં કરી આપો છો. તમારી એ અદ્દભુત કલાને જોઈને, જાણીને તો દેવોએ તમને યજ્ઞના ભાગીદાર બનાવ્યા છે, માટે તમે બધા દેવોની સાથે અમારા યજ્ઞમાં પધારો.'

પૂર્વકાલે અંગિરા પ્રજાપતિ થઈ ગયા. તેમના પુત્રનું નામ સુધન્વા. એ રાજાને ઋભુ, વિભુ અને વાજ નામના ત્રણ પુત્ર હતા. એ ત્રણે ઋભુ નામે ઓળખાતા હતા, એટલું જ નહિ, એમના દેહ જુદા હતા, પરંતુ ગુણ કર્મ અને સ્વભાવે એ ત્રણેય એક જ હતા; એને જ કારણે એમને દેવપદ પણ મળી ગયાં હતાં.

એમની સાથે આ ઋષિને ગાઢ પરિચય થયો હતો અને એ ઋભુદેવો પણ આ ઉદારચરિત ઋષિ પર અનેરો સ્નેહ રાખતા હતા અને એનાં કાર્યોમાં આવીને ઊભા રહેતા હતા.

* * *

એ ઋષિએ અવનવા અનુભવો મેળવી, અમૂલા સારભાગ તારવી, અનોખી મેધા પ્રાપ્ત કરી લીધી હતી, એની મેધાને જાળવવાનું પહેલું કાર્ય એમના પિતાએ શરૂ કર્યું હતું.

એમના પિતાનું નામ કણ્વ પ્રજાપતિ ! એ ઋષિ હતા. એમનાય પિતા ઘોર તત્ત્વજ્ઞાની હતા. 'ઘરમાં વાસ કરે તે ઘોર'. આપણું આ શરીર છે તેને ઘોર–ઘર માનો, તો એમાં જીવ રહેલો છે તે પણ ઘોર–ઘરનો જાણકાર ગણાય. એ ઘોર તપસ્વી જેના પિતા હોય તેમને ગળથૂથીમાંથી જ જ્ઞાન મળી રહે.

એ ઘોરના પુત્ર કણ્વ પ્રજાપતિએ પોતાના ઘોર–ઘરની અંદર નિવાસ કરતા અગ્નિનાં દર્શન કરી લીધાં હતાં. તેથી પોતાનું આ શરીર જ એમને તો યજ્ઞની વેદીરૂપે જણાતું હતું. યજ્ઞનાં કાર્યોમાં જેમ સૌ જનોના સાથ–સહકાર મેળી રહે છે તેમ જ આ શરીરની અંદર પણ અગ્નિ ઇંદ્ર વગેરે દેવો પ્રવેશ કરીને સાથ–સહકાર આપે છે. હવે જ્યાં દેવો નિવાસ કરતા હોય તે ઘર કે શરીર તો દેવ-મંદિર ગણાયને ? વેદની ભાષામાં શરીરને 'નગરી' કહે છે. એ પુરની અંદર જે નિવાસ કરે, તે 'પુરુષ' ગણાય.

આ શરીરમાં પહેલો પ્રવેશ કરનાર તો અગ્નિ–પુરુષ. હવે અગ્નિ હોય તો જીવન આવે, ચેતન આવે, પુરમાંથી અગ્નિ ચાલ્યો જાય કે શરીર ટાઢું પડી જાય અને એ સડી જાય.

આ શરીરમાં અગ્નિ રહે છે ને જલ પણ રહે છે. આમ જુઓ તો એ બંને વિરોધી પદાર્થ પણ આ પુરીમાં સાથે રહે છે ને પરસ્પરના સાથ–સહકાર પણ સાધે છે. આ નગરીમાં વાસ કરનાર એ દેવો પુરુષો ગણાય. એમની અંદર જો વિરોધ જાગે તો તો શરીરમાં ભારે ગડમથલ થઈ જાય. એમાં રોગો પેદા થાય અને પીડાઓ ઊભી થઈ જાય, તેથી આ બધા પુરુષો સાથ–સહકાર સાધીને પુરની અંદર નિવાસ કરે છે.

આ પુરીમાં જો યદુઓ–યાદવો અને તુર્વસુઓ નિવાસ કરે, તો અંદરો-અંદર દવ લાગે, કલહ–કંકાસ અને તકરારો ઊભી થઈ જાય અને પછી ત્યાં તો દ્રુહ્યુઓ–પરસ્પર દ્રોહ કરનારા જ પેદા થાય.

જુદા જુદા સ્વભાવની પ્રજાઓ ભેગી થાય ત્યારે જ પુરી—નગરીમાં તકરારો ઊભી થાય ને ? પરંતુ આ પુર—શરીર તો મનુ—માનવનું ગણાય છે. માનવ હોય તે તો સૌનાં ભલાં કરે અને દાનવો બધાનાં ભૂંડાં કરે. ત્યારે દેવો પુરીની રક્ષા કરે. મનુનાં પ્રજાજનો માનવો જુદા જુદા સ્વભાવ અને વિકારને વશ થાય ત્યારે તો પુરુઓ યદુઓ તુર્વસુઓ દ્રુહ્યુઓ વગેરે પ્રજાજનોના પ્રકાર જોવાને મળે છે, બાકી તો એક જ મનુ મહારાજની સઘળી પ્રજા માનવ ગણાય અને સાથ—સહકાર સાધે.

એ મનુના હિત માટે તો અગ્નિએ પુરીમાં નિવાસ કર્યો છે. એણે તો કણ્વ—તેજસ્વી પુરુષોનાં ભાગ્ય વધાર્યાં છે. અગ્નિ તો નિત્ય નવો બનીને સર્વનાં ભલાં કરે છે, ત્યારે અગ્નિની જવાળાઓ શત્રુઓનો નાશ કરે છે.

એ કણ્વ ઋષિએ પોતાના શરીરમાં નિવાસ કરતા દેવ અગ્નિનાં દર્શન કર્યાં હતાં તેમ જ એમને માટે સ્તુતિઓ—સૂક્તોની રચના કરી હતી. કુદરતમાં આવી પડતા ઝંઝાવાત શમાવવા માટે પણ એમણે સૂક્તો રચ્યાં હતાં. એ સાથે આદિત્ય બ્રહ્મણસ્પતિ પૂષા અને મરુતો વગેરેનો મહિમા પણ ગાયો હતો. એમની પાસેથી મેધાતિથિને જ્ઞાનનો પહેલો બોધપાઠ મળેલો હતો.

ઘોર કણ્વે શરીરમાં જે અગ્નિનાં દર્શન કરી લીધાં હતાં તે જ અગ્નિને આહુતિઓ આપવા માટે યજ્ઞશાળામાં સમિદ્ધ કરવા જોઈએ. એ માટેની એક એક પ્રવૃત્તિ અગ્નિને પ્રિય—આપ્રિય લાગે. એ પ્રકારની દશ બાર પ્રવૃત્તિઓમાં ઋષિને આપ્રિય અગ્નિનાં દર્શન થયાં હતાં અને એમણે આપ્રિય સૂક્તની રચના કરી હતી. એમનું તે આપ્રિય સૂક્ત સુંદર ભાવને રજૂ કરે છે :

'હજી તો રાત ગઈ નથી અને પરોઢ આવવાની રાહ જુએ છે, ત્યાં તો આર્ષદ્રષ્ટા—ઋષિના હૃદયનાં બે દિવ્ય દ્વાર ખુલી જાય છે, માનોને કે અગ્નિશાળાના બે દરવાજા ખુલી ગયા અને ત્યાં રહેલા બે દિવ્ય હોતા મીઠી જીભે સ્તુતિ કરતા ઊભા છે.

'અહીં યજમાન અગ્નિ સમિદ્ધ—સળગતો રાખે છે, જે અગ્નિ તો શરીરને ટકાવી રાખનાર અને માનવીમાં પ્રશંસા મેળવી લેનાર ગણાય છે. એ અગ્નિ બીજા દેવોને બોલાવી લાવે છે અને આ યજ્ઞમાં રાખેલાં દર્ભનાં આસનો પર બેસાડે છે. અગ્નિનો દિવ્ય રથ ત્વષ્ટાએ ઘડયો હતો. યજ્ઞમાં વપરાતાં સમિધ તો વૃક્ષ—વનસ્પતિઓએ આપ્યાં છે.

'યજ્ઞમાં પધારતા દેવોની સાથે સાથે ઇળા—માતૃભૂમિ, વાણી—સરસ્વતી અને ભારતી—સંસ્કૃતિ આવી પહોંચે છે, ને સાથે સ્વાહાકૃતિ—સુંદર હવિની મૂર્તિમંત આકૃતિને પણ લેતાં આવે છે. એમનું હાર્દિક સ્વાગત !'

આપ્રિય અગ્નિનાં દર્શન તો અનેક ઋષિઓને થયેલાં છે, પરંતુ એ બધાં સૂક્તોમાં વર્ણવેલા અગ્નિનાં નામ તો આ પ્રમાણે છે : (૧) સુસમિદ્ધ અગ્નિ, (૨) તનૂનપાત, (૩) નરાશંસ, (૪) ઇળ–પૂજ્ય અગ્નિ, (૫) બર્હિ–દર્ભ, (૬) દિવ્ય–બે દ્વાર, (૭) નક્તોપસા–રાતદિવસ, (૮) બે દિવ્ય હોતા, (૯) ઇળા, સરસ્વતી, મહી (ભારતી), (૧૦) ત્વષ્ટા, (૧૧) વનસ્પતિ અને (૧૨) સ્વાહાકૃતિ.

* * *

પિતાએ કરેલાં અગ્નિનાં દર્શનમાંથી જ પુત્રને આપ્રિય અગ્નિનાં દર્શન થયાં હતાં. એ મેધાતિથિના ભાઈ **પ્રસ્કણ્વ** કાણ્વ પણ એક આર્ષદ્રષ્ટા ઋષિ હતા. એ ઋષિએ તો પોતાના પિતા કણ્વ ઋષિના આશ્રમમાં નિવાસ કરીને જ દિવ્ય વિદ્યા મેળવી લીધી હતી.

પિતાજી તો અગ્નિશાળામાં જ વાસ કરે ને સાંઝસવારે અગ્નિનાં ધ્યાન પૂજન કરતા હોય. કેટલીક વખતે સાંઝે જે અગ્નિ સમિદ્ધ થયા હોય તેને જ આખી રાત પ્રજ્વલિત રાખવા પડે. એ પ્રકારના યાગને ‘અતિરાત્ર યાગ’ કહે છે. રાતભર જાગવાનું અને અગ્નિઓને પ્રજ્વલિત રાખવાનું કામ પ્રસ્કણ્વને સોંપવામાં આવે. એને અગ્નિની સાક્ષીમાં આખી રાત જાગવામાં અનેરો આનંદ આવે, એ સાથે બીજા અગ્નિઓને બોલાવી લાવવામાં એને અનેરો ઉત્સાહ જાગે. અગ્નિની સ્તુતિ કરતાં એ જણાવતો હતો કે :

‘હે અગ્નિદેવ, તમે પહેલે પહોરે આઠ વસુઓને, બીજા પહોરે અગિયાર આદિત્યોને તથા ત્રીજે પહોરે બાર રુદ્રોને સાથે બોલાવી લાવો.’

ઋષિને દેવ અગ્નિની સાથે એવી તો પ્રીતિ જામેલી કે મંત્રની ઋચામાં ગુણને અનુસરતાં પોતાનાં નામ જોડીને એ જણાવતો હતો કે :

‘હે અગ્નિદેવ, તમે તો પેલા પ્રિયમેધ, અત્રિ, વિરૂપ અને મહિવ્રતના બોલાવ્યા પ્રમાણે એમના યજ્ઞોમાં ગયા હતા. એ રીતે હું તમને બોલાવું છું. તમારે આ પ્રસ્કણ્વના બોલાવ્યા પ્રમાણે યજ્ઞમાં આવવાનું છે. આ યજ્ઞમાં કણ્વ પ્રજાપતિના કેટલાક પુત્રો અને શિષ્યો હાથમાં ભેટ પૂજા લઈને મધુરી વાણીથી તમને બોલાવી રહ્યા છે. આ પ્રભાત થાય એ પહેલાં તો તમારે દેવોની સાથે આવી પહોંચવાનું છે.’

ઋષિની એ પ્રિય અને નિર્દોષ વાણી સાંભળીને અગ્નિ મહારાજ આખી રાત પ્રજ્વલિત બનીને સળગતા રહેતા હતા. પ્રસ્કણ્વને તો આખી રાત જાગવાનું

હોય એટલે એને રાત્રિનાં અવનવાં દર્શન થયા કરે. આકાશને જોવાનો તો એને અનેરો લહાવો મળે. આકાશમાંથી ધરતી પર ઊતરી આવતા અનેક દેવોનાં એ દર્શન કરે. રાત પસાર થતી હોય અને પ્રભાત આવતું હોય ત્યારે એને આકાશમાંથી ઊતરી આવતી ઉષા રાણીનાં દર્શન થાય અને એ આનંદ-વિભોર બની ઉષા દેવીનાં ઓવારણાં લેતા જાય અને સ્તુતિ કરતા જાય :

'અહો ઓ પ્રકાશભરી ઉષા, તું તો આકાશ–દ્યુલોકની દુહિતા. તારી સાથે તો ઘોડા ગાયો અને ધન સાધનની પોઠો આવ્યા કરે. તારા આવવાથી અમારાં તો ઘર ભરાઈ જાય. ઘરમાં નારી રહે ને ઘરની શોભા વધી જાય તેવી જ રીતે તારાં પગલાંથી અમારી અગ્નિશાળા શોભી ઊઠે છે.

'સાચે જ, તારા આવવાથી અંધકાર ઓસરી જાય અને અજવાળાં ઝળકી ઊઠે. આમ તું બધાનાં જીવન અને ચેતન રૂપ બની રહે છે.

'હે ઉષા, આકાશના કલ્યાણ માર્ગેથી અમારા ઘરમાં તું પગલાં પાડ. તારે એ પગલે પગલે સારથિ અરુણ આવે છે. જે રથમાં તું બેસે છે તે રથ સુખ-સગવડનાં સાધનોથી ભરેલો છે. તારી તો અમે કણ્વ સ્તુતિ કરીએ છીએ.

'એ ઉષાને પગલે અરુણ આવે. ને અરુણના ઘોડા સૂર્યને વિશ્વનાં દર્શન કરાવવા લઈ આવે છે.'

સૂર્યોદયનું દસ્ય જોતાં પ્રસ્કણ્વ ઋષિ આનંદ–વિભોર બની જતા હતા. 'સૂર્યના આવતાંની સાથે આકાશનાં નક્ષત્ર છૂપાઈ જતાં હોય' એ દસ્ય જોઈને ઋષિને 'અંધકારમાં છુપાયેલા ચોર અજવાળાં થતાં ભાગી જતા હોય' એ પ્રસંગની યાદ આપે; સાથે અંધારી રાતને કારણે અને ઠંડીને લીધે જે કાંઈ આળસ પ્રમાદ કે રોગનાં આક્રમણ થયાં હોય તે બધાં ભાગવા લાગે અને માનવજીવનમાં નવી ચેતના અને સ્ફૂર્તિના સંચાર થવા લાગે. એ સૂર્યનો ઉદય થતાં પ્રસ્કણ્વ ઋષિ અર્ધ્યની અંજલિ આપે અને એમની સ્તુતિ રચે :

'અહો, આ સૂર્ય આદિત્ય મહારાજ તો આકાશમાં ઊગીને આ બાજુ આવી પહોંચ્યા છે ને સાથે સાથે વિશ્વભરનાં બલ–પરાક્રમ લેતા આવ્યા છે.

'હે સૂર્યદેવ, આપ આવી ગયા એ સારું થયું. હવે મારા પર દ્વેષ રાખનાર અને મને ઘેરી લેનાર રોગ પ્રમાદ આળસ પાપ એ બધાંનો તમે નાશ કરો. આ બધા શત્રુઓએ તમારા આવતાં પહેલાં મારા પર આક્રમણ કર્યાં હતાં અને હું તો અંધકારમાં ઢંઢવાઈ ગયો હતો,'

કણ્વના પુત્ર એ પ્રસ્કણ્વ ઋષિ તો પોતાના આરાધ્ય ઇષ્ટદેવ તરીકે સૂર્યને પૂજે છે અને એમની સ્તુતિ એક સુંદર ઉપનિષદ રહસ્ય—ભાવથી કરે છે :

'મિત્રની સમાન અમારું કલ્યાણ કરનાર હે સૂર્યદેવ, તમે આકાશમાં ઊગતાંની સાથે તો ધરતીના ખૂણેખૂણાને પ્રકાશથી ભરી દો છો. મારા શરીરની અંદર જે હૃદય રહેલું છે તેને હૃદયરોગ લાગુ પડ્યો છે અને તેથી મારું આખું શરીર પીળું પડી ગયું છે; એ રોગનો નાશ કરો. જંગલમાં દૂરના પ્રદેશોમાં જ્યાં પોપટ ને સારિકાઓ રહે છે ત્યાં એને મૂકી આવો. મારા આ પીળા રોગને જંગલનાં પેલાં હરિયાળાં વૃક્ષો છે તેઓની અંદર મૂકી આવો. સૂર્યનારાયણ તો બધા પ્રકારનાં વીર્ય—સામર્થ્ય સાથે આવી પહોંચ્યા છે માટે, હે સૂર્યદેવ, મારા પર દ્વેષ રાખનાર અને અંધકારમાં રૂંધી લેનાર મારા શત્રુઓનો નાશ કરો.'

આ રીતે ઘોર કણ્વ ઋષિ હતા, સાથે સાથે એમના બંને પુત્રો મેધાતિથિ અને પ્રસ્કણ્વ ઋષિજીવન જીવીને અનેરા અનુભવ મેળવતા હતા.

□

# જીવનની સિદ્ધિ

'એ શુનઃશેપ નામનો ઋષિ છે, જે બંધનમાં ફસાયો હતો અને એ બંધનમાંથી છૂટવા માટે તો એણે રાજા વરુણની પ્રાર્થના કરી હતી; એ રાજા વરુણ અમને બંધનમાંથી છોડાવે.

'અરે એ શુનઃશેપ તો ત્રણ ત્રણ પ્રકારનાં બંધનોમાં પટકાયો, પકડાયો અને ફસાયો. એ કાળે એણે આદિત્ય વરુણ રાજાની પ્રાર્થના કરી હતી; એ અમને બંધનમાંથી છોડાવે.

'આ શુન:શેપ તો હજાર હજાર યૂપ–થાંભલાના બંધનમાં પડેલો હતો. હે દેવ અગ્નિ, તમે એને બંધનમાંથી છોડાવ્યો હતો. ખરેખર, ઋષિએ તો ઘણાં ઘણાં કષ્ટ સહન કર્યાં હતાં. એ જ રીતે અમને પણ બંધનમાંથી છોડાવો.'

અજીગર્તનો પુત્ર શુનઃશેપ રાજા વરુણના પાશમાં જકડાઈ ગયો હતો. એને આ વરુણસૂક્તનાં દર્શન થયાં હતાં. એ સૂક્તની ઋચાઓ ભણવાથી તો એ વરુણપાશમાંથી છૂટી ગયો હતો. એ જ રીતે ઋચાઓ ભણવાથી વરુણપાશ છૂટી જાય છે.

સાચે જ, જન્મ અને મરણ એ પ્રકારના ચક્રમાં જીવ ફસાયો, પછી એનો છુટકારો થાય શી રીતે ? એક એક જીવ આ સંસારના બંધનમાં આવી પડે છે અને એ યૂપ–સંસારના બંધનમાંથી છૂટવા પ્રયત્ન કરે છે.

આ સંસારનાં નિયમન કરનાર તો રાજા વરુણ છે. જલ–થળ પર એનાં રાજ્ય છે. એના ઘડેલા નિયમો પ્રમાણે બધું જ ચાલે; રાત ને દિવસ, માસ વર્ષ ને ઋતુ. એ કાલનો ઘડનાર તો રાજા વરુણ. વરુણની આજ્ઞા પ્રમાણે કુદરતનાં કામ ચાલ્યા કરે. જેણે આ કુદરતના કાયદા માન્ય કર્યા તેને તો ઊની આંચ ન આવે; એને તો વરુણ જકડે નહિ અને યૂપ સાથે બાંધે નહિ; એને કોઈ કષ્ટ નહિ. એનું જીવન તો સારી રીતે ચાલ્યા કરે છે.

એમ માનો ને કે જેણે કુદરતના કાયદા પાળી લીધા તેને તો જીવનની સિદ્ધિ મળી ગઈ, એનું જીવન સફળ થઈ ગયું, પરંતુ આ પ્રકારની જીવનની સિદ્ધિ મેળવવા માટે તો અનેક જન્મ લેવા પડે છે. મરણ પછી પણ જીવનનો મોક્ષ તો નથી જ; નવો જન્મ લો, જીવો ને ફરી પાછા ફસાઓ, આમ તો ચાલ્યા જ કરવાનું. જેમણે જીવનમાં સિદ્ધિ મેળવી લીધી, તે તો વીરલા જીવ!

આવો એક વીરલો જીવ પહેલાંના વખતમાં થઈ ગયો છે. એનું નામ શુનઃશેપ. એના પિતાનું નામ અજીગર્ત. એને ઋષિ વિશ્વામિત્ર મંત્રનાં દાન કર્યાં હતાં. એ મંત્રનાં દાનથી તો એને નવાં જીવન મળ્યાં હતાં. ઋષિ વિશ્વામિત્ર એના મંત્રદાતા પિતા ગણાય, તેથી એને જે નવું જીવન મળી ગયું હતું તેને કારણે એનું નામ પણ બદલાઈ ગયું હતું. વરુણદેવે એનું રાત–રક્ષણ કર્યું એને કારણે એ '**દેવરાત**' ગણાયો અને એના પિતા વિશ્વામિત્ર બન્યા હતા. એનું પુરાણું નામ પણ ચાલુ રહ્યું હતું, અર્થાત્ એ બંને નામે પ્રસિદ્ધ હતો.

ઋષિ શુનઃશેપને એક સમયે એવો અનુભવ થયો; 'જાણે કે પોતે કોઈ બંધનમાં ફસાયો છે અને એમાંથી છૂટવા માટે એણે કોઈ ઇષ્ટદેવની પ્રાર્થના કરવી જોઈએ.' તેને હૈયે ભાવ જાગ્યો હતો કે 'મારે તો આ જન્મમરણનાં બંધનોમાંથી છૂટીને અજર અમર બનવું છે.

'ભલા, જે દેવો અજર અમર છે તેઓમાં કયા દેવનું નામ સુંદર ગણાય; જે મને અદિતિ–અમર માતા મુક્તિની ગોદમાં બેસાડી દે, જે દેવનાં નામ લેવાથી મારાં માતા અને પિતાનાં મને દર્શન થાય ?

'એ જ રીતે મારાં ભાગ્યને ઘડનારા દેવ તો સવિતા સૂર્ય છે, જેમણે મારાં પાપ દૂર કર્યાં અને મારાં ધન સાધનની રક્ષા કરી છે.

'અહો, એ મધુર નામે તો રાજા વરુણ જાણીતા છે. આકાશમાં ઊડતાં પક્ષીઓ એમના પરાક્રમને જાણી શકતાં નથી. જલના પ્રવાહો એમને પહોંચી શકતા નથી, વાયુના વેગ પણ એમને થંભાવી શકતા નથી.

'આ રાજા વરુણે તો સૂર્યને માટે માર્ગ પહોળો કરી આપ્યો છે. એમણે આકાશમાં તેજનો મોટો થાંભલો ઊભો કરી દીધો; માનોને કે જ્યાં પગ ન મુકાય ત્યાં પગ મૂકવાનાં સ્થાન બનાવી દીધાં.

'હે રાજા વરુણ, તમારી પાસે તો સેંકડો અને હજારો ઔષધ છે. તમારી સુમતિ તો ઘણી વિશાળ છે. જે અમારી અવગતિને દૂર દૂર ફેંકી દે છે અને અમને બધી જાતનાં પાપમાંથી બચાવી લે છે.

'તમે જે નક્ષત્રોને ઊંચે આકાશમાં ગોઠવી દીધાં છે તે બધાં રાતે તો ઝગારા મારે છે; એ દિવસના કયાં ચાલ્યાં જતાં હશે ? અમને ખાત્રી થઈ છે કે, વરુણના નિયમ અદ્દબ્ધ–અતૂટ છે; એને કારણે ચાંદની રેલાવતો ચંદ્ર રાતે આકાશમાં શોભી ઊઠે છે.

'હે વરુણ દેવ, મંત્રને અનુસરીને હું તમારે શરણે આવી પહોંચ્યો છું. તમારાં યજન–પૂજન કરનારા યજમાન બનીને હું તમારી પાસે ભેટ પૂજા લઈને આવી પહોંચ્યો છું. મારી આ સ્તુતિ તમે સાંભળો અને અમને લાંબાં જીવન આપો.

'હે વરુણ દેવ, કેટલાક ડાહ્યા માણસોએ અમારી પાસે આવીને આ વાત કરી હતી. એ ડાહ્યા જનો રાતે આવ્યા કે દિવસે આવ્યા એની ખબર તો અમને રહી નથી, પણ એમણે આવીને અમને જે બોધ આપ્યો હતો તે તો અમારા હૃદયમાં કોતરાઈ ગયો છે. એમણે અમને જણાવ્યું હતું કે 'જેણે વરુણરાજાની સ્તુતિ પૂજા કરી, એ જીવ તો શુનઃશેપ–પ્રકાશનો ઝળહળતો પુંજ, પરંતુ એ રાજા વરુણના પાશમાં જકડાયો હતો. અરે એ ડાહ્યા શુનઃશેપને તો ત્રણ ત્રણ સ્થાનોએ બાંધી રાખ્યો હતો; એણે આદિત્ય-વરુણની પ્રાર્થના કરી અને એ ત્રણેય પાશમાંથી મુક્ત થઈ ગયો.

'હે રાજા વરુણ, તમારા વેગ અને ક્રોધને તો અમે દૂર દૂરથી નમીએ છીએ અને તમને ભેટપૂજા ચડાવીએ છીએ. તમે અમારાં સ્થાનોમાં નિવાસ કરી બધા પ્રકારનાં પાપ તાપ સંતાપ દૂર કરો.

'હે વરુણ, જે ઊંચા પ્રકારનાં બંધન–પુણ્ય યશ વગેરે ગણાય છે તે બંધનો ઢીલાં કરી નાખો. જે વચગાળાનાં મધ્યમ બંધન છે અને જે નીચા પ્રકારનાં બંધન છે તે બધાં બંધન છોડાવી નાખો કે જેથી અમે મુક્તિ માતાની ગોદમાં બેસીને આનંદ માણીએ તેમ જ પાપ વિનાના બનીને તમારા ઘડેલા નિયમોનાં પાલન કરીએ.

'સાચે જ, જેનાં સ્તુતિ–પૂજન કરવાથી જીવનની સિદ્ધિ મળે અને પાપોથી મુક્તિ મળે, એ ઈષ્ટદેવ તો આપણા ઈશ્વર ગણાય, ભક્તના એ તો ભગવાન. એ ઈશ્વરનું નામ તો સુંદર મંગળ અને એમનું મનન પણ સુંદર, મંગલમય, મુક્તિને આપનારું !

'એ ઈશ્વરનાં નામ અનેક, પણ સ્વરૂપ તો એક જ; એને અગ્નિ કહો કે વરુણ, સવિતા કહો કે આદિત્ય, ઇંદ્ર કહો કે મિત્ર, એક જ એ સત્–સત્ય છે તેને ડાહ્યાજનો બહુરૂપે જણાવે છે.'

આપણે અગ્નિને આગ–દેવતા જાણીએ એ તો એનું સ્થૂલ રૂપ. એજ રીતે

પાંચ મહાભૂતોમાંનો એક તેજ–પદાર્થ છે, તે ભૌતિક અગ્નિ, એની અંદર જે ચેતન છે, જે દિવ્ય પદાર્થ છે, તે તો એના દેવ, અંતર્યામી; જે આગની અંદર વસીને આગનું નિયમન કરે છે અને આગ ઓલવાયા પછી પણ જેનો નાશ થતો નથી, કારણ કે એ અજર છે, અમર છે, ઈશ્વર છે. એ જ અગ્નિ આપણી મતિમાં વાસ કરે છે અને આપણાં અજ્ઞાન દૂર કરે છે, આપણા આત્માનું એ જ્યોતિ છે.

આમ વિચારો તો વરુણ જલના દેવ ગણાય છે, પણ એટલી જ એમની મર્યાદા નથી. જે જે સૂક્ષ્મ અને તરલ પદાર્થો છે તે બધાના દેવ વરુણ, જેણે અનેક પ્રકારના નિયમો ઘડયા છે અને એને આધારે જ બધા કુદરતી કાયદા પળાય છે. નીતિ ધર્મ સદાચાર જેવા સૂક્ષ્મ નિયમોના પણ અધિષ્ઠાતા એ દેવ છે. આપણા શરીરમાં એ વરુણ દેવનો નિવાસ હોય તો આપણે આ સંસારમાં જીવન્મુક્ત બનીને રહી શકીએ.

'અગ્નિ' 'સૂર્ય' 'વરુણ' એ તો નામ થયાં; સ્વરૂપે એક, રૂપે ગુણે તો જુદા જુદા. જ્ઞાની જનને એમનાં ત્રણેય રૂપ ગુણ સમજાય. ભૂત–મહાભૂતમાં વસે તે ભૌતિક; દેવ દેવમાં વસે તે દૈવિક અને દેહે દેહે વસે તે તો દૈહિક. આમ આધિભૌતિક આધિદૈવિક અને આધ્યાત્મિક (આત્મ–દેહસંબંધી) નામ–રૂપોના વ્યવહાર જાણી શકે છે.

સાધારણ રીતે તો દરેક જીવને ત્રણ પ્રકારનાં બંધન હોય છે; જે માતાપિતા અને કુટુંબી સંબધીજન સાથે આપણા સંસારના સંબંધ બંધાય તે માતાપિતાનાં ઋણ આપણે માથે છે. જેમની પાસેથી વિદ્યા–કેળવણી મેળવી તે ગુરુજનનાં ઋણ ગણાય અને જે સમાજમાં આપણે જીવન જીવી રહ્યા છીએ તે સમાજના દેવોનાં ઋણ પણ આપણે માથે ખરાં જ.

માતાપિતાની સેવા કરો, ગુરુજનની આજ્ઞા પાળો અને સમાજને ઉપયોગી પરોપકારનાં કાર્ય કરો તો જીવનનાં એ ત્રણેય ઋણ ચૂકવી દીધાં ગણાય. એમાંનું એકાદ ઋણ પણ ચૂકવો નહિ તો વરુણના પાશ, યૂપ કે સંસારનાં બંધનમાંથી છૂટકારો થાય જ નહિ. જેણે ઈશ્વરના મૂળ સ્વરૂપને જાણી લીધું તેને તો વરુણના પાશમાં જકડાવું પડતું નથી.

આ શુનઃશેપ દેવરાત એક અદ્‌ભુત ઋષિ છે, મંત્રદ્રષ્ટા છે. એણે તો પોતાનું જીવન શરૂ થતાં પહેલાં જ જીવનનું રહસ્ય જાણી લીધું છે. ઈશ્વરનાં સ્તુતિ–પૂજન કરીને એણે દિવ્ય દર્શન મેળવી લીધાં છે એ કારણે એને સાક્ષાત વરુણ દેવનાં દર્શન થાય છે અને એ વરુણના પાશમાંથી છૂટી, જીવન્મુક્ત બની જીવનના આનંદ માણે છે.

એ ઋષિએ જીવનનાં અનેક પાસાં–પાશ જોયા છે, જાણ્યા છે અને પારખ્યા છે. જલચર થલચર પશુ પક્ષી વગેરેની મૂઢ યોનિમાં જીવની કેવી તો અધમદશા થાય છે! માનવયોનિ એમના જેટલી મૂઢ તો નહિ, પણ મોહવશ તો ખરી જ. દેવોના જેવી ઉત્તમ દશા તો ન જ ગણાય. એ દેવોની ઉત્તમ દશા મેળવી લો તો પણ મુક્તિ તો ન જ મળે ને? હાં, માનવની મધ્યમ દશામાંથી સીધા જ મુક્તિ-માતાની ગોદમાં બેસવાનો લહાવો મળે; એ જ જીવનસિદ્ધિ!

# ૫

# સાંઝસવારે—સંધ્યાકાળે

'અહોહો, આ તો જાણે કે અગનગોળો અને એનો વર્ણ સોનાના જેવો !

'અહીં અગ્નિ સળગે છે અને એની જ્વાળાઓ ઉપર ઊઠે છે. ત્યાં આકાશમાં સૂર્ય પ્રકાશે છે અને એનાં લાલ સોનેરી કિરણ આ બાજુ આવી રહ્યાં છે.

'આ ઋષિ યજ્ઞની વેદી પાસે આસન જમાવીને બેઠા છે. એ અગ્નિમાં ઘીની આહુતિઓ આપતા જાય છે અને સ્તુતિ—પ્રાર્થનાઓ ભણતા જાય છે. એ કારણે અગ્નમાંથી જ્વાળાઓ પ્રગટે છે અને ત્યાં સૂર્યનાં કિરણ ફેલાય છે. એ બંનેની વચ્ચે આ ઋષિ પણ લાલ લાલ અંગાર જેવા દીપી રહ્યા છે. એમના શરીર પર અગ્નની લાલાશ અને સૂર્યની સુવર્ણરેખા એકરૂપ બની રહી છે.

'સાચે જ, અગ્નિની જવાળા, સૂર્યની રેખા, ઋષિની કાંતિ, એ ત્રણેય રૂપ એક બનતાં તો પ્રકાશનો એક પુંજ હિરણ્ય—સુવર્ણનો સ્તંભ બની રહે છે.

'એને કારણે તો આ ઋષિનું નામ **હિરણ્યસ્તૂપ આંગિરસ છે.'**

સરસ્વતી નદીને કિનારે એ આશ્રમ હતો. હિરણ્યસ્તૂપ આંગિરસ ત્યાંના કુલપતિ હતા. ગુરુકુળમાં વિદ્યાર્થીઓ રહેતા હતા, તેઓમાં **અર્ચન** નામનો એક તેજસ્વી વડો વિદ્યાર્થી હતો. હિરણ્યસ્તૂપ ઋષિ જે ઋચા—કવિતા ભણે તેને એ ધ્યાનથી સાંભળે અને યાદ કરી લે. એ પ્રમાણે પોતે પણ ભણે અને સ્તુતિ કરે.

એ ગુરુ અને એ શિષ્ય, એમનો સંબંધ પિતા પુત્રના જેવો. પિતાની એક એક ક્રિયામાં એને રસ જાગતો અને એ કરે એ પ્રમાણે ક્રિયા કરવા માટે પોતે પ્રયત્ન કરતો હતો.

સાંઝ પડે ને પિતાજી સંધ્યા—પૂજા કરે, અગ્નિને સમિદ્ધ—સળગતો રાખે અને એમાં ઘીની આહુતિ આપે. **અર્ચન** પણ એમ જ સંધ્યાપૂજા કરે, અગ્નિને **સમિદ્ધ** રાખે અને ઘીની આહુતિ આપે.

નિત્ય કર્મથી પરવારી ઋષિ ધ્યાનમાં બેસી જાય. **અર્ચન**ને ધ્યાન ધરતાં આવડે નહિ એટલે ધ્યાન ધરતા ઋષિને એ જોયા કરે. સાંઝનો સૂર્ય આથમતો હોય, એનાં લાલ લાલ કિરણ ફેલાતાં હોય, અહીં અગ્નિની જવાળાઓ પ્રકાશતી હોય અને એ બંનેની વચમાં ઋષિ ધ્યાન ધરીને બેઠા હોય.

થોડી વાર થાય ને ઋષિ આંખો ખોલે, પોતાની તરફ મીટ માંડીને જોતા અર્ચનને પૂછે : 'તું આમ શું જોઈ રહ્યો છે, અર્ચન ? મારા આ શરીર પર તને શું દેખાય છે ?'

'બીજું, તો શું દેખાય, પિતાજી ? તમે અગ્નિની સ્તુતિ કરો છો અને અગ્નિ જેવા દેખાવો છો. પેલા આકાશમાં સૂર્ય છે તેનાં સ્તુતિ–પૂજન કરો છો ત્યારે તો તમે સૂર્ય જેવા લાગો છો. સાચે જ મારે મન તો તમે જ અંગિરા છો અને તમે જ સૂર્ય છો.'

'તારી વાત સાચી છે, પુત્ર અગ્નિની સ્તુતિ કરો તો અગ્નિ જેવા બનો. અગ્નિની સ્તુતિ–પ્રાર્થના તો તને યાદ છે ને ?'

'જી હા, આપ અગ્નિદેવને બોલાવો છો અને જાણે આપની સામે એ દેવ મહારાજ હાજર હોય એ રીતે આપ તેમની સાથે વાર્તાલાપ કરો છો. એ સાંભળતાં સાંભળતાં મને અગ્નિદેવનાં દર્શન થાય છે. એ સ્તુતિની શરૂઆત આપ આ રીતે કરે છો :

'હે અગ્નિ મહારાજ, આપ પહેલાં અંગિરા ઋષિ હતા. હવે તો તમે દેવોના દેવ બન્યા છો અને અમારા તો પરમ શિવ સખા છો. તમારાં કાર્ય કરવા અને તમારા સંદેશ પહોંચાડવા આ મરુતો પવનની જેવી ગતિથી હરે ફરે છે.

'હે દેવ, તમે આદિરાજ મનુને આયુ–દીર્ઘ જીવત આપ્યાં અને મારા પિતા અંગિરાને જે પુત્ર આવ્યો તે જ હું **આંગિરસ** આજે આપની સ્તુતિ કરી રહ્યો છું.

'હે અગ્નિદેવ, તમે અમને મતિ આપનારા છો અને તમે જ અમારા પિતા છો. એ કારણે જે જે માનવો આપની સેવા–પૂજા કરે છે તે બધા તો પરસ્પર ભાઈ ભાઈ ગણાય. આ જગત ભરમાં તમારો મુકાબલો કરી શકે તેવો કોઈ દેવ નથી. આપની કૃપાથી તો અમે હજારો ધન સાધન મેળવીએ છીએ.'

સાચે જ, સંધ્યાને સમયે અગ્નિને સમિદ્ધ–સળગતો રાખવાનો છે. સાંઝની સંધ્યા અને સવારની સંધ્યા, એમ બંને સમયે અગ્નિ નારાયણને સમિદ્ધ કરવાના અને અગ્નિમાં ઘીની આહુતિઓ આપવાની. સાંઝસવારે અગ્નિનાં સ્તુતિ–પૂજન

કરવાનાં. સમિદ્ધ થયેલા અગ્નિ આપણાં રાતદિવસ રક્ષણ કરે અને આપણા જીવનનાં કાર્ય સારી રીતે સફળ થાય; એ પ્રકારની ભાવના સેવવાની.

"રાતનો સમય આરામ માટે અને અગ્નિ મહારાજ આપણું રક્ષણ કરે,' એ વાત તો આપે મને કહેલી હતી, પણ એ અગ્નિને સમિદ્ધ રાખવા માટે આપણે પ્રયત્ન કરવો જોઈએ ને, પિતાજી ?'

'હા, આપણે પ્રયત્ન કરવાનો છે, પરંતુ એ પ્રયત્ન એકલહાથે થતો નથી. આશ્રમમાં મેં જ્યારે નિવાસ કર્યો ત્યારે હું એકલો હતો. મારે જે અગ્નિ સમિદ્ધ કરવાનો હતો તે કાર્યમાં સાથ–સહચાર આપવા માટે તેમ જ અગ્નિનાં આધાન-સ્થાપન કરવા માટે સહચરી પત્નીની મદદ જોઈએ; એ કાર્યની પૂર્તિ માટે આશ્રમમાં તારાં આ માતાજી આવ્યાં ને આશ્રમનાં આંગણાં શોભી ઊઠયાં.

'બીજે દિવસે પૂર્ણિમા હતી. અરણિનાં સૂકાં બે કાષ્ઠ અમે તૈયાર કર્યાં. હું અગ્નિને પ્રગટ કરવાના મંત્ર જાણતો હતો અને તારાં માતાને સારી રીતે વલોવતાં આવડતું. બે જોતરાં જોડીને એણે મંથનકાર્ય—વલોવવાનું શરૂ કર્યું અને ત્યાં અગ્નિ નારાયણ પ્રગટ થયા. એમને સ્થાલી—થાળીમાં ઉપાડી લીધા અને કુંડમાં પધરાવ્યા. અગ્નિની સાથે બીજા દેવોનાં આવાહન કરી બોલવવાના. એ રીતે અગ્નિની સ્થાપના કરવા માટે ગાર્હપત્ય કુંડની અને બીજા દેવોને આહુતિઓ આપવા માટે આહવનીય કુંડની રચના કરવામાં આવી.

'અગ્નિમંથનથી અગ્નિનો જન્મ થાય છે, એમ ઋષિઓ જણાવે છે. સૂકાં લાકડાં—ઇંધન અને સમિધાઓ એને સમિદ્ધ—સળગતો રાખે છે; આજ્ય—ઘીની આહુતિઓ એનો પ્રકાશ વધારે છે. અરણિના લાકડામાં અગ્નિ સૂતો હતો; અરણિનાં મંથન કરતાં એ પ્રગટ થયો છે એ કારણે તો એને બે માતા છે.

'એ જ રીતે આત્માનું જ્ઞાન અગ્નિના જેવું છે. એ શિષ્યના હૃદયમાં સૂતેલું છે; એ ગુરુએ જગાડવાનું છે. ગુરુ અને શિષ્યનાં મિલન તો અરણિમંથન જેવાં.

'ગૃહસ્થ જન રોજેરોજ અગ્નિ પર અન્ન પકવે છે અને અતિથિને જમાડે છે. એ કાર્ય રોજેરોજ કરવાનાં છે. જે ઘરમાં અગ્નિ સમિદ્ધ થતો નથી, અતિથિ જમતા નથી અને અગ્નિને આહુતિઓ અપાતી નથી, તે ગૃહ ઘર જ ન ગણાય. ઘરની શોભા ગૃહિણી; એને સહાય કરે તે, એને સોંપેલાં કાર્યોમાં સાથ—સહકાર આપે, તે ગૃહસ્થ જન. અગ્નિની સેવા—પૂજા કરવી એ જ એનો સાચો ધર્મ છે.'

'પિતાજી, સાંઝે અગ્નિની સ્તુતિ કરો અને સવારે કરો; અગ્નિમાં આહુતિ તો એક જ પ્રકારની અપાય ને ?'

'હા. જ્યાં અગ્નિ એક હોય ત્યાં સ્તુતિ અને આહુતિ એક પ્રકારની અપાય. અહીં પણ અગ્નિ એક જ છે એવું પહેલાં હું સમજતો હતો, પરંતુ ધ્યાન ધરતાં ધરતાં મને ત્યાં બીજા દેવનાં દર્શન થવા લાગ્યાં. એ દેવ હતા સૂર્ય—સવિતા નારાયણ. એમનાં દર્શન થતાં મારે હૈયે જ્ઞાનનો પ્રકાશ જાગ્યો.

'ધ્યાનમાં મારી આંખો તો અર્ધ મીંચાયેલી રહે. પશ્ચિમ દિશામાં સૂર્ય આથમતો હોય એ તરફ મારી નજર મંડાય, પહેલાં તો મને લાલ લાલ અગનનો ગોળો દેખાય. ધરતીના છેડે—ક્ષિતિજમાં એ તો પહોંચ્યો ગયો હોય. જે અગન-ગોળો દૂર દેખાતો હતો તે તો હવે પાસે આવી રહ્યા હતો. એની તરફ મારી ઝીણી નજર મંડાતી હતી અને મારે હૈયે સૂઝ જાગતી હતી કે :

'આ સૂર્ય કાંઈ લાલ લાલ અગનગોળો જ નથી, એ તો હિરણ્ય—સોનાનો રથ છે; એમાં સવિતા નારાયણ બિરાજ્યા છે. આકાશમાંથી ઊતરીને એ ધરતી પર આવી રહ્યા છે. એમના આવવાના માર્ગ સોનાના રજ:કણોની જેમ ચમકી રહ્યા છે. એ સ્વર્ગ અમરલોક અને ધરતી તો મર્ત્યલોક; એ બંનેની અંદર સવિતા નારાયણ દાખલ થયા છે. એ દેવ બધાં જીવોનાં દર્શન કરવા નીકળેલા છે.

'આ રીતે સવિતાનારાયણ સૂર્યના હિરણ્યરથ અને ચમકતા ઘોડા પર બિરાજી' સોનાના રાજમાર્ગ તેમ જ સ્વર્ગ પૃથ્વી અને બધાં ભુવનોને જોતા જોતા મારી પાસે છેક ધરતીને છેડે આવી પહોંચ્યા અને મારા દેખતાં એ અગ્નિમાં આવીને સમાઈ ગયા ને મારે હૈયે રોમાંચ જાગ્યા.

'એ અગ્નિમં હવે મને સવિતા નારાયણનાં દર્શન થતાં હતાં. સાચે જ, મારી આહુતિ લેવા માટે આ સવિતા નારાયણ જાતે આવી પહોંચ્યા હતા. એમની આંખો હિરણ્ય જેવી ચમકતી અને હાથ પણ હિરણ્યની જેમ શોભતા હતા. એ દેવની હું સ્તુતિ કરતો અને એમને આહુતિ આપતો હતો.'

'પિતાજી, એ રીતે અગ્નિહોત્રમાં બે આહુતિઓનું વિધાન છે એ વાત બરો-બર છે. એ અગ્નિની સાથે ઇષ્ટિ—યાગમાં પધારવા માટે આપ બીજા દેવોને પણ આમંત્રણ મોકલી આવાહન કરતા હતા, એ આપના ગાયેલા સ્તુતિ—મંત્રો મને યાદ આવે છે.

'અમારાં બધાનાં કલ્યાણ કરવા માટે પહેલાં હું અગ્નિને બોલાવું છું. ત્યારબાદ અમારું રક્ષણ કરવા વરુણનું આવાહન હું કરી રહ્યો છું. દેવી રાત્રિને

હું બોલાવું છું, જેની છાયામાં બધાં ચેતન પ્રાણી સૂઈ જાય છે. અંતમાં હું સવિતા નારાયણનાં આવાહન કરું છું, જે અમારું પાલન કરે છે.

'હિરણ્યના રથમાં બેઠેલા સવિતા નારાયણને મારી તરફ આવતા જોઈને મારી સ્તુતિ—વાણી હવે આગળ વધતી હતી.

'આ સવિતા દેવ તો ઊંચા—નીચા માર્ગોથી પસાર થતા આ બાજુએ આવી રહ્યા છે. એમના રથને બે ઘોડા જોડેલા છે, એ સૂર્ય નારાયણ તો ઘણે ઘણે દૂરના માર્ગ વટાવીને તેમ જ માર્ગમાં આવતાં અંધારાં વિદારીને અહીં આવી પહોંચ્યા છે.'

'ભગવાન, એ દેવ સૂર્યનારાયણ અગ્નિની સાથે ક્યાં સુધી નિવાસ કરે છે?'

'સાંઝની સંધ્યાએ એ દેવ પધારે અને સવારની સંધ્યાએ વિદાય લે. રાતભર અગ્નિની સાથે સવિતા નારાયણનો નિવાસ થાય, એ કારણે અગ્નિની સાથે સાથે સૂર્ય નારાયણને આહુતિઓ અપાય છે, સાંઝે ને સવારે—સંધિકાળે.'

'હવે મને આપની વાત સમજાય છે, આપ સંધ્યાપૂજા કરીને જ્યારે ધ્યાનમાં બેસી જાઓ છો ત્યારે આપ પણ અગ્નિ અને સૂર્યની સાથે એકરૂપ બની જાઓ છો. આ યજ્ઞના કુંડમાં અગ્નિ અને સૂર્ય સાથે નિવાસ કરે છે, તે જ રીતે આપના દેહમાં પણ એ બંને દેવ સાથે નિવાસ કરે છે.'

'પ્રિય પુત્ર, આ દેહમાં દેવ નિવાસ કરે, એ જ સાચી સંધ્યા અને સાચી પૂજા, એ કારણે ધ્યાન લાગી જતાં મારા દેહમાં નવી કાંતિ અને નવલા પ્રકાશનો સંચાર થાય છે.'

સવિતા નારાયણની જેમ જ ઋષિ **હિરણ્યસ્તૂપ**નો મહિમા બધે ફેલાતો હતો. રાજા મનુએ જ્યારે મહાન યજ્ઞ કર્યો હતો ત્યારે ઋષિ એના પુરોહિત બન્યા હતા. એમણે જ સંકલ્પના બળે રાજા પુરૂરવાને ગાંધર્વ બનાવ્યો હતો. મોટા મોટા યજ્ઞોમાં જેમ દેવરાજ ઇંદ્રને આવાહન મળે તે જ રીતે એ ઋષિને પણ યજ્ઞમાં ભાગ લેવા માટે આમંત્રણો મળતાં હતાં, અગ્નિ હવિષ્ય પાક તૈયાર કરે, સૂર્ય પ્રકાશ આપે, નદીઓ વહેતી રહે, વૃક્ષ વનસ્પતિ ફલ ઔષધ આપે. એ બધા દેવ પરોપકાર કરવા માટે સેવાઓ આપે છે. એમની એ સેવાઓ નિયમિત રીતે થતી રહે છે; એમાં કોઈ જાતના વિલંબ નહિ, અડચણ કે વિટંબણા નહિ, આળસ કે પ્રમાદ નહિ.

એ જ રીતે હિરણ્યસ્તૂપ ઋષિની સેવાઓ સર્વજનોના કલ્યાણ માટે હતી. જ્યાં જ્યાં જરૂર પડે ત્યાં એ ઋષિ જાતે ઊભા રહેતા હતા. પ્રાણીઓને પીડા

આપતાં પાપ સંકટ, વિઘ્ન અડચણ વગેરે દૂર કરવા માટે એ દેવોની સ્તુતિ કરતા. સહાયતા માંગતા અને એને માટે એ યજ્ઞોના ઉત્સવ રાખતા હતા. આમ સર્વજનના સાથ સહકાર સાધી, એ સમાજનાં કલ્યાણ સાધતા હતા.

* * *

રેણુ નામના એક રાજાએ ઋષિને આમંત્રણ આપવા રાજપુરૂષને મોકલી સંદેશો પાઠવ્યો હતો. એના આખા રાજ્યમાંથી અગ્નિ ચાલ્યો ગયો હતો, એ કારણે પ્રજાજનોનાં જીવન ઘણાં ટૂંકાં થઈ ગયાં હતાં, ઋતુ ઋતુના નવા પાક તૈયાર થતા નહોતા. શરદીને રોગોના પ્રકોપથી બધા લોકો પીડાતા હતા.

સાચે જ, અગ્નિ માનવનું આયુ ગણાય. અગ્નિ તો જીવતું જાગતું જીવન ગણાય. એ અગ્નિદેવને રાજી કરવા અને રાજ્યમાં અગ્નિની કૃપા મેળવવા માટે એ રાજાને યજ્ઞ કરવો હતો. એમાં પુરોહિતપદે બિરાજવા માટે એણે ઋષિને આમંત્રણ આપ્યું હતું. પરોપકારી ઋષિ રાજપુરૂષની સાથે જ જવા તૈયાર થઈ ગયા.

આશ્રમનાં સેવાકાર્ય નિયમિત રીતે ચાલે એ માટે એમણે અર્ચનને વ્યવસ્થા કરવાની પૂરી જવાબદારી સોંપી દીધી. સાંઝે ને સવારે સંધ્યાનાં કાર્ય નિયમ પ્રમાણે ચાલ્યા કરે, સૂર્ય નારાયણ અને અગ્નિ નારાયણને અર્ધ્ય અને આહુતિઓ સમયસર અપાય તેમ જ આશ્રમમાં આવતા અતિથિઓના અન્ન પાનથી સારી રીતે આદર સત્કાર થાય, એ સેવા કરવા માટે અર્ચન બધી રીતે યોગ્ય અધિકારી હતો.

સરસ્વતી નદીના પ્રદેશો છોડીને એ ઋષિ મગધના પ્રદેશોમાં આવી પહોંચ્યા. ત્યાં વર્ષા ઋતુ બેસી ગઈ હતી એમ છતાં મેઘરાજે મીઠાં જલનાં દાન કર્યાં નહોતાં તેથી ખેડૂત પ્રજાજનો ઘેરી ચિંતામાં ડૂબી ગયાં હતાં. એમને કોઈ ઉપાય સૂઝતો નહોતો.

**હિરણ્યસ્તૂપ** ઋષિનાં દર્શન કરી, હાથ જોડી એમણે પ્રાર્થના કરી :

'મહારાજ, અમારાં વિઘ્ન આપ દૂર કરો. આપ દેવરાજ ઇંદ્રની સ્તુતિ કરો અને મેઘરાજ અમારા પ્રદેશો પર વરસે એવો ઉપાય કરો.'

આ ઋષિ તો આશ્રમ છોડીને પરોપકાર કરવા માટે નીકળેલા હતા. એમના ઉદાર મનમાં તો 'રાજા શું કે પ્રજા શું, નાનો શું કે મોટો શું, ભલા ?' પોતાના તન મનથી જે કાંઈ સેવા આપી શકાય તે તો તરત જ આપવી. એ સેવામાં કોઈ વાયદો કે મુદત તો હોય જ નહિ ને ?

ખેડૂતોના એ જનપદમાં ઋષિએ નિવાસ કર્યો. ત્યાંના ખેડૂતજનોને ભેગા કર્યા અને એમને હૈયે જે અકળામણ હતી તેણે વાણી આપી. બધાએ ભેગા થઈ ઋષિરાજને જણાવ્યું :

'ભગવન, અમે બંને બાજુએથી લૂંટાયા છીએ. અમારાં જીવન ખેતી પર ચાલે ત્યારે અમને સહાય કરે બળદો અને ગાયો. પાસેનાં જંગલોમાંથી લૂંટારા—પણિઓ આવ્યા અને અમારાં ગોધણ લૂંટી ગયા. હવે અમને કોણ સહાય કરે ? અમે તો દીન દુઃખી દરિદ્ર બની ગયા.

'ત્યાં તો અમારી પર મેઘરાજ રૂઠયા. મોટાં મોટાં વાદળ આવે અને ત્યાં તો બધી બાજુઓથી પવનો રોકાઈ જાય. વાદળોથી ઘોર અંધકાર છવાઈ જાય, પણ પાણીનું એક ટીપું વરસે નહિ. વીજળીઓ ઝબકે નહિ, મેઘોની ગર્જનાઓ થાય નહિ અને વરસાદ વરસે નહિ.

'આખું હવામાન રૂંધાતું હોય એમ અમને લાગે અને અમારી અકળામણ વધી જાય. અમને મનમાં થાય કે "આ મેઘનાં જલ કોણે રોકી રાખ્યાં હશે ? આ વાદળો તો બરોબર જામે છે, પર્વ પર્વ બનીને એ બધાં એકઠાં થાય છે અને આકાશમાં મોટા મોટા પર્વતોના દેખાવ ઊભા થાય છે, પરંતુ કોને કારણે વરસતાં પાણી અટકી જાય છે ?"

'કયા એ દેવ હશે, જે શૂર હોય, પરાક્રમી હોય અને આ રોકાયેલાં જલને છૂટાં કરે ? એ દેવ કોણ હશે, જે આ પર્વતોનાં પક્ષ પક્ષ—પડખાં તોડી નાખે અને અમારે માટે વરસાદનાં પાણી છૂટાં કરે ?'

પ્રજાજનોની આર્ત વાણી સાંભળી ઋષિએ જણાવ્યું :

'ભાઈઓ. તમે જે દેવને શૂર અને પરાક્રમી કહો છો તે તો સાક્ષાત્ દેવરાજ ઇંદ્ર છે. એમણે તો આ પહેલાં પણ ઘણાં ઘણાં પરાક્રમ કરેલાં છે. એમનાં થોડાં વીર્ય, પરાક્રમોનો મહિમા તમે સાંભળો :

'દેવરાજ ઇંદ્રના હાથનાં વજ્ર છે. એ સાધનથી એમણે અહિને મારી નાખ્યો, જેણે બધાં પાણી રોકી રાખ્યાં હતાં. એનો નાશ થતાંની સાથે તો અંતરિક્ષનાં જળ મુક્ત થયાં અને મૂસળધાર વરસાદ શરૂ થયો.

'અધ્ધર જામતા પર્વતો જેવા મેઘોની પાંખો પણ એ દેવરાજે તોડી નાખી હતી. દેવોના કારીગર ત્વષ્ટા પ્રજાપતિએ દેવરાજ ઇંદ્રના વજ્રની રચના કરી હતી. એ હથિયાર વડે તો એમણે પર્વતોમાં રહેતા અહિ—સર્પનો નાશ કર્યો હતો.

એની સાથેજ જે પાણીના ધોધ છૂટવા લાગ્યા, એની ઉપમા તો શી આપું ? સાંઝ પડે અને ગાયો જેમ વાછરડા માટે ગોચર ભૂમિથી દોડી આવે તે રીતે સરિતાઓનાં જલ તો છૂટવા લાગ્યાં અને મોટા વેગો સાથે સમુદ્ર તરફ ધસમસતાં દોડી જવા લાગ્યાં. એ વરસાદનાં જલ તો અપૂર્વ ઉત્સાહ અને વેગથી વરસવા લાગ્યાં હતાં.

'જલને રોકી રાખનાર એ અહિ કાંઈ એકલો નથી. અંતરિક્ષમાં અને ધરતીમાં કેટકેટલા અહિ–રાક્ષસો ઊભા થાય છે ! બધા અહિઓનો અગ્રેસર તો વૃત્ર. એણે તો બધું જ ઢાંકી દીધું હતું, આખું આકાશ એણે આવરી લીધું હતું. એની સાથે દેવરાજ ઇંદ્રને તો ઘણી મોટી લડાઈ કરવી પડી હતી.

'અરે, એ બંને વચ્ચે બરાબર લડાઈ જામી અને ઇંદ્રના વજ્રથી વૃત્રનાં અડખાં પડખાં–હાથપગ છેદાવા લાગ્યાં, ત્યાં તો ઘણી ઘણી માયાઓ ફેલાવવા માંડી. ગાય પોતાનાં વહાલાં વાછરડાં સાચવી લે તેમ જ એની માતા દનુએ પોતાની કાયા ફેલાવી વૃત્રને પોતાની નીચે લઈ લીધો.

'દનુ અને વૃત્રની એ કાયા તો એવી ભારે કે એની અંદર બધું જ સમાઈ જાય. પાણી તો શું, પવનો પણ અટકી પડે, સૂર્ય ઢંકાઈ જાય અને ઉષા પણ ઘેરાઈ જાય, ને બધા લોકોમાં ઘોર અંધારાં જામી પડે.

'અંધારાં ફેલાવનાર એ વૃત્રને પણ મોટા એક અંધકાર જ જાણી લો. એને તો કોઈ શોધી શકે જ નહિ. જે જ્ઞાની જનો છે, જેની સૂઝ અંદર રહેલા આત્માનાં અજવાળાં શોધવાની છે, તેઓ જ વૃત્રની માયાઓ જાણી શકે છે.

'એ જ્ઞાની જનોના અગ્રેસર તો દેવરાજ ઇંદ્ર. એમને આ વાતની સૂઝ પડે કે આ વૃત્ર જેમ બહાર બધે અંધકાર ફેલાવે છે તેમ જ એ અંતરનાં અજવાળાં પણ ઢાંકી દે છે. એણે રચેલી માયાથી એવાં તો અજ્ઞાન જામી જાય કે અંદર બહાર સારું કે નરસું કશું સૂઝે જ નહિ.

'અજ્ઞાનની માયાથી તો એ વૃત્રનો જન્મ થયો અને જન્મ થયા પછી એણે બીજી ઘણી માયાઓ ફેલાવી છે. એ બધી જ માયાઓને તો ઇંદ્રે વિદારી નાખી છે. આમ જ્યારે નાની મોટી માયાઓ ચાલી જાય ત્યારે તો અસલ માયા આવીને ઊભી રહે, જેનાથી બધાં જ અજ્ઞાન ઘેરાઈ જાય. દેવરાજ ઇંદ્રે વૃત્રની સાથે એની માતા દનુને પણ હણી નાખી. અજ્ઞાન ઓસરે અને અજવાળાં થાય, એવો ચમત્કાર ત્યારે તો થઈ ગયો.

'જુઓ, ભાઈઓ, પેલા પણિઓ તમારાં ગોધણ ચોરી ગયા છે અને એ ગાયો બળદોને એમણે ગુફાની અંદર રૂંધી રાખ્યાં છે. એવા જ સ્વભાવના આ બધા અહિઓ છે. એમનો પતિ આ વૃત્રાસુર. એમણે બધાએ ભેગા થઈને આ જલ રૂંધી લીધાં છે.

'હવે એ પણિઓની ગુફાઓ શોધી કાઢો, ગુફાના દરવાજા ખોલી નાખો, તમારાં ચોરાયેલાં ગાયો અને બળદો દોડતાં આવી પહોંચશે. ઇંદ્ર મહારાજે વૃત્રને હણી નાખ્યો છે, આકાશના દરવાજા ખોલી નાખ્યા છે ને પાણી વહેતાં થઈ ગયાં છે. અંધારાં દૂર થતાંની સાથે જ ઉષા પ્રગટ થઈ, સૂર્યનો ઉદય થયો અને બધે જ પ્રકાશ ફેલાઈ ગયો.

'મેઘરાજ ઇંદ્ર તો એવા પરાક્રમી છે કે એ પણિઓનો નાશ કરીને ગાયોને જીતી લાવે છે, સોમરસ લાવી આપે છે અને સાત સિંધુઓ—સરિતાઓનાં જલ વહેતાં કરે છે.

'એ દેવરાજ ઇંદ્ર તો આપણા બધા જડ ચેતન પદાર્થોના રાજા છે. એ બધાં પ્રજાજનોની અંદર નિવાસ કરે છે. જેમ ચક્રની ચારે બાજુ આરા વીંટાયા છે તેમ જ દેવરાજ ઇંદ્રની ચારે બાજુ બધા પદાર્થ વીંટાઈને રહ્યા છે.'

ઋષિની એ સ્તુતિ સાંભળતાંની સાથે જ દેવરાજ ઇંદ્ર રાજી થઈ ગયા. ત્યાં તો વીજળીઓ ઝબૂકવા લાગી, મેઘોના ગડગડાટ શરૂ થયા ને વરસાદ મૂશળધાર પડવા લાગ્યો.

ખેડૂત પ્રજાજનો ઉત્સાહમાં આવી ગયાં. એ બધા ખેતીના ઉદ્યોગોમાં લાગી ગયા ને નવા પાકોથી ખેતરો ઊભરાવા લાગ્યાં. દેવરાજ ઇંદ્રની સ્તુતિ કરવાથી એ ખેડૂતોમાં ઇંદ્રનાં બલ જાગ્યાં હતાં. એમના હાથપગ વગેરે ઇંદ્રિયોમાં નવાં જોમ આવ્યાં હતાં.

એ ખેડૂત પ્રજાજનોએ સંઘો રચ્યા, સાથ—સહકાર મેળવી લીધા અને પાસેનાં જંગલોમાં વસતા પણિઓ પર આક્રમણ કર્યાં, પણિઓ એમનાથી હારી ગયા અને દૂર ભાગી ગયા. ત્યાર બાદ એમણે ગુફાના દરવાજા ખોલી નાખ્યા અને ત્યાં રાખેલાં ગાયો અને બળદોને એઓએ પોતાના પ્રદેશમાં લાવી દીધાં.

ખેડૂત પ્રજાજનોને રાજી કરીને હિરણ્યસ્તૂપ ઋષિ રાજા રેણુની રાજધાનીમાં આવી પહોંચ્યા. ત્યાંના રાજભવનમાં નિવાસ કરીને એમણે જાણી લીધું કે :

એ રાજ્યની દશા ઘણી જ બગડેલી હતી. અગ્નિશાળામાં નિયમિત રીતે

અગ્નિ સળગતો નહોતો. રાજકુટુંબીજનો અને રાજપુરુષો અડધાં કાચાં ને અડધાં રાંધેલાં અનાજ ખાઈ લેતા હતા, તેથી એમનાં પેટ બગડી જતાં અને અજીર્ણના રોગને કારણે બીજા પણ ઘણા રોગ એમને લાગુ પડ્યા હતા. આનું કારણ શોધતાં ઋષિને વિલંબ થયો નહિ.

જે રેણુ રાજા હતો તેનાં રાણી મરી ગયાં હતાં. યુવરાજ પુરુ હતો, પણ એ પરણ્યો નહોતો, રાજભવનમાં સંભાળ લેનાર રાજમાતા હતાં નહિ, એટલે કોઈ ખાનપાનનું ધ્યાન રાખતું નહિ. જેને જે મન ફાવે તે બનાવી લે. કોઈક રાજપુરુષ એકલો ખાઈપી લે અને દેવતા ઠારી દે. બીજો આવે તે પાછો ફરીથી દેવતા સળગાવે, અને એનું કામ પતી જાય એટલે દેવતા ઠરી જાય. ત્યાં ત્રીજો આવીને પોતાનો ચોકો તૈયાર કરે. આમ ત્રણ જણા ભેગા થાય નહિ અને ત્રેવડ રખાય નહિ.

રાજાની રાજસભામાં પણ કોઈ વ્યવસ્થા નહોતી. રાજા પોતે જ નિયમિત આવે નહિ એ કારણે રાજપુરુષો પણ અનિયમિત આવે. રાજ્યાધિકારીઓમાં કોઈ કોઈનું સાંભળે નહિ એટલે બધા સેવક મન ફાવે તેમ વર્તે, તેથી અનેક જાતનાં લડાઈ–ઝઘડા ઊભા થાય અને આમ આખું રાજતંત્ર બગડી ગયેલું; એ જ રીતે રાજ્યમાં વસતાં પ્રજાજનોનાં જીવન પણ કથળી ગયેલાં હતાં. કોઈ કોઈની સંભાળ લે નહિ, કોઈ કોઈનું સાંભળે નહિ ને કુંટુંબજીવનમાં નવા નવા રાગદ્વેષ ઊભા થાય.

આ બધું જોઈને તો ઋષિ વિચારમાં જ પડી ગયા; 'અરે, અહીં તો ત્રણેય પ્રકારના અગ્નિ શમી ગયા છે, રાજભવનનો અગ્નિ શમી ગયો છે તેને લીધે રાજકુટુંબોમાં રોગો ફેલાયા છે, રાજસભામાં જ્ઞાનનો અગ્નિ શમ્યો છે અને અજ્ઞાન વધી ગયાં છે, પ્રજાજનોનાં કૌટુંબિક જીવનમાં સ્નેહભાવની ઉષ્મા શમી ગઈ છે અને ઈર્ષ્યા વધી ગઈ છે.

'હવે જઠરાગ્નિ–પેટનો અગ્નિ સળગે, તો રોગ જાય, જ્ઞાનનો અગ્નિ પ્રગટે અજ્ઞાન શમે અને સહકારનો અગ્નિ જાગે તો ઈર્ષ્યા દૂર થાય. આ રાજ્યમાં ત્રણેય અગ્નિઓને સાથે જ જગાડવાના રહેશે.'

એમણે વિચાર્યું કે 'પહેલું કામ પુરુને પરણાવી પટરાણી લાવવી અને એને સમ્રાજ્ઞી બનાવવી.' એ યુવરાજને યોગ્ય રાજકન્યા મળી ગઈ. અરણિનાં સૂકાં કાષ્ઠ લાવી અગ્નિ સળગાવવામાં આવ્યો. ઋષિએ એ યુવરાજને રાજા બનાવ્યો અને રાણીને સમ્રાજ્ઞી બનાવી, એને અગ્નિની સોંપણી કરી.

હવે તો રાજભવનમાં સાંઝ થાય અગ્નિ સમિદ્ધ થાય; સાથે સાથે દીવાઓ પ્રગટાવે, અગ્નિમાં આહુતિઓ અપાય, સંધ્યાપૂજા થાય અને રાજમંદિરમાં આરતી ઊતરે. એ જ અગ્નિને બીજા દિવસની સવાર સુધી સાચવી રાખવામાં આવે અને સવાર થતાં સમિધા—ઈંધન મુકાતાં અગ્નિઓ વિશેષ સમિદ્ધ થાય. એમાં આહુતિ અપાતાં જ્વાળા પ્રગટે. એની સાથે જ રાજભવનમાં નવી ચેતના જાગે, નવી સ્ફૂર્તિ આવે, કારણ કે અગ્નિ તો નિત્ય નવયુવા ગણાય.

અગ્નિશાળાનાં કાર્ય નિયમિત થયાં એની સાથે જ પાકશાળામાં રાંધવા કરવાનાં કાર્ય નિયમિત થઈ ગયાં. એ કારણે સારાં સુપાચ્ય ભોજન તૈયાર થવા લાગ્યાં. સારાં તાજાં ભોજન લેવાથી રાજપુરુષોનાં પેટ સુધરવા લાગ્યાં. એની સાથે જ રોગો દૂર થવા લાગ્યા. હવે કહેવત છે કે :

જેનાં તન દુરસ્ત તેનાં મન દુરસ્ત.

રાજભવનની નિયમિતતાને કારણે રાજા પુરુને નવાં ચેતન મળી ગયાં હતાં. એનું તન હૃષ્ટપુષ્ટ થયું હતું, તેથી એણે રાજસભામાં નિયમિત હાજરી આપવા માંડી. એના નિયમિત રીતે આવવાને કારણે રાજપુરૂષો પણ સાવધાન બની ગયા અને ધીરે ધીરે પ્રજાતંત્ર સુધરવા લાગ્યું. જેમ જેમ પ્રજાજનોમાં સમજણ જાગવા લાગી તેમ તેમ અજ્ઞાનનાં જાળાં પણ દૂર થવા લાગ્યાં. એ પ્રજાજનોને સાથે મળીને, સહકાર સાધીને કામ કરવાની સૂઝ આવી અને રાજા તેમજ પ્રજાતંત્ર તરફ એમના આદરભાવ વધવા લાગ્યા. આમ ઈર્ષ્યા અને અદેખાઈ ઓલવાયાં અને પ્રેમ—દયાભાવની નવી ઉષ્મા—ગરમી પ્રગટ થઈ.

જે રાજ્યમાં ત્રણ ત્રણ અગ્નિ શમી ગયા હતા ત્યાં એ ત્રણેય અગ્નિઓને એ ઋષિએ સમિદ્ધ કર્યા. તેથી રાજા પ્રજાનાં સુખસંપત્તિ વધવા લાગ્યાં. આ લૌકિક સંપત્તિ વધે એની સાથે દૈવી બળ પણ વધવું જોઈએ, એ બાબતને ઋષિ સારી રીતે જાણતા હતા. તેથી એમણે પુરુ રાજા અને રાજમાતાને હાથે અનેક પ્રકારના યજ્ઞ યાગ કરાવ્યા, જેમાં ઈંદ્ર અગ્નિ સોમ વરુણ વગેરે દેવોને રાજી કરવામાં આવે છે.

એ રાજ્યમાં ઋષિએ તો એક વર્ષ સુધી નિવાસ કર્યો હતો, પરંતુ એટલા કાળમાં રાજા પ્રજાને નવાં જીવન મળી ગયાં. એ રાજા અને પ્રજાજનોના જીવનમાં નવા અગ્નિની ચેતના સ્ફૂર્તિ અને સંપત્તિ જગાડી ઋષિએ વિદાય માગી ત્યારે રાજા અને પ્રજાજન બધાંએ ભેગાં મળીને એમને સ્નેહભાવથી વિદાય કર્યા.



*

આ ઋષિ એક વર્ષ પછી પોતાના આશ્રમમાં પાછા આવી પહોંચ્યા. જો કે એઓ એક વર્ષથી પણ વધારે કાળ સુધી બહાર રહ્યા હતા, તો પણ બ્રહ્મચારી અર્ચન આશ્રમનાં માતાજીના સાથ સહકારથી આશ્રમને સારી રીતે સાચવી શક્યો હતો.

અર્ચન આશ્રમનો ગૃહપતિ બન્યો હતો, પણ એ સાચો જિજ્ઞાસુ વિદ્યાર્થી હતો. એને જે કાંઈ નવું ને નવું જાણવાની ઇચ્છા થાય તે પ્રમાણે જ્ઞાન મળે ત્યારે તે ખૂબ જ રાજી થાય. હિરણ્યસ્તૂપ તો એના પિતા ગણાય, પરંતુ એને મન એ પહેલા ગુરુ હતા, કારણ કે એમની પાસેથી એને ખૂબ જ જાણવાનું મળતું હતું. એણે વિનયભાવે પૂછયું :

'ગુરુદેવ, આપ એવા રાજ્યમાં ગયા હતા, જ્યાં અગ્નિઓ શમી ગયા હતા. આપે એ અગ્નિઓ સમિદ્ધ કરવા કયા ઉપાય લીધા અને કયા દેવની સ્તુતિ કરી ?'

'અર્ચન, એ રાજ્યમાં રાજા હતો, તે યુવરાજ હતો. પણ કોઈ રાજરાણી હતાં નહિ, પછી, ભલા, ત્યાં રાજ્યલક્ષ્મી કયાંથી હોય ? એ રાજ્યમાં ત્રણેય પ્રકારના અગ્નિ શમી ગયા હતા. ત્યાં મારે તો એવા દેવને બોલાવવા હતા, જેમની પાસે ત્રણ ત્રણ સાધન હોય અને ત્રણ ત્રણ જાતની શક્તિઓ હોય. મેં મારા શરીરમાં વસતા પ્રાણદેવનાં ધ્યાન ધર્યાં અને એમણે મને અશ્વિનીકુમારોની સ્તુતિ કરવા જણાવ્યું.'

'એ પ્રમાણે મેં અશ્વિનીકુમારોની સ્તુતિ કરી અને એમની કૃપાથી ત્યાંના રાજા અને પ્રજાજનોમાં નવા પ્રાણના સંચાર થયા. પ્રાણ જાગતાંની સાથે શમેલા અગ્નિ સમિદ્ધ—સળગતા થયા. રાજા પ્રજાજનોના જીવનમાં નવા નવા અગ્નિઓ ચેતવા લાગ્યા અને એમને કારણે ચેતનાના સંચાર થયા. એ કામ પૂરું કરીને મેં વિદાય લીધી. આપણે તો પુરોહિતનાં કામ કરવાનાં અને પાછા અતિથિ એટલે કયાંયે બીજે વધારે સમય વસાય નહિ.'

'સાચું છે, પિતાજી ! રાજભવનમાં લાંબું વસાય પણ નહિ. આપણે તો સેવાનાં વ્રત લીધાં છે; એ પૂરાં કરવાનાં. આશ્રમ તો આપણાં તપોધન, ત્યાં નિવાસ કરવાથી આપણાં તપ વધે. પ્રભો, અશ્વિનીકુમારોની સ્તુતિ આપ મને સંભળાવશો ?'

'હા, સાંભળ; એ બે દેવ સાથે રહે છે. એમની સ્તુતિ સવારે વહેલાં ઊઠીને કરવાની છે. પક્ષીઓના કલરવ શરૂ થાય એ પહેલાં સ્તુતિ કરો તો અશ્વિની-કુમારો ખુબ પ્રસન્ન થાય. એમનું એક નામ નવેદા—વિપરીત જ્ઞાનથી દૂર રહેનારા

અને નવાં નવાં જ્ઞાન આપનાર, એમનું બીજું નામ નાસત્યા—એમની પાસે અસત્ય જૂઠાણું તો ટકી શકે જ નહિ. એમનાં માતા પિતા છાયા-સંજ્ઞા અને સવિતા નારાયણ. એ તો દેવોના વૈદ્ય; તેથી એ બંને રથમાં જ બેઠેલા હોય અને જ્યાં જ્યાં જરૂર પડે ત્યાં તરત જ પહોંચી જાય. એમના ઘોડાઓનાં નામ રાસભ—વિશેપ પ્રકારના રસ–વેગથી ચમકનારા, તેથી એ પવનની પાંખે ઊડનારા. મારા તો એ બંને આરાધ્ય દેવ. પુરુ રાજા, રાજમાતા અને પ્રજાજનોની સાથે બેસીને મેં એ બંને યુગલ દેવોની સ્તુતિ કરી હતી. આ સ્તુતિ–સૂક્તનો ભાવ આ પ્રમાણે છે :

'હે નવેદા—અશ્વિનીકુમારો, આજે અમારે ત્યાં તમે ત્રણ વાર પધારો, તમારો માર્ગ વિશાળ છે અને તમારાં દાન મોટાં છે. તમે બંને રાત અને દિવસની જેમ જોડાયેલા છો. તમારા રથને ત્રણ પૈડાં છે; એ રથ અમારે માટે અન્ન લાવે છે. જ્યારે વેના–સૂર્યાની સાથે સોમરાજના વિવાહ થયા હતા ત્યારે તમે એ બંનેને રથમાં બેસાડ્યાં હતાં; એવી જ રીતે અમારાં આ રાજા અને રાણીને તમારા રથમાં બેસાડો અને તમે ત્રણ ત્રણ પ્રકારનાં અન્નનાં દાન કરો.

'તમે અમને દરરોજ ત્રણ ત્રણ વાર પાપમાંથી બચાવી લો છો. જેમણે તમારાં પૂજન કરવાનાં વ્રત લીધાં છે તે યજમાનના સવન–હવનમાં તમે ત્રણ ત્રણ વાર આવો છો, તમે ત્રણ વાર શિક્ષણ આપો છો અને ત્રણ ત્રણ ફલ આપો છો.

'અમારા રોગ દૂર કરવા તમે ત્રણ પ્રકારનાં ઔષધ–દવાઓ લાવો છો. આકાશમાં સૂર્યનો પ્રકાશ છે, અંતરિક્ષમાં વાયુનો સંચાર છે અને પૃથ્વી પર વૃક્ષ–વનસ્પતિ ઊગે છે; એ અમારે માટે ઔષધ અને ઉપચાર છે, એ તમે લેતા આવજો. તમો અમોને ત્રણ પ્રકારની શાંતિ આપો.

'જેમ ત્રણ શરીરમાં આત્મા નિવાસ કરે છે તેમ જ તમો ભલે દૂર નિવાસ કરો તોપણ જ્યારે અમારી પાસે પૃથ્વી પર આવી પહોંચો ત્યારે અમારી રક્ષા માટે ત્રણ પ્રકારનાં ધાતુદ્રવ્ય લેતા આવજો.

'તમો અમારા હવનમાં આવો. તમારે માટે મધુર રસ તૈયાર છે. સવિતાનો ઉદય થાય અને ઉષા ઊગે તે પહેલાં તમારા રથ ઘીથી ભરેલા તૈયાર છે માટે અમે તમારી સ્તુતિ કરીએ છીએ.

'હે અશ્વિનીકુમારો, તમે આવો ત્યારે ત્રણ ત્રણ દેવગણને સાથે લેતા આવજો. પૃથ્વીના અગિયાર દેવ, અંતરિક્ષના અગિયાર દેવ અને સ્વર્ગના અગિયાર દેવ છે, તે બધા દેવોને અમારા યજ્ઞમાં મધુર રસનાં પાન કરવા માટે લેતા આવજો.'

અંગિરા કુલમાં જન્મેલ હિરણ્યસ્તૂપ ઋષિ બધા લોકોમાં અત્યંત પ્રસિદ્ધ થયા હતા, જેમ બધા દેવોમાં અગ્નિ પ્રથમ પૂજાય છે અને બધા છંદોમાં બૃહતી છંદ મુખ્ય ગણાય છે તેમ જ બધા ઋષિઓમાં હિરણ્યસ્તૂપનું સ્થાન પ્રથમ છે.

એ જ અંગિરા કુલના બીજા બે ઋષિઓએ પણ દેવોનાં અનેરાં દર્શન કરી વિવિધ સૂક્તોની રચના કરી છે; એમાંના એક તો **સવ્ય** અને બીજા **કુત્સ.** એમના પિતા અંગિરા ઋષિ દેવરાજ ઇંદ્રનાં પૂજન–અર્ચન કરતા હતા અને દેવરાજ ઇંદ્રને પોતાના ઇષ્ટદેવ ગણતા હતા. એઓ પોતાના શિષ્યોને જણાવતા હતા :

'મારાં ભાગ્ય ઘડનાર ભગવાન ગણો તો એ દેવ ઇંદ્ર છે અને મારાં શક્તિ-સામર્થ્યને વધારનાર ઈશ્વર ગણો તો એ પણ ઈંદ્ર જ છે.'

એમની અનેરી ભક્તિથી રાજી થઈને ઇંદ્રે અંગિરાને વરદાન માગવા કહ્યું ત્યારે એમણે જણાવ્યું હતું કે 'મારે તો તમારા સરખા વીર અને પરાક્રમી પુત્ર જોઈએ.'

એમની ભાવના પૂરવા માટે ઇંદ્રે ચૌદ લોક બ્રહ્માંડમાં તપાસ કરી, પરંતુ એમને પોતાના જેવો વીર કોઈ દેવ મળ્યો નહિ, છેવટે એ ઇંદ્ર પોતે જ ઋષિને ઘેર પુત્ર બનીને આવી પહોંચ્યા. એ દેવરાજ ઇંદ્રનો સવ્ય–જમણો ભાગ શ્રેષ્ઠ ગણાય છે; તેથી અંગિરાએ પોતાના પુત્રનું નામ **સવ્ય** રાખ્યું. એ પુત્રે તો પોતાના પિતાને જ ગુરુપદે માની લીધા અને એમની પાસેથી ઉત્તમ વિદ્યા મેળવી લીધી.

એમણે ઇંદ્રનો મહિમા ગાતાં સાત સાત સૂક્તોની રચના કરી છે. ઇંદ્રનાં અદ્ભુત અને દિવ્ય પરાક્રમો ગાતાં એ ઋષિ કદી થાકતા નથી. જેવી રીતે સરિતાનાં જલપ્રવાહો વહે તેવી જ રીતે ઋષિની કાવ્યધારા અતૂટ વહેતી રહે છે.

'હે દેવરાજ ઇંદ્ર, તમારાં પરાક્રમ તો ઘણાં છે. તેમાંથી કેટલાં ગાવાં એની અમને સમજણ પડતી નથી. અમે તો તમારા છીએ. માનોને કે તમે ભગવાન છો અને અમે તમારા ભક્ત છીએ. અમ ભક્તજનોની કામના તો તમે પૂરી કરવાના. વિશાળ આકાશના દેવે તમારાં પરાક્રમ માન્ય કર્યાં છે અને આ પૃથ્વી તો તમારાં બળથી ઝૂકી રહી છે.'

એ **અંગિરા** ઋષિના બીજા પુત્ર **કુત્સ.** એની માતાનું નામ **અર્જુની.** એ ઋષિએ પિતાની પાસેથી વીર રસ મેળવી લીધો હતો અને માતાની પાસેથી કોમળ કરુણ રસનો આસ્વાદ લીધો હતો. આ ઋષિએ તો પોતાની માતાને જ દેવ–માતૃદેવ ગણી લીધાં અને એમની કોમળ કૃપાથી કરુણરસ જાણી લીધો. એમને મન

માતૃદેવ તો કરુણાની પ્રતિમા હતાં. એ જ રીતે એમણે પિતાને જ દેવ પિતૃદેવ ગણી લીધા અને એમની કઠોર પરીક્ષાથી વીરરસ જાણી લીધો. એમને મન પિતૃદેવ તો વીર રસની પ્રતિમા બન્યા હતા.

આ રીતે જેણે માતા પિતાનાં પૂજન કર્યાં હતાં તેને મન તો બધા દેવ સગાભાઈઓ જેવા અને શક્તિ દેવીઓ તો બહેનો જેવી લાગે. એ ઋષિ જ્યારે દેવ અગ્નિની સ્તુતિ કરે ત્યારે આ વાત વારંવાર યાદ કરે :

'જાતવેદા—સઘળું જાણનાર દેવ અગ્નિને મારું આ સ્તોત્ર—ભજન તો રથ જેવું રમણીય બનાવીને આપું છું. અગ્નિદેવનો સંગ થવાથી તો અમારી મતિ સારી રીતે ચાલે છે. હે અગ્નિ દેવ, અમે તો તમારી મિત્રતા કરવાના અને એથી તો તમારે અમારી પર રિસાવાનું તો હોય જ નહિ, કારણ કે અમે તમારા સંબંધી છીએ. તમારા ભક્તજન છીએ.'

ઋષિ કુત્સે અગ્નિને સખા બનાવ્યા, એ સાથે એમણે દ્રવિણોદા—સર્વદ્રવ્ય સાધન આપનારને સહાયક દાતા બનાવી લીધા. એ ઋષિએ જોયું કે :

'વિશ્વભરમાં જે નર શ્રેષ્ઠ હોય, પરોપકારી હોય, તે બધાને જોડીને એક 'વિશ્વનર' નામનો સંઘ બનાવવો જોઈએ અને એના અગ્રેસર—અગ્રણીને 'વૈશ્વાનર' ગણવો જોઈએ. આ પદ માટે તો દેવરાજ અગ્નિ યોગ્ય અધિકારી છે.' એ રીતની ભાવના સાથે એમણે 'વૈશ્વાનર અગ્નિ'ની પ્રાર્થના કરી:

'વિશ્વભરના જાત—જન્મેલા પદાર્થોને જાણનાર અગ્નિ તો 'જાતવેદા' છે. એ રૂપે અગ્નિનું દર્શન મરીચિના પુત્ર કશ્યપને થયું હતું. એ કશ્યપની પ્રાર્થના—સ્તુતિને પોતાનાં સૂક્તોની સાથે જોડી કુત્સ ઋષિએ મિત્રતાના ભાવને વ્યાપક બનાવ્યો છે, એટલું જ નહિ, **વૃષાગિરિ** નામના રાજાના પાંચ રાજકુમારોએ દેવરાજ ઇંદ્રની પ્રાર્થના કરી છે, જેમાં ઇંદ્રના ઉદાર ગુણોનાં વર્ણન છે. એ રાજ-કુમારોનાં નામ ઋજાશ્વ અંબરીષ સહદેવ ભયમાન અને સુરાધસ હતાં. એમના સૂક્તને પણ આ ઋષિએ પોતાના સૂક્તોમાં જોડયું છે.

અર્જુની માતાના વાત્સલ્યભાવથી ઋષિમાં કરુણાભાવ જાગે, તે જ રીતે અંગિરા પિતાની કઠોર વૃત્તિથી વીરરસ જાગે એ સહજ સ્વાભાવિક છે. પિતાના ઇષ્ટદેવ દેવરાજ ઇંદ્ર તો પોતાના સખા—સગા ભાઈ ગણાય; તેથી તે ઋષિ ઇંદ્રને મરુતોની સેના સાથે સખ્ય—મૈત્રીભાવે બોલાવે છે. ઇંદ્રની મૈત્રી સાચવવા માટે, ઋષિએ પણ ઇંદ્રના જેવા જ પરાક્રમી શૂર બનવું જોઈએ; એ હેતુથી એમણે વીર

બનવાનું બીડું ઝડપી લીધું અને એમણે ઇંદ્રના જેવાં જ અદ્‌ભુત પરાક્રમ કરવા માંડ્યાં. એને યુદ્ધમાં સહાય કરવા ઇંદ્ર પોતે પણ આવી પહોંચ્યા હતા. યુદ્ધની ભૂમિ પર તો એ બંને એકસરખા શૂર પરાક્રમી લાગતા હતા.

જેવી રીતે પાંડવ અર્જુન ઇંદ્રને મળવા સ્વર્ગમાં ગયો હતો અને એને ઇંદ્રે પોતાની સાથે એક જ આસન પર બેસાડ્યો હતો તે જ રીતે કુત્સ ઋષિને ઇંદ્રે સ્વર્ગમાં આવવા નિમંત્રણ આપ્યું હતું. એ ઋષિ સ્વર્ગમાં જઈ પહોંચ્યા ત્યારે દેવરાજ ઇંદ્રે એને પોતાના જ આસન પર બેસાડ્યો હતો. એ બંનેનાં સરખાં રૂપ આકાર વેશભૂષા જોઈને ઇંદ્રાણી શંકામાં પડી ગયાં હતાં કે 'આમાં ઇંદ્ર કોણ અને કુત્સ ઋષિ કોણ ?'

સાચે જ, ભક્ત ને ભગવાન એકસરખા જ હોય; એનું નામ સારૂપ્ય ભક્તિ.

એ કુત્સ ઋષિની ભક્તિ અગ્નિ અને ઇંદ્ર બે દેવો પૂરતી સીમિત નહોતી. એ ઋષિએ તો અનેક દેવોની પ્રાર્થના કરી છે. મિત્ર અને વરુણ, વસુઓ અને આદિત્ય, પિતરો અને દેવીઓ, અદિતિ અને બૃહસ્પતિ, સિંધુ, પૃથ્વી અને દ્યૌ, એ બધા દેવોને અને એમની વિવિધ શક્તિઓને ઋષિ માનવોનાં કલ્યાણ કરવા માટે બોલાવે છે અને એમની સ્તુતિઓ કરે છે :

'મારે મન તો જે ઇંદ્ર છે તે જ વરુણ છે. જે અગ્નિ છે તે જ અર્યમા અને સવિતા છે. અદિતિ સિંધુ પૃથ્વી દ્યૌ મિત્ર વગેરે દેવો અમારી ભાવનાને અનુમોદન આપે છે.'

આ ઋષિ તો અગ્નિ અને ઇંદ્ર બંને દેવોને સાથે સાથે બોલાવે છે અને બંનેનાં સરખી રીતે સત્કાર–સંમાન પણ કરે છે. પહેલાં જે લોકો કારીગર–કાર્ય કુશળ કલાકારો હતા તે માનવો હતા, પણ સારાં ગુણ–કાર્યોથી દેવો બની ગયા હતા, એવા ઋભુઓ અને દેવોના ભિષગ–વૈદ્ય અશ્વિનીકુમારોને પણ ઋષિ પોતાના યજ્ઞમાં બોલાવે છે અને એમની ભૂરિ ભૂરિ પ્રશંસા પણ કરે છે.

કુત્સ સ્વભાવે તો મનીષી–કવિ છે. કુદરતની પેલે પારે રહેલાં તત્ત્વોનાં દર્શન પણ એને થાય છે. એ જ રીતે ઉષાને જોતાં એમને હૈયે ભાવ જાગે છે અને કવિતાની વાણીમાં એ જણાવે છે :

'જુઓ, જુઓ, આ રાત્રિ તો ચાલી અને એણે ઉષાને માટે પોતાની જગા ખાલી કરી આપી. આ ઉષા પણ હવે તો જવાની. એ જાય એ પછી જ સૂર્યનો ઉદય થાય ને ? આ સૂર્ય તો બધી જ્યોતિઓમાં શ્રેષ્ઠ જ્યોતિ છે. એનો પ્રકાશ

તો આકાશગંગાની જેમ અને અંતરિક્ષની ધજાપતાકાઓની જેમ બધે જ આશ્ચર્ય-કારક રીતે ફેલાઈ જવાનો.

'આજની આ ઉષા તો સૂતેલાને જગાડે છે અને જાગતા નરને આગળ વધારે છે. આવી આવી તો કેટલીય ઉષાઓ આવી ગઈ અને હજી તો આવવાની છે, એનો ક્રમ તો ચાલુ જ રહેવાનો.'

એ જ રીતે સૂર્યનો ઉદય થતાં એ ઋષિને હૈયે ભાવ જાગે છે અને એ જણાવે છે કે :

'અહો, આ તો ચિત્ર—આશ્ચર્યકારક ઘટના ગણાય. આ સૂર્ય તો મિત્ર વરુણ અને અગ્નિ એ ત્રણ દેવોનું સ્થિર ચક્ષુ ગણાય. એ સૂર્ય નારાયણે તો ઊગતાંની સાથે જ ત્રણેય લોકોને માપી લીધા છે. એ પ્રભુ તો જડ અને ચેતનનો આત્મા છે.'

આ ઋષિએ કુદરતના ઝંઝાવાત, સાગરોનાં તોફાન, ફૂંકાતા પવન વગેરે ભયંકર બનાવો આનંદથી મસ્ત બનીને નિહાળ્યા છે. એક આત્માની એ બધી લીલાઓ છે. એ ભાવે અભય બનીને એ ઋષિ ભયંકર ઘટનાઓ જોઈ શક્યા છે. એ જ રીતે ભયંકર જટાધારી રુદ્ર મહાદેવનાં સ્વરૂપ જોઈને એ ઋષિ અનેરા ભાવે રૂદ્ર ભગવાનની સ્તુતિઓ કરે છે.

આમ અંગિરા ઋષિ અને એમના પુત્રો હિરણ્યતૂપ, સવ્ય અને કુત્સ સાંઝ-સવારે સંધિકાળે સ્તુતિઓ કરે છે. એમની એ સ્તુતિઓમાં અગ્નિ, ઇંદ્ર, અદિતિ, ઉષા, સૂર્ય, રુદ્ર વગેરે એક એક દેવનાં સ્વરૂપ તેમજ વસુઓ, રુદ્રો આદિત્યો પિતરો ઋભુઓ વિશ્વેદેવો વગેરે સંઘ—સહકારમાં રહેલા ગણદેવો અને એ બધા દેવોની શક્તિઓનો સમાવેશ થયે જાય છે.

□

# ૬

# સૌનું કરો કલ્યાણ

'સૌનું કરો કલ્યાણ, દયાળુ પ્રભુ ! સૌનું કરો કલ્યાણ.'

આ એક સુંદર પ્રાર્થના છે. દયાળુ પ્રભુ સૌનાં કલ્યાણ કરે એવી ભાવનાની સાથે દરેક માનવે પણ બીજાનાં કલ્યાણ કરવાનો સંકલ્પ કરવો જોઈએ. આપણાં એકે એક કામ, એકે એક ભાવ અને એકે એક સાધન એવાં હોવાં જોઈએ કે જેથી દરેકનાં ભદ્ર–કલ્યાણ થાય.

'આપણે બધાં ભેગાં મળીને કલ્યાણની વાતો સાંભળીએ. જે જે દેખાવોથી આપણાં ભલાં થતાં હોય તેવાં મધુર દૃશ્ય આપણે જોઈએ તેમ જ આપણે દેવોની પ્રાર્થનાઓ અંને સ્તુતિઓ પણ બધાંનાં ભદ્ર–ભલાં માટે કરીએ.

'બધાનું ભલું થાઓ, બધાનું હિત થાઓ.'

આ કલ્યાણની પ્રાર્થના કરનાર ઋષિનું નામ છે ગોતમ. પિતાનું નામ રહૂગણ. એ ઋષિએ અગ્નિ ઇંદ્ર મરુતો વિશ્વેદેવ ઉષા વગેરે દેવોની સ્તુતિ કરીને સૌનાં કલ્યાણ કરનારી સારી સારી ચીજો આપવાની માગણી કરી છે. એ સ્તુતિ કરે છે:

'અગ્નિ તો જ્ઞાનનો દેવ છે, તે આપણને હિતકારી મતિ અને વિદ્યા આપે. ઇંદ્ર તો દેવરાજ, તે આપણાં ઘરબાર પુત્ર પશુ એમ બધાંને સુખ સગવડનાં સાધન આપે. મરુત દેવો તો સાત સાત સંખ્યામાં સાથે રહે. એમનાં નામ રૂપ ગુણ વેશ બધાં એકસરખાં ગણવેશ ગણાય. એક એક ગણમાં (૭×૭) ઓગણપચાસ મરુત હોય અને એક ઇંદ્ર મરુતોનો સ્વામી. આ બધા મરુત લોકોનાં ભલાં કરવા માટે જ રણસંગ્રામ ખેલે છે અને એઓ સૌ જનો માટે હિતનાં સાધન ભેગાં કરે છે.

'જે પ્રસિદ્ધ વિશ્વેદેવો ગણાય છે તેઓમાં બધા દેવોનો સમાવેશ થઈ જાય છે; જે દેવો બધાનાં ભલાં કરે છે. એ ઉપરાંત વરુણ મિત્ર અને અર્યમા–સૂર્ય બધા જનોને સરળ નીતિના માર્ગે દોરી જાય છે. આ દેવો આપણાં ધનસાધનના

સ્વામી છે; વિશેષ જ્ઞાનીઓ છે, અને પોતે વ્રત નિયમો વગેરે પાળીને સૌનાં હિત સાધે છે.

'હે પૂષાદેવ, હે પરાક્રમી દેવ વિષ્ણુ, હે મરુતો, અમને કલ્યાણને માર્ગે દોરી જાઓ. ખરેખર, જે માનવનાં આચરણ સરળ છે તેને માટે વાયુ મધુર રીતે વાય છે. એ ઋત–સરળ માર્ગને અનુસરનાર માનવ માટે તો સિંધુ–સરિતાઓ સારી રીતે વહે છે. આકાશ–પિતા એને માટે મધુર બનીને રહે છે. આ દેવ વનસ્પતિ અને સૂર્ય અમારે માટે મધુર હો. અમારી ગાયો અમારાં મધુર–કલ્યાણ કરો.'

'અમારાં ભલાં કરો, એ દેવો મિત્ર વરુણ અને અર્યમા, ઇંદ્ર દેવરાજ અને દેવગુરુ બૃહસ્પતિ અમારાં ભલાં કરો. જે વિષ્ણુ ભગવાને ત્રણેય લોકોમાં ઉદાર પરાક્રમો કરેલાં છે તે દેવ અમારાં કલ્યાણ કરો.'

ગોતમ ઋષિએ કરેલી આ પ્રાર્થના–સ્તુતિના ભાવને સૌ જનો યાદ કરે છે. સવાર થાય ને ભક્તજનો ભજન ગાય ત્યારે એઓ કલ્યાણની જ માગણી કરે છે. યજ્ઞની શરૂઆત થાય અને ઋત્વિજો 'સૌનાં સ્વસ્તિ–કલ્યાણ હો' એ ભાવે તો સ્વસ્તિપુણ્યાહવાચનના મંત્ર ભણે છે. આત્મજ્ઞાની વેદાંતી જનો પણ ઉપનિષદોના પાઠ ભણે છે; ત્યારે કલ્યાણની ભાવના બતાવનાર આ જ મંત્રોથી શાંતિપાઠ કરે છે.

આમ બધાય જનોમાં શાંતિપાઠનો સૂર તો એકસરખો સંભળાય છે, પણ જ્યારે માનવ માનવનાં ભલાં કરવાનાં કાર્યોને રોકી રાખશે અને એકબીજાનાં ભૂંડાં કામ કરવા લાગશે ત્યારે તો માનવોના જીવનમાં સુખ અને શાંતિ શી રીતે રહેશે ?

'સાચે જ, જે દેશ અને જે રાષ્ટ્ર પોતાની અંદર વસતા માનવોની શાંતિ સાચવવાની ભાવના સેવે છે તે જ સમાજના માનવીઓ સુખી થવાના છે.'

આ કલ્યાણ–ભાવના અને શાંતિપાઠની પ્રેરણા આપનાર ભલા ઋષિનું નામ **'રાહૂગણ ગોતમ'** છે. એમના પિતાનું નામ રહૂગણ હતું.

આ રાહૂગણ ગોતમના પુત્ર **'નોધા'** પણ ઋષિ છે. એમને અગ્નિમાં વિશ્વ-રૂપ–વૈશ્વાનર અને ઇંદ્રમાં પ્રજાપાલક પરમેશ્વર પિતાનાં દર્શન થયાં છે. એમણે ગાયેલી સ્તુતિઓ અને પ્રાર્થનાઓ ઘણી જ મધુર અને સિદ્ધિને આપનારી છે. એ કારણે તો જુદા જુદા યજ્ઞોના ઋત્વિજો એમની પાસે આવીને સ્તુતિઓના મંત્રપાઠ શીખી જતા હતા અને જ્યારે યજ્ઞના પ્રસંગે એ મંત્રો ભણવા માંડે ત્યારે એઓ ગૌરવથી જણાવતા હતા કે :

'હે દેવો, આ સ્તુતિઓની રચના ગૌતમ નોધા ઋષિએ કરેલી છે. જેવી રીતે દેવોના કારીગર ત્વષ્ટા પ્રજાપતિ રથ બનાવે અને એમાં બેસીને દેવો યજ્ઞમાં આવી પહોંચે, તે જ રીતે નોધા ઋષિએ રચેલું આ સ્તોત્ર તો રથ જેવું રમણીય છે. દેવોને જ્યારે યજ્ઞમાં પધારવા આવાહન મોકલવામાં આવે ત્યારે એ દેવો સ્તોત્રનો ઉપયોગ વાહન–રથ તરીકે કરે છે અને એમાં બેસીને યજ્ઞની ભૂમિ પર આવી પહોંચે છે.'

આ રીતે સ્તોત્રને દિવ્ય રથ ગણીને એની અદ્દભૂત શક્તિનો મહિમા આ ઋષિએ ગાયો છે. સ્તુતિ પ્રાર્થનામાં ગવાતાં સ્તોત્ર અને શસ્ત્ર–શંસન તો મંત્રોની વાણી છે. વેદોની એક એક ઋચામાં અનેરો દિવ્ય ભાવ રહેલો છે. સ્તોત્રોના એ મંત્રોની સાત સ્વરો સાથેની ગીતિ બને ત્યારે તો સામગાન જાગે અને એ સાંભળીને દેવોને યજ્ઞોમાં આવવાનું આકર્ષણ જાગે.

વૈશ્વાનર અગ્નિનાં દર્શન કરતાં આ ઋષિ જણાવે છે :

'હે અગ્નિ, પક્ષીને પાંખો હોય તેમ જ જુદા જુદા સ્વરૂપના અગ્નિ તો તમારી પાંખો છે. તમે વૃક્ષ છો ને એ અગ્નિઓ તમારી શાખાઓ છે. એ જ કારણે તમે વૈશ્વાનર દેવ છો. તમે વિશ્વ પ્રજાની નાભિ છો; આ ઘરની વચમાં ઉભેલા થાંભલાની જેમ તમે બધા જનોના આધાર છો.

'ખરેખર, આ વૈશ્વાનર અગ્નિ તો દ્યુલોકનું મસ્તક છે, પૃથ્વીની નાભિ છે અને એ બે આકાશોને જોડનાર છે. હે વૈશ્વાનર, તમે સૌ જનોનાં કલ્યાણ કરો છો એ જાણીને તો બધા દેવોએ તમને પ્રગટ કર્યા છે. તમે તો બધાય લોકોને માટે કલ્યાણના માર્ગ બતાવ્યા છે.

'આ વૈશ્વાનર તો વિશ્વના કૃષ્ટિ ખેડૂતજન છે; એ તો વિશ્વના પ્રજાજન છે. કલ્યાણના અનેરા ભાવથી એમણે આ સ્થાન મેળવી લીધું છે.

'ભક્તોના હૃદયમાં સદા જાગ્રત રહેનાર આ મધુરભાષી અગ્નિને અમારી કીર્તિ પ્રાપ્ત થાઓ. અમે યજ્ઞના ઋત્વિજો તો આગળ પ્રગતિ સાધનારા અને દીર્ઘ આયુ મેળવનાર માનવ છીએ. એ વૈશ્વાનર અમારા યજ્ઞમાં પ્રગટ થાઓ.'

એ વૈશ્વાનર અગ્નિની જેમ ઇંદ્રની સ્તુતિ કરતાં ઋષિ જણાવે છે :

'જે દેવરાજ ઇંદ્ર શીઘ્ર ગતિ કરનાર, મહિમાવાન અને ગુણિયલ છે, તેમને મારાં આ મનનીય સ્તોત્ર અને મંત્રો અર્પણ કરું છું, જે અન્નની જેમ ઇંદ્રને

પુષ્ટ બતાવે છે. અમારાં આ સ્તોત્ર સામના સાત સ્વરોની સાથે ગવાય છે ત્યારે તો એ સામગાનની મધુરી ગીતિઓ વિશેષ સુંદર લાગે છે.

'હે બળવાન ઇંદ્ર, જેમ હરિ—ઘોડાઓથી જોડેલા રથમાં તમે બેસો છો તે જ રીતે ગોતમના પુત્ર નોધા ઋષિએ ખાસ કરીને તમારે માટે જ આ નવા સ્તોત્રની રચના કરી છે; એમાં બેસીને વહેલી સવારે અમારા યજ્ઞમાં આવી પહોંચો.'

એ જ રીતે મરુત દેવો માટે નવાં સ્તોત્ર રચવા માટે ઋત્વિજો નોધા ઋષિને જણાવે છે:

'હે નોધા ઋષિ, સારાં બળ મળે, ઉત્તમ યજ્ઞો થાય, સાચી સમજણ આવે, પરસ્પરના સાથ સહકારથી કાર્યો થાય, એટલા માટે તમો અમોને સારાં વચનો—સૂક્તોથી ભરેલી પ્રાર્થનાઓ બનાવી આપો, જેથી મરુતો અમારી પર પ્રસન્ન થાય.'

એ ઋત્વિજોની ભાવનાને વશ થઈને ઋષિએ મરુતો માટે એક પ્રાર્થના ગાઈ છે:

'હે ઋત્વિજો, જેમ જલની ધારાઓ સરખા પ્રવાહથી વહ્યા કરે છે એમ જ મારી આ સ્તોત્ર વાણી અખંડ એકધારાથી ચાલે છે. જેમ કલાકાર અને કારીગર પોતાના કુશળ હાથની અનેક સુંદર કળાઓની રચના કરે છે તે જ રીતે આ કાવ્યની રચના મેં તમારા માટે તૈયાર કરી છે. તમે જ્યારે દેવોની સભામાં જઈને આ સ્તોત્રનાં ગાન કરશો ત્યારે એનો પ્રભાવ તમે જાણી શકશો, કારણ કે મેં ખૂબ જ સાવધાન થઈને અને ધીરજ રાખીને આ સ્તોત્રની રચના કરી છે.'

એ પ્રમાણે ઋત્વિજો ઋષિ પાસેથી સ્તોત્રોની રચના સાથે લઈ જતા અને યજ્ઞોમાં એના સુંદર પાઠ ગાતા, જેથી મરુતો રાજી થઈ યજ્ઞમાં હાજર થતા હતા.

*

'એ પ્રભુ પ્રભાવશાળી છે અને દયાળુ છે. મારા દયાળુ પ્રભુ તો અગ્નિ નારાયણ છે. સર્વ વિશ્વનાં કલ્યાણ કરવા માટે તો એ પ્રભુ સદા જાગતા રહે છે. એમના નિવાસ બધે ઠેકાણે છે. આપણા શરીરમાં એ વસ્યા છે. એને કારણે તો આ શરીરમાં ચેતના અને સ્ફૂર્તિ છે. એ જ અગ્નિ આપણા સમાજમાં અગ્રેસર નેતા બનીને રહે છે અને સમાજને સાચી દોરવણી આપે છે. એ જ અગ્નિ વિશ્વ વિશ્વના નર-પ્રતિનિધિઓના સંઘની રચના કરે છે, જેને 'વિશ્વનર' નામ આપવામાં આવે છે અને એના પ્રમુખ અગ્નિ તો 'વૈશ્વાનર' કહેવાય છે.'

એ વિશ્વવ્યાપક પ્રભુનાં દર્શન કરનાર ઋષિનું નામ **પરાશર.** એમના પિતાનું નામ હતું **શક્તિમહારાજ.** આ ઋષિના જન્મ પહેલાં જ પિતાએ વિદાય લીધી હતી, પરંતુ પોતાની દિવ્યશક્તિ કલ્યાણની ભાવના પુત્રને આપતા ગયા હતા. એ પરાશર ઋષિએ નવ સૂક્તોની રચના કરી છે. એ બધાં સૂક્તોમાં એક જ દયાળુ પ્રભુ અગ્નિની પ્રાર્થના છે :

'હે દયાળુ પ્રભુ, તમે સાચે જ મારા હૃદયની ગુફામાં સંતાયા છો, પરંતુ તમને શોધવા ભક્તજનો બહાર ફાંફાં મારે છે. પેલા ચોર-પણિઓ ઋષિની ગાયો ઉપાડી ગયા હતા, પરંતુ ઇંદ્રના કુશળ દૂતોએ પગલાં પારખીને ચોરનાં નિવાસસ્થાન શોધી કાઢયાં, તેમ જ મારે તો મારા હૃદયની અંદર બિરાજેલા પ્રભુને શોધી કાઢવાના છે.

'હે હૃદયના નાથ, તમને અમે બે હાથ જોડી નમન કરીએ છીએ. એ સાથે તમારી પ્રાર્થના પણ કરીએ છીએ. સાથ સહચાર સેવીને ભક્તિ કરનારા ધીરજનોએ તમારાં પગલાં શોધી કાઢયાં છે. એ બધા ભક્તો યજ્ઞસભામાં બેસીને તમારી સ્તુતિ-પ્રાર્થના કરે છે.

'એ જ્ઞાની દેવોએ તમારી ઘણી શોધ કરી. તમારાં કલ્યાણનાં અને પરોપકારનાં કાર્ય જોઈને એમણે તમને પારખી લીધા. એમણે વિચાર કર્યો કે 'જો આપણા દયાળુ પ્રભુ ન હોય તો આ બધાં પ્રાણીઓનાં પોષણ કોણ કરે? એ ભરણપોષણ થવાથી પ્રાણીઓ સુંદર લાગે છે. આ ભૂમિનો વિસ્તાર કરીને સૌને રહેવા જેવી સુખકર કોણે બનાવી? આ વનવગડે ઊગી જતી વનસ્પતિઓ પર ફળફૂલ કોણે આપ્યાં? આ નદીઓનાં જલ વહે નહિ તો બધાં પ્રાણીઓ ભૂખે-તરસે મરી જાય. આ બધા પદાર્થોને પરોપકારનું, બધાંનાં કલ્યાણ કરવાનું જ્ઞાન કોણે આપ્યું? આ દોડતા ઘોડાને કોણે બતાવ્યું કે 'અંધારું પડે તે પહેલાં આ માલિકને ઘેર પહોંચાડી દે.' આ સાગરને કોણે કહ્યું 'ખારાં જલ સાચવીને પણ રત્નોનો સંગ્રહ કરતો રહે?'

'આ બધાં કલ્યાણનાં કાર્યોની પ્રેરણા આપનાર મારા પ્રભુ છે.' એવો નિર્ણય કરનાર સાચા આત્મજ્ઞાની એ શક્તિપુત્ર પરાશર ઋષિ હતા.

# ૭

# જનમ જનમના સાથી

એ પણ એક અદ્ભુત ઋષિ હતા. એમનું નામ હતું **પરૂચ્છેપ**, પ્રકાશનો ઝળહળતો ધ્વજ જોઈ લો. એના પિતા **દિવોદાસ** તો મોટા ચક્રવર્તી રાજા હતા. એ રાજા પણ દાન આપવામાં એક્કો હતા. દેવોની નગરી સ્વર્ગ સુધી એનાં દાન પહોંચી જાય અને દેવરાજ ઇંદ્ર એની પ્રશંસા કરે.

ગંગા ને યમુનાના પ્રદેશો પર એ રાજાએ ઘણા ઘણા યજ્ઞ કર્યા હતા. એક બાજુ હોતાઓ સૂક્તોનાં શસ્ત્ર–શંસન ભણતા હોય, ઉદ્ગાતાઓ સામગીત ગાતા હોય અને અધ્વર્યુઓ સોમનો રસ ભરતા હોય. એના યજ્ઞોમાં આવનાર ઋત્વિજો તો ઋષિઓ હતા. એકાદ સોમયાગ પૂરો થાય ત્યાં તો દિવસો સુધી ચાલનાર અહીન યાગ શરૂ થાય. એ પૂરા થતા પહેલાં તો ઋતુ ઋતુનાં સત્ર ચાલવા માંડે.

એ **પરૂચ્છેપ** તો રાજકુમાર હતો. ઋષિઓના સતત સંગમાં રહી, એ જાતે ઋષિ–મંત્રદ્રષ્ટા કંઠે લાંબા લાંબા છંદ ગાય. ગાયત્રી ઉષ્ણિગ અનુષ્ટુપ વગેરે નાના છંદો ગાવાનું તો એને ફાવે જ નહિ. સાત પ્રકારના છંદોથી આગળ વધીને એ તો અતિચ્છંદ અત્યષ્ટિ અતિશકવરી વગેરે લાંબા છંદ ગાવામાં આનંદ માણે. એક એક લાંબા છંદમાંય સાત સાત પદ, ચરણો ગાવાં, એ તો એને મન સામાન્ય.

હા, નાના યજ્ઞોમાં એને સૂક્તો ગાવાની તક મળતી નહોતી. ત્યાં તો સંકલ્પ લઈ વ્રત ઉપવાસ શરૂ કરો, વિધિ પતાવી ને પૂર્ણાહુતિ કરી લો; પરંતુ જ્યાં અતિરાત્ર દશરાત્ર સંવત્સર જેવા સોમયાગનાં નાનાં મોટાં સત્ર ચાલતાં હોય ત્યાં બધા ઋત્વિજો ભેગા થાય અને એ રાજકુમારને લાંબાં સૂક્ત ગાવાનો આગ્રહ કરે. એના મનમાં આવે તો એ ક્યાંય સુધી ગાયા કરે. એને માટે સમયની મર્યાદા નહિ. મનમાં ન આવે તો ગાય જ નહિ. એ ભારે માની અને મુનિ જેવો હતો.

કયા દેવની સ્તુતિ કરશો એ એને કહેવું પડે નહિ. એની પ્રાર્થના તો પ્રસંગને અનુરૂપ જ હોય. અગ્નિ ઇંદ્ર વાયુ મિત્ર વરુણ પૂષા અને વિશ્વેદેવો એ રીતે

અનેક દેવોને પ્રસન્ન કરવાનાં સૂક્ત એની પાસે તૈયાર જ હોય. એક એક સૂક્ત ગાવામાં એ તો મસ્ત બની જાય.

જ્યારે એનાં લાબાં સૂક્ત ગવાતાં હોય ત્યારે તો દેવો પણ આવી પહોંચે અને એનાં સૂક્ત સાંભળીને ખૂબ જ રાજી થાય. એ દેવોને તો જાણે સોમરસનાં પાન કર્યાં હોય એવો અનેરો આનંદ આવે.

એ ઋષિ ઘણું ઓછું બોલે. એનું વર્તન પણ મુનિ જેવું સાદું ને સરળ. એ રાજકુમાર છે, એની તો કોઈને ખબર પણ પડે નહિ. ઋષિ જેવો પણ એ લાગે નહિ. યજ્ઞમાં હેરાફેરા કરતો હોય અને ઋત્વિજોની સેવા-ચાકરી કરતો હોય તેથી એને બીજા લોક તો સેવક તરીકે જાણે. એનાં વર્તન વ્યવહાર પણ સેવક જેવાં જ, અને સેવા કરવી, એને જ એણે તો જીવનવ્રત ગણી લીધેલું.

દિવોદાસ રાજાના એક મોટા સત્રમાં ઘણા ઘણા ઋત્વિજો ભેગા થયેલા. એમાં આવેલા એક ઋષિ ત્રિકાલજ્ઞાની હતા. એ આંગળીના વેઢે યુગ યુગના આંકડા ગણતા જાય અને કાલ મહાકાલને ચપટીમાં ઉડાડતા જાય. એમની અગમ નિગમની વાતો સાંભળવા ઘણા લોકો ભેગા થઈ જાય ને એમની પાસે ટોળું જામે.

**પરૂચ્છેપ** ને મનમાં થયું કે, 'આ ઋષિ ઘણું ઘણું બોલી નાખે છે અને વાણીનો ખોટો ખર્ચ કરે છે. એમની પાસે જે પહોંચી જાય તે બધાને તો એ ઉપદેશ આપ્યા કરે છે, પણ એમને સાચી સલાહ આપે કોણ? જાહેરમાં તો કોઈ ચર્ચા થાય નહિ.'

એક દિવસે એમને એકલા મળવાની સુંદર તક પરુચ્છેપને મળી ગઈ. વહેલી સવારે સોમરસ તાજો કાંઢેલો અને દેવરાજ ઇંદ્રને આહુતિમાં ધરી દીધેલો; બાકી પ્રસાદ રૂપે એક ગ્રહ-પાત્ર ભરીને એ રાજકુમારે ત્રિકાલજ્ઞાનીને ધરી દીધો. એ જ્ઞાનીજન તો સોમરસનાં પાન કરી ખૂબ જ રાજી થઈ ગયા. હર્ષમાં આવીને એમણે જણાવ્યું:

'ધન્ય છે તને સેવક; આજે તો સોમરસ પીને જીવન ધન્ય બની ગયું.'

સેવકે નમ્રતાથી પૂછ્યું: 'તે મહારાજ, આપે પહેલાં સોમરસનાં પાન કરેલાં કે નહિ?'

એ જ્ઞાની ઋષિને લાગ્યું કે આ તો કપટ વિનાની વાત કહેવાઈ ગઈ. એમણે તરત જ જણાવ્યું: 'તું સમજ્યો નહિ, સેવક, મારે સોમરસની કયાં નવાઈ છે? જે કોઈ યજ્ઞમાં જઈને ઊભો રહું ત્યાં પહેલો સત્કાર તો મારો જ થાય અને મને તાજો સોમરસ મળી જાય.

'તને જોઈને મારા જીવનનો એક પ્રસંગ મને યાદ આવી ગયો; એને તો ઘણાં ઘણાં વર્ષ થઈ ગયાં. જો સાંભળ, આવું જ એક સવાર હતું. અતિરાત્ર યાગ ચાલતો હતો તેથી રાતનાં જાગરણ હતાં; ત્યાં તો ઇંદ્રનો પુત્ર જયંત સોમ-રસનાં પાત્ર ભરી મારી પાસે આવી પહોંચ્યો; આજે તું આવ્યો છે ને તે જ રીતે. મેં એને ઇંદ્ર બનવાની શુભાશિષ આપી.'

'મારાં પણ આજે તો ભાગ્ય ઊઘડી ગયાં, ઋષિરાજ! મને પણ આપનાં આશિષ મળશે ને? આપ તો ત્રિકાલજ્ઞાની છો એટલે કાલ મહાકાલની ગણના કરો છો તે રીતે પ્રલયકાલ ક્યારે આવે છે એની ગણના પણ આપે કરી હશે?'

'જરૂર સર્જન ને વિસર્જન, આરંભ ને પ્રલય તો સાથે સાથે ચાલે છે. યુગ યુગની તો ચાર ચાર ચોકડી છે. યુગે યુગે સાત સાત ઋષિ અને ચાર ચાર મનુ બદલાતા રહે છે.'

'આપે યુગ યુગની વાત કરી; પ્રલય ક્યારે થવાનો છે એ કહોને?' એ જ્ઞાનીની વાત અધવચ રોકીને, સેવકે એને સીધે પાટે ચઢાવી દીધા.

'પ્રલય? હા, એ પણ આવશે. આમ તો કાલ મહાકાલ ચપટીમાં ચાલ્યા જાય છે. હવે તો પ્રલય આવતાં દશેક હજાર વર્ષ લાગે ખરાં.' જ્ઞાનીએ ગણના કરી જણાવ્યું.

'આપે તો ઘણા લાંબા કાળની વાત કરી, જ્ઞાનીજન; મને તો લાગે છે કે આજે પ્રલય થવાનો છે. આ દિવસ ગયો અને રાત પડી કે પ્રલય.'

'શી વાત કરે છે?. રોજ રોજ કાંઈ પ્રલય થતા હશે?' જ્ઞાનીએ આશ્ચર્યથી પૂછ્યું.

'જી હા, રોજ નવાં સર્જન ને નવા પ્રલય. જુઓને, મહારાજ, આજે તમો સૂઈ જશો ત્યારે તમારાં આંખ કાન હાથ પગ વગેરેના વ્યાપાર બંધ પડવાના, તમારૂં ચંચળ મન પણ બુદ્ધિની સાથે સૂઈ જવાનું અને જીવાત્મા પણ પોઢી જવાનો. એનું નામ જ પ્રલય, જ્યાં બધા પ્રકારના વ્યવહાર બંધ થઈ જાય. તમે જ્યારે જાગશો ત્યારે પાછાં સર્જનકાર્ય શરૂ. આમ રોજે રોજ સર્જન અને પ્રલય તો ચાલુ જ રહેવાના.'

એ જ્ઞાનનો ચમત્કાર જોતાં એ ત્રિકાલજ્ઞાની રાજકુમારને ભેટી પડયા અને એ બોલી ઊઠયા :

'અદ્દભુત ? તું તો મહાન ઋષિ લાગે છે. જ્ઞાનનો પ્રકાશ તો તું જ આપી શકે છે.' પરૂચ્છેપની એ મુલાકાત પછી ત્રિકાલજ્ઞાની તો મુનિ જ બની ગયા.

એ બંનેની મુલાકાતે બીજા ઋષિઓના હૃદયમાં પણ જિજ્ઞાસા જગાડી. એ અદ્દભુત ઋષિની સાથે ચર્ચા કરવી એ પણ જીવનનો એક અણમોલ લહાવો ગણાય. ચર્ચામાં પણ સાદી વાણી, પ્રશ્નને અનુરૂપ ઉત્તર. જાતે પણ પ્રશ્ન પૂછે ને પરિચય મેળવી લે. પ્રશ્નનો ઉત્તર જાતે આપીને બીજાની ગૂંચ ઉકેલી આપે.

એની પાસેથી જ્ઞાન મેળવવા એક ઋષિ આવ્યા, પણ શું જાણવા જેવું છે એની એને પૂરી ખબર નહિ. એમની મૂંઝવણ જાણીને આ રાજકુમારે પૂછી લીધું:

'ભગવન, તમારું નામ શું અને તમારાં કુલ ગોત્ર વગેરે શાં છે?'

એના સાદા સરળ પ્રશ્નનો ઉત્તર આપતાં ઋષિએ જણાવ્યું કે;

'રાજકુમાર, મારૂં નામ પ્રિયમેધ, મારાં કુલ અને ગોત્ર આંગિરસ છે.

'વાહ, તમારૂં નામ તો સરસ છે. મેધા એટલે તો શાસ્ત્રનો સાર; એ શાસ્ત્ર તમને પ્રિય લાગે એટલા માટે તો તમારા પિતાએ તમારૂં નામ 'પ્રિયમેધ' રાખ્યું છે. હા, તમારા નામના પહેલાં પણ એક ઋષિ થઈ ગયા છે; એ પણ અંગિરા કુલના હતા. અંગિરા એ તો અગ્નિના અંગારાં. જ્ઞાનનો અગ્નિ સળગે પછી કોઈ જાતનાં અજ્ઞાન રહે કે? તમે પણ ઋષિ છો અને જ્ઞાની તો છો જ!'

'રાજકુમાર, આ પહેલાં પ્રિયમેધ ઋષિ થઈ ગયા એની ખબર તમને શી રીતે પડી?' ઋષિને એની વાત સમજાઈ નહિ એટલે એમણે પૂછી લીધું. એનો ઉત્તર આપતાં રાજકુમારે જણાવ્યું કે;

'તમે ઘણો સરસ પ્રશ્ન પૂછ્યો. આજે આપણે બંને મળ્યા છીએ એ કાંઈ પહેલી વાર મળતા નથી. આ પહેલાં મારા અનેક જન્મ થયા છે અને તમારા પણ. આપણે તો જનમ જનમના સાથી છીએ. આ પહેલાં મારો જન્મ થયો હતો, એની સાક્ષી તો તમારા જ નામના પ્રિયમેધ ઋષિ પૂરે છે. આવા જ કો'ક યજ્ઞમાં અમે બંને ભેગા થયા હતા. હા, ત્યારે મારાં નામ અને રૂપ જુદાં હતાં. આજે મારાં કામ જુદાં છે તો નામરૂપ પણ જુદાં છે. એ પ્રિયમેધ ઋષિ તમે પોતે જ હો અને આ જન્મ લઈને તેનાં તે જ કાર્ય કરતા હો એની ખબર તમને તો ન જ પડે. પણ એ પૂર્વજન્મની વાત તો સાચી જ કરવાની.'

રાજકુમાર પાસેથી પૂર્વજન્મની એ સ્પષ્ટ વાત સાંભળી પ્રિયમેધ ઋષિ તો ખૂબ જ પ્રસન્ન થયા. એમણે હૈયે તો જ્ઞાનનો પ્રકાશ થયો અને એમને પોતાને

ખાત્રી થઈ કે 'જે પ્રિયમેધ પહેલાં થઈ ગયા હતા તે જ પ્રિયમેધ હું છું.'

એમને થયું કે 'આ વાત જાણવાથી આપણને તો ઘણો મોટો લાભ થાય. પૂર્વજન્મમાં કરેલાં કાર્યોનાં ફળ મળે અને જે કાર્યો અધૂરાં રહ્યાં હોય તે આગળ વધારી શકાય. આ રાજકુમાર આપણા સાથી બન્યા એ પણ અનેરો આનંદ.

એ જ રીતે બીજા એક ઋષિ એને મળવા આવ્યા. એમનું કુલ અથર્વા હતું. એમના ગોત્રમાં દધીચિ નામના એક ઋષિ થઈ ગયા હતા. એ ઋષિનું નામ સાંભળતાં જ રાજકુમારમાં ઉત્સાહનાં પૂર આવી ગયાં. એમણે જણાવ્યું:

'અહો, ઋષિવર, તમે તો ઘણા ભાગ્યશાળી છો. ઋષિ દધીચિને તો હું ઘણા કાળથી જાણું છું. એમના તો ત્રણ ચાર જન્મ થઈ ગયા છે. પહેલા જન્મે તો એમણે પ્રાણનાં અનુષ્ઠાન કર્યાં અને શરીર સૂકવી દીધું. અશ્વિનીકુમારોએ આવીને એમને નવું જીવન—બીજો જન્મ આપ્યો, ત્યાં એમણે ઇંદ્રિયોના બધા વેગોને શમાવી દીધા ને ઇંદ્ર પાસેથી મધુવિદ્યા મેળવી લીધી, એ એમનો બીજો જન્મ. એમની પાસે અશ્વિનીકુમારો આવ્યા. એમણે ધડ પરથી માથું ઉતારી દીધું અને ઘોડાનું શિર જોડી દીધું. એમણે ઘોડાના શિરથી અશ્વિનીકુમારોને મધુવિદ્યા શીખવી, એ એમનો ત્રીજો જન્મ ગણાય.

'હા, ઇંદ્રે આવીને એ ઘોડાનું માથું ઉતારી લીધું ત્યારે અશ્વિનીકુમારોએ અસલ માનવનું માથું જોડી દીધું. આ માથું જોડવું અને ઉતારવું એ તો અસલ આત્મવિદ્યાનો મહિમા બતાવે છે કે 'આત્મવિદ્યા તો શિરને સાટે જ મળે.'

'એ જ દેવરાજ ઇંદ્રને વજ્ર બનાવવાની જરૂર પડી ત્યારે દધીચિએ કાયા ગાળીને હાડકાં આપી દીધાં અને ત્વષ્ટાએ એનું વજ્ર બનાવ્યું. સાચી રીતે જુઓ તો દધીચિ કોઈ એક ઋષિ નથી; જે જન્મ લે અને મરણ પામે, જેણે જેણે સમાજની સેવા કરવા માટે કાયા ગાળી અને જીવનનાં બલિદાન આપી દીધાં તે બધા જ દધીચિઓ. તમે પણ એવા દધીચિ બનો તો તમારી કાયાના પણ કલ્પ થઈ જાય અને જીવન સફળ બની જાય.'

દધીચિની એ દિવ્ય વ્યાખ્યા સાંભળીને પેલા ઋષિ આનંદમાં આવી ગયા: 'રાજકુમાર, તમારું દર્શન તો અદ્ભુત છે. તમે તો બધા કાલનાં દર્શન કરી શકો છો. હા, તો સારી આ વાતની સાખ તમારા પૂર્વના ઋષિ દધીચિ પૂરે.' એમણે ઉમેર્યું.

એ રાજકુમાર પરુચ્છેપનો સમાગમ કરવાનો અનેરો લહાવો જે જે ઋષિને

મળી ગયો તે બધા તો પોતાના જીવનને ધન્ય ધન્ય માનવા લાગ્યા.

મોટા મોટા યજ્ઞોમાં જ્યારે અનેક ઋષિઓ અને ઋત્વિજો ભેગા થઈ જતા ત્યારે તો એ રાજકુમાર અનેરા આનંદમાં આવી જતા હતા; એમની પાસેથી જન્મ અને પુનર્જન્મની ગતિનાં રહસ્ય જાણવાને મળતાં હતાં.

એ રાજકુમાર કોઈક મોટા સત્રમાં હાજર રહેતા હતા ત્યારે એ મીઠા સ્વરે ઇંદ્ર અને અગ્નિની સ્તુતિઓ કરતા હતા. એની સાથે સાથે એઓ પોતાના જન્મ-જન્માંતરના અનુભવોને પણ જોડી દેતા હતા. એઓ જણાવતા હતા કે:

'હે દેવરાજ ઇંદ્ર અને હે અગ્નિ મહારાજ, મારી સ્તુતિરૂપ વાણીને જોડીને હું તમને નમન કરું છું. તમારી સ્તુતિની સાથે ને સાથે કેટકેટલા પૂર્વકાલના ઋષિઓનો મહિમા રહેલો છે એ વાત હું સારી રીતે જાણું છું.

'અથર્વા કુલમાં જન્મેલા પેલા દધ્યંગ ઋષિ—દધીચિ તો કેટલા જૂના, અરે, એમનાથીય જૂના તો અંગિરા મુનિ. હા, ત્યારબાદ એક પ્રિયમેધ ઋષિ પણ થઈ ગયા છે. એવા જ પેલા કણ્વ પ્રજાપતિ તો મેધાવી. અને અત્રિ મહારાજ તો ત્રણેય ગુણોથી પર ને પાછા ધરતીના પુત્ર. એ કેટકેટલા જન્મ ધારણ કરે ને પાછા જન્મના લેપથી પર રહે.

'એવા જ પેલા મનુ મહારાજ, એમનાથી તો ધરતી પરના બધા માનવોએ જન્મ લીધો; એથી તો એ આદિરાજ ગણાય છે. આ બધા ઋષિઓ તો પહેલાંના.

'આ બધા ઋષિઓ મારા જનમ જનમના સાથી છે અને મારા અનેક જન્મોને એઓ જાણે છે. એનું કારણ એક જ છે કે આ બધા ઋષિઓને એમના જ જેવા દિવ્ય સ્વભાવના બીજા અનેક ઋષિઓની સાથે સંબંધ છે. એમ જ કહોને કે જન્મે જન્મે આ ઋષિઓ સાથ સહકાર સાધે છે અને પોતાના જેવા દિવ્ય સ્વભાવના બીજા અનેક ઋષિઓની સાથે સંબંધ જોડે છે.

'એમ જ કહોને કે આ બધા ઋષિઓ દિવ્ય વાણીના સંબંધથી જોડાયેલા છે. અમારાય જન્મજન્માંતરના સંબંધ એક માતાના પુત્રો—સગા ભાઈ જેવા છે. અને અમે બધા દેવોની સ્તુતિ કરીને એમના સંબંધમાં પણ આવીએ છીએ.'

□

ઋગ્વેદ પ્રથમ મંડળ

# ૮

# અંતરમાં અજવાળાં

પૂર્વ કાળના અંગિરા ઋષિને બે પુત્રો હતા; મોટાનું નામ **બૃહસ્પતિ.** એમનો જન્મ આકાશમાં થયો હતો માટે એમને સદસસ્પતિ પણ કહે છે. એઓ દેવોના ગુરુ બન્યા હતા એ કારણે તો 'ગણપતિ'ને નામે પણ પ્રસિદ્ધ થયા છે.

બીજા પુત્રનું નામ **ઉચથ્ય.** ઉચથ્ય એટલે વેદવાણી; એના ગાનાર ઉચથ્ય એ તો ભલા વેદપાઠી હતા. એમનો જન્મ ધરતી પર થયો હતો અને ધરતીની દીકરી **મમતા**ની સાથે એમનાં જીવન જોડાયાં હતાં, ત્યારે બૃહસ્પતિનાં લગ્ન આકાશની પુત્રી **તારા**ની સાથે થયાં હતાં.

ઉચથ્યના સહવાસથી મમતાને એક પુત્ર થવાનો હતો. બૃહસ્પતિને ખબર પડી કે 'જે પુત્ર થવાનો છે તે ઘણો પ્રતાપી અને બુદ્ધિશાળી થશે. નાનો ભાઈ તો વેદપાઠી છે એટલે વેદોની વાણી ભણ્યા કરે, પણ ભાવ સુધી પહોંચે નહિ. આ પ્રતાપી પુત્ર વાણી સાથે ભાવને જાણે તો સુયોગ સધાય.'

આમ વિચારીને એઓ તો પહોંચ્યા સીધા જ મમતાની પાસે. મોટા ભાઈને આવેલા જોઈ મમતા તો શરમાઈ ગઈ. બૃહસ્પતિએ એને ધીરજ આપી અને આવવાનું કારણ જણાવ્યું, ત્યાં તો માતાના ઉદરમાં રહેલા તેજસ્વી ગર્ભે વિરોધ કર્યો અને જણાવ્યું કે:

'તમે ભલે દેવોના ગુરુ હો, આકાશમાં વિહાર કરતા હો ને ભાવમાં રાચતા હો. મારે તમારા ભાવ જોઈતા નથી. તમારાં જ્ઞાન અને વિજ્ઞાન તમારી પાસે રાખો. હું તો ઉચથ્ય અને મમતાનો પુત્ર છું અને આ નીચેની ધરતીને જાણું છું. એની અંદર જે કાંઈ સંતાયું છે તે મારે તો જાણવું છે.'

આમ ગર્ભમાં રહેલા પુત્રને વિરોધ કરતો જોઈ બૃહસ્પતિને આશ્ચર્ય થયું: 'અરે, આ બાલક તો કેવો મૂર્ખ છે! સારું જ્ઞાન એને ગમતું નથી.'

એ બૃહસ્પતિને હૈયે ક્રોધ જાગ્યો અને એમણે ઉગ્ર વાણીથી જણાવ્યું :

'અરે અંધ, મારાં જ્ઞાન તો દેવોનેય દુર્લભ છે; એનો તું તિરસ્કાર કરે છે ? અજ્ઞાનના ઘેરા પથરાતા દીર્ઘ તમ–અંધકારમાં અટકવાતો રહેજે.'

સમય થતાં માતા મમતાએ જે પુત્રને જન્મ આપ્યો તે પ્રતાપી અને બુદ્ધિશાળી હતો, પણ એની નજર ચાલી ગઈ હતી. એની બે આંખ તો ઉઘાડી હતી; પરંતુ અંદર ધોળાં ધોળાં પડળ. નજર આપનારી કાળી કીકી તો અંદર મળે જ નહિ તેથી એનું નામ **દીર્ઘતમા** રાખ્યું. શરીર તો કાંચન જેવું શુદ્ધ અને દેખાવ પણ ઘણો પ્રતાપી, દેવોનાં મન પણ જીતી લે એ પ્રકારનો.

દીર્ઘતમાને સાંઝ–સવાર, દિવસ–રાત બધો સમય એક સરખો હતો. એ બાલક એકલો એકલો હાથમાં લાકડી લઈ ફર્યા કરે. આંખ નહોતી, પણ કાન તેજ હતા. ઝીણા સળવળાટને પણ એ જાણી લે. ફૂલ પરની સુગંધને એ વર્તી લે. નદીનો મધુર પવન એને માર્ગ બતાવે. સૂર્યનાં કિરણ એને અડકે અને એ કહી શકે, સાંઝ સવાર કે બપોર.

આંખની નજર બંધ હતી તેથી જોવાની વૃત્તિ પણ બંધ જ હોય ને? એ ઘણી વાર ધ્યાનમાં બેસી જતો ત્યારે એને પોતાની અંદર જ કાંઈક દેખાતું હતું. પહેલાં તો અંધકારના એકલા ઓળા હોય, એમાં આકૃતિઓની રેખાઓ અંકાતી હોય. એ આકૃતિઓ સુરેખ બનતાં ત્યાં એને દેવોનાં દર્શન થતાં હતાં. એ દર્શનનાં વર્ણન કરતી વાણી એની અંદર જાગતી હતી; જાણે કે એના અંતઃકરણની નજર ખૂલી રહી હતી.

એના અંતર પર જે મૂર્તિઓ અંકાતી હતી. તેઓને અનુસરતાં મનન એના મનમાં જાગતાં હતાં અને મનનને કારણે ત્યાં મંત્રની વાણી પ્રગટ થતી હતી. એ **દીર્ઘતમા** મંત્રદ્રષ્ટા ઋષિ બનતો હતો. પ્રજ્ઞાચક્ષુ ખૂલવાને કારણે તો એની આંતર દૃષ્ટિ ઊઘડી રહી હતી ને સાથે વેદવાણી જાગતી હતી. મીઠી મધુરી વાણીથી એ સામ–સ્વરનાં ગાન કરતો હતો; ત્યારે તો પ્રકૃતિ પણ રાજી થતી હતી. એને જોઈને તો માતાનું હૃદય ઊછળી આવતું હતું. તે પોતાના પુત્રને ગોદમાં બેસાડતી ત્યારે એ ઋષિ કહેતા: 'તું મારી માતા મમતા અને હું તારો પુત્ર દીર્ઘતમા. અંધ નહિ, હો ? પ્રજ્ઞાચક્ષુ.'

આશ્રમમાં વસતા ઋષિઓ અરણિનાં બે સૂકાં લાકડાં લાવે ને ઘર્ષણ કરે. ઉપર વસ્ત્ર ઢાંકયું હોય ને તણખા ઝરે, ત્યાં બધા આનંદ વિભોર બની જાય ને

ગાવા લાગે : 'જ્યોતિ આવ્યાં, દેવ પધાર્યા.'

એ સાંભળીને દીર્ઘતમા પણ આનંદમુગ્ધ બની તાલીઓ પાડે અને નાચવા લાગે.

અગ્નિ જ્યોતિને વધામણી આપતાં એ સ્તુતિ ગાવા લાગે :

'હે અગ્નિ મહારાજ, તમને યજ્ઞની વેદી પર બેસાડ્યા છે; એ તો તમારું પ્રિય ધામ અને જન્મ સ્થાન. તમારું એ પ્રિય ધામ તો જલ અને દર્ભથી પવિત્ર કરેલું છે અને એને વસ્ત્રથી ઢાંકી રાખ્યું છે. સાચે જ, કિંમતી વસ્તુ તો વસ્ત્રથી વીંટી રખાય. જેમ તમે વેદી પર પ્રગટ થાઓ છો તેવી જ રીતે તમે મારા હૃદયમાં પ્રગટ થાઓ છો અને ત્યાં ચેતના અને પ્રકાશ પાથરો છો.

'હે અગ્નિ, બે અરણિઓ તો તમારી માતાઓ. અમારાં તન મન અને ધન તો તમારાં અમૃત—અન્ન ગણાય. જેમ તમે વર્ષે વર્ષે વધતા રહો છો તેમ જ અમારાં જીવન પણ રોજે રોજ વધતાં રહે. તમારી જ્વાળાઓ જેમ આહુતિઓ આપવાથી વધતી રહે છે તેમ જ તમારી કૃપાથી માનવની ઉન્નતિ વધતી રહે અને એમના ઉન્નત માર્ગ રચાતા રહે.

'અગ્નિદેવ તો અમારો આ પ્રિય—સ્નેહીજન છે અને એની બધી જ પ્રવૃત્તિઓ અમને પ્રિય લાગે છે. એ અગ્નિને પ્રસન્ન કરવા માટે તો અમે નવી નવી વાણીના વ્યવહાર કરીએ છીએ. અગ્નિદેવ તો જન્મ લેતાંની સાથે જ પરમ વ્યોમ આકાશ સુધી પહોંચી જાય છે. એ અગ્નિનો નિવાસ તો મારા હૃદયમાં છે અને એની ચેતના—સ્ફૂર્તિ મને મળતી રહે છે.'

એ દિવ્ય દૃષ્ટિને કારણે ઋષિને આત્મજ્ઞાન મળી રહ્યું હતું. આંતર મનથી તો એ ઘણા દૃઢ અને સ્થિર હતા, પરંતુ અંધ હોવાને કારણે એને પરાધીન બનવું પડતું. ગમે તેવો આત્મજ્ઞાની હોય, પણ આંખ વિનાનું અંધારું. આંખ તો નયન; એ માણસને સ્વતંત્ર રીતે દોરી જાય. જ્યાં જ્યાં જવું હોય ત્યાં ત્યાં મુક્ત રીતે હરાય ફરાય. એ પરાધીનતા દૂર કરવા એ સ્તુતિ કરતા હતા:

'હે અગ્નિ મહારાજ, તમે મારી દશા તો જુઓ. તમારા એ પ્રકાશને પાથરતાં કિરણોને કહેજો કે આ દીર્ઘતમા તો મમતાનો પુત્ર છે. આંખોથી એ અંધ છે માટે તમે એનાં સારી રીતે રક્ષણ કરજો. સાચે જ, તમારાં કિરણ લાંબે માર્ગેથી આવીને અમારાં રક્ષણ કરે; તો પછી વૈરિજનો અમને પીડે જ નહિ.

'મારા શત્રુઓ તો ઘણા છે અને એ બધા તો બેવચની છે. બોલે એમ કે ચાલ, અમારી સાથે; અને અધવચ માર્ગે મને છોડી દે. ક્યાંક ભીંતે અથડાઉં

કે રસ્તે ગબડી પડું ત્યારે આ લોકો તો હસ્યા કરે. આવા લોકોનાં તો વચનો પર વિશ્વાસ શી રીતે આવે ?'

સાચે જ, એ ઋષિની દશા તો દીન હીન હતી. એની માતા તો એને જીવની જેમ સાચવે. એણે તો થોડા કાલ પછી પરલોક માટે વિદાય લીધી અને એ ઋષિ પોતાનાં પત્ની અને પુત્રોને પરાધીન થઈ ગયા. એ ઋષિની ખ્યાતિ અને સમૃદ્ધિ પણ વધ્યે જતી હતી, એ કારણે કુટુંબીજનો તો પોતાનાં જ ભોગસાધન ભેગાં કરવામાં અંધ બનેલાં હતાં. એમને પોતાના પવિત્ર પિતાની સેવા કરવાનું ક્યાંથી સૂઝે ? ઋષિની સેવાચાકરી તો પરિચારકો કરે; એમને હૈયે ભાવ શાનો હોય ?

એ પરાયા દાસ અને સેવકો તો ઋષિથી એટલા બધા કંટાળી ગયેલા કે ગમે તે હિસાબે એ ઋષિનો નાશ કરવા તૈયાર થઈ ગયા.

એમને અગ્નિમાં નાખ્યા, પણ ઊની આંચ ન આવી; પાણીમાં ડૂબાડ્યા તો હેમખેમ પાછા આવ્યા; પર્વત પરથી પછાડ્યા તો એમનું એકય અંગ ભાંગ્યું નહિ. **ત્રૈતન** નામનો દાસ તો ખડ્ગ લઇને ઋષિ પર ધસ્યો ને એમનાં હાથ પગ ધડ શિર જુદાં પાડવા ઘા કરવા લાગ્યો. એ બધાય ઘા કરેલા પાછા પડ્યા અને એ દાસ-દસ્યુ જાતે જ વધેરાઈ ગયો.

ભલા, ઋષિ તો વજ્ર જેવા બની ગયા હતા. એમને શસ્ત્રો છેદતાં નહિ, અગ્નિ બાળતો નહિ, પાણી ભીંજવે નહિ, ને પવન સૂકવે નહિ તેવા. એમને તો અચ્છેદ્ય સ્થાણુ વજ્ર જેવા જાણી લો.

એ ઋષિને આ બધી જ અવદશાઓમાંથી બચાવનાર અશ્વિનીકુમારો હતા. એ દેવોના વૈદ્યને ઋષિ સ્તુતિ કરીને બોલાવે. એ બંને આવીને ઊભા રહે અને ઋષિને વિપત્તિમાંથી ઉગારી લે. ઋષિ એમની પ્રાર્થના આ પ્રમાણે કરતા હતા :

'હે અશ્વિનીકુમારો, તમને યાદ કરી કરીને વીનવું છું. તમારી સ્તુતિ તો આ **ઉચથ્યના** પુત્ર **દીર્ઘતમાને** અગ્નિના દાહથી બચાવી લે છે. વારાફરતી આવી પડતાં રાત ને દિવસ તો મારા જીવનના બધા જ રસ ચૂસી લે છે, માટે કૃપા કરીને મારા પ્રાણ બચાવી લો. મને બાળી મૂકવા તો દશ દશ વાર અગ્નિ ચેતાવવામાં આવ્યો. અરે, મારાં બધાં જ અંગ પાશથી જકડી દીધાં ને ઊંડા ખાડામાં મને ધકેલી દીધો.

'એ દાસોએ તો મને ઊંડી નદીઓમાં ડૂબાડી દીધો હતો; પરંતુ તમારી કૃપાથી મારી માતાઓ બનીને તેમણે મને બચાવી લીધો હતો. મારા સંબંધી સેવક

જનોએ તો મને સખત બાંધી પર્વત પરથી ગબડાવી દીધો હતો. અરે, મારો પેલો **ત્રૈતન** નામનો દાસ હતો ને ? તેણે તો ખડ્ગ લઈ મારાં છાતી અને શિર છેદી નાખ્યાં હોત પણ એ નિર્દય પાપી પોતેજ છેદાઈ ગયો, એ તો તમારી કૃપાનું પરિણામ.'

એ ઋષિ પર દેવોની કૃપા તો મીઠા મેહુલાની જેમ વરસતી હતી. સવિતા—નારાયણે એમના અંતરમાં અજવાળાં કરેલાં; એ અશ્વિનીકુમારોએ એમનાં અંગ સાચવી લીધાં હતાં. એ ઋષિ તો અત્યંત મેધાવી અને મંત્રદ્રષ્ટા હતા તેથી એમને નવાં નવાં દર્શન થતાં અને એમના હૃદયમાં ઋચાઓની વાણી જાગતી હતી.

ઋષિ દીર્ઘતમાને અનેક આપત્તિઓ વેઠવી પડી હતી તેથી એ સદા સાવધાન થઈને રહેતા હતા. એમ છતાં ક્યારેક પ્રમાદ થઈ આવે અને શરીરે શિથિલતા આવી જાય ત્યારે તો એમની દશા જ બદલાઈ જાય.

આમ એક દિવસ એમને માથે ભારે વિપત્તિ આવી પડી. રાતના સમયે એ જ્યારે ઘસઘસાટ ઊંઘતા હતા ત્યારે સેવકોએ એમને એક પેટીમાં પૂરી દીધા અને એ પેટી નદીના પ્રવાહમાં ધકેલી દીધી.

સવાર થયું ત્યારે પાસેના પ્રદેશનો રાજા અંગરાજ પોતાની રાણીઓની સાથે ગંગા નદીમાં સ્નાન કરવા માટે આવી પ્હોંચ્યો હતો. તેની નજર તણાતી પેટી પર પડી અને એને પોતાની નાવમાં ઉપાડી લીધી. ખોલીને અંદર જોયું તો ઋષિરાજ બિરાજમાન હતા.

એમને રાજા પોતાના રાજભવનમાં લઈ ગયો અને જાતે એમની સેવા-ચાકરી કરવા લાગ્યો. એ રાજાને એકેય પુત્ર નહોતો. ઋષિની કૃપા થાય અને પુત્રની પ્રાપ્તિ થાય એ ભાવનાથી એણે પોતાની રાણીને ઋષિ પાસે મોકલી. એ રાણી પ્રમાદને કારણે જાતે ગઈ નહિ અને પોતાની **ઉશિજ** નામની દાસીને મોકલી. ઋષિ તો પ્રજ્ઞાચક્ષુ, પણ તે મંત્રદ્રષ્ટા હતા.

આંતર ચક્ષુથી એમણે બધું જાણી લીધું અને એ દાસી પર કૃપા કરી એમણે એને ઋષિપત્ની બનાવી દીધી. એમણે ભણેલા મંત્રનો એવો દિવ્ય પ્રભાવ હતો કે એણે જે પુત્રને જન્મ આપ્યો તે જન્મથી જ મંત્રદ્રષ્ટા ઋષિ બની ગયો. અંગરાજે એને પોતાના રાજ્યનો યુવરાજ બનાવ્યો; એનું નામ રાખ્યું **કક્ષીવાન**; માતાના નામથી **ઔશિજ** અને પિતાના નામથી **દૈર્ઘતમસ**.

એ કક્ષીવાનને યુવરાજપદ આપતા પહેલાં અંગરાજે એને દૂરના ગુરુકુળમાં ભણવા માટે મોકલ્યો હતો. ગુરુદેવની પરમ કૃપા મેળવી થોડા જ કાલમાં એણે ઘણી સારી વિદ્યાઓ મેળવી લીધી હતી. ગુરુની સંમતિ લઈ એ પોતાના રાજ્યમાં પાછો ફરતો હતો ત્યારે માર્ગમાં રાત પડતાં એ એક બગીચામાં આવીને સુઈ ગયો. સવાર થતાં એ પ્રદેશનો રાજા **સ્વનય** ફરતો ફરતો ત્યાં આવી પહોંચ્યો અને એ ઋષિકુમારને જગાડી પોતાના અંતઃપુરમાં લઈ ગયો. એનાં રૂપ ગુણ વય વિદ્યા વગેરે જોઈ રાજાએ પોતાની ગુણિયલ કન્યા એની સાથે પરણાવી દીધી. તેજસ્વી વિદ્યા, રૂપાળી કન્યા અને દાનમાં મળેલી અપાર સંપત્તિની સાથે કક્ષીવાન તો પોતાના નગરમાં આવી પહોંચ્યો. એને જોઈને અંગરાજ અને એના પિતા દીર્ઘતમા ખૂબ જ રાજી થઈ ગયા.

**સ્વનય** નામના રાજાએ આપેલાં દાનોની સ્તુતિ કરતાં એ ઋષિએ પોતાના પિતાને જણાવ્યું કે 'રાજા સ્વનય તો સવાર થતાં જ મારી પાસે આવી પહોંચ્યા. એમણે મારો સત્કાર કર્યો અને કન્યારત્નની સાથે સાથે ધન સાધન આપીને મને તો વિશેષ સમૃદ્ધ બનાવી દીધો. એમની પાસે કેટકેટલી ગાયો, ઘોડા ને સોનાના રથ હતા. હું તો એમના આંગણે પહોંચી ગયેલો એક અતિથિ હતો. એમણે તો રૂપ ગુણ જોઈને મને અનેક દાન આપ્યાં. જે દિવસે એ રાજાએ મને દાન આપ્યાં તે જ દિવસે તમે મને યાદ આવ્યા અને આ બધાં ધનસાધન તમારાં ચરણોમાં ધરી દેવાની ઇચ્છા થઈ; એ આજે પૂરી થાય છે. સાચે જ, જે માનવી દાન અને દક્ષિણા આપે છે તેનાં તો ધન સાધન આયુ અને કીર્તિ વધતાં રહે છે.'

કક્ષીવાન પૂરેપૂરો પિતૃભક્ત હતો. પાલક પિતા અંગરાજે એને રાજ્ય સોંપી દીધું ને એ રાજા બન્યો; પરંતુ અંધ પિતાની સેવા કરવામાં એને અનેરો આનંદ આવતો હતો. રાજ્યની પૂરેપૂરી સંભાળ લેવામાં એને ઘણો સમય આપવો પડતો હતો એ કારણે એણે જે દિવ્ય વિદ્યાઓ મેળવી હતી તે બધી ભૂલવા લાગ્યો હતો. વિદ્યા વિશેની એની બેદરકારી જોઈ મંત્રદ્રષ્ટા પિતાએ તીખી વાણીથી ઠપકો આપતાં જણાવ્યું કે:

'પ્રિય પુત્ર, ધન સંપત્તિ કશા કામમાં આવતાં નથી. વિદ્યા એ જ આપણું તો સાચું ધન છે; એની ખૂબ ખૂબ સાચવણી કરવી જોઈએ.' પિતાની એ વાત એને ખૂબ જ ગમી ગઈ. એણે નમ્રતાથી જણાવ્યું કે 'પિતાજી, આ રાજ્યની સંભાળ લેવા જતાં ભણેલી વિદ્યાઓ ભૂલી ગયો એ સારું તો નથી જ. હવે શું કરવું ? તમે મારા પિતા છો અને મંત્રદાતા ગુરુ છો.'

પ્રજ્ઞાચક્ષુ પિતાએ એને જણાવ્યું કે 'તું અશ્વિનીકુમારોની સ્તુતિ–પ્રાર્થના કર.' **કક્ષીવાન** રાજા ઋાપ તો હતો જ; એણે પ્રમાદ અને આળસના દોષ ખંખેરી નાખ્યા અને વિવિધ છંદોની રચના કરીને અશ્વિનીકુમારોની સ્તુતિઓ કરી. સૂક્તોની ઋચાઓ ભણતાં ભણતાં એ ઋષિને અનેક પ્રસંગો યાદ આવતા હતા, જેમાં અશ્વિનીકુમારો પ્રસન્ન થતાં અનેક લોકોને સહાય કરી રહ્યા હતા. પોતાની પાસેથી જે વિદ્યાઓ ચાલી ગઈ હતી તે પણ એને પાછી મળી રહી હતી, એ ઘટનાને પણ એણે ઋચાની વાણીમાં વણી લીધી હતી.

એ પિતૃભક્ત ઋષિ પોતાના પિતાને તો શાનો ભૂલે? 'મારા પિતાને નવી દૃષ્ટિ આપો' એમ સીધી પ્રાર્થના એણે ન કરી, પરંતુ એ અશ્વિનીકુમારોએ એક અંધ રાજકુમારને નવી આંખો આપી એની યાદ કરાવી હતી.

મંત્રદ્રષ્ટા પિતા એના હૃદયના ભાવ સમજી ગયા. એમણે પોતાના પુત્રને પાસે બેસાડી જણાવ્યું કે 'પ્રિય પુત્ર, મારી આંખોનાં તેજ તો જન્મ લેતાં પહેલાં જ ઓસરી ગયાં હતાં; પણ અંતરનાં દિવ્ય દર્શન કરવા માટે મને દેવોએ પ્રજ્ઞાચક્ષુ –બુદ્ધિની આંખ આપ્યાં છે એ કારણે તો મારે બહારની આંખો જોઈતી નથી. મારા પર બધા દેવો રાજી થાય છે. એમણે ઘણાય અંધજનોને દેખતા કર્યા છે. એ જ રીતે મેં માંગ્યું હોત તો એ દેવો મને પણ દેખતો કરત, પરંતુ લાંબા જીવનના અનુભવે મને સમજાયું છે કે 'બહારની આંખો બંધ હોવાને કારણે મને જે અંદરનું જ્ઞાન–આત્મજ્ઞાન મળી ગયું છે. તેનાથી હું તો ખૂબ જ પ્રસન્ન છું. જેને અંદરની સૂઝ જાગી નથી તે તો દેખતો છતાં આંધળો છે.

'પુત્ર, મારા અંતરમાં અજવાળાં થયાં છે; ત્યાં મને ચૌદ લોક અને સાત ભુવનોનાં દર્શન થાય છે. ઊંચે આકાશમાં જે સૂર્ય ઉગે છે તે તો બધી પ્રજાઓના પાલક છે. આરોગ્ય મેળવવા બધા માનવો એને સેવે છે અને યજ્ઞમાં એને બધા જ ઋત્વિજો બોલાવે છે. આકાશની નીચે જે અંતરિક્ષ છે ત્યાં સૂર્યના વચલા–મધ્યમ ભાઈ રહે છે તેનું નામ વાયુ; એ સર્વના પ્રાણદાતા છે. એ સૂર્યના ત્રીજા ભાઈ તો અગ્નિ છે. એ પૃથ્વીની વેદી પર નિવાસ કરે છે અને ઘીની આહુતિઓથી પ્રદીપ્ત થાય છે. આદિ પ્રજાપતિ તો આ બધા દેવોના પિતા છે. એમના જે સાત પુત્રો ગણાય છે તે તો સૂર્યનાં સાત કિરણ છે.

'આ પ્રજાપતિ આદિ પિતા છે એવું તો બધા ઋષિઓ જાણે છે, પરંતુ એમને જન્મ લેતાં કયા દેવે જોયા? 'તમે સ્થૂલ છો કે સૂક્ષ્મ, કાર્ય છો કે કારણ,' એ પૂછવા માટે કયો માનવ એમની પાસે ગયો હતો?

'સાચું પૂછો તો આ સંસાર સનાતન વૃક્ષ જેવો છે. એનાં આદિ જન્મ અને મૂલ કારણ કોઈએ જોયાં જાણ્યાં નથી. આ વૃક્ષ પર બે પક્ષીઓ નિવાસ કરે છે. તે બંનેનાં ગતિ અને યોગ સરખાં છે, એ કારણે તો એ બંને સખાઓ મિત્ર છે. એમાંનું એક પક્ષી સંસારનાં પાકેલાં–પરિપક્વ ફળને ચાખે છે ને એ સુખદુઃખનો અનુભવ કરે છે, બીજું પક્ષી એ પાકેલા ફળને ચાખતું નથી ને સુખદુઃખને ભોગવતું નથી. ભલા, આ બંને પક્ષી કોણ છે? એક તો જીવાત્મા, જે સંસારમાં લેપાય છે અને બીજો છે પરમાત્મા, જે નિર્લેપ નિરાકાર રહે છે.

'પ્રિય પુત્ર, આપણે ઋષિઓ ગણાઈએ, કારણ કે ઋચાઓ આપણા હૃદયમાં જાગે છે, જે હૃદયના પરમ આકાશમાં બધા દેવો નિવાસ કરે છે. હવે જે ઋષિ મંત્રના રહસ્યને જાણે નહિ, કેવળ બહારનાં દૃશ્ય જોઈને જ ઋચા–કવિતા ભણવા બેસે, એ ઋચા તેનું શું ભલું કરવાની હતી? જેણે ઋચાઓનું મૂળ સ્થાન, પ્રણવનાદ, ઓંકારને જાણી લીધો છે, જેની અંદર બધા જ દેવો વસી રહેલા છે, તેણે તો સાચાં રહસ્ય જાણી લીધાં છે.

'આપણી આ હૃદયની ગુફા છે તેની અંદર ચાર ચાર વાણીઓ વસી રહી છે. નાભિની નીચેના મૂલસ્થાનમાં વાણીનું મૂળ કારણ, ઓંકારનો નાદ પરા વાણીરૂપે છે. નાભિ અને હૃદયની વચમાં વાણીનું સૂક્ષ્મ બીજ પશ્યંતીરૂપે અને હૃદયથી કંઠ સુધીના સ્થાનમાં વિચારના સૂક્ષ્મ રૂપે મધ્યમા વાણી રહે છે. આ ત્રણ વાણીઓનાં રૂપોને આત્મજ્ઞાની–ડાહ્યાજનો જાણી શકે છે. સામાન્ય લોકો તો ચોથી વૈખરી વાણી બોલે છે, જેનાં વિખેરાતાં સ્થૂલ રૂપ માનવોના કાન સુધી પહોંચી જાય છે.

'ભાઈ, આકાશમાં પ્રકાશતો જે આદિત્ય–સૂર્યનારાયણ છે, તે એક જ દેવ છે. એને તમારે જે રૂપે ઓળખવો હોય તે રૂપે ઓળખી શકો છો. ઇંદ્ર' મિત્ર વરુણ કે અગ્નિ, એ દેવોનાં જુદાં જુદાં નામ છે. સોનાની પાંખે ઊડતો ગરુડ દેવ પણ એ જ છે. એક જ એ દેવ છે તોપણ ડાહ્યાજનો એનાં વિવિધ નામ રૂપ જોઈને વિવિધ રૂપે વર્ણવે છે.

'એ દરેક દેવે સંસારરૂપી યજ્ઞનો આરંભ કર્યો છે. એ દેવ પોતે તો અગ્નિ છે, એ જ હવિ છે અને આવાહન આપનાર મંત્ર પણ એ જ છે. પહેલાંના દેવો માનવ હતા; એમણે તો આ યજ્ઞથી બીજો યજ્ઞ શરૂ કરી દીધો. એ કારણે એ સાધ્ય દેવો સિદ્ધ ઉત્તમ દેવો બની ગયા. આપણે પણ એ જ રીતે યજ્ઞમાં ઋચાઓ ભણીને સિદ્ધ બનવાનું છે અને જીવનનાં કલ્યાણ સાધવાનાં છે.

'હે પ્રિય પુત્ર, તું ઋષિ છે, ઋષિરાજ છે, ભાગ્યશાળી છે; પરંતુ જ્યાં સુધી અંદર વાસ કરતા આત્મારામને જાણ્યા નથી ત્યાં સુધી આ જીવન કશા કામનું નથી. મારે હૈયે જે આત્મજ્ઞાન જાગ્યું છે તેનાં તને દાન આપું છું. મારાં જીવન સિદ્ધ સફળ થયાં છે. હું પોતે ધન્યધન્ય બની ગયો છું અને હવે આ સંસારની વિદાય લઉં છું. હરિઃઓમ્ હરિઃઓમ્ !'

એ દીર્ઘતમા ઋષિ અત્યંત જરઠ—ઘરડા બની ગયા હતા. કોઈની સહાય વિના એ ઊભા થઈ શકતા નહોતા. આત્મબળને સહારે એ તરત જ ઊભા થઈ ગયા. લાકડી ખખડાવતા અને પગની પાવડીઓ રણકાવતા એ તો ચાલતા થઈ ગયા.

એમની એ દિવ્ય વાણી અને અદ્ભુત વ્યવહાર જોઈને કક્ષીવાન તો આશ્ચર્ય-મુગ્ધ બની ગયો હતો. એમને જતા જોઈને એ તો 'પિતાજી, પિતાજી' પોકારતો પાછળ દોડવા લાગ્યો, ત્યાં તો એ મહાન ઋષિ થોડે દૂર ગયા અને અદૃશ્ય થઈ ગયા.

મંત્રમુગ્ધ બનેલો કક્ષીવાન રાજા પાછો ફરી રહ્યો હતો. રાણીઓ દાસદાસીઓ પુત્રપુત્રીઓ એમની રાહ જોતાં ઊભાં હતાં, સંસારના એ પ્રેમભર્યા ભાવમાં રાજા ફરીથી ડૂબી ગયો.

એ પિતા પરમ ઋષિની પ્રેમભરી બોધવાણી એણે હૃદયમાં ઉતારી હતી. એમના જીવનની એક એક ઘટના યાદ કરતાં એ રાજાની આંખમાં હર્ષનાં આંસુ ઊભરાતાં હતાં. પિતાએ જીવનભર વેઠેલાં અનેક કષ્ટોને સંભારી સંભારી એનું શરીર કંપી ઊઠતું. ત્યાં ફરી પિતાની મંત્રવાણી એને સંભળાતી હતી:

'પ્રિય પુત્ર, વિપત્તિ તો મારો ગુરુ છે. એને કારણે તો મારી આંતર દૃષ્ટિ ખૂલી ગઈ હતી અને મારો અંધાપો સફળ થયો હતો.'

રાજા કક્ષીવાન ઋષિ તો હતો જ. એણે જીવનની અંતિમ ઘડીએ અશ્વિની-કુમારોની પ્રાર્થના કરી અને એ સ્તુતિના બળે અશ્વિનીકુમારો આવી પહોંચ્યા અને પોતાના દિવ્ય રથમાં બેસાડી એને સિદ્ધલોકમાં લઈ ગયા.

o

# સંધિદૂતનું સાહસ

'**અગસ્ત્ય** મુનિવરની વાત આપણે બધાએ જાણી લેવા જેવી છે.'

'સાચું છે. આપણા એ ગુરુદેવ શું કહેતા હતા ?'

'એ ગુરુદેવ મને કહે કે જો, ભાઈ, આ ખનિત્ર—કોદાળો હાથમાં લો, પહોંચો સીધા જ ખેતરમાં, ખોદવા માંડો ને ખેતી કરો એટલે લક્ષ્મી તો હાથમાં. ખેતીની ખેતી થાય, સાથે જ પ્રજાજન અને પશુગણની સુખાકારી વધે.'

એમની વાત અનુભવથી મઢેલી છે. ખેતી કરો, પછી વિદ્યાનું શું થાય ? મહેનત—મજૂરી કરવા જઈએ ત્યાં ભણવાનું રહી જાય ને ?'

'આપણા ગુરુદેવે એની પણ ચોખવટ કરી દીધી છે. આપણા મનને ખનિત્ર બનાવો અને અંતરમાં ખોદવા માંડો એટલે વિદ્યા હાથમાં આવે. આમ લક્ષ્મી અને વિદ્યા સાથે જ સધાય. સવારે પાઠ ભણતા હો ને નવરાશ મળે એટલે ખેતી કરો. બપોરે ફુરસદ મળે ત્યારે વળી ભણવા માંડો. આમ જીવનમાં બંને વસ્તુ સાથે સધાય.

'આપણા લોકો તો કહે છે કે લક્ષ્મી અને વિદ્યા સાથે સધાય જ નહિ, જીવનમાં બંનેનો સુમેળ જામે જ નહિ ને ?

'આપણા એ ગુરુદેવ તો કહે છે કે 'તમારે એવી આળસુ જનોની વાતો સાંભળવી જ નહિ. તમારે મારો દાખલો લેવો. મેં તો બંનેય વર્ગ સાથે સાધી લીધા છે. લક્ષ્મી પાસેથી '**લકાર**' લીધો કે આખી પૃથ્વી વશ થઈ જાય. તે જ રીતે વિદ્યા પાસેથી '**વકાર**' લો કે અંતરના આકાશમાં જ્ઞાનનાં અજવાળાં થાય; લૈં પૃથ્વી અને વં વાયુ બંનેનો યોગ થાય.

'ગુરુદેવની આ તો જીવનની પરમ સિદ્ધિ ગણાય. એમના નિત્ય નિયમમાં પણ આ બંને ચોજ જોવાને મળે છે. સવારે એ ધ્યાનમાં બેસે અને સ્તોત્ર ભણે ત્યારે તો સાક્ષાત્ મંત્રદ્રષ્ટા ઋષિનું કોમળ દર્શન થાય. સૂર્ય ઊગ્યો કે હાથમાં

કોદાળો લે અને એ ઋષિ ઊપડે સીધા જ ખેતરમાં, અને ખેતી કરવા માંડે ત્યારે તો ઉગ્ર મૂર્તિના દર્શન થાય.'

'અહો, આપણા ગુરુદેવના જીવનની સિદ્ધિનું તમે તો સુંદર નિરૂપણ કર્યું. આપણા એક સાથીદારે તો આ બંને બાબતોને એક ઋચામાં વણી લીધી છેઃ

'અગસ્ત્ય તો આપણા ગુરુદેવ છે. હાથમાં ખનિત્ર લઈને જ્યાં એમણે ખોદવા માંડયું કે તેમની ઇચ્છા પ્રમાણેની બધી કામનાઓ ફળવા માંડે, જાણે કે, એમને સહાય કરવા તો પ્રજાજનો આવી પહોંચે; સાથે સાથે પશુઓ પણ એમને મદદ કરે; તેથી ખેતીની પરમ સિદ્ધિ મળે.

'બીજી બાજુએ એ ઋષિ સ્તુતિ–પ્રાર્થનાઓ કરી દેવોને રાજી કરે. એ દેવોની દિવ્ય ભાવનાને કારણે એમને શુભ આશિષ મળે અને પછીથી તો નવી નવી વિદ્યાઓ હૈયે પ્રગટ થાય. આમ એમણે પોતાના જીવનમાં બંને વર્ણોની બાબતો વણી લીધી છે. આપણા આ ગુરુદેવ ઋષિ–મંત્રદ્રષ્ટા તો છે જ, સાથે ઉગ્ર કઠોર સ્વભાવના ખેડૂત પણ છે.'

સહ્યાદ્રિ–વિંધ્યાચળના ઉત્તર પ્રદેશમાં અગસ્ત્ય મુનિનું ગુરુકુળ હતું. ત્યાં અનેક વિદ્યાર્થીઓ આવીને જીવનની સિદ્ધિ આપનારી વિદ્યાઓ મેળવી લેતા હતા. ઋષિના અદ્‌ભુત જીવનવ્યવહારની ચર્ચાવિચારણા કરતાં એ વિદ્યાર્થીઓ અનેરો આનંદ અનુભવતા હતા. એમાંના એક ઉગ્ર નામના ઋષિએ એક ઋચાનાં દર્શન કરીને ગુરુના જીવનની બંને બાબતો–વર્ણોની સિદ્ધિનું નિરૂપણ કર્યું હતું. જેવું તેમનું જીવન હતું તેવા જ અદ્‌ભુત એમના જન્મનો યોગ હતો; એ વિશે પણ વિદ્યાર્થીઓ વાર્તાલાપ કરીને આનંદનો અનુભવ લેતા હતા :

સાચે જ, આપણા ગુરુદેવનું જીવન તો અદ્‌ભુત છે.'

'ભાઈ, એમનો જીવનનો યોગ અદ્‌ભુત છે તે રીતે એમના જન્મનો ઘટના પણ અદ્‌ભુત છે.

'પેલા બે પ્રસિદ્ધ દેવો છે, મિત્ર અને વરુણ; નામ ને રૂપે બે, પણ બંને રહે સાથે ને સાથે. રાતના અગ્નિ સળગે ત્યારે એ મધુર લાગે; એને વરુણ કહે છે. એ જ અગ્નિ દિવસે વિશેષ પ્રજ્વલિત થાય અને ઉગ્ર લાગે; એને મિત્ર કહે છે. રાતના દેવ તો વરુણ અને દિવસના મિત્ર. રાત ને દિવસ જુદાં પડે નહિ તેમજ મિત્ર અને વરુણ જુદા પડે નહિ.

'રાત વહી રહી હતી, ઉષા આવવાની હતી. પક્ષીઓ પણ જાગ્યાં નહોતાં, ત્યાં તો થોડા ઋષિઓ જાગ્યા, એમણે તો પ્રાતરનુવાક–પ્રભાતિયાં ગાવાનાં શરૂ

કર્યાં, એની સાથે સામનાં ગાન પહેલાં ગવાય, એ વખતે વસતીવરી–રાતનાં વાસી જલ ભરી રાખેલાં હતાં તેને અગ્નિશાળામાં ઉપાડી લાવ્યા હતા.

'ત્યાં તો મિત્ર અને વરુણ બંને અકસ્માત ભેગા થઈ ગયા, ત્યાં વીજળીના ઝગકારા થવા લાગ્યા ને આકાશમાંથી અપ્સરા ઉર્વશી ઉતરી આવી. એનાં ચમક દમક અને રૂપ છટા જોઈને બે દેવો તો આકર્ષાયા. ત્યાં તો એ ઉર્વશી આવી એવી જ ચમકીને ચાલી ગઈ. એ દેવોના તેજનું જે આકર્ષણ થયું તે તેજને પેલા વસતીવરીના જલથી ભરેલા ઘડામાં સિંચી દીધું ને એમાંથી રૂપ રૂપના અંબાર જેવા બે ઋષિઓ પ્રગટ થયા; એમાંના એક આપણા ગુરુ **અગસ્ત્ય** દેવ અને બીજા મુનિવર **વસિષ્ઠ.**

'રાતની પાછલી ૭ ઘડી, એ તો પ્રભાત કાળ, બ્રાહ્મ મુહૂર્ત ગણાય. સંસારી જનો તો એ કાળે ઊંઘતા હોય, પરંતુ બ્રહ્મજ્ઞાની જનો માટે તો જ્ઞાનની એ અણમોલ ઘડીઓ. સંસારમાં જકડી રાખનારાં પાપ તો **અગ–ન** ખસે તેવાં; એને પણ જ્ઞાનબળે તરલ બનાવી, ફેલાવીને ઊડાડી દે; એવા એ ઋષિને **અગસ્ત્ય** કહે છે. એ જ રીતે જેણે પોતાની ઇંદ્રિયોના વેગોને વશ રાખ્યા, તે ઋષિ તો **વસિષ્ઠ** ગણાય.'

'તમારી વાત સાચી છે. આપણા ગુરુદેવ **અગસ્ત્ય** પ્રભાતકાલે ધ્યાન ધારણા કરે અને દિવસભર ખેતીનાં કાર્ય કરે છે. એ રીતે એમણે જીવનના બંને વ્યવહાર સાધી લીધા છે. જેટલાં એમનાં ભણતર પાકાં તેટલાં જ એમનાં ગણતર પણ સાચાં છે. આપણે પણ પૂરા ભાગ્યશાળી ગણાઈએ કે એમની સેવા કરવાનો અનેરો લહાવો મળી ગયો છે.'

'આમ તો આપ જણાવો છો તેમ ગુરુદેવના જીવનની બધી જ ઘટનાઓ અદ્ભુત છે. દેવરાજ ઇંદ્ર અને મરુતોની વચ્ચે સંવાદ થયેલો એ ઘટનાને અનુસરી ગુરુદેવે એક સુંદર સૂક્તની રચના કરી હતી. એ સંવાદ–સૂક્ત ગુરુદેવે મને સંભળાવ્યું હતું.

'દેવરાજ ઇંદ્ર સેનાના પતિ અને મરુતો એમની સેના ગણાય. એમનો સંવાદ ગુરુદેવના સૂક્તમાં ઊતરે તે સાંભળવામાં પણ આનંદ આવે.'

એ સંવાદની ભૂમિકા રચતાં ગુરુદેવે મને જણાવ્યું કે 'સેના અને સેનાપતિ સાથે હળીમળીને રહે તો જ રાષ્ટ્રનું રક્ષણ થાય ને? બંનેમાં સંઘર્ષ જાગે ને વેરઝેર વધે, એના પરિણામે તો રાષ્ટ્રનો વિનાશ થઈ જાય.' દેવરાજ ઇંદ્ર સેનાપતિ હતા, પરંતુ એ મરુતોની સેનાના વિશેષ પરિચયમાં આવી શક્યા નહોતા. એ જ રીતે ઓગણપચાશ મરુતો ઇંદ્રના સૈનિકો ખરા, પણ એમને સાક્ષાત્ દેવરાજ

ઇંદ્રનો પરિચય ક્યાંથી થાય? યુદ્ધભૂમિ પર બંને ભેગા થાય ને છૂટા પડે એટલો જ એકમેકનો સંબંધ.

'એક સમયે અકસ્માત્ અધવચ્ચે સેના અને સેનાપતિનો ભેટો થઈ ગયો. અલકાપુરીથી દેવરાજ ઇંદ્ર રથમાં બેસીને નીકળ્યા હતા. આ મરુતો સાત સાતના ગણમાં ભેગા થઈ ફરવા નીકળી પડ્યા હતા. સરખાં રૂપ ગુણ અને આકાર જોતાં ઇંદ્રને એમના તરફ આદર જાગ્યો. એમને ઊભા રાખી ઇંદ્રે ખબર પૂછી:

'અહો, તમે બધા સરખે સરખા સૈનિકો જેવા લાગો છો. ભલા તમે બધા કઈ બાજુએ જવાના છો અને તમે કયા પ્રદેશથી આવી રહ્યા છો? નવા સુંદર મરુતો જેવા તમે જુવાન સૈનિકો લાગો છો. કયા એ ઋષિ ભાગ્યશાળી છે, જેમણે સ્તુતિ કરીને યજ્ઞમાં તમારાં આવાહન કર્યાં છે?'

'દિવ્ય રથમાં બેઠેલા ઇંદ્રની વાણી સાંભળી મરુતો થંભી ગયા. એમણે દેવરાજ ઇંદ્રને ઓળખ્યા નહિ. એમને તો એમ લાગ્યું કે 'દેવરાજ ઇંદ્રના બોલાવ્યાથી કોઈક ઋષિ દેવસભામાં ગયા હોય અને એ ઇંદ્રના રથમાં બેસીને પાછા ફરતા હોય. એ ઋષિ આપણી સ્તુતિ કરે છે.' તેથી એમણે સંકોચવશ થઈ વિનયભાવે પૂછ્યું:

'હે દિવ્યમૂર્તિ, દેવરાજ ઇંદ્રના રથમાં બેઠેલા તમે પોતે ઇંદ્ર તો નથીને? તમારા બોલવા પરથી અમને તો લાગે છે કે તમે કોઈક ઋષિરાજ હશો. હા, જો દેવરાજ ઇંદ્ર હોય તો એઓ આમ એકલા નીકળે નહિ. એમની સાથે તો કેટકેટલા દેવો હોય અને સૈનિકો હોય, એમનાં ચારે બાજુથી રક્ષણ કરતાં સાધન પણ હોય. તમારી સાથે તો કોઈ નથી.

'આમ અસહાય એકલાઅટૂલા નીકળીને તમે કઈ બાજુએ જઈ રહ્યા છો? તમે જો સાચેસાચ દેવરાજ ઇંદ્ર હો તો અમે તમને પ્રણામ કરીએ છીએ. અમે તમારા સૈનિકો મરુતો છીએ. આપ આજ્ઞા આપો તો આપની સહાય કરવા માટે અમે તમારી સાથે આવીએ. આ ઘોડાઓ અને આ દિવ્ય રથને અમે સારી રીતે જાણીએ છીએ કે તે અમારા સેનાપતિ ઇંદ્રના છે. તમારી જે કાંઈ ઇચ્છા હોય તે અમને જણાવો, એ પ્રમાણે અમો કરવા તૈયાર છીએ.'

મરુતોનાં એ વચન સાંભળી દેવરાજ ઇંદ્રને જરાક સંકોચ થયો. એમને મનમાં વિચાર આવ્યો કે 'આ મરુતો અધવચ માર્ગે મળી ગયા છે. તો એમને સાથે જ લઈ જવા સારા.' ત્યાં તો એના મનમાં અભિમાન જાગ્યું; 'મારે તો ઋષિના યજ્ઞમાં જવું છે. ત્યાં મરુતોનું શું કામ છે? ઋષિઓ તો સ્તોત્ર ગાઈને અને

બોલાવે છે અને યજ્ઞમાં હવિ ભેટપૂજા વગેરે મને જ આપે છે, ત્યાં ભલા મારે સૈનિકોની જરૂર શી ?'

આમ વિચારી દેવરાજે મરુતોને જણાવ્યું:

'જુઓને, જ્યારે રણસંગ્રામ ખેલવા હોય ત્યારે તો હું સેનાપતિ બનું એટલે મારી સાથે સેનાઓ હોય જ, અહીં તો મારે યજ્ઞમાં જવાનું છે. ઋષિઓ જે મંત્રો ભણે છે તેમાં મારાં જ ગુણ અને કર્મોનો મહિમા હોય છે; જે સ્તુતિઓ ગાય છે તેમાં પણ મારી જ પ્રશંસા હોય છે; યજ્ઞયાગમાં જે ભેટપૂજા અપાય તે બધાં પણ મને જ મળે છે.

'આને કારણે તો યજ્ઞમાં જવા માટે હું એકલો જ નીકળી પડ્યો છું. હા, તમારી ધારણા પ્રમાણે માર્ગમાં કોઈ શત્રુ મળી જાય એટલા માટે સાથે સૈનિકો રાખવા જોઈએ; પરંતુ મારે એવી જરૂર પડતી નથી. મારું આ એક જ વજ્ર શત્રુઓને તો દૃઢ પર્વત જેવું લાગે છે. દિવ્ય રથે જોડેલા મારા આ બે ઘોડાઓ તો વચમાં ક્યાંય પણ ઊભા રહે નહિ, સીધા જ યજ્ઞના દરવાજે મને પહોંચાડી દે.'

ગર્વ અને અહંકારથી ભરેલી એ વાણી સાંભળીને મરુતોને મનમાં થયું કે,

'આ દેવરાજ ઇંદ્ર ન હોય, કારણ કે એને હૈયે તો નર્યો ગર્વ જ ભર્યો છે; તો પછી ભલેને એકલો એ અથડાય.' આમ વિચારી એમણે જણાવ્યું:

'હે ઇંદ્ર, તમારા મનમાં જો એમ જ હોય કે 'હું એકલો અસહાય નથી, મારે સૈનિકોની જરૂર પણ નથી; તો તમારી ઇચ્છા! અમારે માટે તો આ ઘોડા તૈયાર છે. જેને સહાયની જરૂર હોય તેને અમે સહાય આપીએ છીએ. ઋષિઓના નિમંત્રણથી તમે યજ્ઞમાં જાઓ છો તો તમે અમોને પણ સાથે લેતા જાઓ તો અમને આનંદ આવે, કારણ કે તમારી સાથે અમોને પણ ભેટપૂજા મળે એટલી આશા તો અમે પણ રાખીએ.

'હવે તમે કહો છો કે 'મારે કોઈની સહાય ન જોઈએ.' હવે ખરું પૂછો, તો તમે અમારી સહાયથી સ્વર્ગમાં રહ્યા છો. આપણાં કાર્ય તો પરોપકાર કરવા માટે છે. તમે અમારાં કાર્ય કરો તો અમે તમારાં કામ કરીએ.'

એ મરુતોની વાણી પણ કઠોર અને તેજસ્વી હતી. હવે, ભલા સર્વોચ્ચ અધિકારી સેનાપતિ એ શી રીતે સહન કરી શકે! એને તો સાદાસીધા યજ્ઞમાં જવું હતું, જ્યાં એને માનપાન મળવાનાં હતાં, હવે જો એમની સાથે મરુતો આવે તો

એ મરુતો ભેટપૂજામાં ભાગ પડાવે એ ઇંદ્રને કેમ પાલવે? આમ વિચારીને ઇંદ્રે તો બેદરકારીથી ઉત્તર આપ્યો.

'અરે હે મરુતો, હું તો એકલો જ છું અને સર્વવ્યાપક છું. મારાં ઓજ અને બલ તો બધે જ પહોંચી જાય છે. મારા મનમાં જે જે કાર્યો કરવાની ધારણા જાગે છે તે બધી તો તરત સફળ થાય છે. મારી ભાવનાઓ ઉગ્ર છે અને મારી વેદનાઓ પણ એટલી જ તેજસ્વી છે. જે જે ધન–સાધનની મારે જરૂર પડે છે તે મારા મનોરથ પ્રમાણે આવીને ઊભાં રહે છે. હું તો બધાનો ઇંદ્ર છું, ઈશ્વર છું, એટલે હું જે ધારું તે પાર ઉતારું છું.'

એ મરુતોને પોતાના સેનાપતિ દેવરાજ ઇંદ્ર માટે ઘણો જ આદર હતો. ભલાં, પોતાના સેનાપતિને માટે કયા સૈનિકને માન ન હોય? સાથે સાથે દરેક સૈનિકનાં આદર–માન સચવાય એ જોવાનું કાર્ય સેનાપતિનું છે. જો એ એકલો જ માનપાન ભોગવ્યા કરે અને સૈનિકોને ભૂલી જાય તો શું પરિણામ આવે?

અહીં તો સૈનિકોએ પોતાના સેનાપતિને ઓળખ્યા જ નહોતા. જો એ રથમાં બેસનાર દેવરાજ ઈંદ્ર જાતે જ હોત તો એમનું સર્વોપરિપણું માનવા અને એનો આદર કરવા મરુતો તૈયાર જ હતા; તેથી તો એમણે જણાવ્યું પણ ખરું:

'સાચે જ, તમે જો ભગવાન ઇંદ્ર હો તો તમારાં પ્રભાવ અને સામર્થ્ય વિશે અમારે કશું કહેવાનું નથી. તમારા જેવો પ્રતાપી, પરાક્રમી, બીજો કોઈ દેવ થયો નથી અને થવાનો નથી. તમારાં બધાં કાર્ય દિવ્ય છે અને તમારો જન્મ પણ દિવ્ય છે. તમે જે પરાક્રમથી ભરેલાં દિવ્ય કાર્ય કર્યાં છે તેની તુલના તો થઈ શકે એમ નથી.'

મરુતોને આ રીતે ઈંદ્ર માટે અહોભાવ હતો તો ઇંદ્રને મરુતો માટે આદર માન હતાં, પરંતુ એ વખતે ઇંદ્ર ઋષિઓના યજ્ઞમાં જઈ રહ્યા હતા અને ત્યાં સૈનિકોને લઇ જવાની જરૂર નહોતી.

પરંતુ સેનાપતિ અને સૈનિકો એવા વિપરીત સંજોગોમાં મળી ગયા કે એઓ બંને વચ્ચે ઉગ્ર સંવાદ રચાઈ ગયો અને બંને ભારે મન સાથે છૂટા પડ્યા. દેવ-રાજ ઇંદ્ર તો બીજાં અનેક કાર્યોમાં રોકાઈ ગયા એટલે એ પ્રસંગ એમના મનથી વીસરાઈ ગયો.

મરુતો પોતાનાં સ્થાનોમાં પાછા ફરી રહ્યા હતા. પોતાના સેનાપતિએ કરેલાં

અપમાન એમને વારંવાર યાદ આવતાં હતાં. પ્રસંગ ઊભો થાય તો દેવરાજ ઇંદ્રને સહાય નહિ કરવાનો નિરધાર પણ એમણે બધાએ મળીને કરી લીધો હતો.

હવે જો અસુરો કે બીજા શત્રુઓનાં આક્રમણ થાય તો જ સેનાપતિને સૈનિકોની જરૂર પડે, પણ સ્વર્ગમાં એવો કોઈ ભય ઊભો થયો નહિ અને બધું સુખ શાંતિથી ચાલતું હતું.

જગતના વ્યવહારમાં પણ આમ જ છે. બધું જ સુખશાંતિથી ચાલતું હોય તો પછી સેનાની જરૂર શી? શાંતિના સમયે સેનાપતિનું પણ કામ શું? ઊલટાનું સમાજ પર બંનેનો બોજો લાગ્યા કરે.

આ બાજુ મરુતો મૂંઝાવા લાગ્યા. સ્વર્ગમાં કે પૃથ્વીમાં એમની જરૂર ઊભી થઈ નહોતી. એમના તાપ, સંતાપ વધવા લાગ્યા. વગર કામે અંતરિક્ષમાં વિહાર કરતા મરુતો પરસ્પર અથડાવા લાગ્યા ને એમાંથી તોફાનો જાગ્યાં, તેથી એમણે તો ભારે દોડાદોડ શરૂ કરી દીધી. એમનાં એ અનિયમિત હલનચલનથી ઝંઝાવાતો શરૂ થઈ ગયા, સમુદ્રો ડોલવા લાગ્યા. આથી ત્રણેય લોકો અત્યંત ભયભીત બની ગયા.

'શું થઈ રહ્યું છે અને શું કરવું જોઈએ એની સૂધબૂધ કોઈને રહી નહોતી.'

આ લોકોને ભયમાંથી બચાવી લેવા માટે ઋષિમુનિઓએ દેવરાજ ઇંદ્રની સ્તુતિ કરવા માંડી. દેવરાજે યુદ્ધમાં સહાય કરવા પોતાની સેનાને બોલાવવા આજ્ઞા કરી, પરંતુ ઇંદ્રની સેના મરુતો આવે શાના? દેવદૂત ખબર લાવ્યો કે 'મહારાજ, આ તો આપણા મરુતો જ યુદ્ધે ચડયા છે. એ કારણે આ બધાં તોફાન થઈ રહ્યાં છે.'

એ સાંભળીને તો ઇંદ્રને આશ્ચર્ય થયું; 'તમે શું કહો છો? મારી જ સેના તોફાને ચડી છે? એ મરુતોને શું થયું છે? કોણે એમને ઉશ્કેરી માર્યા છે?'

આમ ઇંદ્રે સહજ રીતે પ્રશ્ન તો કર્યો, ત્યાં તો વીજળીનો ઝબકારો થાય એ રીતે દેવરાજને પેલી પુરાણી ઘટના યાદ આવી ગઈ. એમણે તરત જ નિર્ણય કરી લીધો અને દેવદૂતને જણાવી દીધું:

'એ મરુતોની સહાય મારે જોઈતી નથી. હું એકલો જ સમરાંગણ ખેલવા તૈયાર છું. મારું આ વજ્ર, આ તેજસ્વી ઘોડા અને દિવ્ય રથ મારે માટે બસ છે.'

આમ નિશ્ચય કરીને દેવરાજ તો સ્વર્ગમાંથી અંતરિક્ષના લોકમાં ઊતરી આવ્યા. સેનાપતિ ઇંદ્રને જોઈને મરુતો આનંદમાં આવી ગયા. એમને તો યુદ્ધ ખેલવાં હતાં.

યુદ્ધ ખેલનાર શત્રુ ન મળે તો પછી અંદરોઅંદર જ બળવો જગાડવો અને સેના-પતિને હેરાન કરવા; એવી તક એમને મળી ગઈ.

આમ જ્યાં સેના અને સેનાપતિ પરસ્પર લડે ઝઘડે ત્યાં લોકોને શાંતિ સુખ ક્યાંથી મળે ? સેના અને સેનાપતિ બંને બળિયા તો હતા જ અને જાત પર આવીને લડવા લાગ્યા. ત્રણેય લોકોમાં જાણે કે યુદ્ધનાં તાંડવ ખેલાવા લાગ્યાં.

આ તો વનના જંગલી હાથીઓ લડે ને વનનાં વૃક્ષોનો ઘાણ નીકળી જાય, એના જેવો ઘાટ થયો. અંતરિક્ષ લોકમાં લડતા લડતા દેવરાજ ઇંદ્ર ધરતી પર આવી પડયા. ત્યાં પાછા ઊભા થઈને અત્યંત વેગથી લડવા લાગ્યા. આ બંનેમાંથી કોઈ એક જીતે એવું તો લાગતું જ નહોતું. હા, એ બંનેય પક્ષો હારતા હતા, પણ એમને છોડાવે કોણ ?

યુદ્ધો ચાલુ થાય ત્યારે તો બધા લોકો શાંતિ ઝંખે અને છેવટના ઉપાયે શાંતિ તો થાય જ ! યુદ્ધ થયું એટલે એનો વિરામ તો ખરો જ ને ?

હાર માનો કે જીત માનો, પણ દેવરાજ ઇંદ્ર સ્વર્ગમાં ચાલ્યા ગયા. એ મરુતો પણ પોતાનાં નિવાસ સ્થાનોમાં ચાલ્યા ગયા. યુદ્ધનાં એ કડવાં ફળ ચાખી લીધા પછી પણ મરુતોને શાંતિ ગમતી નહોતી, તો દેવરાજ ઇંદ્ર એમની સાથે સમાધાન કરવા તૈયાર નહોતા.

આ બંને વચ્ચે વારંવાર યુદ્ધો થયા કરતાં હતાં, એ કારણે તો ત્રણેય લોકો ભયભીત થઈ ગયા હતા. યુદ્ધમાં નહિ ઊતરવા સાટે ઋષિમુનિઓએ મરુતોને વીનવ્યા અને એમની સ્તુતિ પ્રાર્થના કરી તેથી એ રાજી થયા, પરંતુ સામે પક્ષે દેવરાજ ઇંદ્ર તરફથી મરુતોને ત્રાસ અપાતા હતા, તે રોકવા માટે ઋષિઓએ ઇંદ્રને સ્તુતિ–પ્રાર્થના કરી. ઇંદ્રે એમને અભયનાં દાન આપ્યાં ત્યારે ઇંદ્રને પજવવા માટે મરુતો તોફાને ચડ્યા.

આમ બંને પક્ષ એકમેકના દોષ શોધતા હતા અને યુદ્ધે ચડતા હતા. હવે તો સ્વર્ગના દેવો પણ યુદ્ધથી કંટાળી ગયા હતા. એમનાં સુખ શાંતિ તો ચાલ્યાં ગયાં હતાં, એ સાથે એમને ભારે ચિંતા થઈ હતી કે 'સ્વર્ગ પર કોઈ આક્રમણ કરે ત્યારે દેવોને સહાય કોણ કરે ?'

એ દેવોએ શાંતિ સમાધાન કરવા માટે એક સભા બોલાવી. તેમાં જુદા જુદા લોકના પ્રતિનિધિઓ ભેગા થયા. ઋષિમુનિઓ ગયા તેમની સાથે આપણા ગુરુદેવ **અગસ્ત્ય** મહારાજ પણ ગયા હતા.

એ દેવસભામાં વિચારણા કરવામાં આવી કે 'દેવરાજ ઇંદ્ર અને દેવસેનાના મરુતો જુદા પડી ગયા હતા. બંનેએ પોતાના અલગ પક્ષ રચ્યા હતા. એ બંને પહેલાં એક હતા અને એક બનીને રહે તો જ સુખ શાંતિ થાય.' એ સત્ય હકીકત એમને કોણ સમજાવે? એમની વચ્ચે સમાધાન થાય તો જ બધા લોક સુખશાંતિ ભોગવે. એમને સમજાવી લેવાનું સાહસ કરવા કોઈ દેવ તો તૈયાર થયા નહિ, કારણ કે એ દેવો બંનેના ઉગ્ર સ્વભાવને જાણતા હતા. હવે ઋષિમુનિઓ તો સ્તુતિ–પ્રાર્થનાઓ કરીને બંને પક્ષોને પ્રસન્ન રાખતા હતા, પરંતુ બંને વચ્ચે જે સ્પર્ધા જાગી હતી અને ઉગ્રતા આવી ગઈ હતી તેને શમાવે કોણ? એ શાંતિ અને સમાધાનનું કામ તો અઘરું જ હોય; યુદ્ધ કરવાં તો સહેલાં થઈ પડે.

આપણા ગુરુદેવ પર તો દેવરાજ ઇંદ્ર પ્રસન્ન હતા અને મરુતોની પણ એમની પર પૂર્ણ કૃપા હતી. દેવો ને ઋષિઓ એ વાત જાણતા હતા તેથી એમણે ખૂબ જ આગ્રહ કરીને ગુરુદેવને પોતાના પ્રતિનિધિ બનાવ્યા અને બંને પક્ષો વચ્ચે શાંતિ સમાધાન કરવા માટે વિનતિ કરી.

આપણા ગુરુદેવ તો પ્રેમને વશ. દેવો અને ઋષિઓના આગ્રહથી એમણે 'સંધિદૂત' બનવાનું સ્વીકારી લીધું. એઓ તો સીધા જ પહોંચી ગયા અમરાવતીમાં દેવરાજ ઇંદ્રની પાસે.

એ ભલા સ્નેહી ઋષિરાજને જોતાં ઇંદ્રે આવકાર આપતાં, હસતાં હસતાં, જણાવ્યું 'આવો, આવો, મુનિવર; આ બાજુ કાંઈ અમસ્તા જ કે....'

ગુરુદેવ તો સીધા માણસ! ઇંદ્ર વાત પૂરી કરે તે પહેલાં તો એમણે દેવો અને ઋષિઓની મૂંઝવણ કહી અને મરુતોની સાથે સમાધાન કરવા જણાવ્યું. એ સાંભળતાં જ ઇંદ્રને હૈયે ભારે રોષ જાગ્યો. એમણે સ્પષ્ટ જણાવી દીધું:

'જુઓ, અગસ્ત્ય, તમે ઋષિ અને મંત્રદ્રષ્ટા પણ સાચા. તમે સ્તુતિ–પ્રાર્થના કરો ને બોલાવો ત્યારે તમારા યજ્ઞોમાં આવવાની અમારી ફરજ. બાકી અમારા અંદરોઅંદરના ઝઘડામાં તમારે માથું નહિ મારવાનું. એ તો વખત આવે બધું થઈ રહેશે.'

ઇંદ્રનું એ કડક વલણ જોઈ ગુરુદેવને માઠું તો લાગ્યું, પણ એ વખત વિચારી ગયા અને એમની વિદાય લઈ સીધા જ મરુતોની પાસે પહોંચી ગયા. દેવો ને ઋષિઓના સંધિદૂત બન્યા એટલે કામ તો પાર પાડવું જોઈએ ને?

પોતાને આંગણે ગુરુદેવને આવેલા જોઈ મરુતો હરખઘેલા બની ગયા. એમણે તો ગુરુદેવને ઉપાડી લીધા અને એમને પવનના હિલોળે હીંચકાવવા માંડ્યા. એ હીંચકાનાં આંદોલનમાં ઝૂલતા ગુરુદેવ તો હસવા લાગ્યા. પછી એમણે જણાવ્યું :

'ઓ મરુત દેવો, હું ક્યાં સુધી તમારા હીંચકા પર હીંચ્યા કરું ? મારે કેટ-કેટલાં કામ કરવાનાં છે એની તમને ખબર છે?' મરુતોએ હીંચકા બંધ કર્યા અને માફી માંગતાં જણાવ્યું કેઃ

'સાચે, અમે તો ભૂલી ગયા. અમારે, ભલા, બીજાં કામ શું ? યુદ્ધે ચઢવું અને નવરા પડે હીંચકે ઝૂલવું. હા, આપને અમારે લાયક કામ હોય તો જણાવો.'

એમની એ નમ્રતાભરી વાણી સાંભળીને ગુરુદેવે તો ઇંદ્રની સાથે સમાધાન કરી લેવાની વાત મૂકી. એ વાત સાંભળતાંની સાથે જ મરુતો તોફાને ચડી ગયા. એમણે ગુરુદેવને ઉપાડી એવા તો હીંચકે ચડાવી દીધા કે એ સીધા જ આપણા આશ્રમમાં આવીને ઊભા રહ્યા.

મરુતો, ભલા, વાત પણ શું કરે? એઓ તો યુદ્ધ કરવા ટેવાયેલા હતા. ગુરુદેવ તો આશ્રમમાં આવી વિચારોના હિંડોળે જ ચડી ગયા. દેવો અને ઋષિમુનિઓના આગ્રહથી પોતે સંધિદૂત તો થયા, પરંતુ અહીં તો એકેય પક્ષને સંધિ કે સમાધાન કરવાં જ નહોતાં. શાંતિ ને સમાધાન કરવાથી તો લોકોને લાભ થાય. અહીં તો લડ કે લડવાનું લાવ એવી બંને પક્ષોની મનોદશા, ત્યાં સંધિ શું ને સમાધાન શું ?

ઘણાં ઘણાં મનોમંથન પછી આપણા ગુરુદેવને એક સાહસ કરવાનું સૂઝી આવ્યું. જો કે એ કામ ઘણું કપરું હતું, પરંતુ પોતે 'સંધિદૂત' તરીકે જે ભારે જવાબદારી લીધી હતી તે સફળ તો કરવી જોઈએ ને ?

એમણે એક મોટો સોમયાગ કરવાનો સંકલ્પ કર્યો. એ માટે ઋષિઓ અને દેવોને પહેલેથી જ બોલાવી લીધા. આ ઋષિ પરોપકારી હતા એટલે એમને બધાના પૂરા સાથ સહકાર મળી ગયા. એ સોમયાગ માટે ગાયત્રી દેવી એક વિશેષ પ્રકારની સોમલતા લઈ આવ્યાં. એના સોમ ઘૂંટાવા લાગ્યા અને રસનાં બિંદુ ચમકવા લાગ્યાં, તેનાથી ગ્રહ—પાત્રો ભરાવા લાગ્યાં. દેવરાજ ઇંદ્રને તો સોમરસ ઘણો પ્રિય અને એમને તો રાજી કરવાના હતા.

ત્યાં તો મરુતો આકાશમાં ફરવા નીકળ્યા હતા. તેમને આ સોમરસની સુવાસ ખેંચી લાવી. આમ અચાનક મરુતોને આવેલા જોઈ દેવો અને ઋષિઓ વિચારમાં પડી ગયા, પરંતુ આપણા ગુરુદેવ તો રાજી થઈ ગયા. એમણે તો મરુતોનાં સારી

રીતે પૂજન કર્યાં અને એમને મોટાં આસનો પર બેસાડી સોમરસનાં પાન કરાવી દીધાં. મરુતો સોમરસનાં પાન કરી ખુશખુશાલ બની ગયા.

સ્વર્ગમાં વસતા દેવરાજ ઇંદ્રને એ વાતની ખબર પડી ગઈ. એ તો દિવ્ય રથમાં બેસી, હાથમાં વજ્ર લઈ યજ્ઞભૂમિ પર આવી પહોંચ્યા. પોતાના ભાગનો સોમરસ ઋષિએ મરુતોને આપી દીધો હતો તેથી એમને ક્રોધ તો હતો જ, પરંતુ પોતાને શું કરવું એની એમને સૂઝ પડતી નહોતી.

આપણા ગુરુદેવ તો અત્યંત કુશળ નિર્ભય હતા. એમણે તો વિનતિ કરી દેવરાજનો હાથ પકડી લીધો અને મોટા એક સિંહાસન પર એમને તો બેસાડી દીધા. બીજા ઋષિઓ હાથ જોડી સ્તુતિ કરવા લાગ્યા.

થોડી જ વારે સોમરસ માટે આમંત્રણ આપતાં ઋષિએ જણાવ્યું :

'પધારો પધારો, દેવરાજ ઇંદ્ર, આપને માટે સોમરસ તૈયાર છે.'

ઋષિના સ્નેહભર્યા આવકારથી ઇંદ્રનો ક્રોધ તો શાંત થયો, પણ મરુતોને સોમપાન કરાવ્યાં હતાં એ એમને ગમ્યું નહોતું તેથી એમણે સીધો જ પ્રશ્ન કર્યો :

'મારો ભાગ ક્યાં છે? મારા પહેલાં આ મરુતો આવીને સોમ પી ગયા. એમને ભલા, મારા પહેલાં કોણે બોલાવ્યા હતા ?'

આમ જો કે બાજી બગડતી હતી, પણ ઋષિએ સાવધાન બનીને જણાવ્યું:

'શાંત થાઓ, દેવરાજ, સોમરસ તૈયાર થતાં વાર કેટલી લાગવાની છે? અને આ મરુતો કાંઈ પારકા છે? તમે તો સેનાપતિ અને એ તમારા સૈનિકો. એ મરુતોને કારણે તો તમે 'મરુત્વાન' ઇંદ્ર ગણાઓ છો અને તમારી સહાય કરવા એઓ તો સદા તૈયાર રહે છે; ખરુંને મરુતો ?'

એ રીતે કહીને એમણે મરુતોની સામે જોયું. સોમપાન કરવાથી એમને હૈયે સદ્‌બુદ્ધિ જાગી હતી અને ઇંદ્ર માટે એમને આદર જાગ્યો હતો. એમણે તો બે હાથ જોડી દેવરાજને નમન કર્યાં અને ઋષિની વાતમાં પોતાની સંમતિ આપી. દેવરાજનો રોષ એ ઉપાયથી ઓછો તો થયો નહિ. ઘણા કાલથી એમને મરુતો માટે અણગમો જાગ્યો હતો. પોતાની સામેજ ભેલા મરુતોને જોઈ એ તો તાડૂકયા અને જણાવવા લાગ્યા :

'શી ખોટી વાત કરો છો, ઋષિવર ? તમારા યજ્ઞમાં આજે મને જે ભાગ મળવાનો હતો, તે તો વપરાઈ ગયો. હવે તમે જે કાલની વાત કરો છો તે કાલ

તો કોણે દીઠી છે? જે બનાવ બની ગયો તે ફરીથી બનવાનો નથી. તમે મારા માટે આ સોમયજ્ઞ શરૂ કર્યો, પણ હું આવું તે પહેલાં આ મરુતો આવી ગયા.

'અરે હે અગસ્ત્ય, તમે તો મારા ભાઈ છો, પણ તમે આ શું કર્યું ? તમે તો મારા શત્રુનું કામ કર્યું, તમારું આ સાહસ છે.'

દેવરાજની વાણીમાં રોષ હતો, પણ ઋષિને માટે આદર હતો એ સમજતાં ગુરુદેવને વાર લાગી નહિ. એમણે ખૂબજ નમ્રતાથી જણાવ્યું:

'તમારી વાત સાચી છે, દેવરાજ હું તો તમારો ભાઈ સખા છું અને મેં તમારા શત્રુનું કામ કર્યું નથી, પણ મિત્રનું કામ જ કર્યું છે. આ મરુતો તમારા શત્રુઓ નથી, પણ તમારા સખાઓ છે, સૈનિકો છે. જે કોઈ ભેટપૂજા સૈનિકોને ધરવામાં આવે છે તે સેનાપતિને જ મળે છે. આ મરુતો તમારા જ છે અને એમનો તમે સ્વીકાર કરો.'

ગુરુદેવની એ વાણીએ ધારી અસર કરી. ઇંદ્રનો બધો જ રોષ શમી ગયો હતો. ઉત્સાહમાં આવીને ગુરુદેવે ઋત્વિજોને જણાવ્યું:

'જલ્દી કરો, યજ્ઞની વેદીને શણગારો, અગ્નિને પ્રજ્વલિત કરો, સોમરસ તૈયાર કરો, દેવરાજ ઇંદ્રને પ્રસન્ન કરો, મરુતોને જોડે બેસાડો.

દેવો અને ઋષિઓ આનંદમાં આવી ગયા. ગુરુદેવે દેવરાજ ઇંદ્ર અને મરુતોને સાથે બેસાડી દીધા. સેનાપતિ ઇંદ્ર અને મરુતો સાથે બેસીને સોમપાન કરી રહ્યા હતા અને ત્રણેય લોકો નિર્ભય બની રહ્યા હતા. સેના અને સેનાપતિ એક બની સાથે સ્વર્ગમાં જઈ રહ્યા હતા.

□

# પરિશિષ્ટ-૧

**પ્રથમ મંડળનાં સૂક્તોના ઋષિ વગેરે :—**

કાવ્ય સાહિત્યની નજરે જોઇએ તો ઋગ્વેદસંહિતાને કાવ્યસંગ્રહ, મંત્રદ્રષ્ટા ઋષિઓને કાવ્ય રચનાર કવિઓ તથા ઋચાઓ કે મંત્રોને કાવ્યો ગણાય.

આ ઋચાઓની ઋષિઓએ રચના કરી નથી, પરંતુ એમણે મનન કરી અનુભવ મેળવીને જે દિવ્ય દર્શન કર્યું તેને કાવ્યની વાણીમાં ઉતાર્યું છે. એને કારણે તો ઋચાઓને મંત્રો કહે છે. અને ઋષિઓને મંત્રદ્રષ્ટા કહે છે.

આ ઋગ્વેદ સંહિતાનાં દશ મંડળોમાં દશ હજાર પાંચસો ને બાવન મંત્રો-ઋચાઓ છે. એ દશ મંડળોને અનુવાકો અને સૂક્તોમાં ગોઠવ્યાં છે. બે ચાર કે દશ બાર ઋચાઓનાં સંકલનને સૂક્ત કહે છે. આવાં દશ દશ બાર બાર સૂક્તોના અનુવાક (પ્રકરણ) બને છે.

એ રીતે ઋગ્વેદના પ્રથમ મંડળમાં બે હજાર ને ૭ ઋચાઓ છે. ચોવીસ અનુવાકો અને એકસો ને એકાણું સૂક્તોમાં આ ઋચાઓ ગોઠવવામાં આવી છે. દરેક સૂક્તને મથાળે (૧) સૂક્તોનો ક્રમ, (૨) સૂક્તની ઋચાઓની સંખ્યા, (૩) ઋષિ (૪) દેવ અને (૫) છંદનો નિર્દેશ કરવામાં આવ્યો છે.

**સૂક્તની ઋચાઓના ઋષિઓ :**

આ મંડળના મધુચ્છંદા, જેતા, મેધાતિથિ વગેરે ઋષિઓનાં નામ સાર્થક છે, એટલે કે એમની ઋચાઓમાં તે તે નામ પ્રમાણેનાં ગુણ, કર્મ, જીવનના અનુભવ વગેરેનાં દર્શન થાય છે.

ઋગ્વેદાનુક્રમણી (૫,૮,૨)માં જણાવ્યા પ્રમાણે મધુચ્છંદાએ મધુર અને ઉત્તમ મંત્રોનાં દર્શન કર્યાં હતાં. માટે એમને મધુચ્છંદા કહ્યા છે. આ ઋષિનાં મધુર મંગલ સૂક્તોથી પ્રથમ મંડળનો આરંભ કર્યો છે. એમાં પણ આ મધુચ્છંદા નામ સાર્થક થાય છે.

ઋષિ ઋષિના દર્શનમાં અનુભવને કારણે ફેરફાર જોવાને મળે છે. એક જ દેવ અગ્નિનાં વર્ણન હોય પરંતુ ઋષિ ઋષિનાં દર્શન પ્રમાણે વર્ણનમાં ફેરફાર

હોય એ પરથી ઋષિના જીવનનો અને અનુભવનો ખ્યાલ અભ્યાસીને સારી રીતે આવે છે.

અહીં આલેખેલાં કથાનકોમાં ઋષિ ઋષિની જીવનદ્રષ્ટિને અનુસરતાં સૂક્તોમાં વર્ણનોના સાર—ભાગ અને તે તે સાથેના સંબંધ અને દેવ સાથેના સંબંધ અને સફળતાનાં આલોચન મુખ્ય ધ્યાન ખેંચે છે.

જો કે આ ઋચાઓ યજ્ઞમાં થતી સ્તુતિઓ કે પ્રાર્થનાઓના રૂપે દેવોને પ્રસન્ન કરવા યોજાઈ હોય છે. અને એ રીતે વેદોની સંકલના યજ્ઞની વિધિઓ પ્રમાણે કરવામાં આવી છે, એવો એક મત છે, પરંતુ તેથી યજ્ઞની વિધિઓ પૂરતું જ વેદોનું સંકલન છે, એવું તાત્પર્ય નીકળતું નથી. આ વેદોની ઋચાઓ આપણા જીવનનાં વિવિધ પાસાંને સ્પર્શે છે. એમાં વ્યક્તિત્વ વિકાસ, સમાજનાં સાથ સહકાર, રાષ્ટ્રનાં સંગઠન અને વિશ્વભરના પ્રજાજનોનાં કલ્યાણ વગેરે વિવિધ-લક્ષી બાબતો જોવાને મળે છે. આમ ઋષિઓનાં ઉદાર ચરિત આલેખવામાં આ ઋચાઓનું દર્શન વિશેષ ઉપયોગી બની રહે છે.

**સૂક્ત અને ઋચાઓના દેવો:**

આ વેદની ઋચાઓમાં જેમના સ્તુતિ મહિમા ગવાયા છે, તે દેવો ગણાય છે. એમાં મુખ્યત્વે અગ્નિ ઈંદ્ર સોમ મિત્ર વરુણ સૂર્ય અદિતિ ઉષા વગેરે એક દેવ; વસુ રુદ્ર આદિત્ય મરુત વિશ્વદેવ જેવા ગણમાં રહેલા દેવ; એ ઉપરાંત જડ અને ચેતન પદાર્થમાં રહેલી દિવ્ય ચેતનાને કારણે દેવનાં આરોપણ પામેલાં તત્ત્વોની ગણના પણ દેવોમાં કરવામાં આવી છે. એ રીતે દેવો તે મુખ્ય વિષય બને છે.

અહીં મધુચ્છંદા ઋષિ અગ્નિને પુરોહિત, યજ્ઞના દેવ અને ઋત્વિજ તરીકે વર્ણવે છે અને એ રીતે પુરોહિત હોતા ઋત્વિજના ભાવને અને એ લક્ષણને પોતાની અંદર ઉતારવાની ભાવના સેવે છે. 'દેવોની સ્તુતિ કરી દેવ જેવા બનો' એ ભાવ અહીં રજૂ થયો છે.

એ મધુચ્છંદાનો પુત્ર ઇંદ્રને 'અપરાજિત જેતા' તરીકે ભજે છે, તેથી વિશ્વામિત્ર તેનું નામ 'જેતા' રાખે છે. આ દ્રષ્ટિએ જોતાં ઋષિઓનાં નામ રૂપ ગુણ લક્ષણ એમની ગાયેલી ઋચાઓ પ્રમાણે અનુરૂપ લાગે છે.

**સૂક્ત અને ઋચાઓના છંદ:**

જેવી રીતે આ ઋચાઓના ઋષિ અને દેવ જાણવા જરૂરી છે. તે જ રીતે

આ ઋચાઓમાં રહેલા છંદ પણ ઋચાઓનાં રહસ્ય જાણવા તેમ જ એના સ્વર, વર્ણ, માત્રા વગેરે જાણવામાં ઉપયોગી બને છે.

વેદોની ઋચાઓમાં મુખ્યત્વે ત્રણ છંદોના ગણ છે: **ગાયત્રી ત્રિષ્ટુપ અને જગતીના** ગણ. ગાયત્રીના ગણ છંદમાં રહેલાં દરેક ચરણમાં આઠ આઠ અક્ષર હોય છે. ત્રિષ્ટુપ ગણના છંદના દરેક ચરણમાં અગિયાર અગિયાર અને જગતીમાં બાર બાર અક્ષર હોય છે.

એ રીતે જોતાં ગાયત્રીગણના ગાયત્રી છંદમાં આઠ આઠ અક્ષરનાં ત્રણ ચરણ (કડી) ઉષ્ણિગ (૮–૮–૧૨)નાં ત્રણ ચરણ, અનુષ્ટુપ, (૮, ૮, ૮, ૮)નાં ચાર ચરણ, પંક્તિનાં પાંચ મહાપંક્તિના છ, અને શકવરીમાં સાત ચરણ આઠ આઠ અક્ષરોના હોય છે.

ત્રિષ્ટુપ ગણના છંદોમાં ચાર પાદ અને દરેક ચરણમાં અગિયાર અગિયાર અક્ષર હોય છે. જગતી ગણનાં છંદોમાં ચાર પાદ અને દરેક ચરણમાં બાર બાર અક્ષર હોય છે.

અષ્ટિ અત્યષ્ટિ શકવરી ધૃતિ અતિધૃતિ જેવા મોટા છંદોની ઋચાઓ પણ થોડા પ્રમાણમાં છે. બે પદની દ્વિપદા ગાયત્રી કે એક પદની ઋચાઓ પણ ક્વચિત હોય છે. જેમાં બે ઋચા જોડાઈ ત્રણ ઋચાનાં તૃચ–સૂક્ત બને છે. તે બૃહતી અને સતો–બૃહતીના મિશ્રણથી થયેલ છંદને 'પ્રગાથ' કહે છે. ક્યાંક ત્રિષ્ટુપ પણ હોય છે.

સામાન્ય રીતે ઉપરના છંદોમાં સમાન ચરણો હોય છે. એ ઉપરાંત કેટલાક છંદ વિષમ પાદના પણ હોય છે. આ છંદો વેદોની ઋચાઓ ગાવામાં અને હૃદયના ભાવોને વાણીમાં ઉતારવામાં વિશેષ ઉપયોગી બની રહે છે.

**પ્રથમ મંડળના ઋષિઓ**

પહેલા મંડળના ઋષિઓની સંખ્યા અઢાર કે તેવીસ છે. આમાંના પંદરેક ઋષિઓની ઋચાઓ તો સો સો જેટલી છે. એને કારણે આ મંડળને 'શતર્ચી ઋષિઓનું મંડળ કહે છે. આર્ષાનુક્રમણી અને આશ્વલાયન ગૃહ્ય સૂત્ર (૩, ૪) માં જણાવ્યું છે કે:

**'अग्निमीळ इत्यादि प्रथमं मण्डलं प्रति । शतर्चिनस्तु विज्ञेया कवयः सुखसिद्धये ।**
આમાં અપવાદ તરીકે જેતા (સૂ. ૧૧) કશ્યપ મારીચ (સૂ. ૯૯) અને ધાર્ષાગિર વિકલ્પે (પાંચ ઋષિઓ). (સૂ. ૧૦૧) નાં એક એક સૂક્ત છે. કશ્યપના સૂક્તમાં તો એક જ ઋચા છે.

સૌથી વધારે ઋચાઓની ગણનામાં દીર્ઘતમાની બસો ચાળીસ, કુત્સની બસો ત્રાસ, અગસ્ત્યની બસો સાડત્રીસ, ગોતમની બસો બે છે. એની સાથે મધુચ્છંદાની એકસો ને બે, મેધાતિથિની એકસો ચુંવાળીસ, શુનઃશેપની ચોરાણું, હિરણ્યસ્તૂપની સિત્તેર, કણ્વની પંચાણુ, પ્રસ્કણ્વની એકાશી, સવ્યની એકોતેર, શાકત્ય પરાશરની નેવું અને પરુચ્છેપની અઠ્ઠાણું ઋચાઓ છે.

**નવ કથાનકોની ગોઠવણી :**

અહીં પહેલા મંડળના ઋષિઓનાં જીવનને આલેખતાં નવ કથાનક રજૂ કર્યાં છે. ખાસ કરીને વેદોનો અભ્યાસ કરવા ઇચ્છતા વિદ્યાર્થીઓને સદાચાર, નીતિ, આરોગ્ય, દીર્ઘ જીવન, પરિશ્રમ, સમાજ–સેવા, રાષ્ટ્ર–પ્રેમ, કલ્યાણ–ભાવના જેવા ગુણોને વધારવામાં આ વેદો સારો ફાળો આપી શકે છે અને એ પ્રકારનાં જીવન ઘડવામાં મદદરૂપ થઈ શકે છે. આ દૃષ્ટિથી વેદોનો પરિચય કરાવવાનો આ પ્રયત્ન છે.

પહેલા મંડળના ઋષિઓની સંખ્યા તેત્રીશ થાય છે. સોમા સૂક્તના વૃષાગિરિના પાંચ પુત્રો ઋજાશ્વ અંબરીષ સહદેવ ભયમાન અને સુરાધસને એક ઋષિ ગણો, તેમજ એક સો ને પાંચમા સૂક્તના ઋષિ કુત્સ આંગરિસ છે, તેના વિકલ્પમાં ત્રિત આપ્ત્ય ઋષિ છે તેની ગણના ન કરો, તો સંખ્યા ઘટીને અઢારની થાય છે.

આ કથાનકોની ગોઠવણીમાં ઋષિઓનાં કુળ જોડવામાં આવ્યાં છે. તેથી ગોઠવણીની સરળતા જોવાને મળશે. એ પ્રમાણે પહેલા કથાનકના મધુચ્છંદા, બીજા ના જેતા અને ચોથાના શુનઃશેપનાં કુળ વિશ્વામિત્ર છે. મધુચ્છંદા પિતા છે અને જેતા પુત્ર છે. ત્રીજા કથાનકના મેધાતિથિ કણ્વ અને પ્રસ્કણ્વનાં કુળ કણ્વ છે તેમાં કણ્વ પિતા છે અને એમના બે પુત્ર છે. પાંચમા કથાનકના હિરણ્યસ્તૂપ સવ્ય અને કુત્સ અંગિરા કુળના છે. કુત્સના સૂક્તોની વચમાં આવતા મારીચ કશ્યપ (૯૯) અને ધાર્ષાગિર (૧૦૦) નો નિર્દેશ સાથે કરી લીધો છે.

છઠ્ઠા કથાનકના રહૂગણના પુત્ર ગોતમ અને એના પુત્ર નોધા છે. સાથે શાકત્ય પરાશરનાં સૂક્તોનો નિર્દેશ કર્યો છે. સાતમા કથાનકના પરુચ્છેપ દૈવોદાસ અને નવમા કથાનકના અગસ્ત્ય મૈત્રાવરુણિ એક એક ઋષિ છે.

આઠમા કથાનકમાં ઔચથ્ય દીર્ઘતમા અને એના પુત્ર કક્ષીવાન છે. આ પછી સાથેના કોષ્ઠકમાં અનુવાક, સૂક્ત, ઋચાઓ, ઋચા-મંત્રોની સંખ્યા, ઋષિઓ અને કથાનકોની ગોઠવણી કરી છે, તે પ્રમાણે ઋગ્વેદ સંહિતાગ્રંથ સામે રાખીને અભ્યાસ કરવામાં આવે તો પહેલા મંડળનો પરિચય ઘણી જ સારી રીતે મેળવી શકાશે.

| અનુવાક | સૂક્ત–ક્રમ | મંત્રક્રમ | કુલ સૂક્ત | કુલમંત્ર | સૂક્ત, મંત્ર ઋષિ પ્રમાણે |
|---|---|---|---|---|---|
| ૧ | ૧–૩ | ૧–૩૦ | ૩ | ૩૦ | |
| ૨ | ૪–૭ | ૩૧–૭૦ | ૪ | ૪૦ | ૧૧,૧૧૦. |
| ૩ | ૮–૧૧ | ૭૧–૧૧૦ | ૪ | ૪૦ | |
| ૪ | ૧૨–૧૭ | ૧૧૧–૧૭૬ | ૬ | ૬૫ | ૧૨,૧૪૪ |
| ૫ | ૧૮–૨૩ | ૧૭૭–૨૪૩ | ૬ | ૭૦ | |
| ૬ | ૨૪–૩૦ | ૨૪૪–૩૫૦ | ૭ | ૯૪ | ૭,૯૪ |
| ૭ | ૩૧–૩૫ | ૩૫૧–૪૨૧ | ૫ | ૭૦ | ૫,૭૦ |
| ૮ | ૩૬–૪૩ | ૪૨૨–૫૧૭ | ૮ | ૯૫ | ૮,૯૫. |
| ૯ | ૪૪–૫૦ | ૫૧૮–૫૯૯ | ૭ | ૮૧ | ૭,૮૧. |
| ૧૦ | ૫૧–૫૭ | ૬૦૦–૬૭૧ | ૭ | ૭૧ | ૭,૭૧. |
| ૧૧ | ૫૮–૬૪ | ૬૭૨–૭૪૫ | ૭ | ૭૩ | ૭,૭૩. |
| ૧૨ | ૬૫–૭૩ | ૭૪૬–૮૩૬ | ૯ | ૯૦ | ૯,૯૦. |
| ૧૩ | ૭૪–૮૪ | ૮૩૭–૯૩૪ | ૧૧ | ૯૭ | ૨૦,૨૦૦ |
| ૧૪ | ૮૫–૯૩ | ૯૩૫–૧૦૪૦ | ૯ | ૧૦૫ | |
| ૧૫ | ૯૪–૧૦૫ | ૧૦૪૧–૧૧૬૫ | ૧૨ | ૧૨૪ | ૨૨,૨૩૦. |
| ૧૬ | ૧૦૬–૧૧૫ | ૧૧૬૬–૧૨૭૨ | ૧૦ | ૧૦૬ | |
| ૧૭ | ૧૧૬–૧૨૦ | ૧૨૭૩–૧૩૫૫ | ૫ | ૮૨ | ૧૧,૧૫૧. |
| ૧૮ | ૧૨૧–૧૨૬ | ૧૩૫૬–૧૪૨૫ | ૬ | ૬૯ | |
| ૧૯ | ૧૨૭–૧૩૩ | ૧૪૨૬–૧૪૮૫ | ૭ | ૫૯ | ૧૩,૯૮. |
| ૨૦ | ૧૩૪–૧૩૯ | ૧૪૮૬–૧૫૨૫ | ૬ | ૩૯ | |
| ૨૧ | ૧૪૦–૧૫૬ | ૧૫૨૬–૧૬૪૪ | ૧૦ | ૧૧૮ | ૧૮,૨૪૦ |
| ૨૨ | ૧૫૭–૧૬૪ | ૧૬૪૫–૧૭૬૭ | ૯ | ૧૨૨ | |
| ૨૩ | ૧૬૫–૧૭૯ | ૧૭૬૮–૧૮૯૧ | ૧૫ | ૧૨૩ | ૨૭,૨૩૭ |
| ૨૪ | ૧૮૦–૧૯૧ | ૧૮૯૨–૨૦૦૮ | ૧૨ | ૧૧૪ | |

| | ઋષિઓ | કથાનકો | વિશેષતા |
|---|---|---|---|
| | | (૧) | |
| ૧ | મધુચ્છંદા વૈશ્વામિત્ર | જીવન–એક પ્રયોગશાળા | એક ઋાષ |
| | | (૨) | |
| ૨ | જેતા માધુચ્છંદસ | જન્મભૂમિની યાદ | એક ઋષિ |
| | | (૩) | |
| ૩ | મેધાતિથિ કાણ્વ | મોટી વિદ્યા કઈ ? | મેધાતિથિ, કણ્વ અને પ્રસ્કણ્વ. |
| | | (૪) | |
| ૪ | શુનઃશેપ | જીવન–સિદ્ધિ | એક ઋષિ |
| | | (૫) | |
| ૫ | હિરણ્યસ્તૂપ આંગિરસ | સાંઝ સવારે સંધિકાળે | હિરણ્યસ્તૂપ સવ્ય કુત્સ (કશ્યપ મારીચ અને વાર્ષાગિર). |
| ૬ | કણ્વ ઘોર | મોટી વિદ્યા કઈ ? (૩) | * * * * * * |
| ૭ | પ્રસ્કણ્વ. | મોટી વિદ્યા કઈ ? (૩) | મેધાતિથિ અને કણ્વની સાથે |
| ૮ | સવ્ય આંગિરસ | સાંઝ સવારે સંધિકાળે (૫) | હિરણ્યસ્તૂપની સાથે |
| | | (૬) | |
| ૯ | નોધા ગોતમ | સૌનું કરો કલ્યાણ | નોધા પરાશર ગોતમની સાથે. |
| ૧૦ | પરાશર શાકત્ય | ,, (૬) | ,, ,, ,, |
| ૧૧ | ગોતમ રાહૂગણ | ,, (૬) | ,, ,, ,, |
| ૧૨ | કુત્સ આંગિરસ | સાંઝ સવારે સંધિકાળે (૫) | હિરણ્યસ્તૂપની સાથે |
| ૧૩ | (કશ્યપ મારીચ, ૯૯) | | કણ્વ ઘોરની સાથે |
| ૧૪ | (ધાર્ષાગિર, ૧૦૦) | (૮) | ,, ,, ,, |
| ૧૫ | કક્ષીવાન દૈર્ઘતમસ ઔશિજ | અંતરનાં અજવાળાં | કક્ષીવાન અને દીર્ઘતમા |
| | | (૭) | |
| ૧૬ | પરુચ્છેપ દૈવોદાસિ | જનમ–જનમના સાથી | એક ઋષિ |
| | | (૮) | |
| ૧૭ | દીર્ઘતમા ઔચથ્ય મામતેય | અંતરનાં અજવાળાં | દીર્ઘતમા અને કક્ષીવાન. |
| | | (૯) | |
| ૧૮ | અગસ્ત્ય મૈત્રાવરુણિ | સંધિદૂતનું સાહસ | એક ઋષિ |

## ૨. પહેલા મંડળનાં કથાનક.

### ૧. જીવન-એક પ્રયોગશાળા/પૃષ્ઠ ૧

પહેલા મંડળનાં પહેલાં દશ સૂક્તો (અને ૧૦૨ મંત્રો)ના ઋષિ મધુચ્છંદા છે, ઋગ્વેદાનુક્રમણી (૫, ૮, ૨)માં જણાવ્યું છે કે 'મધુચ્છંદા ઋષિ મધુર અને ઉત્તમ મંત્રોના દ્રષ્ટા હતા.' આને કારણે જ વેદની શરૂઆત મંગલાચરણરૂપે મધુચ્છંદા ઋષિનાં સૂક્તોથી કરી છે.

ઐતરેય બ્રાહ્મણ (૭-૬)માં નિર્દેશ છે કે, 'વિશ્વામિત્ર ઋષિને સો પુત્રો હતા, તેઓમાં પચાશ મોટા મધુચ્છંદા નામે હતા.'

મધુચ્છંદા નામની વ્યાખ્યા કરતાં ઐતરેયારણ્યક (૧, ૩, ૪)માં કહ્યું છે કે "જે આ મધુચ્છન્દા નામે ઋષિ છે. તે બીજા સૌ ઋષિઓને માટે મધુ મધુર ભોગ્ય પદાર્થોનાં સંપાદન કરવા ઈચ્છે છે. छन्दति; જે ભાવે એ ઋષિ મધુ ઇચ્છે છે તેને કારણે એમનું નામ મધુછંન્દા છે. 'મધમાખે બનાવેલ મધ પ્રિય લાગે છે'. એ રીતે અન્ન–ભોજન પ્રિય લાગે છે માટે એને 'મધુ' કહે છે. આમ જે જે વસ્તુ પ્રિય હોય તે મધુ કહેવાય. માનવીઓને તો સર્વ કામનાઓ મધુરી લાગે છે. એ બધી કામનાઓ મેળવવા માટે મધુછંદાએ સૂક્તોનાં શંસન કર્યાં છે.

પહેલા સૂક્તના દેવ અગ્નિ, છંદ ગાયત્રી અને નવ ઋચાઓ છે. એમાંની પહેલી બીજી અને નવમી ઋચાઓનો સરળ ભાવ રજૂ થયો છે.

બીજા સૂક્તમાં નવ અને ત્રીજામાં બાર ઋચા ગાયત્રી છંદમાં છે. એકવીસ ઋચાઓને ત્રણ ત્રણ ઋચા (તૃચ)માં ગોઠવીને ક્રમસર વાયુ, ઇંદ્ર અને વાયુ, મિત્ર અને વરુણ, બે અશ્વિનીકુમાર, ઇંદ્ર, વિશ્વેદેવ અને સરસ્વતી એ સાત દેવોનાં શંસન–સ્તુતિ કરવામાં આવેલ છે.

ઐતરેય બ્રાહ્મણના અગિયારમા અધ્યાયમાં આ બંને સૂક્તોને प्रउग शस्त्र તરીકે યોજવા જણાવ્યું છે. એ ઉપરાંત નવજાત બાલકમાં વાયુથી પ્રાણ, ઇંદ્ર-વાયુથી શ્વાસનિઃશ્વાસ, મિત્ર અને વરુણથી આંખ, ઇંદ્રથી અંગોપાંગ, વિશ્વેદેવોથી સ્ફૂર્તિ અને સરસ્વતીથી વાણીના વ્યવહારની ભાવના પણ ત્યાં રજૂ થઈ છે અને એને અનુસરીને જ 'જીવન–એક પ્રયોગશાળા' આ પહેલા કથાનકનું નામ રાખ્યું છે.

ચારથી દશ સૂક્તોમાં દેવરાજ ઇંદ્રની સ્તુતિ છે. ૭ સૂક્તોના છંદ ગાયત્રી અને સાતમાનો અનુષ્ટુપ છે. ઋષિ મધુચ્છંદાને જીવનનું જે દર્શન થયું છે તેના

પ્રેરક દેવરાજ ઇંદ્ર છે. એ ઇંદ્રને સોમરસ આપી જીવન સફળ કર્યાની ભાવના નવમા સૂક્તમાં છે, તેની ભાવના રજૂ કરી છે.

બૃહદારણ્યક ઉપનિષદના બીજા અધ્યાયના પાંચમા બ્રાહ્મણમાં આવતી મધુ–વિદ્યા 'इयं पृथिवी सर्वेषां भूतानां मधु' કથાના અંતે રજૂ કરી છે.

**૨. જન્મભૂમિની યાદ/પૃ. ૧૪**

પહેલા મંડળની શરૂઆતમાં ત્રણ અનુવાકો છે, તેઓમાં અગિયાર સૂક્ત અને એકસોને દશ મંત્ર છે. શરૂઆતનાં દશ સૂક્તોના ઋષિ મધુચ્છંદા છે. તેમજ અગિયારમા સૂક્તના ઋષિ મધુચ્છંદાના પુત્ર જેતા છે. એના દેવ ઇંદ્ર અને છંદ અનુષ્ટુપ છે. એમાં આઠ ઋચા–મંત્ર છે. બીજા મંત્રમાં દેવરાજ ઇંદ્રને 'અપરાજિત જેતા'નું વિશેષણ આપ્યું છે; એ રીતે આ ઋષિનું નામ સૂક્તમાં મળી આવે છે.

ઐતરેય આરણ્યક (૧, ૨, ૬ ને ૨, ૨, ૧)માં 'વિશ્વ એમનું મિત્ર છે-એ રીતે 'વિશ્વામિત્ર' નામની વ્યાખ્યા આપી છે. એ ઉપરાંત ઐતરેયારણ્યક (૧ ૫, ૨) માં આ સૂક્તનો નિર્દેશ છે.

**૩. મોટી વિદ્યા કઈ? પૃ./૨૦ :**

કાણ્વ ઋષિ કુળના ત્રણ ઋષિઓનો સૂક્તોમાં પરિચય આવી જાય છે. ચોથા અનુવાકનાં (૧૨–૧૭) ૭ અને પાંચમા અનુવાકનાં (૧૮–૨૩) ૭ મળીને બાર સૂક્તોના ઋષિ કાણ્વ મેધાતિથિ છે. એમાંનાં અગિયાર સૂક્તોનો છંદ ગાયત્રા છે અને તેવીસમા સૂક્તમાં ગાયત્રી, પુર–ઉષ્ણિગ, પ્રતિષ્ઠા અને અનુષ્ટુપ છંદ છે. સૂક્તોના અગ્નિ ઇંદ્ર મરુત મિત્ર વરુણ અશ્વિનીકુમાર વગેરે દેવો છે.

આઠમા અનુવાકનાં (૩૬–૪૩) આઠ સૂક્તોના ઋષિ ઘોર કણ્વ છે, ૩૬ નો છંદ પ્રગાથ અને દેવ અગ્નિ, ૩૭ અને ૩૮ નો છંદ ગાયત્રા, ૩૯ નો પ્રગાથ–આ ચાર સૂક્તોના દેવ મરુતો છે. ૪૦ માનો છંદ પ્રગાથ અને દેવ બ્રહ્મણસ્પતિ, ૪૧ મો છંદ ગાયત્રી અને દેવ વરુણ મિત્ર અર્યમા અને આદિત્ય છે. ૪૨ નો છંદ ગાયત્રી અને દેવ પૂષા, ૪૩ નો છંદ ગાયત્રી (૯ અનુષ્ટુપ) અને દેવ રુદ્ર મિત્રાવરુણ તેમજ સોમ. છે.

નવમા અનુવાકનાં (૪૪–૫૦) સાત સૂક્તોના ઋષિ પ્રસ્કણ્વ કાણ્વ:છે. ૪૪ નો છંદ પ્રગાથ, દેવ અગ્નિ આશ્વનીકુમાર અને ઉષા, ૪૫ નો છંદ અનુષ્ટુપ અને દેવ અગ્નિ, ૪૬ નો ગાયત્રી અને અશ્વિનીકુમાર, ૪૭ નો પ્રગાથ અને

અશ્વિનીકુમાર, ૪૮ નો પ્રગાથ અને ઉષા, ૪૯ નો અનુષ્ટુપ અને ઉષા, ૫૦ નો ગાયત્રી (૧૦–૧૩ અનુષ્ટુપ) અને સૂર્ય (૧૧–૧૩ રોગઘ્ન ઉપનિષદ્) છે.

૧, ૧૮ મા સૂક્તમાં 'સદસસ્પતિ' 'બ્રહ્મણસ્પતિ' વગેરે શબ્દો છે તે પરથી 'વાચસ્પતિ' 'બ્રહ્મણસ્પતિ' 'બૃહસ્પતિ' અને 'સદસસ્પતિ'ની વ્યાખ્યા કરી છે.

૧, ૧૩માં સૂક્તમાં આપ્રી સૂક્ત નો નિર્દેશ કર્યો છે તેવાં જ દશ સૂક્ત ઋગ્વેદમાં આવે છે, તેના દ્રષ્ટાઓ જુદા જુદા છે. એમાં બાર દેવોનાં નામ અને ક્રમ લગભગ સરખો છે.

૧, ૨૨ સૂક્ત ઘણી વિવિધતાઓ રજૂ કરે છે: એમાં સવિતા દેવપત્નીઓ વિષ્ણુ વગેરેનાં અદ્ભુત વર્ણન છે.

ઋગ્વેદ (૧, ૩૬, ૧૦) માં કાણ્વ મેધાતિથિ (૧, ૪૫, ૩)માં પ્રસ્કણ્વ અને (૧, ૩૬, ૧૦) માં કણ્વનાં નામ છે. બૃહદ્દેવતામાં ઘોરપુત્ર કણ્વની કથા છે.

'પ્રસન્ન થયેલ દેવરાજ ઇંદ્ર મેષ રૂપ ધારણ કરીને મેધાતિથિને સ્વર્ગમાં લઈ ગયા હતા,' એ કથા ષડ્વિંશ બ્રાહ્મણ (૧, ૧) જૈમિનીય બ્રાહ્મણ (૨,૭૯) શતપથ બ્રાહ્મણ '૩,૩,૪.૧૮), અને ઐતરેય આરણ્યક (૧,૧૨,૩) માં છે.

### ૪. જીવનની સિદ્ધિ/પૃષ્ઠ ૩૪

આજીગર્તિ શુનઃશેપ તે કૃત્રિમ દેવરાત ઋષિ છે. પહેલાં એ અજીગર્તના પુત્ર હતા; પછી એ વિશ્વામિત્રના પુત્ર ગણાયા છે. પહેલા મંડળના છઠ્ઠા અનુવાક નાં (૨૪–૩૦) સાત સૂક્તાના એ ઋષિ છે. ૨૪ મા સૂક્તના છંદ (૧,૨, ૬ –૧૫ મંત્રો) અનુષ્ટુપ અને ૩–૫ ગાયત્રી છે. દેવ પ્રજાપતિ, અગ્નિ સવિતા ભગ અને વરુણ છે. સૂક્ત ૨૫ છંદ ગાયત્રી, દેવ વરુણ, સૂક્ત ૨૬ ગાયત્રી અને અગ્નિ સૂક્ત ૨૭ (૧–૧૨) ગાયત્રી, ૧૩ ત્રિષ્ટુપ દેવ અગ્નિ, સૂ. ૨૮ (૧–૬) અનુષ્ટુપ ૭–૯ ગાયત્રી અને ઇંદ્ર ઉલૂખલ પ્રજાપતિ હરિશ્ચંદ્ર ચર્મ કે સોમ, સૂ. ૨૦ છંદ પંક્તિ, દેવ ઇંદ્ર છે. સૂ. ૩૦ ગાયત્રી અને ત્રિષ્ટુપ ઇંદ્ર અશ્વિનીકુમાર અને ઉષા છે.

શુનઃશેપની કથા ઐતરેય બ્રાહ્મણમાં વિસ્તારથી છે. મંત્રદ્રષ્ટા ઋષિ તરીકે શુનઃશેપનો નિર્દેશ ઋગ્વેદ પહેલા મંડળમાં ચોવીસમા સૂક્તના ૧૨ ને ૧૩ મંત્રોમાં છે. તેમ જ ૫,૨,૭માં, કાઠક સંહિતા (૧૯,૧૧, ૨૭)માં પણ છે.

### ૫. સાંજસવારે–સંધિકાળે/પૃષ્ઠ ૩૯

આ કથાનકમાં અંગિરા કુળના ત્રણ ઋષિઓ: હિરણ્યસ્તૂપ, સવ્ય અને કુત્સનાં

સૂક્તોનો સમાવેશ થયો છે. એ સાથે કશ્યપ મારીચ અને વર્ષાગિર રાજાના પાંચ રાજકુમારો ઋજાશ્વ અંબરીષ સહદેવ ભયમાન અને સુરાધનાં સૂક્તોને પણ વણી લીધાં છે.

પહેલા મંડલના સાકત્તમા અનુવાકનાં (૩૧–૩૫) સૂક્તોના ઋષિ હિરણ્યસ્તૂપ આંગિરસ છે. ૩૧માં સૂક્તના દેવ અગ્નિ અને છંદ જગતી અને ત્રિષ્ટુપ છે. ૩૧ અને ૩૨માંના ઇંદ્ર અને ત્રિષ્ટુપ છે. ૩૪ માંના અશ્વિનીકુમાર અને જગતી–ત્રિષ્ટુપ છે. તેમ જ પાંત્રીસમા દેવ અગ્નિ મિત્રાવરુણ રાત્રિ અને સવિતા, બેથી અગિયાર મંત્રાના દેવ સવિતા અને છંદ ત્રિષ્ટુપ–જગતી છે.

દશમા અનુવાકનાં (૫૧–૫૮) સાત સૂક્તોના ઋષિ સવ્ય છે. સાતેય સૂક્તોના દેવ એક માત્ર ઇંદ્ર અને બધાંના છંદ પણ જગતી અને ત્રિષ્ટુપ છે.

પંદરમા અનુવાક (૯૫–૯૮)નાં ચાર સૂક્તોના ઋષિ કુત્સ છે. ચારેયના દેવ અગ્નિ છે અને છંદ ત્રિષ્ટુપ (૯૫–૯૬) તેમ જ ગાયત્રી (૯૭–૯૮) છે.

સૂક્ત ૯૯માં એક જ મંત્ર છે. એમાં ઋષિ કશ્યપ મારીચ, દેવ જાતવેદા અગ્નિ અને છંદ ત્રિષ્ટુપ છે, સૂક્ત ૧૦૦ના ઋષિ વાર્ષાગિર ઋજાશ્વ અંબરીષ સહદેવ ભયમાન અને સુરાધા છે, દેવ ઇંદ્ર અને છંદ ત્રિષ્ટુપ છે.

એ જ પંદરમા અનુવાકનાં (૧૦૧–૧૦૫) પાંચ સૂક્તોના ઋષિ કુત્સ છે. ચાર સૂક્તોના દેવ ઇંદ્ર અને છંદ જગતી–ત્રિષ્ટુપ છે. ૧૦૫ માં સૂક્તના દેવ વિશ્વેદેવો અને છંદ પંક્તિ અને બૃહતી અને ત્રિષ્ટુપ છે. આ સૂક્તના વિકલ્પે ત્રિત આપ્ત્ય ઋષિ છે.

આંગિરસ હિરણ્યસ્તૂપનું નામ ઋગ્વેદ ૧૦,૧૪૯,૫માં છે. એના પણ દ્રષ્ટા ઋષિ અર્ચન છે. શતપથ (૧,૬,૪,૨) બ્રાહ્મણમાં જણાવ્યું છે કે:

अग्निर्देवतानां हिरण्यस्तूप ऋषीणां; बृहती छन्दसाम्।

૧,૩૧ અગ્નિસૂક્ત અને ૧,૩૨ ઇંદ્ર સૂક્ત ઘણાં પ્રસિદ્ધ છે. ત્યાર બાદ સવ્ય આંગિરસનાં સૂક્ત છે. એની શરૂઆતમાં સાયણ ભાષ્યે સવ્ય ઋષિની જન્મ-કથા આપી છે.

૧,૯૪થી કુત્સ આંગિરસનાં સૂક્ત છે. અંગિરાના આ બીજા પુત્ર કુત્સ ઇંદ્ર જેટલા પરાક્રમી છે, અને એમનાં રૂપ ગુણ આકૃતિ પણ ઇંદ્ર જેવાં છે. એની કથા ઋગ્વેદ (૩, ૧૬,૧૫)ના સાયણ ભાષ્યમાં આપી છે. આ કુત્સ ઋષિનાં ઘણાં સૂક્ત આકર્ષક છે.

### ૬. સૌનું કરો કલ્યાણ / પૃષ્ઠ ૫૬

આ કથાનકમાં રાહૂગણ ગોતમ નોધા ગૌતમ અને શાકત્ય એમ ત્રણ ઋષિઓનાં સૂક્તોનો સમાવેશ કર્યો છે.

અગિયારમા અનુવાકનાં (૫૮–૬૪) સાત સક્તોના ઋષિ નોધા ગૌતમ છે. ૫૮, ૫૯, ૬૦ ત્રણ સૂક્તોના દેવ અગ્નિ છે. ૬૧, ૬૨, ૬૩ ત્રણ સૂક્તોના ઇંદ્ર છે અને ૬૪ના મરુતો છે. સાતેય સૂક્તોનો છંદ ત્રિષ્ટુપ છે.

બારમા અનુવાકનાં (૬૫–૭૩) નવ સૂક્તોના ઋષિ પરાશર શાકત્ય છે. બધાના દેવ અગ્નિ છે. ૭ સૂક્તોના છંદ દ્વિપદા વિરાટ છે અને છેલ્લા ત્રણ સૂક્તોનાં ત્રિષ્ટુપ છે.

તેરમા અને ચૌદમા બે અનુવાકનાં (૭૪–૯૩) વીસ સૂક્તોના ઋષિ ગોતમ રાહૂગણ છે, દેવો ક્રમશઃ અગ્નિ ઈંદ્ર મરુતો વિશ્વદેવો સોમ ઉષા અને અગ્નિ-સોમ છે. એ જ રીતે છંદ પણ ગાયત્રી ત્રિષ્ટુપ પંક્તિ જગતી અનુષ્ટુપ ઉષ્ણિક અને પ્રયાથ વગેરે છે.

### ૭. જનમ જનમના સાથી/પૃષ્ઠ ૬૧

ઓગણીસ અને વીસ બે અનુવાકો (૧૨૭–૧૩૯)નાં તેર સૂક્તોના ઋષિ પરુચ્છેપ દૈવોદાસિ છે, ૧૨૭, ૧૨૮, ના દેવ અગ્નિ ૧૨૯ ૧૩૦, ૧૩૧, ૧૩૨ ૧૩૩ ના ઇંદ્ર ૧૩૪, ૧૩૫ ના વાયુ ૧૩૬, ૧૩૭ ના મિત્રાવરુણ, ૧૪૮ ના પૂષા અને ૧૩૯ ના વિશ્વેદેવો દેવ છે.

૧૨૭ (૬ના અતિધૃતિ) ૧૨૮ ૧૨૯ (૮,૯ અતિશકવરી) ૧૩૦ (૧૦ ત્રિપુષ્ટ ૧૩૧. ૧૩૨ એ બે સૂક્તોના અત્યષ્ટિ છંદ છે. ૧૩૩ સૂક્તમાં ૮૧ ત્રિષ્ટુપ ૨,૩,૪,અનુષ્ટુપ, ૫ ગાયત્રી ૬ ધૃતિ ૭ અષ્ટિ, છંદો છે. તેમ જ ૧૩૪ (૬ અષ્ટિ) ૧૩૫ (૭, ૮અષ્ટિ), ૧૩÷ (ત્રિષ્ટુપ) અને ૧૩૮ ના અત્યષ્ટિ છંદ છે. ૧૩૭ ના અતિશકવરી અને ૧૩૯ ના અત્યષ્ઠિ (૫ બૃહતી, ૧૧ ત્રિષ્ટુપ) છંદ છે.

આ સૂક્તોમાં લાંબા છંદોની રચના વિશેષ ધ્યાન ખેંચે છે. પિંગલસૂત્રમાં જણાવ્યા પ્રમાણે ઉત્કૃતિ (૧૦૪ અક્ષરો) અભિકૃતિ (૧૦૦) સંકૃતિ (૯૬) વિકૃતિ (૯૨) આકૃતિ (૮૮) પ્રકૃતિ (૮૪) કૃતિ (૮૦) અતિધૃતિ (૭૬) ધૃતિ (૭૨) અત્યષ્ટિ (૬૮) અને અષ્ટિ (૬૪) અક્ષરોની ગણના પ્રમાણે લાંબા છંદ હોય છે.

સામાન્ય રીતે ગાયત્રી ઉષ્ણિગ અનુષ્ટુપ ત્રિષ્ટુપ જગતી વગેરે છંદોમાં ત્રણ કે ચાર ચરણ હોય છે. અહીં આપેલાં સૂક્તો અત્યષ્ટિ (૬૮) અને અતિધૃતિ

(૭૬) અક્ષરોના છંદ છે. અને એમાં સાત સાત ચરણ છે. ગેયતાને અનુસરીને એકસરખાં પદ વારંવાર જોવાને મળે છે.

(૧, ૧૩૯, ૯) મંત્રમાં દધ્યંગ અંગિરા પ્રિયમેધ કણ્વ અત્રિ અને મનુનાં નામોનો નિર્દેશ છે; તેમ જ 'मे जनुषम्' પદ ગીતાની યાદ કરાવે છે.

પુનર્જન્મની વાત સ્પષ્ટ રીતે અહીં જોવાને મળે છે.

પરુચ્છેપ ઋષિની વ્યાખ્યા નિરુક્ત (૧૦, ૪૨)માં આ પ્રમાણે—:

परुच्छेप ऋषिः । परुवत् शेपः, परुषि परुषि शेपः अस्य इति वा । આ પરથી 'પ્રકાશનો ઝળહળતો ધ્વજ' અર્થ કર્યો છે.

નિરુક્ત (૧૦, ૪૨)માં એક જ પદની આવૃત્તિ કરવામાં પરુચ્છેપ ઋષિ વિશેષ જાણીતા છે, એ બાબતનો ઉલ્લેખ કર્યો છે :

'अभ्यास भूयांसमर्थं मन्यन्ते । तत् परुच्छेपस्य शीलम् ।

## ૮. અંતરનાં અજવાળાં/પૃષ્ઠ ૬૯

અનુવાક સત્તર અને અઢારના બે અનુવાકો (૧૧૬—૧૨૬) નાં અગિયાર સૂક્તોનાં ઋષિ કક્ષીવાન દૈર્ઘતમસ ઔશિજ છે. સૂક્ત ૧૧૬, ૧૧૭, ૧૧૮, ૧૧૯, ૧૨૦ ના દેવ અશ્વિનીકુમાર છે. પહેલાં ત્રણ સૂક્તોના છંદ ત્રિષ્ટુપ, ૧૧૮ ના જગતી અને ૧૨૦ ના ગાયત્રી વગેરે વિવિધ છંદો, ૧૨૧ ના દેવ ઇંદ્ર (વિશ્વેદેવ). ૧૨૩ ના ઉષા, ૧૨૫ અને ૧૨૬માં સ્વનપની દાનસ્તુતિ છે. ૧૨૧ થી ૧૨૬ સુધીનાં સૂક્તોમાં (૧૨૨, ૫—૬ વિરાટ્રૂપ ૧૨૫, ૪—૫ જગતી, ૧૨૬, ૬—૭ અનુષ્ટુપ્) સામાન્ય રીતે ત્રિષ્ટુપ છંદ છે.

અનુવાક એકત્રીસ અને બાત્રીસમાં (૧૪૦—૧૬૪) અઢાર સૂક્તોના ઋષિ દીર્ઘતમા ઔચથ્ય મામતેય છે. ૧૪૦ થી ૧૫૦ સૂક્તોના દેવ અગ્નિ, ૧૫૧ થી ૧૫૩ મિત્રાવરુણ, ૧૫૪ થી ૧૫૬ના વિષ્ણુ, ૧૫૭ ૧૫૮ના અશ્વિનીકુમાર, ૧૫૯, ૧૬૦ ના દ્યાવાપૃથિવી ૧૬૧ ના ઋભુ ૧૬૨—૧૬૩ના અશ્વ અને ૧૬૪ના વિશ્વેદેવ વગેરે છે.

૧૪૦ થી ૧૪૫ ૧૫૦, (૧૨—૧૩ ત્રિષ્ટુપ, ૧૪૧, ૧૨, ૧૩ ત્રિષ્ટુપ, ૧૪૨) અનુષ્ટુપ, ૧૪૩, ત્રિષ્ટુપ ૧૪૫, ૫ ત્રિષ્ટુપ) સુધીમાં સામાન્ય જગતી છે. ૧૪૬ અને ૧૪૮ ત્રિષ્ટુપ છે, ૧૪૯ વિરાટ, ૧૫૦ જગતી ૧૫૨ થી ૧૫૪ ત્રિષ્ટુપ, ૧૫૫ થી ૧૬૨માં જગતી, ૧૬૩માં ત્રિષ્ટુપ અને ૧૬૦ ત્રિષ્ટુપ, અનુષ્ટુપ છંદો છે.

બૃહદ્દેવતાના ત્રીજા અધ્યાયમાં કક્ષીવાન અને દીર્ઘતમાની કથાઓ છે. પ્રથમ મંડળના ૧૫૮માંના ૪, ૫, ૬, મંત્રોમાં દીર્ઘતમાની કથા છે. ત્યાં ઔચથ્ય (૧) થી ઉચથ પિતા અને મામતેય (૬) થી મમતા માતાનું સૂચન મળે છે. પાંચમા મંત્રમાં દાસ–અનુચરોના ત્રાસનું વર્ણન છે, તેમાં **'ત્રૈતન'** દાસનું નામ છે.

(૧, ૧૮, ૧) મેધાતિથિના મંત્રમાં 'ઔશિજ કક્ષીવાન' નામ આવે છે. એજ પ્રમાણે ૧, ૧૬૦મા સૂક્તમાં પોતાનું નામ અને દાન આપનાર રાજા **સ્વનય**નું નામ છે.

સૂક્ત ૧, ૧૬૪ અત્યંત ભવ્ય તત્ત્વજ્ઞાનથી ભરેલું મોટું સૂક્ત છે. એમાંના કેટલાક મંત્રો, જેવા કે द्वा सुपर्णा, चत्वारि वाक्, एकं सत् ઉપનિષદોમાં જોવાને મળે છે.

## ૯. સંધિદૂતનું સાહસ/પૃષ્ઠ ૭૭

અનુવાક તેત્રીસ અને ચોવીસ (૧૬૫–૧૯૧) નાં સત્તાવીશ સૂક્તોના ઋષિ અગસ્ત્ય મૈત્રાવરુણિ છે. ૧૬૫મા સૂક્તમાં ઈંદ્ર અને મરુતોનો સંવાદ છે. ૧૬૬ થી ૧૬૮ના દેવ (૧૬૭, ૧ ઇંદ્ર) મરુતો છે, ૧૬૯માં ઇંદ્ર–અગસ્ત્ય–સંવાદ છે. ૧૭૦–૧૭૧ (૧૭૧, ૩ થી ૬ મરુત્વાન ઈંદ્ર) અને ૧૭૨ ના દેવ મરુતો છે. ૧૭૩ થી ૧૭૮ ના દેવ ઇંદ્ર છે. ૧૭૯માં અગસ્ત્ય–લોપામુદ્રા–સંવાદ છે. ૧૮૦ થી ૧૮૪ ના અશ્વિનીકુમારો, ૧૮૫ ના દ્યાવાપૃથ્વી, ૧૮૬ ના અન્ન, ૧૮૮ આપ્રી સૂક્ત, ૧૮૯ ના અગ્નિ, ૧૯૦ ના બૃહસ્પતિ અને ૧૯૧ માં વિષઘ્નોપનિષદ છે. ૧૬૫ નો છંદ ત્રિષ્ટુપ, ૧૬૬ નો (૧૪, ૧૫ ત્રિષ્ટુપ) જગતી, ૧૬૭ નો ત્રિષ્ટુપ, ૧૬૮ (૮–૧૦ ત્રિષ્ટુપ) નો જગતી, ૧૬૯ (૨ ચતુષ્પદા વિરાટ) નો ત્રિષ્ટુપ, ૧૭૦ નો (બૃહતી, ૨–૪) અનુષ્ટુપ અને ત્રિષ્ટુપ, ૧૭૧ નો ત્રિષ્ટુપ, ૧૭૨ નો ગાયત્રી, ૧૭૩ (૪ વિરાટ) નો ત્રિષ્ટુપ, ૧૭૪ નો ત્રિષ્ટુપ, ૧૭૫ નો (૧ બૃહતી, ૨–૫ અનુષ્ટુપ, ૬ ત્રિષ્ટુપ) અને ૧૭૬ (૬ ત્રિષ્ટુપ) નો અનુષ્ટુપ, ૧૭૭ થી ૧૮૬ નો ત્રિષ્ટુપ, ૧૮૭ ઉષ્ણિક્ અનુષ્ટુપ ગાયત્રી, ૧૮૮ નો ગાયત્રી, ૧૮૯–૧૯૦ નો ત્રિષ્ટુપ અને ૧૯૧ અનુષ્ટુપ (૧૧–૧૨ મહા પંક્તિ ૧૩ મહાબૃહતી) છે.

**અગસ્ત્ય** ઋષિ મિત્ર અને વરુણના પુત્ર છે. એમનો જન્મ યજ્ઞમાં વપરાતા કુંભમાંથી થયો છે, તેથી એઓ કુંભયોનિ પણ ગણાય છે. એમનું ગોત્ર નામ માન પરથી માન્ય (૧,૧૬૫, ૧૫) સૂચિત થાય છે.

ઈંદ્ર અને મરુતોમાં જાગેલા વૈમનસ્યને દૂર કરવામાં આ ઋષિએ ખૂબજ મહત્ત્વનું કાર્ય કર્યું છે એ બાબતનો ઉલ્લેખ સૂક્તો (૧૬૫,–૧૭૦ અને ૧૭૧) માં

તો છે જ, એ ઉપરાંત તૈત્તિરીય સંહિતા (૭,૫,૫,૧), તૈત્તિરીય બ્રાહ્મણ (૨, ૭, ૨, ૧). મૈત્રાયણી સંહિતા (૨, ૧, ૮), કાઠક સંહિતા (૧૦, ૧૧). તાંડય મહાબ્રાહ્મણ (૨૦. ૧, ૧૪, ૫), ઐતરેય બ્રાહ્મણ (૫, ૧૬) અને કૌષીતકિ બ્રાહ્મણ (૩૬, ૯) માં છે. એ ઉપરાંત રામાયણ મહાભારત અને પુરાણમાં પણ કથા મળે છે. ઇતિહાસના ગ્રંથોમાં પ્રથમ સમુદ્રયાત્રી તરીકે અગસ્ત્ય ઋષિની ગણના થઈ છે. ભારત ઉત્તર અને દક્ષિણ પ્રદેશના સર્વમાન્ય ઋષિ તરીકે પણ એમની ખ્યાતિ છે, 'અગસ્ત્યના વાયદા' કહેવત ઘણી જાણીતી છે, એનું મૂલ ૧૬૯ સૂક્તમાં જોવાને મળે છે.

આ ઋષિના ત્રણ સંવાદ (૧૬૫, ૧૭૦, ૧૭૯) કાવ્યની નજરે પણ ખૂબ જ અગત્યના છે. અગસ્ત્ય ઋષિ–કવિ છે અને ઉગ્ર–ખેડૂત છે એ મહત્ત્વની વિગત નીચેની ઋચામાં સ્પષ્ટ રીતે મળે છે:

अगस्त्यः खनमानः खनित्रैः प्रजाम् अपत्यं बलमिच्छमानः ।
उभौ वर्णौ ऋषिरुग्रः पुपोष सत्या देवेषु आशिषो जगाम ॥

— ૧, ૧૭૯, ૬

આ સૂક્તની ઋચાના ભાવાનુવાદ સાથે જ કથાનકની શરૂઆત કરી છે.

### દ્વિતીય મંડળ, સૂક્તો ૪૩, મંત્રો ૪૨૯, ઋષિ ગૃત્સમદ

ગૃત્સમદ આંગિરસ કુળના શુનહોત્ર મુનિના પુત્ર હતા. એમને ભૃગુકુળના શુનક મુનિએ દત્તક લીધા હતા; એ રીતે પહેલાં આંગિરસ શૌનહોત્ર અને પાછીથી ભાર્ગવ શૌનકને નામે ઓળખાય છે. સાયણ–ભાષ્યમાં લખ્યું છે કે 'આ ઋષિ પહેલાં આંગિરસ કુળમાં શુનહોત્રના પુત્ર થાય. એ ગૃત્સમદ ઋષિને યજ્ઞકાલે અસુરોએ પકડી લીધા હતા અને ઇંદ્રે એમને છોડાવ્યા હતા; એમના જ કહેવાથી ભૃગુકુળના ઋષિના શુનક મુનિએ દત્તક લીધા હતા.

બીજા મંડળના ઓગણીસમા સૂક્તના આઠમા મંત્રમાં ગૃત્સમદ નામનો નિર્દેશ છે. તે શબ્દની વ્યાખ્યા નિરુક્ત (૯,૫)માં આ પ્રમાણે છે: गृत्समदो गृत्स-मदनो गृत्स इति मेधाविनाम गृणातेः स्तुतिकर्मणः । गृत्स એટલે સ્તુતિ કરનાર, मद એટલે આનંદ મેળવે તે. गृणन् સ્તુતિ કરીને દેવોને આનંદ આપે તે.

ઐતરેય આરણ્યક (૨,૨,૧)માં જણાવ્યા પ્રમાણે गृत्स તે પ્રાણ છે અને मद તે અપાન છે. જેને પ્રાણ અને અપાન–શ્વાસોચ્છ્વાસ વશ તે યોગી પુરુષ **ગૃત્સમદ** કહેવાય છે.

આ મંડળનાં તેતાળીશ સૂક્તોમાંથી છત્રીસ સૂક્તોના મંત્રદ્રષ્ટા **ગૃત્સમદ**